Vol. 42, No. 2
June 2021
ISSN 2455 - 4162


Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની



❑ સુભાષ ભટ્ટ

ઓનલાઈન અને ઓફલાઈન જેમના ઘરે દરરોજ એક પાર્સલ આવે છે તેમને તથાગતનું આ વાક્ય ગળે નહીં ઊતરે, 'એવું મન વિકસાવો જે ક્યાંયે નિવાસી કે રહેવાસી ન બને.' કારણ કે, દૂર સુધી જેમને ચાલવું છે તે સ્થૂળ કે સૂક્ષ્મ સામાન નથી બાંધતો, હાથ ફેલાવીને આકાશને આલિંગન આપવું છે તે હાથ ખુલ્લા રાખે છે. આવો, આપણે એક અનન્ય આકાશપ્રેમીને મળીએ.

જાપાનમાં ડોજેન ઝેન્જી (ઈ. સ. ૧૨૦૦-૧૨૫૩) નામનો એક ઝેન સાધુ હતો. તેણે વરસો સુધી ચીનના એક બૌદ્ધમઠમાં ધ્યાનની તાલીમ લીધી. ઝેનમાં એક શિકનતાજા નામની ધ્યાનવિધિ છે જેમાં કોઈ બાહ્ય વસ્તુ કે વિષય હોતો નથી, તેમાં તેનો ઊંડો અનુભવ હતો. એક જ્યોર્તિમય ઘટના તે ચીનથી પાછો આવ્યો ત્યારે બની. જુઓ-સાંભળો,

અજ્ઞાતઃ વરસોની સાધના પછી આપ ત્યાંથી પાછા ફર્યા છો પણ મને કહો, આપ ત્યાંથી શું લઈ આવ્યા છો?

ડોજેન : (તત્ક્ષણે જ) ખાલી હાથે પાછો ફર્યો છું.

ઝેનમાં ખાલીપણું-શૂન્યતા એ સત્ત્વસભર છે. બંધ કે બંધાયેલ હાથ, કશુંક જકડેલ કે પકડેલ હાથ નિરર્થક છે. તે કશું પણ સ્પર્શી, સાચવી, ઊંચકી શકતો નથી. અરે, આશિષ પણ આપી શકતો નથી. કચકચાવીને મુઠ્ઠી વાળેલ હાથમાં થોડી પળોમાં નસો ખેંચાય છે, જ્યારે ખુલ્લો હાથ આયખું આખું નિરામય રહે છે. અરે, એકાદ શ્વાસના માલિક બનીએ તો પણ પછી બીજો શ્વાસ નથી આવતો. ડોજેનનો ખાલી હાથ એટલે માત્ર શબ્દો, શાસ્ત્રો અને સંપ્રદાયનો અભાવ નહીં પણ સંબોધિના અનુભવની સ્મૃતિ પણ નહીં. ડોજેન કહે છે,

comming, going, the waterfowl, leaves not a trace, nor does it need a guide...

કેડી પાડ્યા સિવાય નિરંતર ચાલવાનું...

❑❑❑

૧૧૮

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૨ અંકઃ ૨, જૂન ૨૦૨૧

સંસ્થાપકો :

કનૈયાલાલ મુનશી

શ્રીગોપાલ નેવટિયા

સમર્પણ : સ્થા. ૧૯૫૯

નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ

દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક

અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :

પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

E-mail : deepsamarpan9@gmail.com
website : www.bhavans.info

રવાનગી વિભાગ :

૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ :
મહેન્દ્ર પારેખ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

|| શબ્દમૂળની શોધ ||

મછવો

☐ હેમન્ત દવે

ગુજરાતનો સમુદ્રકિનારો ભારતમાં સૌથી લાંબો હોવા છતાં સમુદ્ર-સંસ્કૃતિ વિશે આપણું જ્ઞાન સંતોષપ્રદ નથી. પાછલાં કેટલાંક વર્ષોમાં દર્શક ઇતિહાસનિધિએ આ વિષય ઉપર કેટલાક પરિસંવાદો યોજી ગુજરાતના દરિયાઈ વેપાર વિશે ખાસો પ્રકાશ પાડ્યો છે. છતાં આ દિશામાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે. અંગ્રેજીમાંની મોટા ભાગની જાણકારી ગુજરાતીમાં હજુ આવી નથી તો ગુજરાતીમાં જે સામગ્રી છે તે અંગ્રેજીમાં પહોંચી નથી. ગુજરાત વિશે કામ કરનારા પરદેશી વિદ્વાનોની ગુજરાતી ભાષાની જાણકારી, એમના તદ્વિષયક દાવા છતાં, નજીવી હોય છે એમ મેં મારા અનુભવે જોયું છે. દરિયાઈ સંસ્કૃતિને લગતી શબ્દાવલીનો સંગ્રહ, એનું બની શકે તો દસ્તાવેજીકરણ, અને રેખાંકનો (સર. વિઝ્યુઅલ ડિક્શનરી) કરવાં જેવાં કામોમાં પહેલા આવવું જોઈએ. ઉપલબ્ધ કોશોમાંથી આવા શબ્દો તારવી લેવામાં આવે તો પણ એક સદ્યસહાયક સાધન ઊભું કરી શકાય.

સાર્થ જોડણીકોશ 'મછવો' શબ્દની સમજૂતી ન આપતાં કેવળ (નર્મદના જમાનાનો) 'હોડી' એટલો પર્યાય આપે છે. આની સામે *ભગવદ્ગોમંડળ*માં 'સમુદ્રકાંઠા નજીક ફરે તે પ્રકારનું જરા મોટું હોડું (એક સઢનું માલસામાન અને ઉતારુઓ માટેનું)' એમ વિગતે સમજૂતી આપી છે, જે શાસ્ત્રીના *બૃ.ગુ.કોશ.*માં પણ છે. *સાર્થ*.ની નવી આવૃત્તિમાં આવી સમજૂતી સરળતાથી ઉમેરી શકાઈ હોત અને એને સાચા અર્થમાં સંશોધિત-સંવર્ધિત બનાવી શકાયો હોત. એની વ્યુત્પત્તિમાં કોશે સંસ્કૃત मत्स्यवाहનો નિર્દેશ કરી સમાંતરે મરાઠી मचवा, હિન્દી मछवा નોંધ્યા છે. मछवाનો અર્થ હિન્દીમાં 'માછલીનો શિકાર કરવાની નાવ' એવો છે. જોઈ શકાશે કે ગુજરાતી 'મછવા'નો અર્થ અને હિન્દી 'મછવા'નો અર્થ સાવ જુદો છે. સાથે એ પણ નોંધીએ કે હિન્દીભાષી પ્રદેશને દરિયો નથી. જ્યાં સુધી मत्स्यवाहને સંબંધ છે મેં તપાસેલા એક કોશમાં આ શબ્દ નથી, એટલે એ શબ્દ પોતે અને 'હોડી' એવો એનો અર્થ બન્ને શંકાસ્પદ છે.

તમિળમાં 'મંચિ'નો અર્થ 'ઊંચા માંચવાળી માલસામાનની હેરફેર માટેની હોડી' એમ છે. મલયાળમમાં 'મંચિ', કન્નડમાં 'મંજિ', બારકુર કન્નડમાં 'મચ્ચઇવે',

જેવા શબ્દ છે જેની સમજૂતી 'સમુદ્રકિનારે વેપાર માટેની એક સઢવાળી હોડી' એમ છે. મલયાળમમાં એનો 'પટ્ટિમાર' એટલે કે 'small native coasting vessels on the Malabar coast' એવો અર્થ પણ આપ્યો છે. આમાં અગત્યની બાબત એ છે કે એ હોડી છે, એ એક સઢવાળી છે, અને એ સમુદ્રકાંઠાની નજીક રહીને માલસામાનની હેરફેર કરે છે. ગુજરાતી 'મછવા'ની સમજૂતી સાથે આ કેટલી મળતી આવે છે તે તો તરત દેખાય એવું છે.

બરો અને એમનો એમના દ્રાવિડી વ્યુત્પત્તિ કોશમાં એની વ્યુત્પત્તિ માટે ભારતીય-આર્ય 'મંચ'નો નિર્દેશ આપે છે. માત્ર તમિળમાં 'મંચિ'નો અર્થ 'ઊંચા માંચવાળી' હોડી એમ છે, એ ઉપરથી મૂળ 'હોડી' અર્થ પડતો મૂકી એના વિશેષણના અર્થને પકડી આ રીતે વ્યુત્પત્તિ સૂચવવી એ સમજમાં ઊતરે તેવું નથી. બારકુર કન્નડનો 'મચ્ચઇવે' શબ્દ જોતાં 'મચવ-' જેવા કોઈ શબ્દ ઉપરથી મરાઠી 'મચવા' અને ગુજરાતી 'મછવો' આવ્યા હોય એમ માની શકાય. આ જોતાં, *સાર્થ જોડણીકોશે* કલ્પેલી 'મસ્ત્યવાહ' એવી વ્યુત્પત્તિ નિરાધાર અટકળ જણાય છે.

❑❑❑




મુનશીવાણી

મે ૧, ૧૯૬૩ - ઇતિહાસનું પરિવર્તનબિંદુ

મારા નવયુવાન મિત્ર,

જોખમો, વિટંબણાઓ કે કસોટીની ક્ષણોમાં ધર્માચારની ચુસ્તતા કદાચ ઘટી જાય છે, પણ પ્રજાની સામૂહિક ચેતનામાં દૃઢમૂળ બનેલ ઈશ્વર માટેની શ્રદ્ધા વધુ સ્પષ્ટ બને છે. આ શ્રદ્ધા આપણી પ્રતિકારની ઝંખનાને બળ આપે છે. ભારત સદીઓથી જે મૂલ્યોનું સમર્થન કરતું રહ્યું છે એને પુનઃપ્રાપ્ત કરવાનો અને આપણા સામાજિક અને નૈતિક જીવનને નવો ઘાટ આપવાનો ઉત્સાહ આથી પ્રકટશે.

[ક્રમશઃ]



ટંકવિદ્યા

☐ મકરન્દ દવે

જો ટંકવિદ્યાનું કાર્ય આપણે કરી શકીએ તો આ જન્મમાં જ બીજો જન્મ લઈ શકીએ, દ્વિજ બની શકીએ. ઈંડામાં તમે ગમે તે ફેરફાર કરો, તેને રંગો તો રંગીન ઈંડું બનશે. તે મોટું હોય, શ્વેત હોય પણ તે ઈંડું જ રહેવાનુંને! પક્ષી નહીંને! આ આપણો પિંડ છે તે ઈંડું જ છે. તેમાં આપણે આપણી સાધનાથી, આપણા ભાવથી, આપણાં કાર્યોથી નવું નિર્માણ કરવાનું છે. જો એ નહીં બને તો આપણું બાળમૃત્યુ થશે. એંશી વર્ષે પણ બાળમૃત્યુ થાય છે. જો ચેતન પ્રાપ્ત કરવું હોય, જીવન પ્રાપ્ત કરવું હોય તો આપણે આપણી નિર્માણકાયાને આજથી શરૂ કરી દઈએ.

તો એને માટે આપણે શું કરવું જોઈએ? તો જ્યાં જ્યાં ડાઘ છે, જ્યાં જ્યાં વસ્ત્ર ફાટેલું છે ત્યાં એને સાંધવું જોઈએ. પતંગ ઉડાડીએ પણ જો ફાટેલી હોય તો તે ઊડે નહીં. આ સાંધવાની

ક્રિયાને ગોરક્ષનાથ ટંકવિદ્યા કહે છે. ટંકવિદ્યામાં મારી જે શક્તિ ચાલી જાય છે, વ્યર્થ જાય છે, જે કાયાનું નિર્માણ નથી થવા દેતી તે રોકવી. આંખોમાં દૃષ્ટિ વિકૃત થઈ જાય છે, ધિક્કાર આવી જાય છે, તિરસ્કાર આવી જાય છે ત્યારે આંખોને બંધ કરો, નિર્મળ કરો. કાન દ્વારા સાંભળું છું. કોઈ પ્રશંસા કરે તો રાજી થવાય છે અને નિંદા કરે તો તિરસ્કાર આવી જાય છે. ત્યાં પણ શ્રવણ શુદ્ધ કરવાનું. આમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - એ પાંચ પ્રક્રિયા દ્વારા જે દુર્વ્યય થાય છે તે સૌ પ્રથમ અટકાવવો. આવક વધે માટે આપણે વ્યય ઓછો કરીશું તો આવક સ્થિર થવાની જ છે. વ્યર્થ વાતોમાં, વ્યર્થ કાર્યોમાં જે વ્યય થાય છે તે સૌથી પહેલાં અટકાવવો. તેને ટંકવિદ્યા કહે છે.

જે કાર્ય કરવું તે બરાબર રીતે કરવાનું, શક્તિ એકત્ર કરવાની. આ સાવ સાદી વાત છે. એમાં ક્યાંય જવું કે તપશ્ચર્યા કરવી કે કોઈ સાધના કરવી એવું કાંઈ કરવાનું નથી. ટંકવિદ્યા એટલે - ટંક એટલે તૂટેલું વાસણ કે જેમાં કોઈ વસ્તુ રહે નહીં, તેને ટાંકવું પડે, રેણ દેવું પડે. આ રેણ દેવાની ક્રિયાને ટંકવિદ્યા કહે છે. અને રેણ દીધા પછી હું કોઈને પણ મારો સદ્ભાવ જ આપીશ, દુર્ભાવ નહીં આપું. કોઈએ પણ મારું ખરાબ કર્યું હોય પણ મારો તો સદ્ભાવ જ છે, મારો દુર્ભાવ નથી. સદ્ભાવથી સત્કૃત્ય થાય છે અને દુર્ભાવથી દુષ્કૃત્ય થાય છે. સદ્ભાવ પ્રગટ થાય છે પણ કાયમ માટે રહેતો નથી. એ કાયમ રહે એ માટે હું પ્રયત્ન કરું છું. એ માટે પ્રાર્થના છે, ધ્યાન છે, બધી ઉપાસનાઓ છે.

પછી આધાર તૈયાર કરો. ગોરક્ષનાથે કહ્યું છે કે આધાર તૈયાર કરો જે ટકી શકે. આધારચક્રો પણ છે. મૂલાધાર છે, સ્વાધિષ્ઠાન છે. પૃથ્વીચક્ર પર આધાર કયો છે? તમે ઘ્રાણશક્તિ પર કાબૂ મેળવો. સ્વાધિષ્ઠાનમાં રસ પર કાબૂ મેળવો. આમ પૃથ્વીતત્ત્વ, જળતત્ત્વ કાબૂમાં આવશે. સામાન્ય રીતે આપણે પૃથ્વીને વશ થઈ જઈએ છીએ પણ અહીં પૃથ્વી આપણને વશ થશે. મેં 'યોગપથ'માં આ સાધના વિશે લખ્યું છે. જો આધાર વિદ્યા થઈ તો ચક્રો ફરવાનાં જ છે. આ જે નિમ્નગામી ચક્રો છે, જે અહંકાર જનિત છે, મમતા જનિત છે તેમાં અહમ ઓછો થશે, મમત્વ ઓછું થશે, આગ્રહો ઓછા થશે અને દુરાગ્રહો ચાલ્યા જશે, પૂર્વગ્રહ પણ ઓછા થશે. અને સત્યગ્રાહી બનીશું. આમ જો Energy collect થશે, જો દુર્વ્યય અટકી જશે તો શક્તિ સંચય થશે. Energy જ કામ કરે છે. બીજું કાંઈ કામ નથી કરતું. વીજળીનો પાવર મેળવ્યો હોય તો પ્રકાશ થાયને!

પહેલી મારી ક્રિયા એ છે કે આ શરીર એ બહારનાં વસ્ત્રો છે એને છૂટાં પાડવાનું. કારણ કે શરીરરૂપી વસ્ત્ર

એટલું બધું ચોંટી ગયું છે કે આપણે તેની સાથે એકરૂપ થઈ ગયા છીએ. જેમ કવર પર ચોંટાડેલી ટિકિટ અને કવર આપણને એક જ લાગે છે. ટિકિટ ઉખેડતાં કવર પણ ફાટી જાય છે. પણ જરા તપાવીએ, ધીમેથી છૂટું પાડીએ તો છૂટું પડી જાય છે. એમ જ આ બાહ્ય શરીરને છૂટું પાડવાનું છે. પણ તે ક્યારે થશે? જ્યારે Luminous તૈયાર થાય છે ત્યારે કાંઈ કરવું પડતું નથી. જેમ બાળકનો સંપૂર્ણ આકાર તૈયાર થઈ જાય પછી બાળક જન્મ લે છે, તેમ જ્યારે Luminous જન્મ લેશે તે હું જોઈ શકીશ. ત્યારે મને પ્રાણતત્ત્વ ખૂબ વિશાળ છે તે દેખાશે. ત્યાં સુધી હું પિંજરામાં છું, કારાગૃહમાં છું. મારે મારું નિર્માણ કરવાનું છે. આ જે માટીનો ઢાળો છે તેમાં સોનાની પ્રતિમા કરવાની છે. જો હું તે ન કરી શકું તો મને જે શરીરરૂપી ઢાળો મળ્યો છે તે વ્યર્થ જશે. જે કાંઈ કાર્ય કરીએ કે જે કાંઈ ભાવ સેવીએ તે આ નિર્માણ કરવા માટે જ સેવીએ. જ્યારે નિર્માણકાયા તૈયાર થાય છે ત્યારે આપણા અંતરની તેજસ્વિતા પ્રકાશિત અને જ્ઞાનમય બને છે. પછી તો સંસ્કારો જોઈ શકાય છે. ઘણીવાર કાંઈક બોલી જવાય ત્યારે એમ થાય કે ન બોલાયું હોત તો સારું હતું. બોલાઈ જવાની તો ઘણી સ્થૂળ ક્રિયા છે પણ તે પહેલાં તો ઘણી બધી ક્રિયા થઈ ગઈ હોય છે, પછી વાણી નીકળી હોય છે. આ જે બોલાય છે તે પૂર્વના સંસ્કારો કરાવે છે. આમ હું તો જેલમાં છું, પરાધીન છું. કારાગૃહમાં એટલે છું કે મારામાં કૃષ્ણનો જન્મ થાય.

જેલર અને કેદીમાં ફેર છે. બંને જેલમાં રહે છે પણ જેલર જેલની બહાર અને અંદર આવ-જા કરી શકે છે જ્યારે કેદી નથી કરી શકતો. નિર્માણકાયા કરવા માટે સદ્‌ભાવ એ મુખ્ય દ્વાર છે. અને ટંકવિદ્યામાં વ્યર્થ વાતો તો નહીં જ કરવાની. સત્સંગ, સ્વાધ્યાય, સત્કર્મ, સદાચાર એ બધું કરવું, જ્યારે રાગ આવી જાય છે કે દ્વેષ આવી જાય છે ત્યારે મારા તેજસ શરીરમાં-Luminous Bodyમાં કાણાં પડે છે, ધાબાં પડે છે. તેજસ શરીર તો બધાને મળ્યું છે પણ તેને તૈયાર કરવું પડે છે. પ્રકૃતિના નિયમ પ્રમાણે મા-બાપે જન્મ આપ્યો પણ મારે પોતાને મારો બીજો જન્મ લેવાનો છે. તેજસ શરીર સંકલ્પથી બને છે. સૌથી સ્વસ્થ માણસ કોણ હતો? તે અષ્ટાવક્ર હતા. આપણે હંમેશાં બાહ્ય જોઈએ છીએ અને બાહ્યમાં ઘણા આરોપિત થઈ જઈએ છીએ. એ બધામાંથી આપણે મુક્ત થતાં આવીએ. આ મુક્તિનો રસ્તો છે, પ્રકાશનો રસ્તો છે. એક સમય એવો આવશે કે આપણે મૃત્યુશૈયા પર અસહાય થઈને પડ્યા હોઈશું. આપણી પાસે સ્વજનો બેઠા હશે, ડોક્ટર હશે પણ કોઈ જ મૃત્યુને રોકી નહીં શકે. એ દિવસ માટે જ પૂર્વ તૈયારી કરવાની છે. આ એક દિવસ માટે મને હજારો દિવસો મળ્યા છે. ટંકવિદ્યાથી

મારી દૃષ્ટિ નિર્મળ થશે.

વિષ્ણુનાં મકરાકૃતિ કુંડળ છે. મકર એટલે મકરનો સૂર્ય. મગર પ્રાણી નહીં. મકરનો સૂર્ય થાય એટલે ગંગા પ્રવાહિત થાય. ઉત્તરાયણ થાય. ટાઢ ચાલી જાય, પ્રકૃતિમાં ઉલ્લાસ થઈ જાય. પંખી ગીતો ગાવા મંડે. વૃક્ષો ખીલી ઊઠે. ત્યાં વિષ્ણુતત્ત્વ આવ્યું. કર્ણમલને દૂર કરવા માટે વિષ્ણુતત્ત્વ આવે છે. કર્ણમલના બે રાક્ષસ છે - મધુ અને કૈટભ. મધુ એ પ્રશંસા જે બધાને બહુ ગમે પણ એ એક રાક્ષસ છે, કર્ણમલ છે. કૈટભ એ કોઈ કટુવાણી બોલે ત્યારે કીડા જેવો લાગે તે. એ કાનમાં ખરી પડે. આ બંને આપણા વિષ્ણુતત્ત્વને બદ્ધ કરે છે. માતાજીની અષ્ટાદશ ભુજાઓ છે અને તેમનાં અઢાર આયુધો છે. એ અઢારે અઢાર વિદ્યા જ છે. એને અષ્ટાદશ વિજ્ઞાન કહે છે. આંખો છે, એની સામે વસ્તુ છે અને હું દૃષ્ટિ કરું છું. એ ત્રણેય સમાન છે? માત્ર નિર્વિકારભાવે, નિર્મળભાવે, પ્રસન્નતાથી જ માત્ર જુવે છે? એવી જ રીતે શ્રવણનું. શબ્દ કોઈ બોલ્યું અને મેં સાંભળ્યો. પછી મન છે. વિચાર આવ્યો. તે વિચાર અહંકારથી કર્યો કે માત્ર શુદ્ધ વિચાર જ કર્યો. મહિષાસુર જ અહંકાર છે જે કોઈ શસ્ત્રોથી નથી મરતો.

મત્સેન્દ્રનાથની અઢાર વિદ્યા છે એ 'કોલ-જ્ઞાન-નિર્ણય'માં છે. હું તો એ લોકોએ કરેલી વાત કરું છું પણ આ અમલમાં મૂકવું જોઈએ. આપણે દિવસના કેટલા બધા કલાકો બીજાં કાર્ય માટે આપીએ છીએ તો અમુક સમય આપણા પોતાને માટે નહીં ફાળવીએ? જો પોતાના માટે સમય ફાળવીશું તો શુદ્ધિકરણ થતું આવશે તો આપણને એ ઘરમાં રહેવું ગમશે. અને એક દિવસે નિર્માણકાયા પ્રગટ થશે. અને એની કોઈ અપૂર્વ શક્તિ હશે. માટે મારે ટંકવિદ્યા કરવી છે, ટાંકણ કરવું છે, મારે આધાર તૈયાર કરવો છે. એના માટે કબીરે 'ૐ'કારની એક સાધના કહી છે. હૃદયકેન્દ્રમાંથી ૐકારને મસ્તક પર લઈ જવાનો છે. કારણ કે હૃદય ભાવનું કેન્દ્ર છે. કબીરની વાણી છે.

નાભિ કમલસે પવન ચલાવો
હૃદયકમલમેં મન સમજાવો
ઉન્મની તાલી લાવો મનમેં
બ્રહ્મઅગ્નિ પ્રગટાવો તનમેં
બાહિર જોતા ભીતર હેરો
ગગનમંડલમેં નિશદિન ઠેરો - નિર્મળ, નિર્લેપ
સત્ય શબદ કુ દઢ કરી ગ્રહિયે
કામ ક્રોધ કો સંગ ન લહિયે
મિટ ગઈ મમતા, મિટ ગઈ આસા
સહજ ખેલે કબીરદાસા.

આ રમૈની છે, જેમાં ક્રિયા બતાવી છે. પદમાં અનુભવો છે. પહેલાં કહે છે કે 'નાભિ કમલસે પવન ચલાવો' પહેલા શ્વાસ કાઢીને ઊંડો શ્વાસ લેવાનો. શ્વાસ લેતી વખતે મન હૃદયમાં રાખવાનું. ઊંડો શ્વાસ લેતી વખતે મનને ઊંચું ચડાવવાનું. જુઓ આ વિરુદ્ધ પ્રક્રિયા છે. શ્વાસ ઊંડો જાય છે અને મન અહીંથી

ઉપર જાય છે. વૃક્ષ જેવું છે. મૂળિયાં ઊંડાં જાય છે અને રસ ઉપર ચડે છે. જેમ મૂળ ઊંડાં તેમ વૃક્ષ ઊંચું વધે છે. મન અમૃતમય છે પણ એ નીચે જાય છે ત્યારે વિષ બની જાય છે. ઊર્ધ્વગામી પ્રવાહ અમૃતમય છે જ્યારે નિમ્નગામી પ્રવાહ વિષમય છે.

વિશુદ્ધાનંદ સરસ્વતીને તેના એક શિષ્યે કહ્યું કે, 'બાબા બહુ વિચારો આવે છે અને મનમાં ઉછાળા માર્યા કરે છે. ક્રોધ આવી જાય છે. આ બધું ગમતું નથી. કાંઈક કરોને!' બાબા કહે, 'ચાલ બેસીએ' પછી શિષ્યને પરમ શાંતિ થઈ ગઈ. પછી થોડા દિવસ પછી શિષ્ય કહે કે, 'શાંતિ ટકતી નથી. ચાલી જાય છે. પાછું મન ઉછાળા મારે છે.' તો બાબા કહે કે, 'જે દીર્ઘકાળની તપસ્યાથી મળે છે તે એક દિવસમાં થોડું જ થાય?' ગંગા આકાશમાંથી ઊતરે છે અને પાતાળ ભણી જાય છે. તે બહુ શક્તિસંપન્ન છે. ભગીરથ તેને આકાશમાંથી ઉતારવા માટે તપસ્યા કરે છે ત્યારે ગંગા કહે છે કે, 'કોઈ શોધી લાવો જે મારા પ્રવાહને ઝીલી શકે.' પછી ભગીરથ શિવને પ્રસન્ન કરે છે અને શિવ તેને પોતાની જટામાં ઝીલે છે. આપણા જીવને પણ શિવ થવું છે પણ જો કોઈએ કાંઈ ખરાબ કહ્યું હોય તો તરત જ મનમાં થાય છે કે, 'એને હું જોઈ લઈશ.' એમ કરતાં હાથમાં લાકડી આવે છે. કારણ કે ઊર્મિના જે ઉછાળા આવે છે તેને હું કાબૂમાં ન કરી શક્યો. પણ હું એને વશ થઈ ગયો. એના પ્રવાહમાં હું તણાઈ ગયો. એને બદલે 'તારું કલ્યાણ થાઓ. તારું ભલું થાઓ.' એવો પ્રતિભાવ આપ્યો હોય તો? છતાં પોતાની ફરજ ખૂબ પ્રેમ-ભાવથી બજાવવાની. એમ નહીં કે ઢીલા-પોચા થવું. પણ સ્વસ્થપણે પ્રેમથી, આદરથી આનંદથી કેવી રીતે થાય? આ પ્રક્રિયા ચેતનાના પ્રદેશથી થાય. This is plane of consciousness. વાંચવું હોય તો એલિઝાબેથ નામના બહેને પ્રયોગો કરેલા છે. એને Bety Books કહે છે. Unobstructed Universe. Obstruction ક્યાંય છે જ નહીં. આ તો મેં ઊભાં કર્યાં છે. આકાશને ક્યાં પડદો હતો. એને ક્યાં દીવાલો હતી? બધી મનની જ દીવાલો છે. મનના કારાગારને જે transcend કરે છે તે મુક્તિનો શ્વાસ લે છે. એ બહેન પોતાની ચેતનાના પ્રયોગ કરતાં ત્યારે તેમને અમુક લોકો કહે છે કે અમે આવો પ્રતિભાવ આપીએ છીએ. અમે ક્રોધ નથી કરતા. અમે પ્રેમ આપીએ છીએ. અમે શાંતિ આપીએ છીએ.

ખંડિત જ્ઞાની ખડતર બોલે
સત કા શબદ ઉવેખે
કાયા કે દિલ કરડા બોલે
ભીતર તત્ત્વ ન ભેદે.

જે ખંડિત જ્ઞાની છે તે 'આમ જ હોય. બીજું હોય જ નહીં. તમે શું સમજો

છો.' તે અખંડ નથી. તે ખંડિત છે, પોતે જ ઘવાયેલો છે. 'કાયા કે દિલ કરડા બોલે' બહુ જોર છે ને. માંદો પડે તો હમણાં ખબર પડે. અવાજ નીકળે જ નહીં. પણ જેનું ભીતર ભેદાઈ ગયેલું છે, વિષ્ણુગ્રંથિ ભેદાઈ ગઈ છે, મમતા મટી ગઈ છે ત્યારે તેની વાણી ફરી જાય છે. વિચાર બદલાઈ જાય છે. અને મૂળભૂત ક્રાંતિ થાય છે. બીજી ક્રાંતિ જેવી કે રાજકીય ક્રાંતિ, સામાજિક ક્રાંતિ તે છે પણ આ ક્રાંતિ અગત્યની ક્રાંતિ છે.

એને માટે ગોરખની વાણી છે, કબીરની વાણી છે. હવે હું ઓ - - - - મ બોલું છું. ૐને ઉપર લેતો જાઉં છું. સાથે શ્વાસ બહાર કાઢું છું. મેં પાછો લીધો ઓ - - - મ. નિસ્પંદ છે. ઊંચે જવો જોઈએ. તે બ્રહ્મરંધ્ર સુધી જવો જોઈએ. એને મૂર્ધા જ્યોતિષ કહે છે. મૂર્ધા જ્યોતિષમાં જ્યોતિની પ્રાપ્તિ થાય છે. જન્મ અહીંથી થાય છે. પછી આંખોમાં આવી જાય છે અને પછી આખા શરીરમાં અનુભવાય છે. પછી એક વખત એવો આવશે કે દેહ જે ચોંટી ગયો છે તે છૂટો પડી જશે. આ જીવતાં મૃત્યુ જેવું છે. આ પ્રક્રિયા થશે ત્યારે બે વસ્તુ આવશે. એક ભય આવશે અને એક ચિંતા આવશે. એ છોડી દેવાં. બે threshold છે Anxiety and fear. આપણને અજ્ઞાતનો ભય લાગે છે. પણ એ જ્ઞાત થાય ત્યારે કોઈ ભય રહેતો નથી. આ પ્રક્રિયા દ્વારા નવો જન્મ થાય તેમાં મને રસ છે. આપણે નિમાર્ણકાયા પ્રાપ્ત કરીએ એમાં મને રસ છે. બાકી પ્રવચનો કરીએ કે વ્યાખ્યાનો સાંભળ્યા જ કરીએ, દર્શન, કીર્તન એ બધું ઠીક છે. આપણે નવા જન્મની પ્રાપ્તિ કરવાની છે. આપણા સંતો પુષ્કળ આપી ગયા છે.

*પ્રાતઃપ્રાર્થના પછી મકરન્દભાઈ જે વાત કરતા હતા તેમાંથી. સં. મીનુ ભટ્ટ

હું અને એક વક્રદ્રષ્ટા : (એક મુલાકાત એક સંવાદ) My Meeting With A Cynic....

☐ રિષભ મહેતા



જન્મ : ૧૬-૧૨-૧૯૪૯
અવસાન : ૧૬-૪-૨૦૨૧

ઊઠી ગયો મળસ્કે!
"એમાં શું ધાડ મારી?"
નીકળ્યો સૂરજના રસ્તે!
"એમાં શું ધાડ મારી?"

નિજને કર્યા નમસ્તે!
"એમાં શું ધાડ મારી?"
ઈશ્વર ન આવ્યા વચ્ચે!
"એમાં શું ધાડ મારી?"

ઘૂંટ્યા કર્યો ષડજને?!
"એમાં શું ધાડ મારી?"
અસ્તિત્વની તરજને!
"એમાં શું ધાડ મારી?"

જાતે જ ચા બનાવી!
"એમાં શું ધાડ મારી?"
મેં જાતને ઉકાળી!
"એમાં શું ધાડ મારી?"

સૂરજ સળગતો ઝીલ્યો!
"એમાં શું ધાડ મારી?"
હું આગમાં ય ખીલ્યો!
"એમાં શું ધાડ મારી?"

સો સો સદી કરી મેં!
"એમાં શું ધાડ મારી?"
રણમાં નદી કરી મેં!
"એમાં શું ધાડ મારી?"

મેં પહાડ ખોદી નાખ્યો!
"એમાં શું ધાડ મારી?"
ફરહાદને મેં ચાખ્યો!
"એમાં શું ધાડ મારી?"

મજનૂની જેમ જીવ્યો!
"એમાં શું ધાડ મારી?"
ખુદને કદી ન સીવ્યો!
"એમાં શું ધાડ મારી?"

મેં નાત જાત છોડી!
"એમાં શું ધાડ મારી?"
નરસિંહને ભેટ્યો દોડી!
"એમાં શું ધાડ મારી?"

હું ઝેર પી ગયો છું!
"એમાં શું ધાડ મારી?"
તો પણ બચી ગયો છું!
"એમાં શું ધાડ મારી?"

હું ચૂંટણી લડ્યો છું!
"એમાં શું ધાડ મારી?"
કંઈને હું તો નડ્યો છું!
"એમાં શું ધાડ મારી?"

કીધાં ઘણાં મેં SCANDAL!
"એમાં શું ધાડ મારી?"
તો પણ મળ્યાં છે MEDAL!
"એમાં શું ધાડ મારી?"

બચ્ચનની જેમ બોલ્યો!
"એમાં શું ધાડ મારી?"
અમરીશ પુરીને ખોલ્યો!
"એમાં શું ધાડ મારી?"

રફીના જેવું ગાયન!
"એમાં શું ધાડ મારી?"
સાહિરના જેવું સર્જન!
"એમાં શું ધાડ મારી?"

અવિનાશની કલમ છું!
"એમાં શું ધાડ મારી?"
સૂરોમાં પુરુષોત્તમ છું!
"એમાં શું ધાડ મારી?"

'બેફામ' નો ઝખમ છું!
"એમાં શું ધાડ મારી?"
'મરીઝ' નો મલમ છું!
"એમાં શું ધાડ મારી?"

ગઝલોના જેવો સાદો!
"એમાં શું ધાડ મારી?"
ખુદ પ્રેમનો છું વાદો!
"એમાં શું ધાડ મારી?"

ગીત થઈ ગયો છું ગમતું!
"એમાં શું ધાડ મારી?"
જે સૌના હોઠે રમતું!
"એમાં શું ધાડ મારી?"

બાપુની વ્યાસપીઠ છું!
"એમાં શું ધાડ મારી?"
ઓશોની દિવ્ય SPEECH છું!
"એમાં શું ધાડ મારી?"

અબ્દુલ કલામ જેવો!
"એમાં શું ધાડ મારી?"
દુઆ સલામ જેવો!
"એમાં શું ધાડ મારી?"

હું ધન્ય થઈ ગયો છું!
"એમાં શું ધાડ મારી?"
બુરાઈથી બચ્યો છું!
"એમાં શું ધાડ મારી?"

હું શૂન્ય થઈ ગયો છું!
"એમાં શું ધાડ મારી?"
અનંતમાં મળ્યો છું!
"એમાં શું ધાડ મારી?"

હું ઓગળી ગયો છું!
"એમાં શું ધાડ મારી?"
ખુદને મળી ગયો છું!
"એમાં શું ધાડ મારી?"

હું રહ્યો છું મારા જેવો!
"એમાં શું ધાડ મારી?"
બિલકુલ ન તારા જેવો!
"એમાં શું ધાડ મારી?"

નરસિંહના પદનું પુનર્લેખન

□ ચન્દ્રકાન્ત ટોપીવાળા

સુખદુઃખ મનમાંહી જાણીએ, મન સાથે છે ઘડિયાં
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે રતન સમાનાં જડિયાં!

નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી
અન્નપાણી વિણ ભમ્યાં ભલે અંતે સુખની સરવાણી!

પાંચ પાંડવ સરખા બાંધવા જેને દ્રૌપદી રાણી
બાર વરસ વન ભોગવિયાં લાધી પછી રાજધાની

સીતા સરખી સતી નહીં જેના રામજી સ્વામી
રાવણ ભલે ને હરી ગયો સતી સેતુબંધ પામી!

રાવણ સરીખો રાજિયો જેની મંદોદરી રાણી
દશ મસ્તક છેદાઈ ગયાં પણ રામપ્રસાદી માણી!

હરિશ્ચન્દ્રરાય સતવાદિયો તારાલોચની રાણી,
તેને વિપત્તિ બહુ પડી સતની આણ પ્રમાણી!

શિવજી સરખા સતા નહીં જેની પારવતી રાણી
ભોળવાયા ભીલડી થકી પણ તપને જોયું નાણી!

સર્વને જ્યારે ભીડ પડી તો અંતર સાક્ષી કીધું
પોતપોતાની મુક્તિ શોધી સુખથી ખાધું ને પીધું!

રાત્રિ-દર્શન

□ મણિલાલ હ. પટેલ

મધરાતે જંપી જાય જળ
સંભળાય ધરતીના શ્વાસ ચાસમાં
ઘાસમાં સંચિત થાય છે સમય

કૂંપળનો નીરવ પગરવ વૃક્ષોમાં
પાંદડાં સાથે અડપલાં કરતો પવન
પોઢી જાય તરુવરોમાં

ચાંદની અરવ પગલે
પુષ્પો પાસે પહોંચે ને
સંવનન કરે સુગંધ સાથે

રિસામણે ગયેલી ટેકરીઓ
ટૂંટિયું વાળીને ઊંઘી જાય
ધુમ્મસ એનો પ્હેરો ભરે

ઘરના મોભ માથે
નક્ષત્રો ઊતરી આવે
સમસમ વહે નિર્જન રાત

પોતપોતાનાં દર્દ ઓઢીને
જપી જાય જીવાત્માઓ
ઘડીક ગતિશૂન્ય થાય પૃથ્વી

રાત્રિચર્યાએ નીકળેલો દેવરથ
'સબસલામત'ની આલબેલ પોકારતો
પાછો વળે આકાશગંગા તરફ

પ્રાચીનાં પોપચાં રતાશ પકડે
પૃથ્વી બેઠી થાય
જળ વ્હેવા માંડે... ને આપણે પણ...
- અલ્લાબેલી!!!

વાત કરીશું

☐ ડૉ. ભરત ગોહેલ

ચોખ્ખે ચોખ્ખું દીવા જેવું, દેખાશે તો વાત કરીશું!
નક્કર નક્કર કેવા જેવું, કૈં થાશે તો વાત કરીશું!

પથ્થર કેરો પિંડ હજી તો, માટીમાં પધરાવ્યો છે મેં;
એમાં સળવળ ચેતન જેવું, વરતાશે તો વાત કરીશું!

મેં જ કરેલા પોકારોની, કથની માંડી શું કરવાનું?
પ્રત્યુત્તરમાં જો રવ ગેબી, પડઘાશે તો વાત કરીશું!

ધખધખતા રણ વચ્ચે કૂંપળ, પીવા પામી વરઝાળોને,
એને માથે વાદળ જેવું, બંધાશે તો વાત કરીશું!

તેલ ભરેલી હોવાથી કૈં, કૂપી દીપક ના થઈ જાતી;
આગ અડકતાં વર્તિકા પણ, ચેતાશે તો વાત કરીશું!

ઝાંખું-પાંખું દેખ્યાની તો, અર્ધી-પર્ધી વાત બને હોં!
આંખ્યુંનું જોવું જોવાથી, વિરમાશે તો વાત કરીશું!

શ્વાસ હશે ત્યાં છલનાઓ પણ, સાથે સાથે રે'વાની છે,
શ્વાસ ઉપરવટ અંજળ મળશે, ઉલ્લાસે તો વાત કરીશું!

જિહ્વાની ઝંખાને તો લ્યો, બાવન બાવન બેડી વળગી!
એ બેડી તોડીને સરરર.... બોલાશે તો વાત કરીશું!

હું બોલું ને, તું માની લે, આ પથનો વે'વાર નથી એ;
'આ... ઊભો..' એ કે'વા પોતે, ડોકાશે તો વાત કરીશું!

ખાલી ખડિયે ટાંક ઝબોળી, લખવા બેસું? ખમ્મા ખમ્મા!
ઝોળી અક્ષરથી છલબલ હા, છલકાશે તો વાત કરીશું!

ઊભા રહો

☐ રાધિકા પટેલ

આંગળી ઊંચી કરી બેસી રહો;
વારો આવે ત્યાં લગી, ઊભા રહો.

રેસ ચાલુ થઈ રહી છે, સાવધાન;
એક બે ને ત્રણ પછી ઊભા રહો.

આભનો નિબંધ લખીને લાવ, જોઈ;
પાંખ ફૂટી છે નવી! ઊભા રહો.

હાથમાં ચુંબન હતું- ધક ધક ધડાધડ;
રીંગ વાગી ફોનની, ઊભા રહો.

લ્યો, યુવાનીએ સ્ખલન રોકી લીધું;
વાત માની આપની- ઊભા રહો.

કાચબો ઊભો ઊભો ઘરડો થયો;
તો'ય બોલે છે હજી- ઊભા રહો.

ફૂંક છે 'ઊભા રહો'ના મુખમાં;
આગ ઠારી દે બધી- ઊભા રહો.

જ્યાં અમે ઊભા છીએ ધીરજ ધરી-
સ્પ્રિંગની માપો ધરી, ઊભા રહો.

કાઢજો ઊભી નનામી તમતમારે;
કોઈ કહેવાનું નથી, ઊભા રહો.

તમે તો હદ કરી નાખી!

☐ નીતિન વડગામા

ફરકતું પાંદડું તોડી તમે તો હદ કરી નાખી!
સુકોમળ સાથ તરછોડી તમે તો હદ કરી નાખી!

ઝડપથી પ્હોંચવાની આ તમારી ઘેલછા કેવી?
લપસણા ઢાળ પર દોડી તમે તો હદ કરી નાખી!

અકારણ શાંત જળમાં પથ્થરો કાં ફેંકતા રહેતા?
સરોવર શ્વાસનું ડ્હોળી તમે તો હદ કરી નાખી!

હતું એવું જ દર્શાવી અહીં ચૂપચાપ ઊભો'તો,
ચમકતો આયનો ફોડી તમે તો હદ કરી નાખી!

અવાજોનાં બધાં જંગલ કરીને ચોતરફ ઊભાં,
મુલાયમ મૌન મચકોડી તમે તો હદ કરી નાખી!

છુપાયેલી હતી એમાં મનોહર કંઈક રંગોળી,
બધાયે રંગ રગદોળી તમે તો હદ કરી નાખી!

મથામણ કૈંક પેઢીએ કરેલી પાત્ર ભરવામાં,
ભરેલા પાત્રને ઢોળી તમે તો હદ કરી નાખી!

ગઝલ

☐ સુરેન્દ્ર કડિયા

જે પળે પ્રગટી કવિતા એ ફક્ત બ્હાનું હતું
આ પળે કે તે પળે માથું વઢાવાનું હતું

તું કલાપીની ઢબે અથવા જમાનાની ઢબે
એક પથરો ફેંકતાં પંખી ઘવાવાનું હતું

સહશયનની શક્યતાનું ફીંડલું વાળો, કવિ!
એનું બાવન બહાર પથરાયેલ બિછાનું હતું

ને પુરાવાના અભાવે થઈ નહીં એને સજા
આળ એના માથે મંદિરમાં પુરાવાનું હતું

શ્વાસને અળગા કરીને ફેફસાંઓ ફૂંકીએ
આભ થોડું એમને એમ જ સુકાવાનું હતું!

છેલ્લું પાંદડું

☐ પ્રતિષ્ઠા પંડ્યા

ઓ હેન્રીની વાર્તામાંથી નીકળી
એ મોટો વેલો મારા મકાનની દીવાલો પર ચઢી
બારીમાં થઈ ઘરમાં ઘૂસી આવ્યો છે
હું દિવસરાત પાંદડાં ગણું છું.
રોજનાં વાવાઝોડામાં તૂટતાં ખરતાં
એક સાથે કંઈ કેટલાંય પાંદડાં જોઈ
હચમચી જાઉં છું
બાકી રહેલાં વધુ ને વધુ
ચાહવાનો પ્રયત્ન કરું છું.
જે પાંદડાંને હું રાત્રે ચાહું
એ સવાર થતાં ખરી પડે છે
મારો શ્વાસ એમાંના કયા સાથે
જોડાયેલો છે એ સમજાતું નથી
પણ જાણે બધાંમાં વહેંચાઈ ગયો હોય
એમ એ રોજ રોજ ડૂબતો જાય છે
ને જાણે કોઈની સાથે જોડાયેલો ના હોય
એમ હજીય અટકી રહે છે એ કથ્થઈ ડાળીઓમાં
આવામાં ય મારી આંખોમાં
રોજ એનો ચહેરો ખીલે છે
ઠૂંઠા ઝાડ પર ચીતરેલા નવપર્ણ જેવો
લીલો
ને રોજ મારાં આંસુઓ
ભૂંસી નાખે છે એને
હું આંખો મીંચીને ધ્યાન ધરું છું
એ છેલ્લા પાંદડાનું.

હવાતિયાં

હું હવાતિયાં મારું છું
દોડીને જાઉં છું કોઈ હાથ ના આવે
એવા પડછાયાઓ પાછળ જોડીને હાથ
દાદીએ શીખવેલી બધીય પ્રાર્થનાઓ, મંત્રો
ભરેલા
કોથળાઓ ઊંધા કરી કરી ખંખેરું છું
ધૂળભરી આંખે તપાસું છું
જમીન પર વેરતા કાટમાળને
થાકીને આવું છું અહીં
અક્ષર વચ્ચેની નાની
ઝગઝગ ધોળી ગલીઓમાં
ખોદું છું શબ્દના અંધારને
ઉલેચું છું એક પછી એક પંક્તિઓ
છૂટા કરીને જોઉં છું બધાય પ્રાસ
નાખી હથેળીઓ ફંફોસતી
ભયાનક મૌનનાં તળિયાં
શોધ્યા કરું છું
મારી પીઠ પર ખડકાતાં જતાં શરીર
મડદાં થઈ જાય એ પહેલાં
પ્રાણવાયુના એક બે ઘૂંટ.

બે ગીત

□ રાજેશ પંડ્યા

હુનાળાની બપોર

આખી બપોર આભે ચકરાવા લઈ લઈ સમળીઓ ગોળગોળ તરે.
પાંખથી હલ્લેસાં મારી વાંભ વાંભ ઊંડાં જળ ઊલેચી ઊલેચી આંખ ભરે.

ઉપર છે આસમાની ખાલીપો અપાર નીચે ઘાસનાં મેદાન ખાલીખમ
બધીયેં લીલપ ઊડી ગઈ અને પડછાયા પડ્યા રહ્યા અહીં એમનમ
પડ્યા પડ્યા ચત્તાપાટ કણસે થોડાક, થોડા હૈયાફાટ સૂનમૂન ડૂસકાંઓ ભરે.

ડૂસકાટે ગરમાળા ટપકે પીળુંક અને કણસાટે ગુલમ્હોર લોહીઝાણ થાય
એક પછી એક એક ચક્કર વક્કર આંટે કાળઝાળ હવામાં આંટણ પડી જાય
શ્વાસની સોંપટ એના છમકારા ઝિલી, એન્... પડ્યા પડ્યા ગૂંચ બધી ઉકેલશું અરે
સમળીઓ ગોળગોળ તરે.

બળતે બપોર

પાણી જેવું પાણી હવે ખખડે ખાલી ઢળતા ઢાળે
રેતના ઢૂવા ઊછળે ચારેકોર હવામાં ગામ વચાળે

અડધે મારગ
તલબાવળને અડતા થશે ભડકો પવન
અડધે આકાશ
ઊડતાં પંખી પાંખથી વધે ઊલટી અગન

અડધાં આંસુ ધૂળમાં ઢોળાય અડધાં ઊડી જાય વરાળે
પાણી જેવું પાણી હવે ખખડે ખાલી આંખ વચાળે.

મૂળના ટેકે
ટેકવી જરીક કાય ને ઝાડવાં છાંયડી વેરે
બળતે બપોર
આવતા જતા પડછાયાને કીડીયું ઘેરે

કોઈ 'દિ ધાર્યું ન્હોતું એવું એવું બન્યું ઓણ ઉનાળે.
પાણી જેવું પાણી હવે ખખડે ખાલી ગામ વચાળે.



પૈડું

☐ વીનેશ અંતાણી

વચ્ચેનાં વરસોમાં એક નામ ઝબૂકી જતું અને ભુલાઈ જતું. મારા નાનપણનું ગામ આગલા જન્મની સ્મૃતિ જેમ ક્યારેક યાદ આવતું, પણ બીજાં શહેરોની ધૂળ એના પર છવાઈ જતી. પિતાજી નિવૃત્ત થયા પછી અમે એ ગામ છોડ્યું. ત્યાર પછી ત્યાં જઈ શક્યો નથી. બાબા, બા અને પિતાજી અવસાન પામ્યાં છે. મોટીબહેન નાગપુરમાં એના પરિવારમાં ખૂંપી ગઈ છે. જૂના સમયને યાદ કરે એવું કોઈ મારી સાથે રહ્યું નથી. હું મેટ્રિક સુધી એ ગામમાં ભણ્યો. આગળનો અભ્યાસ વડોદરામાં કર્યો. માસ કોમ્યુનિકેશનનો પ્રોફેસર થયો.

એક સેમિનાર નિમિત્તે કચ્છ આવવાનું બન્યું. ઘણાં વરસે મારા નાનપણના ગામની નજીક આવ્યો. ત્યાં જવાની ખૂબ ઇચ્છા થતી હતી, છતાં જવાનું ટાળતો હતો. આટલાં વરસોમાં ગામ બદલાઈ ગયું હશે. કોઈ મને ઓળખશે પણ નહીં. અવઢવની વચ્ચે એક અવાજ સંભળાતો હતો. એ ક્યાં હશે? અમે ગામ છોડ્યું પછી એના કોઈ સમાચાર મળ્યા ન હતા. અમે

પણ જાણવાની કોશિશ કરી ન હતી. સમયની સાથે ઘણું ભૂંસાતું જાય છે.

છેવટે નક્કી કર્યું કે અહીં સુધી આવ્યો છું તો જઈ આવું. કદાચ આવી તક ફરી નહીં મળે. આયોજકોએ કારની અને ગેસ્ટ હાઉસમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. ત્રીજા દિવસે લન્ચ પછી સેમિનાર પૂરો થયો. હું નમતા બપોરે નીકળ્યો.

સાંજ પડે તે પહેલાં ગામ નજીક આવતું ગયું. જૂના રસ્તાના વળ ખૂલતા ગયા. મેં કારની બારીનો કાચ ઉતાર્યો. ભુલાયેલી હવા મોઢા પર અથડાઈ. ભૂખી નદીના સૂકા કાંઠે ખાખરાનાં ઝાડ. ફાગણ બેસતાં જ કેસૂડાં લચી પડતાં. ગામમાં પ્રવેશ કરતાં પહેલાં કાર બે ડુંગરા વચ્ચેથી પસાર થઈ. હું પણ જાણે બે સમય વચ્ચેથી પસાર થયો. પહેલી નજરે ઘણું બદલાયેલું લાગ્યું, છતાં પોતીકું લાગ્યું. પાવર હાઉસ, બસ-સ્ટેશન, હરિજનવાસનો કૂવો, મુખીની વાડી, વથાણ (પાદર)નો વડ. નવું બંધાયેલું ગેસ્ટ હાઉસ વડ પાસે હતું. કાર ગેસ્ટ હાઉસના પ્રાંગણમાં ઊભી રહી. તડકો ઢળી ગયો હતો.

ખુરસી નાખી ખુલ્લામાં બેઠો. ચા પીધી. બાજુની કોઈ વાડીમાંથી રજકાની સુગંધ આવતી હતી. કદાચ એવી જ કોઈ વાડીમાંથી અમે ચોરીછૂપીથી ખાટી આમલીના કાતરા પાડ્યા હતા. અંધારું થયું હતું. પહેલાં પણ થતું. પંચાયતનો માણસ નિસરણી ઉપાડી ગામના મુખ્ય રસ્તાઓની બત્તી સળગાવી જતો. પાવર હાઉસ શરૂ થયું પછી વીજળીના દીવા આવ્યા હતા. એ પછી થોડા મહિને અમે ગામ છોડ્યું હતું.

ગેસ્ટ હાઉસના પ્રાંગણમાંથી બહાર નીકળ્યો. ડ્રાઇવર દોડતો મારી પાછળ આવ્યો. મેં કહ્યું: 'હું થોડી વાર વૉક કરીશ.' એ ગયો. હું વડના ઓટલા પાસે ઊભો રહ્યો. વડ વૃદ્ધ થયો હતો. એને કેટલું યાદ હશે? અત્યારે જાઉં કે સવારે? અલગ પ્રકારની અનિશ્ચિતતા ઘેરી વળી. કોઈને શોધતો હોઉં એમ આજુબાજુ જોયું,

કોઈ છોકરો પૈડું ફેરવતો દેખાય છે?

*

હું તો મારામાં મસ્ત. નિશાળ છૂટે કે ઘરમાં દફતર ફેંકી મારું પૈડું ઉપાડી રવાના. રજા હોય તો સવાર-સાંજ એક જ ધંધો. સાઇકલના જૂના ટાયર પર હાથ ટપારતો કે દંડૂકીથી ઠપકારતો આ શેરીમાંથી ઓ શેરીમાં ધોડ્યા કરું. લક્ષ્મીનારાયણના મંદિરની શેરીનો ટેકરો ચઢી, પાછલે રસ્તેથી પોસ્ટ ઑફિસ બાજુ ઊતરી, સટ કાઢતો સત્યનારાયણ મંદિરના ચોકમાં થઈ, ઊભી બજારમાંથી સોંસરવો નીકળી, કાકુશેઠના ઘર બાજુથી પીપળાવાળી સાંકડી શેરીમાં ઘૂસી, બીજે છેડેથી દેરાસર પાસે થઈ, મારા ઘરની ડેલી બહાર ઓટલા ઉપર બેસી શ્વાસ ખાઉં. ન હું થાકું, ન મારું પૈડું. મારી શેરીમાં મણિ સામે મળે તો મને ધોડતો

આવતો જોઈ બે હાથ પહોળા કરી આડી ઊભી રહે. હું એની સાવ બાજુમાં આવી સિફતથી પસાર થઈ જાઉં. મણિ પાછળથી રાડ નાખે: સાલા... હરામી..! હુંય પાછળ જોયા વિના બૂમ પાડું: જાને, મણકી, હલકટ!

રજાના દિવસે લાંબું ચક્કર મારવા વથાણમાંથી રામદે'પીરના મેળાના રસ્તે પૈડું ભગાડતો જાઉં. મણિ કપડાં ધોઈ તળાવેથી આવતી હોય. એણે ભીનાં કપડાં ભરેલું ગમેલું માથા પર ઉપાડ્યું હોય. હું પાછળથી ચીંધ લઈ પૈડાને એવું ઠોકું કે સીધું મણિના પગે અથડાય. એ ગડથોલિયું ખાઈ જાય. હું ઝડપથી પૈડું ઉપાડી ભાગું. મણિના બૂમબરાડા, ક્યારેક માટીનું ઢેફું કે પાણો મારી પાછળ આવે. હું ખડખડાટ હસતો આડોઅવળો ધોડતો દૂર નીકળી જાઉં. ક્યારેક એ તળાવે ગઈ હોય અને હું દેખાઉં નહીં તો મળે ત્યારે પૂછે: કાં, બી ગ્યો?

મારી પાસે પૈડું ન હોય તો અમે સંપીને રહીએ. જાતજાતની વાતો કરીએ. હસીએ, તાળી દઈએ, વાંધો પડે તો એકબીજાને ઠોંસા મારીએ. એ જનાના શૉમાં ફિલમ જોઈ આવી હોય તો એની વાર્તા કહેવા માંડે. હું બગાસાં ખાઉં, એ ગુસ્સે થઈ જાય.

મણિ મારાથી બે-ત્રણ વરસ મોટી. મારા દરેક જન્મદિવસે એ પણ મારાથી મોટી થતી જતી. એને પોતાની ઉંમર યાદ ન રહે. મને પૂછે: તને કેટલાં થ્યાં? એના પરથી પોતાની ઉંમરનો અંદાજ બાંધે. મારા બારમા જન્મદિવસે પૂછ્યું: કેટલાં થ્યાં તને? મેં કહ્યું: પાંસઠ. મૂંઝાઈ ગઈ. હા, પણ કેટલાં? મેં એના કાનમાં બૂમ પાડી: સિક્સટી ફાઇવ. એ આંગળીનાં વેઢાં ગણવા બેઠી. પાર જ ન આવે. રડવા જેવી થઈ ગઈ. સાચું કે'ને, કેવડો થ્યો? મેં મસ્તી ચાલુ રાખી. મણકી, હું નઈં હોઉં ત્યારે તું શું કરીશ? તું કેવડી થઈ એની તને ખબર કેમ પડશે? એ મારી નોટમાંથી પાનું ફાડી આવી. આમાં સો સુધી લખી દે. હું દરફેરે એકએક છેકતી જાઇસ. ક્યારેક કહેતી: તારો જનમ દિવસ આવતો નો'ત તો હું એવડી જ રઈ જાત. છ ચોપડી ભણીને ઊઠી ગઈ હતી. આંકડા અને ગણતરી સાથે બાપે માર્યું વેર.

એનું ઘર અમારા ઘર પાછળની શેરીમાં છેક છેવાડે. એ ઘરનાં કામમાં પલોટાયેલી રહે. બધાં કામ ફટાફટ પતાવી જલદી નવરી થઈ જાય. મારા ઘરની બહાર ઓટલે બેસવા આવે. ખાટી આમલી ખાતી હોય. અમે વાડીઓમાંથી છાનાછપનાં આંબલીના કાતરા ઉતારી આવતાં. હું આમલી ખાઉં તો ઘરમાં વઢ પડતી. એ મારો ભાગ સાચવતી. કોઈ જુએ નહીં એમ મને આપી જતી. મારા માટે શેકેલા કચૂકા પોલકાના ખિસ્સામાં ભરી રાખતી. બજારમાં ગોરસઆમલી કે

ચણી બોર આવે ત્યારે ગજવાં ભરી લઈ આવતી. અમે ખાતાં. એકબીજાને ઠળિયા મારતાં.

વધારે નવરી હોય તો અમારા ઘરમાં આવે. કોઈને પૂછ્યાગાછ્યા વગર સાવરણો ઉપાડી આંગણું બુહારવા માંડે. કાં તો હાંડો-કળશો આમલીથી ઘસી ચકાચક કરી દે. પછી પગ લાંબા કરી મારી દાદી પાસે બેસે. દાદી માળા ફેરવતી હોય. મણિને પૂછે: આમ કાં બેઠી? એ જવાબ દેતી: બઉ થાકી ગૈ, બાબા. અમે દાદીને બાબા કહેતાં એટલે એ પણ બાબા કહેતી. બાબા એને ધમકાવતી: આખો દિવસ ઊલળધોકાઈ કરસ પછી ટાંટિયા દુખે જને? મોઢું બનાવી જવાબ દેતી. હું ઊલળધોકાઈ ક્યાં કરું છું, બાબા? હું તો ઘરનાં કામ કરું છું. તમે જ કો', હું નઈં કરું તો કોણ કરસે? બાબા એના ઉજ્જડ વાળ પર વહાલથી હાથ ફેરવતી. તારાં જટિયાં તો જો! કોઈ દી વાળ ધોસ કે નઈં? મણિ હસી પડે. કાલે જ તળાવે મગ માટીથી ચોળીને ધોયા'તા. મારી બા તેલની શીશી લઈ આવતી. મણિને બે પગ વચ્ચે પરાણે બેસાડી તેલ ઘસતી. કહેતી: તું હવે નાની નથી, મણિ. જરાક સાફસૂફ રે', માપસર કપડાં પે'ર, આચાર સરખા રાખ. કાલે ઊઠીને કો'ક છોકરો તને જોવા આવશે તો આવી જીંથરાંવાળી બાવીને કોણ પસંદ કરશે? મણિના કપાળે સળ પડતા. મને જોવા કાં આવે? આંખ ફોડી નાખું રોયાની. બા અને બાબા હસી પડે. લગન તો કરવાં પડસે કે નહીં? એ વાળમાં ફરતો બાનો હાથ પકડી લેતી. હું લગન કરું તોને! હાલી જાઉં તો મારા બાપુનું કોણ? કોઈ પાસે એનો જવાબ ન હોય.

મણિ આડુંઅવળું જોતી મને ગોતે. ક્યાં ગ્યો? પૈડું તો આ પડ્યું. બા કહે: ઓ બેઠો ઓયડામાં. ઊભી થવા જાય. બા રોકે. હમણાં જાતી નહીં. માંડ લેસન કરવા બેસાડ્યો છે. એ ધરાર સાંભળે નહીં. કાંય નઈં કરું, છાનીમાની જોઈ તો આવું કે કેવોક ભણે છે. દબાતે પગલે આવે. પલાંઠી વાળી મારી સામે બેસે. બે હથેળી વચ્ચે મોઢું રાખી ત્રાટક કરતી હોય એમ મને જોયા કરે. હું માંડમાંડ દાખલા ગણતો માથું ખંજવાળતો હોઉં. એ મોઢું દાબીને હસે. નથી આવડતુંને, ઠોઠડા! હું બૂમ પાડું: બાબા... બા... આને બા'ર કાઢોને. બાનો અવાજ સંભળાય: એય મણિ, બા'ર નીકળ. ઊભી થઈ જાય. ઘાઘરીના વાળેલા નેફામાંથી આમલીનો કાતરો કાઢે: હું તો તને આ દેવા આવી'તી ને તું ધજાગરો કરસ તે! મારા મોઢામાં પાણી આવતું. હું હાથ લાંબો કરું, પણ એ કાતરો ઉછાળ્યા કરે. કઈ દઉં માસીને કે આને કાતરો ખપે છે? હું કરગરતો: સિકાવ (તલસાવ) નઈં, મણિ, દેને, યાર! ઊંચો થઈ કાતરો ઝૂંટવી

લઉં. એ પગ પછાડતી ડેલીમાંથી બહાર નીકળી જાય. બા બોલતી સંભળાય: હે ભગવાન. શું થાસે આ છોરીનું!

એનો બાપ રામજીકાકો. લુહારીકામ કરે. બજારના એક ખાંચામાં એની કોઢ. મણિ નાની હતી ત્યારે જ એની મા મરી ગઈ હતી. બાબા કહેતી: કેવી રૂપાળી હતી મણિની મા! ઊજળો વાન, સોટા જેવી કાયા, આવડા લાંબા વાળ. બીજી સુવાવડમાં હાલી ગઈ. સારું થ્યું કે છોરું બચ્યું નહીં. રામજી એકલો બે છોરાંને કેમ સાચવત? બા ઉમેરતી: બાકી રામજી સોનાનો માણસ હોં. મણિ સારું થઈ બીજી વાર પરણ્યો નહીં. દીકરીનું બહુ ધ્યાન રાખે છે. બાબા માળા બંને આંખે વાંદી નિસાસો નાખતી.

મેં મણિને પૂછ્યું હતું: તને સાંભરે? કુણ? તારી મા? એણે આકાશ સામે જોયું. સાંભરે તો ખરી, પણ દેખાય નંઈ. આ તો બાબા ને તારી બાઈ ઈની વાતું કરે ઈના ઉપરથી ક્યાસ કાઢું કે ઈ કેવી હતી. અવાજમાં રુદનની છાંટ હતી. ઈ હાલી ગૈ ને મારા ભાઈનેય લેતી ગૈ! ઈ આજે જીવતો હોત તો હું ઈને નવરાવીધોવરાવી ચોખ્ખોચણક રાખત. આંખ આંજી કાન પાસે કાળું ટપકું કરત, નકર તો મારા ભઈલાને નજર લાગી જાયને? એની ગોળ આંખમાં આંસુ અને મરેલું સપનું દેખાતું. હું પણ રડવા જેવો થઈ જતો, પણ સંભાળી લેતો. મણકી તો છોરી છે, મારા જેવા ભાઈમાણસથી રોવાય નહીં.

મેં એને ખુશ કરવા કહ્યું: બાબા કે'તી'તી કે તું મોટી થઈને તારી મા જેવી જ લાગીસ.

મોટી થૈને કાં? હું તો અટાણેય મારી મા જેવી જ છું. ઈ મારામાં જ રે' છે, ક્યાંય નથી ગૈ. ઈ જ મને બધું સિખાડે છે - ઘર વાળતાં, કપડાં ધોતાં, રોટલા ઘડતાં. બધ્ધું.

એ વાતે હું એની સાથે સંમત હતો, પણ તરત તોફાને ચડ્યો. જાને, ગંધારી! તારી માના તો આવડા લાંબા વાળ હતા ને તારાં આ બાવી જેવાં જટિયાં તો જો!

એ જવાબ આપ્યા વગર મારી સામે જોતી રહી. ઊંડા વિચારમાં પડી ગઈ હતી. થોડી વારે પૂછ્યું: તને લાંબા વાળ ગમે કે જટિયાં?

એમાં પૂછવા જેવું સું છે? જટિયાંવાળી કોઈને ન ગમે.

એ સીધી બા પાસે ગઈ. માસી, સેનાથી વાળ ધોઉં તો મારાં જટિયાં ન રે'? બાને નવાઈ લાગી. એમ ના'વડે, સિખવું પડે. મણિએ માથું હલાવ્યું. તો સિખાડોને. બાએ કહ્યું: હું કાલે સવારે કપડાં ધોવા જાવાની છું, તુંય મારા ભેળી હાલજે. વાળ ધોતાં સિખાડીસ. આઠમાની પરીક્ષા પછી ઉનાળાનું વેકેશન હતું. બીજે દિવસે હું પણ એમની પાછળ પૈડું ધોડાવતો તળાવ સુધી ગયો હતો. થોર-આકડા પાછળ છુપાઈ દૂરથી જોયું હતું. બાએ શિકાકાઈ સાબુથી એના વાળ

ધોયા હતા.

એ બંને ઘેર પાછાં આવ્યાં પછી હું ડેલી બહાર ઓટલા પર બેસી ગયો. મણિ મારી પાસે આવી. મેં એની સામે જોયું નહીં. એણે મારો ખભો દાબ્યો.

શું છે તને? હું ચિડાઈ ગયો.

હવે જોતો, જોવા જેવી લાગું છું?

મેં એને ધારીધારીને જોઈ. જોતો જ રહ્યો. બાએ એના વાળની ગૂંચ કાઢી બે ચોટલા વાળી આપ્યા હતા. આ મણિ? સાલી સાવ બદલાઈ ગઈ. તાજા ધોયેલા વાળ. મોઢું આવું રૂપાળું છે? પણ કેટલા દિવસ? ફરી પાછી એવી જ અઘરાળી થઈ જાસે.

મેં એનો ચોટલો પકડ્યો. મુઠ્ઠીમાં સુંવાળું સુંવાળું થઈ ગયું. છોડી દીધો. એ એટલું જ બોલી: પીટ્યા, ખેંચ્યો કાં નઈ?

મારી પાસે જવાબ ન હતો. ઊભો થઈ ગયો. પહેલી વાર ખબર પડી કે એનાથી લાંબો થઈ ગયો છું. એનું કાઠું વધ્યું હતું, પણ લંબાઈમાં મારા ખભા સુધી આવતી હતી. એ મને તાકીને જોતી હતી. અચાનક પીઠ વાળી એને ઘેર ચાલી ગઈ.

*

હું પૈડું ધોડાવતો રામજીકાકાની કોઢ પાસેથી પસાર થયો. કાકાએ કોઢની બહાર પાણી ભરેલા માટીના પહોળા વાસણમાં ગરમ લોઢું નાખ્યું. છમ્મ્ અવાજ થયો. વરાળ ઊડી. મને એવી વરાળની ગંધ બહુ ગમે. પૈડું થંભાવી ઊભો રહ્યો. કાકાએ મને જોયો. કાં ઊભો ર્યો? એમણે પૂછ્યું. હોઠ નીચેથી તમાકુનો લોંદો કાઢી આંગળીથી ઉછાળી દૂર ફેંક્યો. છમ્મ્ સાંભળવા, મેં જવાબ આપ્યો. જવા જતો હતો ત્યાં કાકાએ રોક્યો. આજે બસ હલાવસ કે રેલગાડી? કાકાને ક્યાંથી ખબર પડી? મણકીએ કહ્યું લાગે છે. એના પેટમાં કોઈ વાત ટકતી જ નથી. હું પૈડું ધોડાવતો ત્યારે કલ્પના કરતો કે બસ હલાવું છું કે રેલગાડી હલાવું છું. મણિને એની ખબર હતી. આગલી સાંજે મણિ મળી ત્યારે હું રેલગાડી હલાવતો હતો. એણે કહ્યું હતું: કો'ક દી મનેય તારી રેલગાડીમાં બેસાડને? મને જાતરા કરવાનું બઉ મન છે. મેં એને ધક્કો માર્યો હતો. પાછો ના'વું તો? એણે ફટાક જવાબ દીધો: તો તારા ભેળી રઈસ, ઈમાં સું છે!

આજે ટેક્સી હલાવું છું, મેં રામજીકાકાને જવાબ આપ્યો.

તો ઘડીક વાર તારાવાળી ટૅક્સીમાંથી બા'ર નીકળ. માંય આવ. કામ છે.

મને મોડું થતું હતું. ટેક્સી રોકી રાખવી પોષાય નહીં, છતાં કચવાતા મને પૈડું કોઢની બહાર ભીંતે અઢેલીને મૂકયું. રામજીકાકાએ ટાયર તપાસ્યું. ખલાસ થૈ ગ્યું છે. યાદ આવ્યું, થોડા દિવસ પહેલાં મણિએ પણ કહ્યું હતું: આખું સડી ગ્યું છે તારું પૈડું, ઉકેડે નાખી

આવ. એની વાત સાચી હતી, પણ મેં સામે જવાબ દીધો: સડી તો તું ગઈ છો, હાલ તને ઉકેડે નાખી આવું! એણે મને બે ઠોંસા ઠોક્યા. મેં પણ સામે બે ઠોક્યા. ત્રીજો મારવા જતો હતો. એણે મારો હાથ પકડી લીધો. મેં બે ઠોક્યા, તેંય બે ઠોક્યા. હિસાબ ચૂકતે.

કાકાની પાછળ કોઢમાં ગયો. ભઠ્ઠીમાં થોડા અંગારા હતા. મેં ધમણની સાંકળ ઊંચીનીચી ખેંચી. રાખ ઊડી અને અંગારા ઝબૂક્યા.

ઈ રે'વા દે ને આ જો, કાકાએ કહ્યું. એમણે પતરાની જાડી પટી ગોળ વાળી પૈડું બનાવ્યું હતું. બોલ્યા: મણિ કે'તી'તી કે તારું ટાયર સડી ગ્યું છે. મને કે' કે નવું બનાવી દ્યો. મણકી કે' પછી મારાથી ના પડાય?'

મેં પૈડું લેવા હાથ લાંબો કર્યો.

ઊભો રે' ઘડીક, થોડુંક કામ બાકી છે. એમણે એક આંખ બંધ કરી બધી બાજુથી પૈડાની ગોળાઈ તપાસી. જરાક આડું છે, બરાબર ગોળ નથી થ્યું. આવું હલાવીએ તો ઠચૂકઠચૂક હાલે. ટીપવું પડસે. તારી ટેક્સીને મોડું થાતું નો'ય તો ઘડીક બેસ. હથોડાથી પટી ટીપવા લાગ્યા. થોડી વાર પછી મારી સામે પીળું હસ્યા. હું પૈડું ઝૂંટવા ગ્યો. બઉ ઉતાવળિયો તું તો. હલાવીસ સેનાથી? મણિ સાચું કે'તી'તી, તારામાં ધીરજ નથી. વળી પાછી મણકી વચ્ચે ટપકી? હરામી એના બાપ જોડે આખો દિવસ મારી જ વાતો કરે છે કે શું? હવે મળે ત્યારે એની ખેર નથી. એવી ધીબીશ કે બેવડી વળી જશે. ખબરદાર છે મારી ખોટી ખોટી વાતો કરી છે તો!

રામજીકાકાએ દંડૂકી જેવડો જાડો સળિયો કાપી હથોડાથી સીધો કર્યો. એક છેડો વાળી પૈડાની પટીના માપનો આઠડા જેવો અંકોડો બનાવ્યો. આનાથી હલા'વાનું. પૈડું ને સળિયો લઈ પોતે બહાર ગયા. સળિયાનો અંકોડો પૈડામાં ભરાવી પોતે જ શેરીમાં એક ચક્કર મારી આવ્યા. ટ્રાયલ થૈ ગૈ. હવે લઈ જા, મોજ કર!

મેં પણ કોઢની શેરીમાં ચાર-પાંચ ટ્રાયલ લીધી. પહેલાં ફાવ્યું નહીં. પૈડું પડી જાય, પછી ફાવી ગયું. જૂનું પૈડું ડોકમાં નાખ્યું, નવું સંભાળીને ચલાવતો સીધો મણિને ઘેર ગયો. એ આંગણામાં ઠામણાં ઊટકતી હતી. મારી તરફ પીઠ હતી. હું ધીમે પગલે એની પાછળ ગયો. નવું પૈડું એના માથા પરથી પસાર કર્યું. એ ચમકી ગઈ. એની આજુબાજુ કૂંડાળું થઈ ગયું. મેં સળિયાના અંકોડાથી એનું નાક પકડ્યું.

સું કરસ, હરામી! ઊભી થઈ ગઈ. પૈડા વચ્ચેથી બહાર નીકળી. તરત સમજી ગઈ. બાપુએ બનાઈ દીધું?' એ નીચેથી પૈડું ઉપાડે તે પહેલાં મેં ઉપાડી લીધું. એણે મારા હાથમાંથી ખેંચ્યું. ખેચતાણમાં એ મારા ઉપર પડી. અમે પડતાંપડતાં માંડ બચ્યાં.

હલાવા દે મને.

તને ના'વડે. પૈડાં ધોડાવાં છોરીયુંનાં કામ નઈં.'

ન સું આવડે? તારા કરતાં વધારે ફાસ ભાગીસ. મારા બાપુએ બનાઈ દીધું ને મારા ઉપર રોફ કરસ?

મેં એને પૈડું આપ્યું. એણે એના પર બે-ચાર બચી ભરી પાછું આપ્યું. મારા ગાલે ચોંટિયો ભર્યો. ભાગ હવે, હું કાંય તારા જેવી નવરી નથી. સાંજે વડ કને જાસું, રેસ રાખસું. નવું તું ધોડાવજે, તારું સડેલું પૈડું હું ધોડાવીસ.

તું હારીસ. મેં આંખ મારી.

એ ભડકી. બીજી વાર આંખ મ મારજે, ગાલાવેલા!

જતાંજતાં મને યાદ આવ્યું. જૂનું પૈડું હવે કામનું ન હતું. ડોકમાંથી ઉતારી મણિ સામે ઘા કર્યું.

*

સાંજે શેરીના છોકરા રમવા ભેગા થતા. છોરીમાં એકલી મણિ. અમે એને રમાડવા તૈયાર ન હતા, પણ એ માની નહીં. ઝઘડો કર્યો. તમારા બાપની સેરી છે કે મને રમાડસો નઈં? જનકે કહ્યું: છોરીથી છોરા ભેળું ન રમાય. બે હાથ કમર પર મૂકી જનક સામે ઊભી રહી. છોરી છું તો સું થ્યું? તારી માય છોરી છે, તોય તારો બાપ ઈના ભેરો રે' છે કે નઈં? જનકે એને ધક્કો માર્યો. બાપ ઉપર ન જા! એ લથડિયું ખાઈ ગઈ. જનક સામે ધસી. ગળચી પકડી લીધી. મારાથી બૂમ પડાઈ ગઈ: મ...ણિ...! એણે મારી સામે જોયું. મેં માથું ધુણાવ્યું. એણે જનકને છોડી દીધો.

આજે આને લીધે જાવા દઉં છું, પણ બીજી વાર હાથ અડ્યો છો તો માને મોઢું બતાવા જેવો નઈં રે'. મોહનના હાથમાંથી બેટ ખેંચી બેટિંગ કરવા ઊભી રહી. કોઈ છોકરો બોલ નાખવા તૈયાર ન હતો. એ બોલ પોલકામાં નાખી ઘેર ચાલી ગઈ. મારે એની પાછળ જવું પડ્યું. માંડ સમજાવીને પાછી લઈ આવ્યો. બેટિંગ આપી. મેં જ બોલિંગ કરી. એ દિવસ પછી એ રમવા આવે ત્યારે કોઈ ના પાડી શકતું નહીં.

જનક અમારી ટોળીમાં બધાથી મોટો. એ જાતે જ અમારી ટોળીનો નાયક થઈ બેઠો હતો. હાડે ઊંચોઆડો. દાધારંગો. બધા પર હુકમ ચલાવે. મારી સાથે માથાકૂટ કરે ત્યારે મણિ આડી ઊભી રહેતી. જનકિયા, તું અમારો ધણીબણી છો તે ધમકાવસ? જનક એની સામે મિયાંની મીંદડી થઈ જતો. બધા છોકરા મણિથી રાજી હતા.

એક સાંજે અમે થપ્પો રમતા હતા. જનક ઉપર દાવ હતો. એણે ભીંત બાજુ મોઢું રાખી બંધ આંખે એકથી સો ગણવાના હતા. બધા છોકરા શેરીમાં સંતાવાની જગ્યાઓમાં ઘૂસી ગયા. હું અને મણિ બાકી રહી ગયાં હતાં. જનકની ગણતરી ચાલીસ સુધી પહોંચી ગઈ હતી. મણિએ મારો હાથ

પકડ્યો. શંકરના મંદિરનાં પગથિયાં ચડી ચોકમાંથી ખેંચતી મંદિરની પછવાડે લઈ ગઈ. ત્યાં કરેણનાં ઘણાં ઝાડ હતાં. ઝાડી થઈ ગઈ હતી. અમારા નિયમ પ્રમાણે કોઈએ મંદિરના ચોકમાં સંતાવાની છૂટ ન હતી. મેં એને કહ્યું તોય એ માની નહીં. એવા ઘરના કાયદા ના હાલે!

અમે ઝાડીમાં ઘૂસી ગયાં. બે જણને છુપાવા જેટલી જગ્યા ન હતી. મણિએ શરીર સંકોચી મને બાજુમાં સમાવી લીધો. અમે ધોડતાં આવ્યાં હતાં. શ્વાસ ભરાઈ ગયો હતો. મારું મોઢું મણિ બાજુ હતું. એના કપાળે પરસેવાનાં ટીપાં હતાં. છાતી ઊંચીનીચી થતી હતી. એકાએક મને એના શરીરમાંથી અલગ જ પ્રકારની ગંધ આવવા લાગી. એ એના પરસેવાની જ ગંધ ન હતી કે મેલા વાળની પણ ગંધ ન હતી. કોઈ જુદી જ સુગંધ હતી. હું કશુંક બોલવા ગયો. એણે મારા મોઢા પર હાથ દાબ્યો. એની હથેળી ભીની હતી.

દૂરથી છોકરાઓના અવાજ સંભળાયા. જનકે કોઈને શોધી કાઢ્યો હતો. બધા બહાર આવી ગયા હતા. મને અને મણિને બોલાવતા હતા. બા'ર નીકળો, મુકલો પકડાઈ ગ્યો છે. જનકનો અવાજ સંભળાયો: ઈ બેય ભાગી ગ્યાં! હવે જડસે નઈં! ભાડમાં ગ્યાં. આપણે રમીએ. મેં બહાર નીકળવા મણિને ઇશારો કર્યો. એણે ના પાડી. ધીમેથી બોલી: અટાણે જાસું તો બધા આપણો હુરિયો બોલાવસે. બેઠો રે' છાનોમાનો.

બાકીની સાંજ અમે ત્યાં જ બેસી રહ્યાં. એકબીજામાં સામેલ. શરીર ભીનાં હતાં. કરેણનાં ફૂલોની આછી સુગંધ, મણિમાંથી આવતી સુગંધ... ચારે બાજુ ઝાડી અને એની વચ્ચે સાંકડી જગ્યામાં હું અને મણિ. મારા ગાલ પર ગરમગરમ લોહી ધસી આવ્યું હતું. મણિ પણ મને એકીટશે જોતી હતી. વધવા લાગેલા અંધારામાં એની આંખો ચળકતી હતી. આગળ મંદિરમાં આરતી થતી હતી.

શેરીમાંથી રમતના અવાજો શાંત થઈ ગયા પછી અમે બહાર નીકળ્યાં. મણિ મંદિરના પાછલા ઝાંપામાંથી બીજી શેરીમાં ઊતરી ગઈ. હું આગળના દરવાજેથી નીકળ્યો. છોરાઓ ઓટલા ઉપર બેઠા હતા. મને જોઈ બધાએ બૂમો પાડી: આ તો મંદિરમાંથી નીકળ્યો! મેં કહ્યું: હું તો આરતી કરવા ગ્યો'તો. જનકે પૂછ્યું: તો મણિ ક્યાં? મેં નીચેનો હોઠ ખેંચી માથું ધુણાવ્યું. એ દેરાસર બાજુથી આવતી દેખાઈ. હું સમજી ગયો કે એ બીજી શેરીમાંથી બજારમાં પહોંચી ગઈ હતી. અમને જોઈ ઊભી રહી. કાં, આજે વે'લા નવરા થૈ ગ્યા?

એ ગઈ પછી બીજા છોકરા પણ એકએક કરતા પોતાને ઘેર ગયા. જનક બેસી રહ્યો.

સાચું કે'જે, તું ને મણિ ભેળાં હતાંને?

ના રે ના!

એક વાત કઉં? માઠું મ લગાડજે. તું સારો છોકરો છો. મણિથી ચેતજે. ઈનાં લખણ જરાય સારાં નથી. કો'ક દિ તને ઘાઘરીમાં નાખી ઉપાડી જાસે. હલકી વરણની છે સાવ!

એ રાતે મેં બાબાને પૂછ્યું: બાબા, મણિ હલકી વરણની કે'વાય?

તને કોણે કહ્યું?

જનકે.

બાબા સૂવાની તૈયારી કરતી હતી. મને પડખે બેસાડ્યો. એવી ગંદી વાતો સાંભળવી નહીં. કોઈ હલકી વરણનું ન હોય. મણિ તો નથી જ. બિચારી જનમની દુ:ખી છે, બાકી એના જેવી છોકરી દીવો લઈને ગોતવા નીકળો તોય ન મળે. કેવી કામવઢી, કેવી પ્રેમાળ છે છોરી. મારું હાલે તો એને આપણા ઘરમાં રાખી તારી બા પાસેથી ઘણું સિખાડું.

તો રાખોને.

પણ પછી શું? એ આપણા ભેળી આખો જનમારો તો ન જ રહી શકેને?

કાં ન રહી શકે?

એનાં લગન નહીં થાય? એનો બાપ એને ઘરમાં તો નહીં જ રાખે. બિચારી સાસરામાં સુખી થાય તો સારું.

એ રાતે મને ઊંઘ આવતાં વાર લાગી હતી. મણિના જ વિચાર આવ્યા હતા. સપનું આવ્યું, એ પરણીને સાસરે ગઈ છે. ઘણા મહિનાથી એના કોઈ સમાચાર આવ્યા નથી. રામજીકાકા રડીરડીને થાકી ગયા છે. મને કોઢમાં બોલાવી કહે છે: તું પૈડું ધોડાવતો મણિના સાસરે જઈ કાં'ક સમાચાર લૈ આવને. મેં જવાબ આપ્યો નહીં. એનું સાસરું ક્યાં હતું એની મને ખબર ન હતી. રામજીકાકા, બાપુજી-બા-બાબામાંથી કોઈને ખબર ન હતી. તેમ છતાં હું કોઈને કહ્યા વિના દૂરદૂરનાં ગામોમાં ફરી વળ્યો. મણિ ક્યાંય દેખાઈ નહીં. કોઈ વાર નહીં ને પહેલી વાર હું પૈડું ધોડાવીધોડાવીને થાકી ગયો હતો. સપનું તૂટ્યું ત્યારેય મારા પગ કળતા હતા.

*

હવે નમેલી સાંજે હું એ જ રીતે મણિને શોધવા નીકળ્યો છું. ગેસ્ટ હાઉસ, કાર, ડ્રાઇવર, વચ્ચે વીતેલાં વરસો - બધું પાછળ રહી ગયું છે. હું એક સમયના મારા ગામમાં સાંકડી શેરીમાંથી થઈ મારા ઘર પાસે પહોંચ્યો. આજે મારી પાસે પૈડું ન હતું. હું ખૂબ ધીરેધીરે ચાલતો હતો.

મારા ઘરની ડેલી બંધ હતી. શેરીમાં ધૂળ-માટી ભેગી થવાથી ઓટલો અરધો ઢંકાઈ ગયો હતો. મહાદેવના મંદિરના ચોકની આજુબાજુ પાકી ભીંત ચણાઈ ગઈ હતી અને મોટો ગેટ આવી ગયો હતો. હવામાંથી કરેણનાં ફૂલોની સુગંધ આવી. હું ઊભો રહી ગયો. શેરી ખાલી હતી. ઘરમાં જાઉં? પૂછું: મણકી આવે છે? આંગણું વાળી જાય છે?

મારી અંદરથી કોઈ જૂના કાપાની પીડા જાગી. ગેસ્ટ હાઉસમાં પાછો ચાલ્યો

જાઉં અને મારો સ્વાંગ ઓઢી ફરી ગૂમ થઈ જાઉં. હું શું શોધવા આવ્યો હતો આ શેરીમાં? એની પાછળની શેરીના છેવાડે એક ઘરમાં? મેં કેમ ધાર્યું કે એ હજી ત્યાં જ રહેતી હશે? ક્યાં હશે એ? હું એને શોધવા પૈડું દોડાવતો માઈલોના માઈલો રખડ્યો હતો અને એ મળી ન હતી. એનું કળતર આજે ફરી બહાર નીકળ્યું છે.

આજે પણ નહીં મળે તો? ન જ મળે. એના ઘરમાં પણ બીજાં કોઈ રહેવા આવી ગયાં હશે. શેરીનું અંધારું ઓઢી છેવાડાની ડેલી પાસે પહોંચ્યો. બંધ હતી. કદાચ ઠાલી અડકાવી હોય. ધક્કો મારું તો ઊઘડી જાય. એ આંગણામાં વાસણ માંજતી હશે. મારી બાજુ પીઠ હશે. મારા જૂના પૈડાના ટાયર વચ્ચે બેઠી હશે. એની પાછળ ઊભો રહું છું. નીચો વળી એના કાનમાં બૂમ પાડું છું:

મણકી... સાલી હલકટ!

એ ઊભી થઈ જાય છે. મને જોયા કરે છે.

તારું પૈડું ક્યાં? ખાલી હાથે કાં આવ્યો? રેસ નથી કરવી?

હું એના પગ પાસેથી પૈડું ઉપાડું છું.

હાલ, ધોડાવીએ.


પૈડાને ગતિ આપવા એના પર હાથ ઠપકારું છું. પૈડું આગળ જતું નથી. ચસકતું પણ નથી. મણિ ખડખડાટ હસે છે. આટલું ભણ્યો-ગણ્યો, મોટો સાએબ થ્યો, છતાં ખબર ન પડી કે હવે પૈડું આગળ ન ધોડે... ને પાછળેય ન જાય. પૈડાના આંટા અવળા ન ફરે, ગાગલીના.

❑❑❑

અબનબાબુ (અવનીન્દ્રનાથ ટાગોર) સતત કામ કરતા. કામ વખતે કોઈ ખલેલ પાડી શકતું નહીં માત્ર તેમના શિષ્યો તેમની પાસે આવી શકતા.

અબનબાબુ કહેતા : 'ગુરુ શિષ્ય પાસેથી અને શિષ્ય ગુરુ પાસેથી શીખે છે. કલા પ્રભુત્વ મેળવવા શીખવ અને શીખ. નાનાં બાળકોને શીખવતાં ઘણું શિખાય છે.' પછી તેમણે કહ્યું : 'મારો પૌત્ર મને કહે : દાદા મહાશય! હું ઊડતું બુલબુલ બનાવીશ. તેણે બુલબુલ બનાવ્યું પણ મને કહે : મારું બુલબુલ ઊડતું નથી! બુલબુલની પાંખો તેણે ઊંચી ચીતરી, દુઃખથી તે કહેવા લાગ્યો: દાદા મહાશય! હજી પણ તે ઊડતું નથી. પછી તેણે પાંખો પ્રસારી, પગ સંકોચાવી, સામેથી ઊડતું આવતું હોય તેવું એક બુલબુલ ચીતર્યું. હરખાતો મારો પૌત્ર બોલી ઊઠયોઃ દાદા મહાશય! દાદા મહાશય! જુઓ! જુઓ! મારું બુલબુલ ઊડે છે! આ પ્રમાણે બાળક મોટા માણસને પણ શીખવે છે.'

- લીના મંગલદાસ, 'વ્યક્તિચિત્રો'માંથી સાભાર.



નાથદ્વારા શૈલીની ચિત્રસમૃદ્ધિ

☐ નિસર્ગ આહીર

'**યા**ત્રા શબ્દ ભારતીય પરિપ્રેક્ષ્યમાં વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. યાત્રા અનેક પ્રકારની હોઈ શકે. તીર્થયાત્રા સાથેના ભારતીય સંદર્ભો નિતાંત રમણીય અને બહુવિધ છે. તાજેતરમાં પ્રકાશિત થયેલ 'નાથદ્વારા પેઈન્ટિંગ્સ ફ્રોમ ધ અનિલ રેલિયા કલેક્શન : ધ પૉર્ટલ ઑવ્ શ્રીનાથજી' કલાગ્રંથ નાથદ્વારાની સદીઓમાં પથરાયેલી સૌંદર્યચેતનાની વિશિષ્ટ રસયાત્રા છે. એના સૌંદર્યપરક પડાવો, ભક્તિગત ભાવવિવર્તો, ભક્તનાં સંવેદનતોરણો,

ગોસ્વામીજીની કલાપ્રિયતા, કલાકારોનું રસવિશ્વ આપણી પાસે નાથદ્વારાની યાત્રા કરતાં તો અનેકગણાં વિશેષો, ભાવવલયો લઈને ઉપસ્થિત થાય છે.

કલ્યાણ ક્રિષ્ના અને કે. તલવાર દ્વારા સંપાદિત, સંશોધિત આ પુસ્તક આમ તો નાથદ્વારા ચિત્રશૈલીની વિવિધા અને વૈભવને શાસ્ત્રીય રીતે પ્રગટ કરતું પુસ્તક છે. વિશેષતા એ કે ગુજરાતના વિશ્વસ્તરે પોંખાયેલા કલામર્મજ્ઞ અને કલાસંગ્રાહક અનિલ રેલિયાના વિશાળ કલાસંગ્રહનો એક ખાસ વિભાગ એમાં બહુવિધતા સાથે પ્રગટ થયો છે. પરંતુ કલાગ્રંથ તરીકેનો આટલો પરિચય પૂરતો નથી. આ તો નાથદ્વારામાં વિકસિત, સ્વયંપર્યાપ્ત, અલાયદી, આગવી એવી નાથદ્વારા શૈલીના વિવિધ આયામોની રસસંતર્પક કલાસૃષ્ટિ છે. ધર્મ, ભક્તિ, કલા, લોકચેતના, કલાકારપરંપરા, કલાનો ક્રમિક વિકાસ ઇત્યાદિના અનેકવિધ રંગોથી સભર એવી ભારતીય કલાનું વિશિષ્ટ પાસું છે.

અનિલ રેલિયા પ્રથમ તો કલાકાર છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના વિદ્યાર્થી. કારકિર્દીનો આરંભ કલાસર્જનથી કર્યો પરંતુ ગ્રાફિક આર્ટમાં ઉત્તમ કામ કરીને ભારતીય કલાને વિશ્વસ્તરે પ્રસિદ્ધ કરી, સબળ રીતે સ્થાપિત કરી. એમનો કલા



શ્રીનાથજીનું પ્રાગટ્ય, ૧૮૪૦

અને કલાકારો સાથેનો સંબંધ આત્મીય અને ઉત્કૃષ્ટ પરિણામ આપનારો. ભારતના જગખ્યાત કલાકારો એમ. એફ. હુસેન, એસ. એચ. રઝા, અમિત અંબાલાલ, કે. જી. સુબ્રહ્મણ્યન્, જ્યોતિ ભટ્ટ, હકુ શાહ, નબીબખ્શ મન્સૂરી જેવાઓની સાથેનો અંગત સંબંધ. એમ. એફ. હુસૈન માટે તો અનિલ રેલિયાનું નિવાસસ્થાન 'અમરત' જાણે કે બીજું ઘર. એમ. એફ. હુસૈને જ સૅરિગ્રાફ અને કલાકારોની પ્રિન્ટ માટે પ્રેરણા આપી. એવી પ્રિન્ટ્સને કારણે કલારસિક લોકો ઓછી કિંમતે મહાન કલાકારોની કલાકૃતિ ખરીદવા સક્ષમ બન્યા. સમગ્ર વિશ્વમાં કલાકારોની સહીવાળી લિમિટેડ પ્રિન્ટ્સ વિસ્તરી અને લોકોની કલાપ્રીતિ સંતોષાઈ. એ સંદર્ભે અનિલ રેલિયાનું પ્રદાન બહુમૂલ્ય છે.

સમયના પ્રવાહમાં બધું વહી જતું હોય છે. એમાંથી કોઈક વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિ કેટલુંક નવનીત, સૌંદર્ય તારવી લે છે. આ નાથદ્વારા શૈલીનાં ચિત્રો કાળની ગર્તામાં ક્યાંક હોત... હોત ક્યાંક છૂટાંછવાયાં. ચિત્રોને કોઈ ચોક્કસ પ્રયોજનથી એકત્ર કરવાં, જાળવવાં, સંમાર્જિત કરવાં, એનો ક્રમ નક્કી કરવો, વિશેષતાઓ તારવવી, અનુબંધ રચી આપવો, ચોક્કસ પરિમાણોને સ્પષ્ટ કરવાં, ખૂટતી કડીઓને જોડી આપવી એ બધું જ ચોક્કસ ઉદ્દેશ કે મિશનથી એકત્ર કરવું ખૂબ મુશ્કેલ કામ હોય છે. પોતાની સ્પષ્ટ સમજને આધારે લગન અને ખંતપૂર્વક સંગ્રહ કરવામાં આવે ત્યારે



શ્રીનાથજીનો કુંજ એકાદશીનો શૃંગાર, ઓગણીસમી સદીનો આરંભ



ગિરિકંદરા લીલાની આરતી ઉતારી રહેલા તિલકાયત ગોવર્ધનલાલજી, ૧૯૦૦

એવી શોધની, ખરીદીની યાત્રા ખાસ્સી અટપટી, લાંબી અને રસપ્રદ બની રહેતી હોય છે. એને મેળવવાનો ખર્ચ અને ખાંખાંખોળાનો વળી એક રોમાંચક ઇતિહાસ સર્જાતો હોય છે. માતબર ખર્ચ કરીને એવું બધું એકત્ર કરવું દરેક માટે શક્ય હોતું નથી. એવી વ્યક્તિઓ તો કૃપાપાત્ર હોય છે જે આવું બધું કરી શકે છે. અનિલ રેલિયા આવા કૃપાપાત્ર છે. ખરા અર્થમાં સંસ્કૃતિના પ્રહરી છે. એમણે ચોક્કસ મિશનથી માતબર કાર્ય કર્યું છે અને કલાપ્રવાહને જીવંતતા બક્ષી છે આ ગ્રંથ દ્વારા. અનિલ રેલિયાએ કલાનો માત્ર સંગ્રહ નથી કર્યો, કિન્તુ કલાના સંસ્કૃતિપરક ઐતિહાસિક ક્રમને એકત્રિત કરીને ઉજાગર કર્યો છે.

'નાથદ્વારા' પેઈન્ટિંગ્સ ફ્રોમ ધ અનિલ રેલિયા કલેક્શન: ધ પૉર્ટલ ઑવ્ શ્રીનાથજીમાં કુલ ચિત્રો છે ૮૯. નાથદ્વારા શૈલીના પ્રાગટ્યથી લઈને આધુનિક કલાની અસર દર્શાવતી કલાકૃતિઓ સુધીનાં વ્યવસ્થિત, ચોક્કસ સ્થિત્યંતર દર્શાવતાં ચિત્રો પુસ્તકમાં સમાવિષ્ટ છે. અનિલ રેલિયાના સંગ્રહમાંનાં ચિત્રો છે આ. પરંતુ આટલી વિશેષતા દર્શાવવાથી આ પુસ્તક કે ચિત્રોની વાત પૂરી થતી નથી. આ ચિત્રો તો નાથદ્વારા શૈલીનો બહુપરિમાણીય



મુકુટ કાછની શૃંગાર, ૧૮૭૫

રૂપમાં જીવતા એક કલામય સ્વરૂપજી છે. ઉત્સવો, પર્વો અને ઉજવણીની વર્ષભરની ભાવસભર રમણામાં રાચતા લાડકા દેવ છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિરની ષડ્ઋતુ શ્રીનાથજીની હવેલીમાં મૂર્તિમંત થઈને આવે છે. સમયસમયનાં આ રૂપો ભક્તો અને રસિકો માટે સાંપ્રદાયિક ગતિવિધિ જ નથી હોતાં, ભાવપૂર્ણ શ્રદ્ધેય ઉન્મેષ હોય છે. વ્રજભૂમિમાં વિહાર કરતા નંદકિશોર નાથદ્વારામાં તો સમગ્ર સૃષ્ટિના ઠાકુરજી થઈને બિરાજે છે.

ઇતિહાસ લઈને આવે છે. ઘાસીરામ જેવા ખૂબ જ પ્રસિદ્ધ અને સિદ્ધહસ્ત કલાકારની કૃતિથી આરંભીને આધુનિક દૃષ્ટિકોણથી આલેખાયેલાં ચિત્રો છે અહીં. નાથદ્વારામાં વિરાજેલા ભારતીય સંસ્કૃતિના પ્રાણસમા શ્રીનાથજી સાથે સંકળાયેલ સમર્પણ, સેવા, ભક્તિ, કલાસાધના, તીર્થયાત્રા, મનોરથ એ બધાનું સંઘટિત, સમન્વિત રૂપ ચિત્રકલાની સાથેસાથે જ પ્રગટ થયું છે.


નાથદ્વારાના શ્રીનાથજી દિવસના પ્રહરપ્રહરના સમયને એના મહત્તમ

રાજામહારાજા તો પોતપોતાના પ્રદેશમાં રાજ ભોગવે, પરંતુ નાથદ્વારાના આ શ્રીનાથજી તો લોકહૈયા પર સદીઓથી પ્રેમાધિકાર ભોગવે છે. બહુ લાડકા છે શ્રીનાથજીબાવા. ભક્તો માટે તો સાક્ષાત્ પ્રેમગૃહ છે નિજમંદિર. મંદિરમાં નહિ, હવેલીમાં બિરાજે ઠાકુરજી. એનું લાલનપાલન કોઈ રાજવીને શરમાવે એવા ઠાઠથી થાય, પરંતુ ભક્તોની સેવા અને મનોરથ માટેની સામેલગીરી નર્યાનીતર્યા શુદ્ધ પ્રેમભાવથી અહર્નિશ


ઠલવાયા કરે. શ્રીનાથજીબાવાનું એ શાસન સાવ નિરાળું. હજારો ભક્તો સામેથી ચાલીને એનાં ચરણોમાં આવે. માત્ર એક ઝલક પ્રાપ્ત કરવા અનેક કષ્ટ વેઠે. પવિત્ર ઉદ્દેશ્ય, શ્રદ્ધા, શુદ્ધ ભક્તિભાવપૂર્ણ દર્શનથી અભિષેક પામેલા સ્વરૂપજી એક પ્રકારની અપૂર્વ પ્રેમમય આભા ધરાવે છે. એ આભાનું સામ્રાજ્ય સમગ્ર નાથદ્વારા અને આસપાસના પ્રદેશમાં સતત અનુભવાય.

નાથદ્વારામાં શ્રીનાથજી સંગે આનંદ, ઉત્સવ, ભક્તિથી સભરસભર સંસાર ધબકે છે. ભક્ત દર્શન કરીને બહાર આવે એટલે અંદરના ઉમળકાને દ્વિગુણિત કરી દે એવી નાથદ્વારાની બજારો અને શેરીઓ ઉપસ્થિત થાય. સદીઓથી દેશદેશથી આવીને વસેલા ચિત્રકારો શ્રીનાથબાવાની લીલાને લાખેણા રૂપે અભિવ્યક્ત કરીને ભક્તોને માટે તૈયાર કરી દે. રસથાળ છે એ ચિત્રો. શ્રીનાથજીના દર્શને આવેલા ભક્તો જીવનભરનાં સંભારણાં તરીકે ચિત્રો સાથે લઈ જાય. એવાં ચિત્રોમાં સમયસમયના અનેક રંગો પુરાયા હોય છે. પરંપરાથી ચિત્રકારી કરતા કલાકારોમાં ભક્તિમય ઊર્જા હોય અને એને ખરીદનાર ભાવભક્તિથી ખરીદે. એટલે ઉદ્ભવ અને આશયમાં પાવિત્ર્યનો સંબંધ હોય. એમાં ચૈતન્યનો સંસ્પર્શ હોય. સિદ્ધહસ્ત કલાકારને હસ્તે આલેખિત ચિત્રજીમાં ભાવ ઉપરાંત કલાનું સૌંદર્ય ઘટ્ટ થઈને દશ્યઊર્જા રેલાવ્યા કરે.

પુષ્ટિ સંપ્રદાયમાં સ્વરૂપજી અને એનાં ચિત્રજીનું વિશેષ મહત્ત્વ છે. પરમની આરાધનામાં પ્રત્યક્ષતાનું મહત્ત્વ છે. પ્રણિપાત અને સર્વસ્વનું



નંદમહોત્સવનું રેખાંકન, ઓગણીસમી સદીનો અંતિમ તબક્કો



ફુદડી અને સાંઝી મનોરથ, ૧૮૩૦

ઋતુઋતુની રમણાથી નાથદ્વારા એક સતત ઉજવાતા ઉત્સવ જેવું જ લાગે. હવેલીમાંનો એ આનંદઘન રંગરાગ બજાર અને શેરીચૌટામાં જાતજાતની ચીજવસ્તુઓ અને ચિત્રજી, પિછવાઈમાં પ્રતિકૃતિ પામ્યા કરે. વર્ષ આખું ભક્તો આવતા રહે અને ભક્તિઘન મેળો ભરાતો રહે. સદીઓથી ચાલતી આ ઉજવણીના રંગો સૌથી વધારે ઝિલાયા અને સચવાયા હોય તો તે ચિત્રજીમાં. એમાં સ્વરૂપજીની સાથે તિલકાયતજી, ગોસ્વામીજી હોય; ક્વચિત્ ભક્ત પણ હોય.

અનિલ રેલિયાએ આવી અનેકવિધ રમણીયતા પ્રમાણી

સમર્પણ એક પ્રકારની આત્મીયતા અને નિરંતર લગાવ આપે છે. શ્રીનાથજી તો સાકાર, સગુણ અને પ્રત્યક્ષ છે. જીવનનું જે કંઈ ઉત્તમ છે તે અર્પિત કરવાનું હોય છે સ્વરૂપજીને. નિત્ય આનંદોત્સવથી પ્રભુની પુષ્ટિ કરવાની છે. ચિત્ર, સંગીત, નૃત્ય, શૃંગાર, ભજનકીર્તન, પ્રસાદ, ઇત્યાદિથી સ્વરૂપજીની મહત્તમ સેવા કરવાની છે. સ્વરૂપજી સાક્ષાત્ હોય છે એટલે ભક્તને સ્વીકૃતિ અને સેવાની તુષ્ટિ થતી રહે. ભક્તિભાવમય આનંદના ઓઘ ઊછળતા રહે. વર્ષભરની ઉજવણી, પર્વ, મનોરથ,

અને પિછાણી. નાથદ્વારા શૈલીના કલાગત અને ધર્મગત જે આયામો છે એને સમગ્રતયા સંગ્રહિત કર્યા. ધર્મપરક આ ચિત્રશૈલીના આવા બધા આયામોને ભિન્નભિન્ન શ્રેણીમાં વિભાજિત કર્યા. શૈલીગત, કલાગત, સાંસ્કૃતિક, ઐતિહાસિક, સાંપ્રદાયિક એવી અનેક બાબતો ઝિલાય એવી કાળજી સાથે આ કલાગ્રંથનું પ્રકાશન થયું છે. ખૂબ જહેમત અને શોધ-સંશોધન પછીથી સંગ્રહિત-સંકલિત થયેલી આ ચિત્રસામગ્રી ભારતીય ચિત્રકલાનું એક સમૃદ્ધ અને નિરાળું

પ્રકરણ બની રહે છે.

કલાગ્રંથમાં ચિત્રકલા નિમિત્તે વૈષ્ણવ સંપ્રદાયની સમગ્રતા પ્રગટ કરવામાં આવી છે. પુષ્ટિમાર્ગ વૈષ્ણવ સંપ્રદાયનો મહાપ્રભુજી વલ્લભાચાર્યથી લઈને અદ્યપર્યંતનો ઇતિહાસ છે અહીં. શ્રીનાથજીની પ્રતિમાના પ્રાગટ્યથી આરંભીને નાથદ્વારા સુધીની એમની યાત્રા, નવ સ્વરૂપજી ઇત્યાદિની તવારીખ છે અહીં. સદીઓ સુધી વંશપરંપરાગત ચાલી આવતી ગોસ્વામીજીની ઉપસ્થિતિ સતત અનુભવાય.

નાથદ્વારામાંની શ્રીનાથજીની હવેલી, નિજમંદિરથી આરંભાતી ચિત્રાવલિ, શ્રીનાથજીના પ્રાગટ્ય, વલ્લભાચાર્યજીને ભેટતા શ્રીનાથજી, ગોવર્ધનપરિક્રમા એવા ક્રમથી શરૂ થાય છે. પછીથી વસંતઋતુની નયનરમ્ય શોભા, દોલોત્સવ, કુંજ એકાદશી ઉત્સવ, કલી શૃંગાર, ફૂલમંડલી મનોરથ, ગનગૌર ઉત્સવ ઇત્યાદિની વસંતઋતુમાંની શ્રીનાથજી સંલગ્ન ચિત્રણા છે.

આ ચિત્રોમાં રોજેરોજનાં મંગલા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યા આરતી અને શયનનાં દશ્યરૂપો છે. મનોરથની મનોરમ સૃષ્ટિ છે. વિશિષ્ટ તહેવાર, તિથિઓ, ઉત્સવોની ચિત્રાવલિઓ છે. ઋતુઋતુના, પ્રસંગપ્રસંગના નિરાળા રંગો છે.

વસંતની રમણીયતાથી ઋતુગત ચિત્રો આરંભાય છે. પછીથી ગ્રીષ્મ ઋતુની રમણા આરંભાય છે. આછાં, શ્વેત વસ્ત્રોની શોભા ધ્યાનાકર્ષક બને

શરદપૂર્ણિમાનો યમુનાકિનારા પરનો મનોરથ,
ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ





ગોવર્ધનધારણ, વીસમી સદીનો આરંભ

છે. વર્ષાઋતુનું જલભીનું વાદળઘન વાતાવરણ ઊડીને આંખે વળગે છે. રથયાત્રા, રક્ષાબંધન જેવાં પર્વ અને પલટાતા સમયરંગ એમાં ઝિલાયા છે. વર્ષામાં ગોવર્ધન પર્વતની આભા હોય, રક્ષાબંધનના ઉત્સવ નિમિત્તે બધે રંગીન રાખડીઓની શોભા હોય તો નંદમહોત્સવમાં ભક્તોની સક્રિય સામેલગીરી હોય. દાણ ઉત્સવમાં ગોપિકાઓની ગોરસની મટુકીઓની રમ્યતા હોય, કદલી મનોરથમાં કેળની રમ્યતા હોય. દશેરા ને વિજયાદશમી, શરદોત્સવ, રાસમંડલ, ગોવર્ધનધારણ, અન્નકૂટ, ગોપાષ્ટમી, અક્ષયનવમી, પ્રબોધિની એકાદશી એમ ષડ્ઋતુની સમયસમયની ઉજવણી અને તહેવારની મંગલમય ચારુતા અંકિત થયેલી છે આ સર્વ ચિત્રોમાં.

શ્રીનાથજીનાં ચિત્રોમાં સામાન્યતઃ મધ્યમાં શ્રીનાથજીનું સ્વરૂપજી હોય. ઋતુઋતુ અને પ્રસંગપ્રસંગનો પરિવેશ હોય, શૃંગાર હોય. બંને બાજુએ ગોસ્વામીજી કે ભક્ત ઇત્યાદિની ઉપસ્થિતિ હોય. નાથદ્વારા શૈલીની આગવી લાક્ષણિકતા ધરાવતાં પાત્રો જીવંત, પ્રાણપ્રદ લાગે છે. વિશાળ આંખો, ભાવવાહી ચહેરો, પ્રમાણમાં નીચું કદ, સહેજ ભરાવદાર ગોળમટોળ શરીર, સેવાચાકરીમાં રત કોઈ ચેષ્ટા - આવી એ ચિત્રોની કલાગત ખાસિયતો છે. પ્રસંગ પ્રમાણે ચિત્રિત વ્યક્તિઓની સંખ્યા બદલાતી રહે, વસ્ત્રાભૂષણ પણ બદલાતાં રહે. વિશેષ તો પ્રસંગ, પર્વ કે ઋતુ અનુસાર શ્રીનાથજીબાવાની પ્રતિમાની પાછળની દૃશ્યાવલિ બદલાયા કરે. અલંકાર, ઉપચારની સામગ્રી એ બધું પ્રતીકાત્મક રીતે વ્યક્ત થયા કરે. શ્રીનાથજીબાવાનાં વસ્ત્રાભૂષણ અને સંલગ્ન સામગ્રીનું જે રમ્ય સાયુજ્ય રચવામાં આવ્યું હોય

[અનુસંધાન પૃ. ૧૨૨]

મેઘનાદ સાહા
(ઈ.સ.૧૮૯૩-૧૯૫૬)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન-લેખક તેમ જ વિજ્ઞાન-પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ સુપ્રસિદ્ધ ભારતીય ખગોળવિજ્ઞાની (Astrophycist) મેઘનાદ સાહાની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. તેઓ 'સાહા સમીકરણ' માટે પ્રસિદ્ધ છે. આ સમીકરણ તારાની ભૌતિક તેમ જ રાસાયણિક સ્થિતિને વર્ણવે છે. તેમણે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ આગળ પડતો ભાગ લીધો.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા. તેમ જ ખ્યાતનામ ખગોળવિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *'બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું.'*

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડો. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

અન્યાયપૂર્ણ સમાજવ્યવસ્થામાં નીચલી જાતિના લોકો ઘણીવાર અત્યાચારનો ભોગ બનતા હોય છે અને તેમની સાથે ભેદભાવયુક્ત વ્યવહાર કરવામાં આવે છે. જે તેમને તેમની ક્ષમતાઓને પૂરી રીતે ખીલવવામાં અડચણરૂપ બને છે. પણ આ જ અડચણો કેટલાક પ્રતિભાસંપન્ન લોકોને દાસતાના આ બંધનો તોડી ફેંકવા માટે પ્રેરિત કરે છે. ડોક્ટર મેઘનાદ સાહા પણ આવા જ પ્રતિષ્ઠિત ભારતીય વૈજ્ઞાનિક હતા જેમણે પોતાની તીવ્ર ખંત વડે પંગુ બનાવતી સામાજિક મર્યાદાઓને પાર કરી ગયા.

મેઘનાદ સાહાનો જન્મ ૬ ઓક્ટોબર ઈ. સ. ૧૮૯૩માં શિઓરતાલી નામે ગામમાં થયો, જે હાલમાં બાંગ્લાદેશમાં સ્થિત છે. તેમના પિતા કરિયાણાની નાની દુકાન ચલાવતા. જ્યારે મેઘનાદનો જન્મ થયો ત્યારે ધોધમાર વરસાદની સાથે સાથે ગડગડાટ સાથે વીજળી ચમકતી હતી. તેથી તેમના પિતાએ નવજાત શિશુનું નામ મેઘનાદ રાખ્યું જેનો અર્થ થાય છે - વાદળોનો ગડગડાટ / વાદળોની ગર્જના.

મેઘનાદનાં માતાપિતા ગરીબ હતાં. તેમના ભાઈઓ શાળાકીય શિક્ષણમાં વધુ આગળ ન જઈ શક્યા. જેના કારણે મેઘનાદના શાળાકીય શિક્ષણ ઉપર પૈસા વેડફવામાં તેમનાં માતાપિતાને સાર ન લાગ્યો. પણ મેઘનાદ તેજસ્વી હતા અને પોતાને જન્મગત પ્રાપ્ત થયેલાં સામાજિક બંધનોને ફગાવી દેવા માટે કૃતનિશ્ચયી હતા. માધ્યમિક શાળા તેમના ઘરથી ખૂબ જ દૂર હતી. જેને કારણે તેમને શાળાની નજીક રહેતા એક દયાળુ સજ્જન, જે તેમને પ્રોત્સાહન આપતા હતા તેમને ત્યાં રહેવા જવું પડ્યું. પણ આ દયાળુ સજ્જન પણ સામાજિક બંધનોના પૂર્વાગ્રહોથી ઉપર ઊઠ્યા ન હતા. ત્યાં મેઘનાદને પોતાનાં વાસણો પોતે જ ધોવાં પડતાં કારણકે કોઈ બીજા તેને અડકવા પણ તૈયાર ન હતા. પણ મેઘનાદે આ બધું જ લાગણીશીલ થયા વગર ધીરજ રાખીને સહન કર્યું. ઈ. સ. ૧૯૦૫માં તેમણે માધ્યમિક શાળાકીય શિક્ષણ પૂરુ કર્યું અને આખાયે ઢાકા પ્રભાગમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા. તે પછી તેમણે ઢાકા શહેરમાંજ કૉલેજિયેટ સ્કૂલમાં પ્રવેશ મેળવી લીધો.

‘ભાગલા પાડો અને રાજ કરો’ની નીતિ વડે અંગ્રેજો ભારતમાં શાસન કરવામાં સફળ થયા હતા. આ જ નીતિને આગળ ધપાવી લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડી તેને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજિત કરી દીધું. પણ આ ભાગોમાંથી એકમાં હિંદુ પ્રજાનું અને બીજામાં મુસ્લિમ પ્રજાનું બાહુલ્ય હતું. તેથી ભાગલા પાછળની અંગ્રેજોની બદદાનત સ્પષ્ટ થતી હતી. રાષ્ટ્રવાદી બંગાળી પ્રજાએ આ નિર્ણય સામે બંડ પોકાર્યું. યુવા મેઘનાદ બ્રિટિશ વિરોધી

ચળવળમાં જોડાયા જેના કારણે તેમને શાળામાંથી હાંકી કઢાયા. સદ્‌ભાગ્યે એક બીજી શાળામાં તેમને પ્રવેશ મળી ગયો. ઈ. સ. ૧૯૧૧માં તેમણે વિજ્ઞાન શાખામાં પોતાનો મધ્યવર્તી અભ્યાસ પૂર્ણ કર્યો અને કલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

પ્રેસિડેન્સી કોલેજમાં મેઘનાદ તેજસ્વી અને બુદ્ધિશાળી લોકોના સંપર્કમાં આવ્યા. સત્યેન્દ્રનાથ બોસ તેમના સહાધ્યાયી હતા, સુભાષચંદ્ર બોસ તેમનાથી અવર વર્ગમાં (Junior) અભ્યાસ કરતા હતા અને પ્રફુલ્લચંદ્ર મહાલનોબિસ તેમનાથી વરિષ્ઠ વર્ગમાં (Senior) અભ્યાસ કરતા હતા. તેમને સર જગદીશચંદ્ર બોસ તેમજ પ્રફુલ્લચંદ્ર રે જેવા નામાંકિત શિક્ષકો પાસે ભણવા મળ્યું, જેમના વિધાન "વિજ્ઞાન રાહ જોઈ શકે છે, પણ સ્વરાજ્ય નહીં." નો મેઘનાદ ઉપર ગહન પ્રભાવ પડ્યો. તેમણે ઈ. સ. ૧૯૧૩માં વિજ્ઞાન શાખામાં સ્નાતકનો અભ્યાસ પૂરો કર્યો અને ઈ. સ. ૧૯૧૫માં અનુસ્નાતક (Master) નો અભ્યાસ પૂરો કર્યો જેમાં તેઓ કલકત્તા વિશ્વવિદ્યાલયમાં બીજા ક્રમાંકે ઉત્તીર્ણ થયા. તેમના મિત્ર અને સહાધ્યાયી સત્યેન્દ્રનાથ બોસ પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા.


કલકત્તામાં સાહાને ગરીબીની સાથે સાથે સામાજિક સતામણીનો પણ સામનો કરવો પડ્યો. પોતાની અત્યંત અલ્પ આવકની પુરવણી તરીકે તેઓ આખાયે શહેરમાં સાઈકલ ઉપર ફરી ખાનગી શિક્ષણ/ઉપશિક્ષણ (Tutions) આપતા. સ્નાતક થયા પછી સાહા વિત્ત આયોગની પરીક્ષામાં બેસવા માગતા હતા પણ તેમની રાજનૈતિક પ્રવૃત્તિઓને લીધે તેમને પરીક્ષામાંથી બાકાત કરવામાં આવ્યા. ઈ. સ. ૧૯૧૮માં તેમના લગ્ન રાધારાની રોય સાથે થયા.

તે પછી સાહા



સત્યેન્દ્રનાથ બોસની સાથે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં પદાર્થ વિજ્ઞાન/ભૌતિક વિજ્ઞાન (Physics) વિભાગમાં જોડાયા. સાહા ગણિતજ્ઞ તરીકે પ્રશિક્ષણ પામ્યા હતા જેના લીધે તેમને પ્રયોગાત્મક ભૌતિક વિજ્ઞાન (Experimental Physics)માં નિપુણતા મેળવવામાં થોડો જ સમય લાગ્યો. તે સમયમાં ઝડપથી વિકસી રહેલા સાપેક્ષતાના સિદ્ધાંત (Theory of Relativity) અને પરિમાણ યંત્ર વિજ્ઞાન (Quantum Mechanics)એ સાહાનું ધ્યાન આકર્ષિત કર્યું. ઈ. સ. ૧૯૧૭માં તેમણે પોતાનું સૌપ્રથમ વૈજ્ઞાનિક શોધપત્ર પ્રકાશિત કર્યું જેનું શીર્ષક હતું “On Maxwell’s Stresses, concerning the electro-magnetic theory of radiation” જે Philosophical સામયિકમાં છપાયો. ઈ. સ. ૧૯૧૯માં કલકત્તા વિશ્વવિદ્યાલયે તેમને D.Sc. (Doctorate of Science)ની પદવી એનાયત કરી.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી વૈજ્ઞાનિકોએ સૂર્યના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રને લીધે તારાનાં પ્રકાશકિરણોમાં આવતા વળાંક/દિશા પલટાની શોધ કરી, જેનાથી આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના સિદ્ધાંતની પુષ્ટિ થઈ. બહુ જલદી સાહાએ તારાઓના વર્ણપટ (Spectra of Stars)ના ક્ષેત્રમાં અતિશય રસ કેળવ્યો જેમાં તેમણે પોતાની શોધો વડે ન ભૂલી શકાય તેવું યોગદાન આપ્યું. ઈ. સ. ૧૮૧૪માં ફ્રાઉનહૌફરે સ્વૈર વર્ણપટમાં મોટા પ્રમાણમાં કાળી ઘેરી રેખાઓ જોઈ. ઈ. સ. ૧૮૫૯માં કિરચૉફે તે સાબિત કર્યું કે આ રેખાઓ ચોક્કસ રાસાયણિક તત્ત્વોનું પ્રતિનિધિત્વ કરતી હતી. હિલિયમની શોધ સૌપ્રથમ પૃથ્વી પર નહીં પણ સૂર્ય પર થઈ! વધારે સારા વર્ણપટ્ટદર્શક યંત્ર



$$\log \frac{n_{r+1} P_e}{n_r} = - E_I \frac{5040}{T} + 2.5 \log(T) - 6.48 + \log \frac{2u_{r+1}}{u_r}$$

where:

$$u_r = g_0 + \sum_i g_i \cdot e^{-\frac{E_{ii}}{KT}}$$

(Spectrometer) વડે ઊજળી (Bright) તેમજ કાળી ધેરી (Dark) વર્ણપટ્ટ રેખાઓનું અવલોકન કરવામાં મદદ મળી. પણ આ ઊજળી અને કાળી ધેરી વર્ણપટ્ટ રેખાઓ જ્ઞાતતત્ત્વોની સંખ્યા કરતાં પણ વધુ પ્રમાણમાં અતિક્રમી ગઈ. વૈજ્ઞાનિકો આના ઉપર તર્ક-વિતર્ક લડાવવા લાગ્યા જેના લીધે આ ક્ષેત્રમાં ધાંધલ મચી ગઈ, જે આખરે સાહાએ આપેલા ઉકેલ પછી જ શાંત થઈ. જ્યારે વાયુ (Gas) ગરમ થાય છે ત્યારે તેના કેટલાક ઇલેક્ટ્રોન્સ ઘનભારવાળા નાભિક (Nuclei) તેમજ ઋણભારવાળા મુક્ત ઇલેક્ટ્રોન્સને મૂકીને દૂર જઈ તૂટે છે. આ પ્રક્રિયા આયનીકરણ (Ionisation) કહેવાય છે. સાહાએ ઉચ્ચ ઉષ્મીય આયનીકરણ (High Thermal Ionisation)ના સિદ્ધાંતને વિકસિત કર્યો તેમજ તેના આધારે તારાઓના વર્ણપટનું અર્થઘટન કર્યું.

સાહાના આયનીકરણ સમીકરણે (Ionisation Equation) ખગોળભૌતિકી (Astrophysics)ના આ કોયડાને ઉકેલ્યો જેને આ ક્ષેત્રનું મહત્ત્વનું સીમાચિહ્ન ગણવામાં આવે છે. આ સમીકરણના ઉપયોગથી કોઈપણ તારાનું નિર્માણ થવામાં વિવિધ તત્ત્વોના આયનીકરણની સ્થિતિને ચોકસાઈપૂર્વક જાણી શકાય છે.

એક અનુદાન મળવાથી સાહા યુરોપની શૈક્ષણિક યાત્રા કરી શક્યા. જર્મનીમાં તેમની ભેટ આઈન્સ્ટાઈન



અને પ્લાંક જેવા અગ્રગણ્ય વૈજ્ઞાનિકો સાથે થઈ. ઈ. સ. ૧૯૨૩માં સાહા ભારત પરત ફર્યા. ટૂંક સમયમાં જ તેમને આશુતોષ મુખરજી તરફથી કલકત્તા વિશ્વવિદ્યાલયમાં ખૈરા પ્રાધ્યાપકના હોદ્દા માટે આમંત્રણ મળ્યું. જે તેમણે સ્વીકાર્યું. પછીથી તેમણે અલાહાબાદ વિશ્વવિદ્યાલય તરફથી મળેલો પ્રસ્તાવ સ્વીકારી ત્યાં ૧૫ વર્ષ સુધી કામ કર્યું.

ઈ. સ. ૧૯૨૭માં ૩૪ વર્ષની યુવા વયે સાહા રૉયલ સોસાયટીમાં અધ્યેતા (Fellow) તરીકે ચૂંટાયા. તેઓ નાભિકીય ભૌતિકવિજ્ઞાન (Nuclear Physics)ના અધ્યયનમાં ઊંડા ઊતર્યા.

પૉલ ડિરાક અને સાહાએ સાથે મળીને વિકસિત કરેલ સમીકરણ જે

એકધ્રુવીય ચુંબકીય ધ્રુવીય શક્તિની ગણતરી કરવામાં ઉપયોગી છે, તે આ ક્ષેત્રમાં તેમની સફળતાની કાયમી યાદગીરી છે. સાહા કોઈ સામાન્ય જનજીવનના સંઘર્ષથી વિમુખ રહેતા વૈજ્ઞાનિક ન હતા. તેમણે સાધારણ જનતાની સમસ્યાઓના નિરાકરણ માટે પોતાને સમર્પિત કર્યા. તેમની સૌ પ્રથમ પ્રાથમિકતા લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ (Scientific Temper) કેળવાય તેવી હતી.

ઈ. સ. ૧૯૩૬માં સાહા શૈક્ષણિક પ્રવાસ નિમિત્તે યુરોપ અને અમેરિકા ગયા. એનરિકો ફર્મી, વર્નર હાઈઝેનબર્ગ અને નીલ્સ બોહરનાં સંશોધનકાર્યોએ જગતને અણુબોમ્બની ભેટ ધરી.

સાહાનો આણ્વિક ઊર્જાના શાંતિપૂર્વક ઉપયોગમાં અટલ વિશ્વાસ હતો. ઈ. સ. ૧૯૪૦માં ટાટા તરફથી મળેલા રૂપિયા ૬૦,૦૦૦/-ના અનુદાનની મદદથી સાહાએ સાઈકલટ્રોન (ચુંબકની કક્ષામાં ગોળ ગોળ ફરતા વીજભારિત અણુકણોનો વેગ વધારવા માટેનું ઉપકરણ) બનાવ્યું અને ભારતમાં આણ્વિક સંશોધનનો પાયો નાખ્યો. જવાહરલાલ નહેરુની મદદથી તેમણે Institute of Nuclear Physicsની સ્થાપના કરી, જેનું નામ પછીથી બદલીને Saha Instiutue of Nuclear Physics રાખવામાં આવ્યું. સાહાને ભારતીય વિજ્ઞાન વિકાસ સંઘ (Indian

Association for the cultivation of science)ના નિયામક (Director) પદે નીમવામાં આવ્યા. આ પદ ઉપર રહીને તેમણે અથાક કામ કર્યું.

ઈ. સ. ૧૯૫૨માં સાહા કલકત્તાના ઉત્તર-પશ્ચિમ મતદાર વિભાગમાંથી સંસદસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. રાજકારણમાં તેમનો ઝોક સ્પષ્ટપણે વામપંથી (Leftist) વિચારસરણી તરફ હતો. રૂઢિવાદી સમાજવ્યવસ્થાના તેમના અંગત અનુભવને કારણે તેમને ભારતીય સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા તરફ ધિક્કાર હતો જેના લીધે તેઓ ઉગ્ર તર્કવાદી (Rationalist) બની ગયા. તેમણે Science & Culture નામે સામયિકની શરૂઆત કરી અને ઘણાં વર્ષો સુધી તેનું સંપાદન કર્યું.

ઘણાખરા બૌદ્ધિકોની જેમ સાહાનું પણ એમ માનવું હતું કે આયોજિત અર્થતંત્ર વડે જ ભારતનો આર્થિક સમસ્યાઓથી ઉદ્ધાર થઈ શકે છે. તેમણે પોતાના મૂળ વતન બંગાળમાં પૂરને કારણે થનારી તારાજીને પ્રત્યક્ષ જોઈ હતી. તેથી તેઓ પૂર નિયંત્રણ માટે નદી-ખીણ પરિયોજનાના પ્રખર હિમાયતી હતા. જેના પરિણામસ્વરૂપ દામોદર ખીણ નિગમ (Damodar Valley Corporation)ની સ્થાપના થઈ જેના અંતર્ગત પૂરના પાણીનું નિયમન કરવા માટે અનેક બંધ બાંધવામાં આવ્યા.

ભારતનાં વિભિન્ન ક્ષેત્રોમાં ચલણી બનેલાં અસંખ્ય અતાર્કિક/અસંગત તારીખિયાંઓ (Calenders)ને લીધે સાહા વ્યાકુળ હતા. આ તારીખિયાંઓમાં રહેલી ખામીઓને સુધારવા માટે સાહાની અધ્યક્ષતા હેઠળ એક સુધારા સમિતિનું ગઠન કરવામાં આવ્યું. પણ ગહન પૂર્વાગ્રહોને કારણે આ સમિતિ પોતાના કામમાં આંશિક સફળ થઈ.


સાહા ભાષાકીય આધાર ઉપર ભારતના પ્રદેશોની પુનર્રચના કરવામાં દઢપણે માનતા હતા.

સાહા રાષ્ટ્રીય વિજ્ઞાન અકાદમી (National Academy of Science)ના સંસ્થાપક હતા. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદની અનેક સમિતિઓનું તેમણે નેતૃત્વ કર્યું.

ઈ. સ. ૧૯૪૪-૧૯૪૬ના સમયગાળામાં તેઓ Royal Asiatic Society of Bengal (જે હવે Asiatic Society તરીકે ઓળખાય છે)ના પ્રમુખપદે રહ્યા.

૧૬ ફેબ્રુઆરી ઈ. સ. ૧૯૫૬ના ગોઝારા દિવસે જ્યારે તેઓ સત્તાવાર મુલાકાત માટે દિલ્હી ખાતે હતા, ત્યારે આવેલા હૃદયરોગના ગંભીર હુમલાને લીધે તેમનું દુઃખદ નિધન થયું. તેમના જીવનસંઘર્ષ અને મેળવેલી સફળતાઓથી સાબિત થાય છે કે અડગ મનોબળ અને સાહસ વડે જાતિ/વર્ણ અને ગરીબીના કપરા અવરોધોને પણ પાર કરી શકાય છે.

❑❑❑



ગર્દભકુળને ઉગારી લ્યો!

☐ પ્રા. જે. આર. વઘાશિયા

ભારતમાં ગધેડું, ગધેડો, ગધો, ગર્દભ, ખર, રાસભ, અહમક, ખોલકો કે વૈશાખનંદન જેવાં વિવિધ નામે ઓળખાતા આ ચોપગા પશુની હયાતી, હાલમાં અસ્ત થવાને આરે છે. પોતાના અવગુણોને પશુઓમાં ખપાવવાની અદ્ભુત આદત ધરાવતા કાળા માથાના માનવીએ મૂર્ખ, મૂઢ, મંદબુદ્ધિ, જડ અને ઉલ્લૂ તરીકે ઓળખાતા પોતાનાં લક્ષણો કે અવગુણોને, ગર્દભના ગળે વળગાડ્યાં છે. એવી જ રીતે દેશની વિવિધ ભાષાઓની કહેવતો અને રૂઢિપ્રયોગોમાં પણ તે આવાં લક્ષણોથી ઓળખાયો અને ઓળીપાયો છે. જેમ કે કીધે કુંભાર ગધેડે ન ચડે, ગધેડાને ડફણાં અને તેજીને ટકોરો, ગધેડાને તાવ આવે એવું, અલ્લાહ મહેરબાન તો ગધા પહેલવાન, ગધેડા પર અંબાડી, ગધેડી ફૂલેકે ચડી, ગધાવૈતરું, ગધાપચીસી, ગધેડે ગવાવું વગેરે, આ સંદર્ભે દેશના ગર્દભોની વસતિ મુદ્દે વરવી અને વસમી દશા તપાસીએ તો, ૦૬.૬૦ લાખ ગામડાં અને ૮૯ હજાર શહેરી વિભાગોનાં ૨૭ કરોડ ઘરેલું-બિનઘરેલું પશુઓને આવરી લેતો ૨૦મો પશુધન વસતિગણતરી અહેવાલ-૨૦૧૯ મુજબ

દેશમાં ગર્દભોની વસતિ જે વર્ષ ૨૦૦૩-૦૭માં ૦૪.૪૦ લાખ હતી. તે ૦૧.૨૦ લાખ (૨૭.૨૭ ટકા) ઘટીને ૨૦૦૭-૧૨માં ૦૩.૨૦ લાખની અને છેલ્લે અધધ ૦૨.૦૦ લાખ (૬૨.૫ ટકા) ઘટીને. વર્ષ ૨૦૧૨-૧૯ દરમિયાન ફક્ત ૦૧.૨૦ લાખની જ રહી ગઈ છે.

ઈ. સ. પૂર્વે ૦૩ હજાર વર્ષથી આજ સુધી માત્ર બોજવાહક તરીકેની જ છાપ ધરાવતા અને વિશ્વની ૦૫ અબજ વસતિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદગાર થતાં આ અશ્વ, ઝીબ્રા અને ખચ્ચરકુળ સમકક્ષ પશુની સંખ્યા, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય એવાં બે કારણોસર ઘટી રહી છે. પ્રથમ આંતરરાષ્ટ્રીય કારણમાં મુખ્ય ભૂમિકા ચીનની છે. જ્યાં રક્તસ્રાવ, ચક્કર, અનિદ્રા અને સૂકી ખાંસીના રામબાણ ઇલાજ તરીકે પરંપરાગત બનતી ઓષધિ 'એજિઆઓ' (Egiao)માં, ગર્દભોની ત્વચા નીચે રહેલા 'જિલેટીન' (પ્રાણીજ ચીકણો પદાર્થ)નો ઉપયોગ થાય છે. ધ ગ્લોબલ એનિમલ વેલફેરનો 'ધ ડોન્કી સેન્કચ્યુરી' રિપોર્ટ-૨૦૧૯ મુજબ, ચીનના એજિઆઓ ઉદ્યોગને વાર્ષિક ૪૮ લાખ ગર્દભત્વચાની જરૂર પડે છે. પરંતુ દેશ ફક્ત ૧૦.૮૦ લાખ ગર્દભોની ત્વચા જ પૂરી પાડી શકે છે. બાકીની માંગ-ખાધને પૂરી કરવા તે વિદેશોમાંથી ખાસ કરીને બ્રાઝિલ, બોત્સાવના, કિર્ગિસ્તાનથી ગર્દભોની કાયદેસર અને ગેરકાયદેસર રીતે આયાત કરે છે. પરિણામે આ દેશોમાં ગર્દભસંખ્યા અનુક્રમે ૨૮, ૩૭ અને ૫૩ ટકા ઘટી ગઈ છે. જ્યારે ચીનમાં ૦૧.૧૦ કરોડ (૧૯૯૦)માંથી આજે ફક્ત ૨૬ જેટલી જ ગર્દભ સંખ્યા બચી છે. એનિમલ વેલફેર ચેરિટીઝના મતે ગર્દભત્વચાની તીવ્ર માંગને કારણે ઘાના, કેન્યા, નાઈજિરિયા, તાન્ઝાનિયા, દક્ષિણ આફ્રિકા અને આયવરી કોસ્ટમાં ગર્દભોની વસતિ ભયમાં મુકાયેલ છે. ૫૦ લાખથી પણ વધુ ગર્દભ સંખ્યા ધરાવતા અને તે સંદર્ભે વિશ્વમાં ત્રીજા સ્થાને રહેલા પાકિસ્તાને પણ ૨૦૧૯-૨૨ દરમિયાન, ચીનમાં ૮૦ હજાર ગર્દભોની નિકાસ કરવાનો કરાર કર્યો છે. ટૂંકમાં ચીનનો એજિઆઓ ઉદ્યોગ આવતાં ૦૫ વર્ષમાં, વિશ્વની કુલ ગર્દભ સંખ્યાના ૫૦ ટકા ગર્દભોની કતલ કરાવશે તે અહીં ખાસ નોંધવું ઘટે.

દ્વિતીય કારણ રાષ્ટ્રીય છે. આ સંદર્ભે ભારતનું ગર્દભદર્શન કરીએ તો, મહદંશે આંધ્રપ્રદેશ અને અલ્પાંશે તેલંગાણા રાજ્યમાં એવી માન્યતા પ્રવર્તે છે કે, ગર્દભોના માંસનું ભક્ષણ કામોત્તેજના વધારવા તેમ જ અસ્થમા અને નસકોરાંને ડામવા માટે અકસીર છે. જોકે સ્લોટર હાઉસ રુલ્સ-૨૦૦૧ નીચે ગર્દભોની કતલ પ્રતિબંધિત હોવા છતાં પણ, આંધ્રપ્રદેશના પ્રકસમ, કિષ્ના, પશ્ચિમ ગોદાવરી અને ગુંટુર જિલ્લાઓમાં ગર્દભમાંસની ખાઉધરી માંગ ઘણી હોવાથી, અહીં ગર્દભોની

કતલ વિશેષ પ્રમાણમાં થઈ રહી છે. તદુપરાંત ગર્દભનું લોહી પીવાથી, દોડવામાં પગને ઘણું બળ મળે છે તેવી માન્યતા પણ અહીં દંતકથા રૂપે પ્રચલિત છે અને તેની નક્કર સાબિતી તેલુગુ ફિલ્મ 'ક્રેક' (૨૦૨૧)માં નાયક રવિ તેજા અને નાયિકા શ્રુતિ હસનને દોડવીર તરીકે ગર્દભલોહી પીતાં દર્શાવવામાં આવ્યાં છે. ટૂંકમાં આંધ્રપ્રદેશમાં ગર્દભોની વસતિ જે ૨૦૧૨માં ૧૦.૧૬૧ હતી તે ૫૪ ટકા ઘટીને ૨૦૧૯માં ફક્ત ૪,૬૭૮ની થઈ ગઈ છે.

ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ પશુક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ તેમ જ ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ-૨૦૧૧ની કેટલીક કલમો નીચે, ગર્દભોની કતલ અને તેના માંસનું ભક્ષણ ગેરકાયદેસર અને અપરાધયુક્ત છે. પરંતુ તે સંદર્ભે સરકારી અમલની શિથિલતાને કારણે આજે ભારતદેશમાં ગર્દભોનું અસ્તિત્વ અંતને આરે જઈ ઊભું છે. પ્રસ્તુત સમસ્યાના ઉપાય અને ઉકેલ અર્થે, ગર્દભોને બોજવાહક પશુની સાથોસાથ ગર્દભીદૂધના કેન્દ્રમાં તેને દૂધાળ પશુ તરીકેની કાયદેસર માન્યતા, માલધારી સમાજને તેનાં પાલન અર્થે આર્થિક ઉત્તેજન અને ગર્દભીદૂધનું વ્યાપારીકરણ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. જોકે આંગળીના વેઢે ગણી શકાય તેટલી કેટલીક ભારતીય કંપનીઓએ ગર્દભીદૂધનું રૂપિયા ૭૦૦ની કિંમતે ૧૦૦ મિલિગ્રામ્સ લેખે મહાનગરોમાં વિતરણ અને વેચાણ શરૂ કર્યું છે.

આરોગ્યની દૃષ્ટિએ તપાસીએ તો ૧૦૦ મિલિગ્રામ્સ ગર્દભીદૂધમાં વિટામિન ડી (દૈનિક મૂલ્યના ૨૩ ટકા), કેલ્શિયમ (દૈનિક મૂલ્યના ૦૭ ટકા), કોલસ્ટોરોલ (દૈનિક મૂલ્યના ૦૩ ટકા), દુગ્ધશર્કરા (૦૫.૯ ટકા), ચરબી (૦૧.૨ ટકા), પ્રોટીન (૦૨ ગ્રામ્સ). કાર્બોહાઈડ્રેટ્સ (૦૬ ગ્રામ્સ) અને કેલરી (૪૯ એકમો) જેવાં સ્વાસ્થ્યવર્ધક પૌષ્ટિક તત્ત્વો હોય છે. વળી તે ચિકિત્સકીય પણ છે. શ્વાસનળીનો સોજો, અસ્થમા તેમ જ ત્વચારોગો જેવા કે ખરજવું અને સોરિયાસિસના મારણમાં ઔષધ તરીકે તે ઉપયોગી છે. તે આયુવૃદ્ધિ અને ઓક્સિકરણ વિરોધી પણ છે. કહેવાય છે કે તબીબી વિજ્ઞાનના પિતા ગ્રીક તબીબ હિપોક્રેટિસ (ઈ. સ. પૂર્વે ૪૬૦-૩૭૫) સંધિવા, ઉધરસ અને શારીરિક જખમોની સારવાર અર્થે, ગર્દભીદૂધનો ઉપયોગ કરતા હતા. તદુપરાંત સૌંદર્યપ્રધાન પ્રસાધનો જેવાં કે ત્વચાને ગોરી કરતાં ક્રીમ, સાબુ અને શેમ્પૂના ઉત્પાદનમાં પણ તેનો ઘટક તરીકે ઉપયોગ થાય છે. કહેવાય છે કે ઇજિપ્તની સૌંદર્યસામ્રાજ્ઞી ક્લિઓપેટ્રા-૦૭મી (ઈ. સ. પૂર્વે ૭૦/૬૯). રોમન સમ્રાટ નીચે ક્લાઉડિયસ સીઝર ઉર્ફે નીરોની દ્વિતીય પત્ની પો પીઆ સાબિના (ઈ.સ. ૩૦-૬૫) અને

નેપોલિયન બોનાપાર્ટની બહેન પોલિન બોનાપાર્ટ (ઈ.સ. ૧૭૮૦-૧૮૨૫) તેમની ત્વચાને સુંદર અને સુંવાળી રાખવા માટે, ગર્દભીદૂધનું સ્નાન કરતી હતી. આ હેતુસર ક્લિઓપેટ્રા-૦૭મીએ રાજમહેલમાં ૭૦૦ ગર્દભીઓને પાળી રાખી હતી. રોમન કવિ ઓવિડ (ઈ.સ. પૂર્વે ૪૩-ઈ. સ. ૧૮) એ તેની કવિતા 'મેડિકામિના ફેસી ફેમિને'માં ગર્દભી દૂધ મિશ્રિત બનેલા બુરખાઓનો ઉપયોગ કરવાની ભલામણ પણ કરી છે. વિશ્વ આરોગ્ય સંગઠનની દૃષ્ટિએ ગર્દભી દૂધ માતાના દૂધ સમાન પણ છે. તેનો સર્વ પ્રથમ ઉપયોગ ૧૯મી સદીમાં નવજાત અનાથ બાળકો માટે થતો હતો. આ સંદર્ભે ૦૩ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ વેટિકનસ્થિત પોપ ફ્રાન્સિસે પણ કહેલું કે 'તેની માતા તેને પોતાનું દૂધ નિયમિત આપી શકતી ન હોવાથી, તે મને ગર્દભીનું દૂધ પિવરાવતી હતી.' વિશેષ, વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓમાં પ્રસરતા લિસ્ટેરિયા મોનોસાઈટોજિનેસ, એશેરીશિયા કોલી અને સ્ટેફિલોકોકસ ઓરિયસ જેવાં ઝેરી અને ઉપદ્રવી બેક્ટેરિયાના પ્રસારણને પણ ગર્દભીદૂધ અટકાવે છે.

રાજકારણમાં ગર્દભના મૂલ મૂલવીએ તો, તે બરાબરનો ખૂલ્યો, ખીલ્યો અને ખલકમાં વિસ્તર્યો છે. પ્રખ્યાત ઉર્દૂ-હિંદી લેખક કૃષ્ણ ચંદરે દેશની રાજનીતિ અને રાજનેતાઓ પર કટાક્ષ કરતી એક નવલકથા 'એક ગધે કી સર્ગુઝશ્ત' (ઉર્દૂ), 'એક ગધે કી આત્મકથા' (હિંદી) લખી હતી. જે હપ્તાવાર પ્રકાશિત થતી હતી. આ નવલકથાના શીર્ષક નજીક ચિત્રાંકિત થયેલ એક ગધેડાની લગોલગ જે નેતાનું ઠઠ્ઠાચિત્ર મુદ્રિત કરવામાં આવ્યું હતું તે નેતાનો ચહેરો, જવાહરલાલ નહેરુજીના હમશકલ બરાબર હતો. નહેરુજી આ બાબતે આછુંપાતળું જાણતા હતા. એક સમારંભમાં અરુણા અસફઅલીએ કૃષ્ણ ચંદરની ઓળખાણ કરાવતાં નહેરુજીને કહ્યું કે 'પંડિતજી, આપ આને નથી જાણતા? આ કૃષ્ણ ચંદર છે.' તે સમયે નહેરુજીએ થોડું પાછું વળીને જોયું અને કહ્યું કે 'હા હા, ગધેવાલે.' આમ નહેરુજીએ 'ગધેવાલે' શબ્દથી વટક વાળી દીધું! પક્ષપલટા બાબતે બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ ઘણા પ્રખ્યાત હતા. પ્રથમ કન્ઝર્વેટિવ (૧૯૦૦), પછી લિબરલ (૧૯૦૪), પછી ઇન્ડિપેન્ડન્ટ કોન્સ્ટિટ્યૂશનાલિસ્ટ એન્ટિ સોશિયાલિસ્ટ (૧૯૨૨) અને વળી પાછા કન્ઝર્વેટિવ (૧૯૨૫) પાર્ટીમાં 'પાટલીબદલુ' તરીકે તેને જ્યારે પ્રશ્ન પુછાયો ત્યારે, વળતા ઘા તરીકે ઉત્તર આપતાં તેણે કહેલું કે 'ફક્ત ગધેડાઓ જ એક જગ્યાએ સતત સ્થિર રહીને ઊભા રહેતા હોય છે. નહીં કે ઘોડાઓ. એક જ પક્ષમાં સતત સ્થિર રહેવું તે નાના મગજોનું કામ છે અને તે ગધેડાનો ગુણ છે.' તો ભાજપના બટકબોલા સુબ્રમણ્યમ

સ્વામીએ દિલ્હીસ્થિત અરવિંદ કેજરીવાલના રાજકીય પક્ષ AAP ને 'A-અહો રૂપમ્ A-અહો ધ્વનિ P-પાર્ટી' કહીને, તેના પક્ષને કુરૂપતાના પ્રતીક ઊંટ અને કર્કશ વાણીના પ્રતીક ગર્દભ સાથે સરખાવી દીધેલી!

ટૂંકમાં, સ્વાસ્થ્યવર્ધક દૂધ, રોગનિવારક ઔષધ અને ઉત્પાદનપૂરક ઘટક તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવતી. પરંતુ વિલોપન પામતી ગર્દભ જાતિને ઉગારી લેવા માટે તેના સંવર્ધન અને સંરક્ષણની તાતી જરૂર છે. આ સંદર્ભે કેટલાંક બિનસરકારી સંગઠનોએ ગર્દભીને દુધાળ પશુ તરીકે જાહેર કરવાની અરજીઓ ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ-નવી દિલ્હીને સુપરત કરી છે, જે હાલમાં વિચારાધીન છે. ભારતીય સમાજમાં ગાય, બળદ, ભેંસ, બકરી, અશ્વ અને શ્વાનને જે પદ, પ્રતિભા કે પ્રતિષ્ઠા મળ્યાં છે. તેમાંનું એક પણ મૂર્ખમાં ખપાવેલ ગર્દભ બાબતે નથી. પરિણામે ખર પ્રત્યેની ખેવનાના અભાવે, ભારતદેશમાં તેની ખો નીકળી ગઈ છે. પરંતુ ગર્દભ કદી કોઈના દાન-ધર્મનું ખાતો કે પીતો નથી. તેથી જ તેના ભોંકવામાં જે 'રણકો' છે, તે એક પણ ઘરઆંગણાનાં પશુઓમાં નથી તેની કોઈને ખબર જ નથી! જોકે દેશજનોને ક્યારેક ટાણે-કટાણે ગરજ પડે ત્યારે, મને-કમને ગધેડાને પણ 'બાપ' કહેવો પડે છે, જે ગધેડાની તાજપોશી કરતું આ એકમાત્ર ગૌરવ 'મેરા ભારત મહાન'માં બચ્યું છે!

❑❑❑

અલવિદા ઇન્દુભાઇ



જન્મ : ૧૯-૧૨-૧૯૪૩
અવસાન : ૧૮-૦૪-૨૦૨૧

વંચિતલક્ષી વિકાસપ્રવૃત્તિ, વૈજ્ઞાનિક અભિગમ અને શોષણવિહીન સમાજરચના માટે પ્રતિબદ્ધ પાક્ષિક 'નયા માર્ગ'ના ચાર દાયકાના સંનિષ્ઠ તંત્રી, વંચિતોની વહારે ઊભા રહેનાર વહાલેશરી ઇન્દુકુમાર જાનીનું કોવિદના કારણે અવસાન થયું. એમના અને એમના કામ વિશે વધુ જાણવા ઉત્સુક પાઠકો 'નવનીત સમર્પણ'ના ઓગસ્ટ, ૨૦૨૦ અંકમાં ડંકેશ ઓઝાએ લીધેલી એમની વિસ્તૃત મુલાકાત 'નયા માર્ગની મહત્ત્વની આનંદદાયક યાત્રા' વાંચી શકે છે.

પૂજારણ



☐ લેખક: રવીન્દ્રનાથ ઠાકુર ☐ ભાવાનુવાદ: હરીશ ખત્રી

જ્યારે મારા કેટલાક વાચકોને હું અપ્રિય થઈ પડ્યો હતો અને સામયિકોમાં અવિરતપણે મારી ટીકાઓ થતી હતી ત્યારે મને લાગ્યું કે મારે કોઈ એકાંત સ્થળે ચાલ્યા જઈને મારી જાતને ભૂલી જવાની કોશિશ કરવી જોઈએ.

કોલકાતાથી થોડાક માઈલ દૂરના એક ગામમાં મારું ઘર છે જ્યાં મને કોઈ ઓળખશે નહિ અને હેરાન પણ કરશે નહિ. ત્યાંના લોકો મારા વિશે ખાસ કશું જાણતા નથી. તેમને ખબર છે કે હું કાંઈ અહીં રજાની મજા માણવા આવતો નથી. શહેરના ઘોંઘાટિયા અવાજોથી ગામના શાંત વાતાવરણનો હું ભંગ કરતો નથી.

એ લોકો મને કોઈ સાધુ કે સંન્યાસી પણ માનતા નથી. તેમને મારો જે થોડોઘણો પરિચય છે તેના પરથી એ લોકો મારા વિશે કોઈ ચોક્કસ નિર્ણય

પર આવી શક્યા નથી. તેમને મન હું કોઈ યાત્રિક પણ નથી કેમ કે હું રખડુ સ્વભાવનો હોવાથી સીમમાં અને ખેતરોમાં હેતુહીન ઘૂમતો હોઉં છું. તેમને ભાગ્યે જ ખબર હશે કે હું પરણેલો છું કે નહિ. તેમણે મને ક્યારેય મારાં બાળકો સાથે જોયો નથી. એટલે, ઘણાં વખતથી તેમણે અકળ રીતે મને એકલો મૂકી દીધો છે.

પણ હમણાં હમણાં મને જાણવા મળ્યું છે કે ગામમાં એક વ્યક્તિ તો એવી છે જે મારામાં ઘણો રસ ધરાવે છે. જુલાઈ મહિનાની ઉકળાટ ભરેલી એક બપોરે અમારો પરિચય થયો. સવારથી વરસાદ પડી રહ્યો હતો. રુદન પછી ભારે થયેલાં પોપચાં જેવી હવા હજી પણ ભેજ અને ઝાકળથી છવાયેલ હતી. નદીકાંઠે ઘાસ ચરતી એક કાબરચીતરી ગાયને જોતો હું આરામથી બેઠો હતો. તડકામાં તેની પીઠની ચામડી ચળકતી હતી. તેના ત્વચારૂપી વસ્ત્રની સુંદરતા જોઈને હું આશ્ચર્યથી વિમાસી રહ્યો કે માણસે પણ ત્વચારૂપી વસ્ત્રથી પોતાની જાતને વંચિત રાખીને દરજીની દુકાનો ખોલવામાં પૈસાનો કેટલો બગાડ કર્યો છે!

આવું વિચારતો હતો ત્યાં જ આધેડ વયની એક સ્ત્રીએ પાસે આવીને તેનું માથું ભોંય સુધી નમાવીને મને પ્રણામ કર્યા. તે થોડાં ફૂલો લાવી હતી. બે હાથ જોડીને એક ફૂલ મને આપતાં તે બોલી, "આ હું મારા પ્રભુને અર્પણ કરું છું." અને તે ચાલવા લાગી.

તેના શબ્દો સાંભળીને હું એવો તો ચમકી ગયો કે તેને બરાબર જોઈ પણ નહિ. ઘટના બહુ સામાન્ય હતી પણ મારા મન પર તેની ઘણી ઊંડી અસર થઈ. મેં ફરી પેલી ગાય તરફ નજર નાખી ત્યારે માખીઓને ઉરાડતી અને ઊંડા શ્વાસે ઘાસ ચાવતી ગાયમાં મને કશુંક રહસ્યમય દેખાવા લાગ્યું! વાચકો મારી આ મૂર્ખતાને હસી કાઢશે પણ મારું હૃદય તો અહોભાવથી ભરેલું હતું. જીવનના વિશુદ્ધ આનંદને હું નમી રહ્યો જે સ્વયં ઈશ્વરના જીવનરૂપ હોય છે. આંબાની એક કૂણી ડાળખી તોડીને મારા હાથે મેં ગાયને ખવડાવી. મને ખૂબ સંતોષ થયો કે મારા પ્રભુને મેં રાજી કર્યા છે.

એક વર્ષ બાદ હું ફરી ગામ ગયો ત્યારે ફેબ્રુઆરી મહિનો ચાલતો હતો. ઠંડીની ઋતુ લંબાતી જતી હતી. મારી રૂમમાં આવેલ સવારના તડકાની હૂંફ અનુભવી હું ખુશ થયો. હું લખતો હતો ત્યારે નોકરે આવીને કહ્યું કે કોઈ વૈષ્ણવપંથી ભક્ત મને મળવા માગે છે. તેને ઉપર લઈ આવવા મેં કહ્યું. એક સ્ત્રીએ આવીને નીચે નમીને મારો ચરણસ્પર્શ કર્યો. મને ખ્યાલ આવી ગયો કે આ એ જ સ્ત્રી છે જે ગયા વર્ષે થોડી ક્ષણો માટે મને મળી હતી.

હવે હું તેને ધ્યાનથી જોઈ શકતો હતો. કોઈ સ્ત્રી સુંદર છે કે નહીં એવું

જેને માટે પૂછી શકાય એટલી ઉંમર તે વટાવી ચૂકી હતી. સામાન્ય સ્ત્રી કરતાં વધારે ઊંચાઈ અને મજબૂત બાંધો તે ધરાવતી હતી. આદરભાવથી તેનું શરીર સહેજ ઝૂકેલું હતું. પણ તેની રીતભાતમાં કશો સંકોચ ન હતો. સૌથી વધારે ધ્યાન તેની આંખો ખેંચતી હતી. મેં જોયું કે તેમાં રહેલી તીક્ષ્ણ શક્તિ જે દૂર હોય તેને નજીક આણે એવી હતી.

પ્રવેશતાંની સાથે જ તેની આંખો વડે તેણે મને હડસેલો માર્યો હોય એવું મને લાગ્યું.

''આ શું છે?'' તેણે મને પૂછ્યું, ''મારા પ્રભુ, તમારી આ રાજગાદી સુધી મને કેમ ખેંચી લાવ્યા? હું તો તમને વૃક્ષોની વચ્ચે જોવા ટેવાયેલી છું. તમને મળવા માટે એ જ સારી જગ્યા છે.''

તેણે જરૂર મને બગીચામાં ફરતો જોયો હશે. પણ મેં તો તેને જોઈ નહોતી. થોડા દિવસથી મને શરદી થઈ હતી એટલે હું બહાર નીકળ્યો નહોતો. ઘરમાં જ રહેતો હતો. સાંજવેળાના આકાશનું દર્શન પણ અગાશી પરથી જ કરતો હતો. થોડી વારે તે બોલી, ''મારા પ્રભુ, આજે તમે મને કાંઈક સારાં વચન કહો.''

તેની આવી અણધારી માગણી માટે હું તૈયાર ન હતો. એટલે, તત્કાળ જે સૂઝ્યું એ બોલ્યો, ''સારાં વચન મને સાંભળવા મળતાં નથી અને હું કહેતો પણ નથી. હું તો બસ, આંખો ખુલ્લી રાખીને મૌન રહું છું. ત્યારે હું જોઈ પણ શકું છું અને સાંભળી પણ શકું છું – એકે શબ્દ બોલાયો ન હોય તો પણ! અત્યારે તમને જોઈ રહ્યો છું ત્યારે લાગે છે કે તમારો અવાજ પણ મને સંભળાય છે!''

મારા શબ્દો સાંભળીને ઉત્સાહમાં આવી ગયેલી પૂજારણ બોલી, ''પ્રભુ મારી સાથે વાત કરે છે. માત્ર મોઢેથી જ નહીં, પણ તેમના આખા દેહ વડે.''

મેં કહ્યું, ''જ્યારે હું મૌન હોઉં છું ત્યારે મારા આખા દેહ વડે હું સાંભળી શકું છું. એ ધ્વનિ સાંભળવા જ છેક કોલકાતાથી અહીં આવ્યો છું.''

તે બોલી, ''હા, હું જાણું છું. એટલે જ તમારી પાસે અહીં બેસવા આવી છું.''

જતા પહેલાં ફરી એક વાર તેણે માથું નમાવ્યું અને મારાં ચરણને સ્પર્શ કર્યો. મેં જોયું કે એમ કરતાં તેનો ચહેરો થોડો ઉદાસ થઈ ગયો, કેમ કે મારા પગ ઢંકાયેલા હતા. તેની ઇચ્છા હતી કે તે ખુલ્લા હોય.

બીજા દિવસે સવારે હું અગાશીમાં આવીને બેઠો હતો. વૃક્ષોની હારની પેલી બાજુનું મેદાન સાવ ઉજ્જડ અને વેરાન હતું. ગામ બાજુનાં વૃક્ષોનાં ઝુંડની પેલી બાજુ, શેરડીના ખેતર પાસે ઊગતો સૂર્ય મેં જોયો. ગાઢ વૃક્ષોના ઘેરા પડછાયામાં એકદમ ગામનો રસ્તો નજરે પડ્યો. આડાઅવળા વળાંક લેતો, સામે છેડે આવેલા દૂરનાં ગામો તરફ લંબાતો રસ્તો

ધૂંધળા વાતાવરણમાં અદશ્ય થતો હતો.

એ સવાર એવી હતી કે સૂરજ ઊગ્યો છે કે નહીં તે કહેવું મુશ્કેલ હતું. વૃક્ષોની ટોચો પર હજી સફેદ ધુમ્મસ છવાયેલું હતું. ધૂંધળી સવારના ઝાંખા અજવાળામાં કોઈ પ્રેતની જેમ ચાલી આવતી પૂજારણને મેં જોઈ. કરતાલ વગાડતી અને ભજન ગાતી તે ચાલતી હતી.

ગાઢ ધુમ્મસ છેવટે ઊડી ગયું અને ગામના મોભી જેવો તડકો ઘરો અને ખેતરો પર ફેલાઈ ગયો. કોલકાતામાં બેઠેલા મારા તંત્રીની માગણી સંતોષવા જેવો હું મારા લખવાના ટેબલ પર બેઠો ત્યાં તો દાદર પર કોઈકનાં પગલાંનો અવાજ સંભળાયો. કશીક ધૂન ગણગણતી પૂજારણ આવીને મારા પગમાં પડી ગઈ. મેં તેની સામે જોયું. તેણે કહ્યું,

''મારા પ્રભુ, ગઈ કાલે તમારી થાળીમાં વધેલી વાનગીઓ પ્રસાદરૂપે મેં ખાધી હતી.''

સાંભળીને હું તો સડક થઈ ગયો! તેને પૂછ્યું કે તે આવું કેવી રીતે કરી શકે?

''ઓહ!'', તે બોલી, ''સાંજે તમે ભોજન કરતા હતા ત્યારે હું બારણા પાસે રાહ જોતી ઊભી હતી. પછી તમારી થાળીમાં વધેલું હતું તેમાંથી થોડું હું લઈ ગઈ હતી.''

આ સાંભળીને મને બહુ આશ્ચર્ય થયું, કેમ કે બધાને ખબર હતી કે હું યુરોપ ગયો હતો અને ત્યાંના લોકો સાથે જમતો પણ હતો. આમ તો હું શાકાહારી જ હતો છતાં પણ અહીંના રૂઢિચુસ્ત લોકો મારા ખોરાકને અભડાયેલો માનતા હતા.

મારું આશ્ચર્ય જોઈને પૂજારણ બોલી, ''મારા પ્રભુ, હું જો તમારું ખાવાનું ખાઈ શકતી ન હોઉં તો પછી અહીં આવું જ શું કામ?''

મેં તેને પૂછ્યું કે તારી જાતિના લોકો શું કહેશે? તે બોલી કે મેં તો આખા ગામમાં બધે આ વાત કરી જ દીધી છે! જાતિના લોકોની હા નથી, પણ તેમણે મને મારી મરજી પ્રમાણે કરવાની છૂટ આપી છે. મને જાણવા મળ્યું કે પૂજારણનું ઘર ગામમાં બહુ સારું ગણાતું હતું. તેની મા સુખી હતી અને દીકરીને પોતાની પાસે જ રાખવા માગતી હતી. પણ દીકરીએ ભિક્ષુક રહેવાનું પસંદ કર્યું હતું. મેં તેને પૂછ્યું કે તારો ગુજારો કઈ રીતે થાય છે? તેણે કહ્યું કે ભક્તોએ થોડી જમીન આપી છે. ઘરે ઘરે ભિક્ષા માગીને તે ખાઈ લે છે. તેણે કહ્યું, ''ભિક્ષામાં મને જે મળે છે તે દૈવી અન્ન હોય છે.''

થોડો વિચાર કરતાં તેની વાતનો ભાવાર્થ મને સમજાયો. જ્યારે આપણું અન્ન ભિક્ષારૂપે આવે છે ત્યારે તે અન્ન દેનાર ઈશ્વરને આપણે યાદ કરીએ છીએ. પરંતુ, ઘરમાં જે ભોજન કરીએ છીએ તેના પર તો આપણો હક હોવાનું

માનીએ છીએ.

તેના પતિ વિશે પૂછવાની મને અદમ્ય ઇચ્છા હતી. પણ આ બાબતે તેણે ક્યારેય આડકતરો પણ અણસાર આપ્યો નહોતો, એટલે ન પૂછ્યું.

મને ઘણું જલદી જાણવા મળ્યું કે ગામમાં જે બાજુ ઊંચી જાતિના લોકો રહેતા હતા તે તરફ પૂજારણને બિલકુલ આદરભાવ ન હતો.

''પ્રભુની સેવા માટે એક ટુકડો પણ એ લોકો ક્યારેય આપતા નથી. અને પ્રભુની ભેટનો મોટો ભાગ એ લોકો પોતે જ લઈ લે છે. ગરીબો બિચારા સેવા કરે છે અને ભૂખે મરે છે.''

મેં તેને પૂછ્યું કે શા માટે તું એ વંચિત લોકો સાથે રહેવા જઈને તેમને મદદ કરતી નથી? એ તો સૌથી ઊંચી જાતની ભક્તિ કહેવાય.''

આવો ઉપદેશ મેં ઘણી વાર સાંભળ્યો હતો અને જરૂર પડે ત્યારે લોકોને શિખામણ આપવા માટે હું તે દોહરાવતો હતો. પણ પૂજારણ પર તેની કોઈ અસર થઈ નહિ. તેની મોટી ગોળ આંખો ઊંચી કરીને સીધું મારી આંખોમાં જોતાં તે બોલી, ''શું તમે એમ કહો છો કે પ્રભુ એ પાપીઓની સાથે છે માટે તમે એમની સેવા કરો એ પ્રભુસેવા જ છે?''

''હા,'' મેં કહ્યું, ''હું એમ જ કહું છું.''

''બરાબર,'' તેણે ઉશ્કેરાટમાં કહ્યું, ''બરાબર. પ્રભુ તેમની સાથે જ છે; નહીંતર એ લોકો જીવતા જ ન હોત ને! પણ તેથી મારે શું? મારો પ્રભુ ત્યાં નથી. મેં એને ત્યાં જોયો નથી. એ જ્યાં છે ત્યાં જ હું તેને શોધું છું.'' બોલતાં બોલતાં તેણે મને પ્રણામ કર્યા.

તેના કહેવાનો ખરો અર્થ એ હતો કે પ્રભુની સર્વવ્યાપિતાનો ફક્ત ઉપદેશ આપવાથી કાંઈ વળતું નથી. 'પ્રભુ સર્વત્ર વ્યાપ્ત છે' એ વાત બહુ ગૂઢ અને ઇંદ્રિયોથી પર છે. એટલે પ્રભુ આપણને વાસ્તવિક લાગતો નથી. પણ હું તેને જોઈ શકું છું. મારા આત્મામાં તેની સત્યતા મને દેખાય છે.

કહેવાની જરૂર નથી કે આ બધો વખત તે મારા પ્રત્યે જે ભક્તિભાવ દેખાડતી હતી તે એક વ્યક્તિ તરીકેનો નહોતો. હું તેની દિવ્ય ભક્તિ માટેના સાધનરૂપ હતો. તેનો સ્વીકાર કરવો કે અસ્વીકાર, એ પણ મારે વિચારવાનું ન હતું કેમ કે તેનો ભક્તિભાવ મારે માટે નહીં, પણ પ્રભુ માટે હતો.

તે ફરી મારી પાસે આવી ત્યારે હું રોજની જેમ પુસ્તકો અને કાગળો વચ્ચે બેઠો હતો. દેખીતી રીતે અકળાઈને તે બોલી, ''તમે એવું શું કરો છો કે મારો પ્રભુ તમારી પાસે આ વૈતરું કરાવે છે? જ્યારે આવું ત્યારે તમે વાંચતા ને લખતા જ હો છો!''

''નકામા લોકોને પ્રભુ કામ આપ્યા કરે છે નહીંતર એ લોકો તેમને પરેશાન કરી મૂકે! તેમણે જિંદગીમાં બધાં બિનજરૂરી કામો કરવાનાં હોય છે.

એટલે મુસીબતો તેમનાથી દૂર રહે છે.''

પૂજારણે મને કહ્યું કે રોજેરોજ કામના ભારથી હું લદાયેલો હોઉં છું તે પોતે સહન કરી શકતી નથી. મને મળવા માટે સીધા ઉપર આવવું હોય તો નોકરો તેને આવવા દેતા નથી. ચરણસ્પર્શ કરવા હોય તો મારાં મોજાં કાયમ વચ્ચે નડે છે. અને ક્યારેક મારી જોડે વાત કરવી હોય ત્યારે પણ મારું મન તો શબ્દોની માયાજાળમાં જ રોકાયેલું હોય છે.

જતા પહેલાં બે હાથ જોડીને તેણે મને કહ્યું, ''મારાં પ્રભુ, આજે સવારે મારી છાતી પર મેં આપનાં ચરણનો અનુભવ કર્યો. આહ! કેટલાં શીતળ! અને તે પણ ઢંકાયેલાં નહીં, પરંતુ ખુલ્લાં. ભક્તિભાવથી મેં ક્યાંય સુધી તેને મારાં કપાળે અડકાડી રાખ્યાં હતાં. તેનાથી હું ભાવવિભોર થઈ ગઈ હતી. બસ, ત્યાર પછી મારે તમારી પાસે આવવાની શી જરૂર? હું શા માટે આવી? મારા પ્રભુ, મને સાચું કહો, શું એ મારી મૂઢતા નથી?''

મારા ટેબલ પરની ફૂલદાનીમાં થોડાં ફૂલ હતાં. તેની હાજરીમાં જ આવેલા માળીએ જૂનાં ફૂલ લઈને તાજાં ફૂલ મૂક્યાં. પૂજારણે તે જોયું.

''બસ, તારું કામ પત્યું? તો આ ફૂલ મને આપી દે.''

તેણે ખોબો ધરીને જૂનાં ફૂલ લઈ લીધાં. માથું નમાવીને તે ફૂલોને જોઈ રહી. થોડી વાર પછી માથું ઊંચું કરીને મને કહ્યું, ''તમે આ વાસી ફૂલો સામું ક્યારેય જોતા નથી. જો એક વાર જોશો તો આ તમારું લખવા-વાંચવાનું ક્યાંય ઊડી જશે!''

તેના કપડાના એક છેડા પર તેણે ફૂલ મૂક્યાં અને ગાંઠ મારીને બાંધી દીધાં. ભક્તિભાવથી તેને માથે મૂકતાં તે બોલી, ''મારા પ્રભુને મારી સાથે લઈ જાઉં છું.''

તેને આમ કરતી જોઈને મને થયું કે મારા ઘરમાં આ ફૂલોની જોઈતી કદર અમારા હાથે થતી નથી. ફૂલદાનીમાં મૂકીએ ત્યારે તે ફૂલો નહીં પણ શિક્ષા માટે એક લાઈનમાં ઊભેલા સ્કૂલના તોફાની છોકરા જેવા લાગે છે.

એ સાંજે પૂજારણ ફરી પાછી આવી. અગાશીમાં હું બેઠો હતો ત્યાં આવીને મારા પગ પાસે બેસી ગઈ. તેણે કહ્યું, ''પ્રભુનું નામ લેતાં લેતાં સવારે એ ફૂલ મેં ઘેર ઘેર ફરીને વહેંચી દીધાં. મારી ભક્તિ જોઈને ગામના મુખી બેનીએ હસતાં હસતાં કહ્યું, 'શું કામ તું તેની આટલી ભક્તિ કરે છે? તું નથી જાણતી કે એ તો સીમમાં આમથી તેમ રખડ્યા કરે છે?' એ વાત સાચી છે, પ્રભુ? એ લોકો તમને નફરત કેમ કરે છે?''

એક પળ તો હું ભારે સંકોચમાં ડૂબી ગયો. મને આઘાત લાગ્યો કે છાપખાનાની શ્યાહીના ડાઘ આટલે સુધી પહોંચી ગયા?

પૂજારણે આગળ કહ્યું, ''બેનીએ

માન્યું હશે કે ભક્તિની મારી જ્યોતને એક ફૂંક મારીને તે ઓલવી નાખશે! પણ આ કાંઈ નાનીસરખી જ્યોત નથી, આ તો સળગતો અગ્નિ છે. પ્રભુ, એ લોકો તમારી નિંદા શું કામ કરે છે?''

''કારણ કે હું તેને જ લાયક છું.'' મેં કહ્યું, ''મને લાગે છે કે લોકોનાં હૃદય જીતવાના મારા લોભને વશ થઈને હું છાનોમાનો ફરતો હતો.''

તેણે કહ્યું, ''હવે તમને ખબર પડીને કે એ લોકો કેટલા છીછરા મનના છે! તેમના દિલમાં ઝેર ભર્યું છે. એ ઝેર જ તમારા લોભનો ઉપચાર કરશે.''

તેના જવાબમાં મેં કહ્યું, ''જ્યારે માણસના દિલમાં લોભ હોય છે ત્યારે કાયમ તે હારવાની અણી પર હોય છે. લોભ જ તેના શત્રુઓને ઝેર પૂરું પાડે છે.''

''અમારા દયાળુ પ્રભુ,'' તે બોલી, ''તેમના હાથ વડે જ અમને મારે છે અને બધું ઝેર દૂર કરી દે છે. જે છેક સુધી પ્રભુનો માર સહન કરે છે તે અંતે બચી જાય છે.''

૨

તે દિવસે સાંજે પૂજારણે તેના જીવનની કથા મને કહી. સાંધ્યતારકો ઊગ્યા અને વૃક્ષોની પાછળ આથમ્યા ત્યાં સુધી તેની કથા ચાલતી હતી.

''મારા પતિ સાવ સાદા છે. ઘણા લોકો માને છે કે તે બહુ સરળ માણસ છે પણ હું જાણું છું કે જેમની સમજણ સરળ હોય છે તે જ સાચી પણ હોય છે. ધંધામાં અને ઘરના વ્યવહારોમાં તે પોતે જ બધા નિર્ણય લેતા હતા. તેમની જરૂરિયાતો ઓછી હોવાથી અમારી પાસે જે હતું તેમાંથી અમારો સંસાર નભી જતો હતો. બીજી કોઈ બાબતોમાં માથું મારવાની તેમને આદત ન હતી.''

''અમારાં લગ્નના થોડા વખતમાં જ મારા પતિનાં માબાપ ગુજરી જતાં ઘરમાં અમે બે એકલાં જ હતાં. મારા પતિને હંમેશાં તેમની ઉપર કોઈક હોવું જોઈએ. મને કહેતાં શરમ આવે છે કે તેમને મારે માટે બહુ માન હતું. તે મને પોતાના કરતાં ઊંચી માનતા હતા. પણ મને ખાતરી છે કે તેમનામાં મારા કરતાં વધારે સમજણ હતી. જો કે, વાતો કરવામાં હું હોશિયાર હતી.''

''દુનિયામાં સૌથી વધુ પૂજ્યભાવ તેમને ગુરુ ઠાકુર પ્રત્યે હતો. તેમના પ્રત્યે અનન્ય પ્રેમ પણ હતો. ગુરુ ઠાકુર મારા પતિ કરતાં ઉંમરમાં નાના હતા. આહ! કેટલા સુંદર હતા એ!''

''બાળપણમાં તે બંને સાથે રમ્યા હતા. ત્યારથી જ તેમણે પોતાનું હૃદય અને આત્મા આ મિત્રને સમર્પિત કર્યાં હતાં. ઠાકુર મારા પતિની સાદાઈ જાણતા હતા એટલે ક્યારેક નિર્દયતાથી તેમને સતાવતા પણ હતા.''

''ગુરુ અને તેમના સાથીઓ પોતાના મનોરંજન માટે ઘણી વાર તેમની ઠેકડી પણ ઉડાવતા, પણ મારા પતિ બધું સહન

કરી લેતા. લગ્ન કરીને હું તેમના ઘરમાં આવી ત્યારે ગુરુ ઠાકુર બનારસમાં ભણતા હતા. તેનો બધો ખર્ચ મારા પતિ ભોગવતા હતા. તે જ્યારે ભણીને ગામમાં પાછા આવ્યા ત્યારે હું અઢાર વર્ષની હતી.''

''પંદર વર્ષે તો હું એક બાળકની મા બની ગઈ હતી. બાળકની સારસંભાળ રાખવાની ત્યારે મને કાંઈ ગતાગમ નહોતી. વાતો કરવાનો મને શોખ હતો એટલે કલાકો સુધી મારી બહેનપણીઓ જોડે વાતો કર્યા કરતી. ઘરમાં રહીને બાળકને સાચવવાની મને બહુ ચીડ હતી. અરેરે! એ બાળપ્રભુ મારા જીવનમાં આવ્યો, પણ તેની પાસે રમવા માટે રમકડાં ન હતાં. તે માના હૃદય પાસે આવ્યો, પણ માએ તેને ન સ્વીકાર્યો. ગુસ્સે થઈને તે મને છોડી ગયો! ત્યારથી હું તેને દુનિયામાં આમથી તેમ શોધતી ફરું છું.''

''તે છોકરો તેના પિતાના જીવનને આનંદથી ભરી દેતો હતો. મારી બેદરકારી અને અવગણના જોઈને મારા પતિને ભારે પીડા થતી. પણ તે હંમેશાં ચૂપ રહેતા. પોતાની પીડા તેમણે ક્યારેય શબ્દોમાં પ્રગટ કરી નથી.''

''મજાની વાત એ હતી કે મારી ઉપેક્ષા છતાં છોકરાને મારે માટે સૌથી વધારે પ્રેમ હતો. તેના મનમાં એવો ડર હતો કે એક દિવસ તેને છોડીને હું ચાલી જઈશ. હું તેની પાસે હોઉં તો પણ અધીરાઈથી તે મને જોઈ રહેતો. તેની પાસે હું બહુ ઓછું રહેતી હતી એટલે મને મળવા હંમેશાં તે ઉત્સુક રહેતો. રોજ હું નદીએ જતી ત્યારે મારી સાથે આવવા તેના નાનકડા હાથ ઊંચા કરી દેતો. પણ ઘાટ પર મારી બહેનપણીઓને મળવાનું હોય એટલે તેનો ભાર ઊંચકીને હું ક્યાંથી જાઉં?''

''ઓગસ્ટ મહિનાની એક સવારે ઊમટેલાં કાળાં વાદળોએ દિવસને જાણે ભીના કપડા વડે વીંટી દીધો હતો. નોકરબાઈને છોકરાનું ધ્યાન રાખવાનું કહીને હું ચાલી નદીએ. મને જતી જોઈને તે રોવા લાગ્યો.''

''ઘાટ પર હજી કોઈ આવ્યું ન હતું. ગામની બધી સ્ત્રીઓમાં તરવામાં હું શ્રેષ્ઠ ગણાતી. વરસાદને લીધે નદી બે કાંઠે વહેતી હતી. મેં તેમાં કૂદકો માર્યો અને તરીને નદીના પ્રવાહની વચ્ચોવચ પહોંચી ગઈ.''

''અચાનક મને કિનારા પરથી રડવાનો અવાજ સંભળાયો, 'મા'. મેં પાછળ ફરીને જોયું તો છોકરો મારા નામની બૂમો પાડતો પગથિયાં ઊતરતો હતો. મેં બૂમ પાડીને તેને ઊભા રહેવા કહ્યું પણ એ તો હસતાં હસતાં બૂમો પાડતો મારી તરફ આવતો હતો. ડરના માર્યા મારા હાથપગ જકડાઈ ગયા. બીકથી મારી આંખો બંધ થઈ ગઈ. આંખો ખોલી ત્યારે લપસણાં પગથિયાં પર મારા છોકરાનું ખડખડાટ હાસ્ય

હંમેશ માટે અદૃશ્ય થઈ ગયું હતું.''

''હું કિનારા પાસે આવી. પાણીમાંથી તેને ઊંચક્યો. મારો દીકરો, મારો વહાલો, કેટલીય વાર તેને આમ ઊંચકી લેવા માટે મને કરગરતો હતો! અત્યારે મારા હાથમાં છે ત્યારે મારી આંખોમાં જોતો નથી અને 'મા' કહીને બોલાવતો નથી!''

''મારા બાળપ્રભુ આવ્યા હતા. મેં કાયમ તેમને ટાળ્યા હતા. તેમને ખૂબ રડાવ્યા હતા. અને હવે, એ બધી જ અવગણના મારા હૈયા પર ઘા કરી રહી છે! એક પછી એક, ઘા પર ઘા! જ્યારે તે મારી પાસે હતો ત્યારે મેં તેને એકલો મૂકી દીધો હતો. મારી સાથે લઈ જવાની ઘસીને ના પાડી દીધી હતી. હવે, જ્યારે તે ચાલ્યો ગયો છે ત્યારે તેની યાદ મને વળગી પડી છે. તે મને છોડતી નથી.''

''મારા પતિએ કેટલી પીડા ભોગવી છે એ તો ભગવાન જ જાણે છે. જો ભગવાને મને એકલીને જ મારા પાપની સજા કરી હોત, તો અમારાં બંને માટે સારું થાત. પણ, મારા પતિ કશું બોલતા નથી. એ તો મૌન રહીને દુ:ખ સહન કરવાનું જ જાણે છે.''

''દુ:ખથી મારી દશા સાવ પાગલ જેવી થઈ ગઈ હતી ત્યારે ગુરુ ઠાકુર પાછા આવ્યા. પહેલાં તો તેમનો અને મારા પતિ વચ્ચેનો સંબંધ દોસ્તીનો હતો. પણ હવે, તેમની પવિત્રતા પ્રત્યે મારા પતિને અનહદ પૂજ્યભાવ હતો. તે ગુરુ ઠાકુરના એવા પ્રભાવ હેઠળ હતા કે તેમની હાજરીમાં ભાગ્યે જ કશું બોલી શકતા.''

''મારા પતિએ મને આશ્વાસન આપવા માટે ગુરુને વિનંતી કરી. ગુરુએ મારી સમક્ષ શાસ્ત્રોનું વાંચન અને તેનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું. પણ મારી ઉપર તેની ખાસ કોઈ અસર થતી નહોતી. બલકે, જે વાણી એ વચનો ઉચ્ચારતી હતી તેનું જ મારે મન બહુ ઊંચું મૂલ્ય હતું. ઈશ્વરે હૃદયના ઊંડાણમાં મૂકેલા દિવ્ય જીવનના ઘૂંટડાનું પાન માણસના અવાજ વાટે કરી શકાય છે. ઈશ્વર પાસે એનાથી સારું બીજું કોઈ પાત્ર નથી અને તે પોતે પણ એ જ પાત્રમાંથી આ દિવ્ય ઘૂંટનું પાન કરે છે.''

''ધૂપસળીની મહેકથી જેમ મંદિરનું વાતાવરણ ભરાઈ જાય છે એમ મારું ઘર પણ ગુરુ પ્રત્યેના મારા પતિના પૂજ્યભાવથી ભરાઈ ગયું હતું. એવો આદરભાવ મેં પણ દર્શાવ્યો અને મારું મન શાંત થયું. ગુરુના રૂપમાં મને ઈશ્વરના દર્શન થયા. ભોજન માટે તે રોજ સવારે મારે ત્યાં આવતા હતા. નિદ્રામાંથી જાગૃત થતાં પહેલો વિચાર મને એમના ભોજનનો જ આવતો જે મારે માટે પ્રભુની પવિત્ર ભેટરૂપ હતું. તેમને માટે રસોઈ બનાવતી મારી આંગળીઓ હર્ષથી ગાઈ ઊઠતી હતી.''

''જ્યારે મારા પતિએ ગુરુ પ્રત્યેનો

મારો ભક્તિભાવ જોયો, ત્યારે તેમના મનમાં મારે માટેનું માન ખૂબ વધી ગયું. મને શાસ્ત્રોનું જ્ઞાન આપવા માટેનો ગુરુનો ઉત્સાહ તેમણે જોયો. તે એવું માનતા હતા કે અણસમજને લીધે પોતે કદી પણ ગુરુની કૃપા પ્રાપ્ત કરી શકશે નહીં, પણ પત્નીએ એવું કરી બતાવ્યું.''

''આ રીતે બીજાં પાંચ વર્ષ આનંદથી વીતી ગયાં અને એમ જ મારું આયખું પણ વીતી જાત. પણ બહાર જે દેખાતું હતું તેની પાછળ અંદરખાને કશુંક રંધાઈ રહ્યું હતું. મને તેની ભાળ ન મળી પણ મારા દિલમાં રહેલા પ્રભુએ તે શોધી કાઢ્યું. પછી એ દિવસ આવ્યો જ્યારે એક ક્ષણમાં અમારી આખી જિંદગી ઊંધીચત્તી થઈ ગઈ.''

''ભરઉનાળાની એક સવારે હું સ્નાન કરીને ઘરે પાછી આવતી હતી. મારાં કપડાં ભીનાં હતાં. રસ્તાના વળાંકે, આંબાના ઝાડ નીચે, મને ગુરુ ઠાકુર મળી ગયા. તેમણે ખભા ઉપર ટુવાલ વીંટાળેલો હતો. સંસ્કૃત શ્લોકોનો પાઠ કરતાં કરતાં તે સ્નાન માટે જતા હતા. મારાં ભીનાં વસ્ત્રો શરીર સાથે ચોંટેલાં હતાં એટલે તેમની સામે જતાં હું સંકોચાતી હતી. તેમની નજરથી બચીને જવા માટે મેં એક બાજુએથી ઝડપથી ચાલ્યા જવાનો પ્રયાસ કર્યો. ત્યાં તો તેમણે મારાં નામની બૂમ પાડી.''

''નજર નીચે ઢાળીને હું ઊભી રહી. તેમણે એક નજરે મને તાકી રહેતાં કહ્યું, ''તું કેટલી સુંદર છે!''

''મારા માથા ઉપર, ઝાડની ડાળોમાંનાં પક્ષીઓના આખા સમૂહમાંથી જાણે કોઈ ગીત ગૂંજી ઊઠ્યું! રસ્તામાં ઊગેલા છોડવા પરનાં ફૂલો જાણે એકદમ ખીલી ઊઠ્યાં! જાણે કે પૃથ્વી, આકાશ અને પ્રકૃતિમાં એક ઉન્મત્ત આનંદનું તોફાન મચી ગયું!''

''મને ખબર નથી કે હું કેવી રીતે ઘરે પહોંચી. બસ એટલું યાદ છે કે હું અમારા પૂજાના ઓરડામાં ધસી ગઈ. પણ ઓરડો તો ખાલીખમ હતો.''

''તે દિવસે ગુરુ ઠાકુર ભોજન માટે આવ્યા ત્યારે મારા પતિને પૂછ્યું કે હું ક્યાં છું? તેમણે આમતેમ જોયું પણ હું ક્યાંય દેખાઈ નહિ.''

''ઓહ! મારે માટે હવે પૃથ્વી એની એ રહી નથી. સૂર્યપ્રકાશ પણ એનો એ નથી. મારા મનમાં ધ્રાસકો પડ્યો! દિગ્મૂઢ બનીને હું મારા પ્રભુ પાસે આવી પણ તેમણે તો મારા તરફથી મોઢું ફેરવી લીધું.''

''મને ખબર નથી કે દિવસ કેમ પસાર થયો. એ રાતે હું મારા પતિને મળવાની હતી. પરંતુ, તે રાતે ઘોર અંધારું અને નીરવ શાંતિ હતી. એવા સમયે જ મારા પતિના મનમાં સમી સાંજના તારાઓ જેવી ચમક આવે છે. મેં તેમને અંધારામાં વાત કરતાં સાંભળ્યા હતા. મને એ જાણીને બહુ આશ્ચર્ય થયું કે તેમનામાં કેટલી ઊંડી સમજણ હતી.''

''ઘરના કામકાજને લીધે સૂવા જવામાં કેટલીક વાર મને મોડું થતું. ત્યારે તે પથારીમાં સૂઈ જવાને બદલે ભોંય પર બેસીને મારી રાહ જોતા હોય. આવા વખતે અમારી વાતોની શરૂઆતનો વિષય મોટે ભાગે ગુરુ અંગેનો જ રહેતો.''

તે રાતે, મધરાત વિત્યા પછી હું મારા ઓરડામાં આવી ત્યારે મારા પતિ ભોંય પર ઊંઘતા હતા. તેમને ઊઠાડ્યા વગર ચૂપચાપ હું પણ તેમની તરફ માથું રાખીને ભોંય પર સૂઈ ગઈ. ઊંઘમાં પગ લાંબાટૂંકા કરતાં તેમનો પગ મારી છાતી પાસે સહેજ અથડાયો. એ જ મને તેમની છેલ્લી બક્ષિસ હતી.''

''બીજે દિવસે સવારે, તે નિદ્રામાંથી જાગ્યા ત્યારે હું તેમની પાસે જ બેઠી હતી. બારીની બહાર, ફણસના ઘટાદાર વૃક્ષની પાછળ પ્રભાતનું પહેલું, ઝાંખા લાલ રંગનું કિરણ પ્રગટ થયું. એટલી વહેલી સવારે હજી કાગડાઓએ 'કા કા' કરીને તેમની હાજરી પુરાવી ન હતી.''

''મેં નીચા નમીને તેમનાં ચરણોનો સ્પર્શ કરીને માથું નમાવ્યું. સપનામાંથી જાગતા હોય એમ તરત આશ્ચર્યથી મારી સામે જોવા લાગ્યા. હું બોલી, 'મેં નક્કી કરી લીધું છે. મારે સંસારનો ત્યાગ કરવો છે. હું હવે તમારી રહી નથી. મારે આ ઘર છોડી દેવું જોઈએ.''

''મારા પતિએ કદાચ વિચાર્યું હશે કે તે હજી સપનામાં છે. તે કશું બોલ્યા નહિ.''

''આહ! જુઓ, મારી વાત સાંભળો.'' મેં અસહ્ય વેદના સાથે આજીજી કરી, ''મને જરા સાંભળો અને સમજો. તમે બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લો. હું તમારી રજા માગું છું.''

''તેમણે કહ્યું, 'શું આવી ગાંડી ને મૂરખ જેવી વાત કરે છે? કોણે તને સંસાર છોડવાની સલાહ આપી?' ''

''મારા ગુરુ ઠાકુરે.''

''સાંભળીને એ તો ડઘાઈ જ ગયા! 'ગુરુ ઠાકુર!', તેમણે ચીસ પાડી, 'એમણે ક્યારે તને આવી સલાહ આપી?''

''કાલે સવારે,'' મેં કહ્યું, ''નદીએથી જ્યારે હું પાછી આવતી હતી ત્યારે.''

''તેમનો અવાજ સહેજ ધ્રૂજતો હતો. મારી તરફ ફરીને મારી આંખોમાં જોતાં તેમણે પૂછ્યું, 'એમણે તને આવી આજ્ઞા શાથી કરી?' ''

''મને ખબર નથી, તેમને પૂછો. એ પોતે જ તમને કહી શકશે.''

''સંસારમાં રહીને પણ સંસાર છોડી શકાય છે. તારે મારું ઘર છોડવાની જરૂર નથી. હું મારા ગુરુ સાથે વાત કરીશ.''

''તમારા ગુરુ,'' હું બોલી, ''કદાચ તમારી વાત માનશે, પણ મારું હૃદય એ માટે કદી પણ સંમતિ આપશે નહિ. હું તમારું ઘર છોડી દઈશ. હવેથી આ જગત મારા માટે નથી.''

''તે કશું બોલ્યા નહિ. અમે ત્યાં જ

અંધારામાં ભોંય પર બેસી રહ્યાં. જ્યારે અજવાળું થયું ત્યારે મને કહ્યું, '' 'ચાલ, આપણે બંને તેમની પાસે જઈએ.' ''

''મેં હાથ જોડીને કહ્યું, ''હું હવે ક્યારેય તેમને મળવાની નથી.''

''કશું બોલ્યા વગર તે મારા મોઢા સામે જોઈ રહ્યા. મેં આંખો નીચે ઢાળી. મને ખ્યાલ આવી ગયો કે તેમણે મારા મનની હાલત જોઈ લીધી છે અને તેની અંદરની વાત તે જાણી ગયા છે. મારા જીવનમાં બે જણે મને સૌથી વધુ પ્રેમ કર્યો છે – મારો પુત્ર અને મારા પતિ. એ પ્રેમ જ મારો ભગવાન છે. તે કોઈ જૂઠાણું સહન કરશે નહિ. બેમાંથી એક મને છોડી ગયો અને બીજાને હું છોડી જઉં છું. હવે મારે સત્ય અને માત્ર સત્ય જ જોઈએ.''

મારા પગ પાસેની ભોંયનો તેણે સ્પર્શ કર્યો, ઊભી થઈ, મને પગે લાગી અને ચાલી ગઈ.

(અંગ્રેજી પરથી અનુવાદિત)


❑❑❑



ડૉ. રશીદ મીર...

જન્મ: ૧-૬-૧૯૫૦, અવસાન: ૧૧-૫-૨૦૨૧

ધબકના તંત્રી અને જાણીતા ગઝલકાર, વિવેચક, ગઝલ મર્મજ્ઞ, ગઝલમાં પ્રથમ પી.એચ.ડી કરનાર, પ્રેમાનંદ સાહિત્ય સભાના ટ્રસ્ટી, બુધસભા વડોદરાના સંચાલક ડૉ. રશીદ મીર સાહેબનું નિધન થયું છે. ગુજરાતી ગઝલને ન પુરાય એવી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા એમનાં પવિત્ર આત્માને શાંતિ આપે અને પરિવારને આઘાત સહન કરવાની શક્તિ એજ પ્રાર્થના.



ધીરુભાઈ પરીખ

જન્મ : ૩૧-૦૮-૧૯૩૩ - અવસાન : ૯-૫-૨૦૨૧

જાણીતા કવિ, વિવેચક, વાર્તાકાર અને 'કુમાર' તથા 'કવિલોક'ના તંત્રી ધીરુભાઈ પરીખનું કોરોનાને કારણે દુઃખદ અવસાન થયું છે. તેઓ કાવ્યશાસ્ત્રની જંગમ યુનિવર્સિટી સમા હતા. સદ્‌ગતને હાર્દિક શ્રદ્ધાંજલિ.



વેક્સિન

☐ નીલેશ રાણા, M. D. USA

દુનિયાભરના તમામ દેશોમાં કોરોના વાઈરસ વાયુવેગે પ્રસરી રહ્યો છે. આ એક ચિંતા અને ભયજનક પ્રશ્ન છે. કોરોના સાથેની આપણી લડતને મહાવિશ્વયુદ્ધ જરૂર કહી શકાય. આ લેખનો હેતુ માત્ર વેક્સિન વિશેની બને એટલી સાચી જાણકારી આપવા પૂરતો જ છે. આ વાઈરસ અને એનાથી ફેલાતી બીમારીને રોકવા, અંકુશમાં લાવવા માટે ઉપલબ્ધ વેક્સિન ઢાલનો ભાગ ભજવે છે. હા ઉપાય ૧૦૦ ટકા સફળ નથી. છતાંયે માંદગીને ગંભીર થતાં અટકાવે છે. તમારું હોસ્પિટલમાં એડમિશન રોકે છે અને મૃત્યુથી બચાવે છે. એ સાચી હકીકત છે. વેક્સિનની કામયાબીમાં મને દૃઢ વિશ્વાસ છે. ફેબ્રુઆરી ૨૦૨૦થી કોરોનાગ્રસ્ત પેશન્ટોની સારવારમાં ભાગ લઈ રહ્યો

છું. મેં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં મોર્ડના વેક્સિનના બે ડોઝ લીધા છે અને ઈશ્વરકૃપાથી હજી સુધી સુરક્ષિત છું.

પણ વેક્સિનની વિરુદ્ધ થતો ખોટો પ્રચાર, માહિતી, આશંકા, અજ્ઞાનતા, ધાર્મિક માન્યતાને કારણે અમુક લોકો વેક્સિનનો બહિષ્કાર કરે છે અને પોતાને તથા બીજી વ્યક્તિને જોખમમાં મૂકી રહ્યા છે એ આપણું દુર્ભાગ્ય છે.

વેક્સિનના ઉપયોગ સાથે માસ્ક પહેરવું, હાથ ધોવા સોશિયલ ડિસ્ટન્સ જાળવવું જેવાં પગલાં અંત્યત જરૂરી છે. સાથે ભીડમાં જવાનું ટાળવું અને બંધિયાર જગ્યામાં જ્યાં હવાની હેરફેર થતી ન હોય ત્યાં બેસવું નહીં એ પણ ધ્યાનમાં રાખવું. બને તો મારી જેમ ડબલ માસ્ક પહેરો. કામ કર્યા બાદ કપડાં બદલી રોજ નાહવાનું રાખો.

અત્યારે વિશ્વમાં ૧૨ પ્રકારની વેક્સિનનો ઉપયોગ થઈ રહ્યો છે અને હજુ એના ઉત્પાદનમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. વેક્સિનના ઉત્પાદનમાં વધારો થઈ રહ્યો છે. આના ચાર પ્રકાર છે.

તમે જાણો છે કે વાઈરસના બાહ્ય આવરણ પર આવેલા સ્પાઈક દ્વારા વાઈરસ આપણા કોષો પર અટેચ થઈને અંદર પ્રવેશે છે. પછી કોષ પર કબજો કરી પોતાના મેસેન્જર RNA દ્વારા પોતાની નકલ કરતા - ડુપ્લિકેશન દ્વારા પોતાની સંખ્યા વધારતાં બીમારી ફેલાવે છે. સ્પાઈકમાં રહેલા પ્રોટીનના બ્લ્યુ પ્રિન્ટની જાણકારી mRNAમાં હોય છે. આ જાણકારીનો ઉપયોગ વેક્સિનના નિર્માણમાં કરાય છે. જેથી આપણું શરીર એન્ટિબોડીઝનું ઉત્પાદન કરી આ વાઈરસથી થતું નુકસાન અટકાવી શકે. ચાર પ્રકારની વેક્સિન નીચે પ્રમાણે.

(૧) mRNA વેક્સિન. અહીં કોરોના સ્પાઈક પ્રોટીનના mRNAનું ડુપ્લિકેશન. રાસાયણિક પદ્ધતિ દ્વારા કૃત્રિમ રીતે કરવામાં આવે છે જેથી એમાં વાઈરસનો કોઈ અંશ નથી હોતો. આ સિન્થેટિક mRNAને વેક્સિનના રૂપમાં આપણને ઇન્જેક્શન દ્વારા આપવામાં આવે છે. જે આપણા કોષોમાં દાખલ થઈ એમાં સ્પાઈક પ્રોટીનનું ઉત્પાદન ચાલુ કરે છે. પછી આ પ્રોટીનને શરીરમાં જોતાં આપણી ઇમ્યુન સિસ્ટમ એની વિરુદ્ધ એન્ટિબોડિઝનું નિર્માણ-ઉત્પાદન કરે છે. B અને T Cellને સાબદા કરે છે. અને ભવિષ્યમાં કોરોના વાઈરસના આક્રમણથી રક્ષા અર્પે છે. આ વેક્સિન દ્વારા કોરોના થવાનો ચાન્સ ઝીરો છે. અત્યાર સુધી આ વેક્સિનના ઉપયોગ દરમિયાન કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. આમાં ફાઈઝર અને મોર્ડના વેક્સિનનો સમાવેશ થાય છે.

(૨) Viral Vector વેક્સિન અહીં વિભિન્ન પ્રકારની એડિનો વાઈરસ

(Adenovirus)નો વેક્ટર (vector) અથવા કે કેરિયર (વાહક) તરીકેનો ઉપયોગ કરવામાં આવે છે. માણસમાં એડિનો વાઈરસ શરદીની બીમારી ફેલાવે છે. કોરોના વાઈરસના નાનકડા અંશ-જિનેટિક મટિરિયલને એડિનો વાઈરસમાં દાખલ કરવામાં આવે છે. પછી વેક્સિન દ્વારા આપણા શરીરમાં દાખલ કરતાં એડિનો વાઈરસમાં રહેલા કોરોના વાઈરસનો જિનેટિક અંશ આપણા કોષોને સ્પાઈક પ્રોટીનનું (mRNA વેક્સિનની જેમ) ઉત્પાદન કરવા ઉત્તેજિત કરે છે. અને આ પ્રોટીનને ઓળખતાં આપણી ઇમ્યુન સિસ્ટમ એન્ટિબોડિઝનું ઉત્પાદન કરે છે જે ભવિષ્યમાં થનાર કોરોના વાઈરસના હુમલાથી રક્ષણ આપવા સક્ષમ બને છે. એસ્ટ્રોઝેનિકા, જ્હોન્સન એન્ડ જ્હોન્સન અને રશિયાની Sputnik V વેક્સિન આ પદ્ધતિ દ્વારા બનાવવામાં આવી છે.

એસ્ટ્રોઝેનિકાની વેક્સિનમાં Covishild ચિપાન્ઝીમાં મળી આવતી એડિનો વાઈરસનો વેક્ટર-વાહક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. (ChAdOX1 નામ છે.) રશિયન સ્પુટનિક-V વેક્સિનમાં બે હ્યુમન એડિનો વાઈરસ Ad 26 અને Ad-5 અને જે એન્ડ જેની વેક્સિનમાં Ad-26 વાઈરસનો વાહક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

પણ અત્યારે ઓક્સફર્ડ-એસ્ટ્રોઝેનિકા અને જે એન્ડ જે વેક્સિનની ગંભીર આડઅસર-બ્રેઈનમાં થતી લોહીની ગાંઠના (Blood clot) જૂજ કિસ્સાઓ જોવામાં આવતાં એના ઉપયોગ પર નિયંત્રણ લાદવામાં આવ્યું છે. એના ઉપયોગ પર મતભેદ ઊભો થતાં ફરી ક્યારેક એનો વપરાશ થશે. આ વેક્સિનની આડઅસર છે કે અમુક પ્રકારની વ્યક્તિઓમાં જ આ જોવા મળે છે એ નક્કી થતાં થોડી વાર લાગશે. આ વેક્સિનને લીધે પણ કોરોનાની બીમારી થવાનો ભય નથી.

(૩) Subunit વેક્સિનઃ આમાં આપણા શરીરમાં જિનેટિક કોડ દાખલ કરી સ્પાઈક પ્રોટીનનું ઉત્પાદન કરવાની જગ્યાએ, એ પ્રોટીનનું લેબોરેટરીમાં ઉત્પાદન કરી વેક્સિન દ્વારા શરીરમાં દાખલ કરી એન્ટિબોડિઝનું ઉત્પાદન ઇમ્યુન સિસ્ટમ દ્વારા થતાં રક્ષણ મળે છે.

આ પ્રોસેસમાં લેબોરેટરીમાં ઇન્સેક્ટ (Insect) જંતુઓના કોષોમાં વાઈરસના નાનકડા અંશ-સ્પાઈક પ્રોટીનના જિનેટિક કોડને ઉમેરી મોટા પાયા પર સ્પાઈક પ્રોટીનનું ઉત્પાદન કરવામાં આવે છે. અને એને પછી વેક્સિનના રૂપે વાપરવામાં આવે છે. એથી આ વેક્સિન પ્રથમ બે પ્રકારથી અલગ પડે છે. આનું ઉદાહરણ Novavax છે. આનાથી પણ કોરોનાની બીમારી થવાનો ભય નથી.

(૪) Inactivated વેક્સિન: અહીં પૂરો કોરોના વાઈરસનો ઉપયોગ કરવામાં આવે છે. પણ ગભરાવાની જરૂર નથી. રસાયણિક પ્રોસેસ દ્વારા આ વાઈરસને નિષ્ક્રિય બનાવતા એ ચેપી ન રહેતાં રોગ ફેલાવવા સક્ષમ નથી રહેતી. આની સાથે સહાયક (Adjuvant) પદાર્થને સંકલિત કરી બનાવેલી વેક્સિનનો ઉપયોગ કરવામાં આવે છે. જે શરીરમાં દાખલ થતાં જ ઇમ્યુન સિસ્ટમને ઉત્તેજિત કરે છે અને એન્ટિબોડિઝનું ઉત્પાદન શરૂ થાય છે. Sinovac Sinopharma અને Bharat Biotechની વેક્સિન આનું ઉદાહરણ છે.

ભારતમાં ઝાયડાસ-કેડિલા દ્વારા ZyCov-Di વેક્સિન, પૂનામાં Genova કંપનીનું યુએસ બેઝ્ડ્ HDT Priotech સાથે ભારતની પ્રથમ mRNA વેક્સિન HGCO19નું સંશોધન, ભારત બાયોટેક દ્વારા Nasal Vaccineની રીસર્ચ અને સીસી ઇન્સ્ટિટ્યૂટ પૂના દ્વારા થતું સંશોધન પણ કોરોનાના પ્રકોપને અંકુશમાં લાવવા મદદરૂપ બનશે.

ફાઈઝર અને મોર્ડના વેક્સિનની જાણકારી મુજબ છ મહિના બાદ પણ શરીરમાં એન્ટિબોડિઝનું યોગ્ય પ્રમાણ જોતાં એની અસરકારકતા ટકી રહી છે એ આનંદની વાત છે. હજુ કેટલા સમય સુધી આ ઇમ્યુનિટી ટકશે એ આવનાર સમય બતાવશે. પણ

અત્યારની જાણકારી મુજબ ફાઈઝર કંપની દ્વારા બુસ્ટર ડોઝની જરૂર પડશે એવી માહિતી આપવામાં આવી છે.

આજકાલ હર્ડ ઇમ્યુનિટીની ચર્ચા થઈ રહી છે. (સામૂહિક સંરક્ષણતા) જ્યારે કોઈ દેશની પ્રજાના ૭૫ થી ૯૫ ટકા વસતી બીમારીનો ભોગ બને અથવા વેક્સિન મેળવે તો બીમારીનો ફેલાવો અટકે છે. કારણ કે ઇમ્યુનિટી-એન્ટિબોડિઝને કારણે બીમારી અંકુશમાં આવે છે. પણ આજકાલ ઇન્ટરનેશનલ વ્યાપાર વ્યવહારને કારણે દુનિયાના બધા દેશોમાં વેક્સિનનો પૂરો જથ્થો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ બીમારીનો ફેલાવો અટકવો અશક્ય છે. માટે ધનવાન દેશો ગરીબ દેશોને વેક્સિન પૂરા પ્રમાણમાં પહોંચાડે અને જોઈતી મદદ કરે તો જ આ ભયને ટાળી શકાશે.

વાઈરસ પણ પોતાનું બંધારણ બદલી રહ્યો છે. યુ.કે વેરિઅન્ટ, બ્રાઝિલ વેરિઅન્ટ, સાઉથ આફ્રિકા અને હવે ઇન્ડિયન વેરિઅન્ટ આજની વેક્સિનની અસરકારતા માટે પડકારરૂપ છે. ફાર્મા કંપનીઓ વેક્સિનના બંધારણમાં યોગ્ય ફેરફાર કરવામાં વ્યસ્ત છે.

મ્યુટેશન (Mutation) અને વેરિઅન્ટ (Variant) શબ્દો પણ પ્રચલિત થયાં છે. દરેક વાઈરસમાં માત્ર RNA જ હોય છે DNA નહીં. શરીરના કોષમાં પ્રવેશ્યા બાદ વાઈરસ પોતાનું ડુપ્લિકેશન કરતાં, કોપી કરતાં બીજા કોષોમાં પ્રવેશતાં પોતાના બંધારણમાં કદીક ભૂલ કરે છે આને મ્યુટેશન કહેવામાં આવે છે એટલે ઓરિજિનલ વાઈરસથી થોડો જુદો પડે છે. આને કારણે વાઈરસ સ્ટ્રોંગ અથવા વીક બને છે. આ મ્યુટેટ થયેલા વાઈરસને વેરિઅન્ટ (Variant) તરીકે ઓળખવામાં આવે છે. આ વેરિઅન્ટ અથવા ન્યુસ્ટ્રેઈન (Newstrain) વધુ જોખમી હોઈ શકે. વાઈરસની પ્રોપર્ટીમાં ફેરફાર થતાં એનું ટ્રાન્સમિશન (ફેલાવો) ઝડપી બને. સહેલાઈથી ફેલાઈ શકે અથવા વધુ ચેપી બને શકે. આમ વેરિઅન્ટને નવી Strain (જાત) તરીકે ઓળખવા માટે એમાં ઓરિજિનલ વાઈરસ કરતાં નોંધપાત્ર ફેરફાર હોવો જોઈએ. ઉદાહરણ તરીકે યુ.કે.ની B.I.I.7 માં ઓરિજિનલ વાઈરસ કરતાં ૧૭ જિનેટિક તફાવત જોવા મળ્યા છે. તેથી એનું પ્રસારણ ઝડપથી થાય છે અને માંદગીને ગંભીર બનાવે છે.

એટલે રાહ ન જોતાં વેક્સિન લેવામાં ઢીલ ન કરો. ખાસ કરીને વયસ્ક વ્યક્તિઓ અથવા જેમને ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, હૃદયની બીમારી, અસ્થામા, કેન્સર, ઓબેસિટી હોય એમણે તરત જ વેક્સિન લેવી જોઈએ. વેક્સિનના પ્રથમ ડોઝ બાદ ઇમ્યુનિટીમાં ૫૦ ટકા અને બીજા ડોઝ બાદ ૯૦

ટકાથી વધુ વધારો થશે. કદાચ બીજા ઇન્જેક્શન બાદ આડઅસરની માત્રામાં વધારો જોવા મળે. ઇન્જેક્શન લીધાની જગ્યાએ દુખાવો, લાલ ચાઠું, તાવ, શરીર કે ગળામાં દુખાવો, નબળાઈ જેવાં ચિહ્નો જોવા મળે તો જે બે કે ત્રણ દિવસમાં દૂર થઈ જાય છે. જો તમને એલર્જીના પ્રોબ્લેમ હોય તો તમારા ફેમિલી ડોક્ટરની સલાહ જરૂર લેવી.

જેમને આ બીમારી થઈ છે એમને વેક્સિનનો એક ડોઝ લીધા પછી એન્ટિબોડિઝ ઉત્પાદનનો રિસ્પોન્સ જે વ્યક્તિને આ બીમારી થઈ નથી એના કરતાં 10 થી 45 ટકા વધારે જણાયો છે.

વેક્સિનનો બીજો ડોઝ લીધા પછી બે અઠવાડિયાં બાદ તમને આ બીમારી વિરુદ્ધ પૂરતું પ્રોટેક્શન મળી રહેશે અને તમે વાઈરસનો ફેલાવો રોકી શકશો. વેક્સિન લીધા છતાંય જૂજ લોકોમાં આ વાઈરસ બીમારી જોવા મળી છે જેને 'Break through infection' કહેવામાં આવે છે. પણ એ ચિંતાજનક પરિસ્થિતિ નથી.

કોરોનાગ્રસ્ત થયા બાદ પણ વેક્સિન લેવી જરૂરી છે. જો એની ટ્રીટમેન્ટમાં તમને Monoclonal Antibody અથવા સંક્રમિત વ્યક્તિની પ્લાઝમાં (Convalesvent plasma)નો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો ૯૦ દિવસ બાદ વેક્સિન લેવાની ભલામણ કરવામાં આવી છે.

વેક્સિનનો બીજો ડોઝ લેવાના બે અઠવાડિયાં બાદ તમે તમારાં બાળકોને મળી શકો છો. અને બહારની વ્યક્તિઓ જેમણે પણ બે ડોઝ લીધા હોય તેમને મળી શકો છો જેમને બીમારીનાં ચિહ્નો ન હોય પણ વેક્સિન ન લીધી હોય તો સાવચેતી રાખવી. બે ઇન્જેક્શન લીધાં બાદ વાઈરસ માટેની ટેસ્ટ કરવાની જરૂર નથી સિવાય કે તમને બીમારીનાં ચિહ્નો જણાય તો. અમેરિકામાં આ વ્યક્તિઓને જરૂર હોય તો અમેરિકામાં મુસાફરી કરવાની છૂટ આપવામાં આવી છે. પણ મારી સલાહ એ છે કે વેક્સિનનાં બે ઇન્જેક્શન લીધાં બાદ માસ્ક પહેરવાનું ચાલુ રાખજો. મીડિયામાં આવતા ખોટા પ્રસારણથી આઘા રહેજો.

હવે છ મહિનાની સોળ વર્ષના માટે ફાઈઝર અને મોર્ડનાની વેક્સિન અસરકારક છે કે નહીંની રિસર્ચ ચાલુ છે. એના ન્યુઝ હજુ આવવા બાકી છે.


સ્ત્રીઓ જો પ્રેગ્નન્ટ હોય તો વેક્સિન લેવી કે નહીં એની સલાહ તમારા ડોક્ટર પાસે લેવી જરૂરી છે.

વેક્સિન વિશેની જાણકારી રોજબરોજ બદલાય છે. નવી માહિતી મળતી જાય છે. માટે હંમેશાં જાણકારી મેળવતા રહો.

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૨૮. પુસ્તકો વાંચે છે? તો એને શૂળીએ ચઢાવો!

સરકારી અધિકારી ટેબલના ખાનામાં પુસ્તકો સંભાળી રાખે, સમય મળ્યે પગ લાંબા કરીને વાંચે, અન્ય નવરા પુસ્તકપ્રેમીઓને ભેગા કરીને તાત્ત્વિક તડાકા મારે તે શું યોગ્ય ગણાય?

આ બાબતે મેં, દીપકભાઈ મહેતાના સંદર્ભમાં મારો અભિપ્રાય સ્પષ્ટ કરી દીધો, પરંતુ કુદરતી ન્યાય (natural justice)ના સિદ્ધાંત પ્રમાણે - પોતે આરોપી અને પોતે જ ન્યાયાધીશ! - એનું કોઈ વજૂદ ગણાય નહીં. ધર્મનો સૂક્ષ્મ મુદ્દો છે : એનો ઉત્તર 'બોમ્બે સિવિલ સર્વિસ રુલ્સ' જેવા જડ, નિષ્પ્રાણ શાસ્ત્રોમાંથી મળે નહીં.

ધર્મ-અધર્મનો નિર્ણય કરવા માટે આપણે રથને યુદ્ધના મેદાનની વચ્ચે હંકારી જવો પડશે.

કુરુક્ષેત્ર કહેતાં અમદાવાદ.

ભાવનગર રહ્યું ખૂણામાં. ત્યાંના નાગરિકો ભોળા, સરળ, મોટા મનવાળા. તેથી ભાઈશ્રીનું ગાડું ગબડ્યું અને તેઓની વાંધાજનક ગતિવિધિઓ સામે ફરિયાદ ઊઠી નહીં. ભાવનગરથી બદલી પાલનપુર થઈ (ગુજરાતનો બીજો ખૂણો) અને ત્યાંથી જાન્યુઆરી' ૮૩માં અમદાવાદ (શહેર)માં થઈ.

નવી જગ્યા પર હાજર થાઉં તે પહેલાં એજ્યુકેશન સેક્રેટરી બૂચસાહેબે મને રૂબરૂ બોલાવી ટૂંકું પણ ચોટદાર પ્રવચન આપ્યું હતું, જેનો પ્રધાન સૂર ચેતવણીનો હતો : તમારી અગાઉની કામગીરી ધ્યાનમાં લઈને અહીં મૂકીએ છીએ, પણ યાદ રાખો કે અમદાવાદ તે ભાવનગર નથી. આપણી અમદાવાદ ઓફિસની વાત નિરાળી છે. આખું

તંત્ર ખાડે ગયું છે. ડી.ઈ.ઓ.ને કોઈ ગાંઠતું નથી. મુલાકાત માટે રજા લેવાનો રિવાજ નથી. ફાવે તે માણસ બારણું ઠેલીને પેસી જાય છે. સંચાલકો ધમકી આપીને સહી કરાવે છે. શિક્ષકસંઘવાળા પેપરવેઈટ ઉગામે છે - જોયું કે આ? માથામાં મારીશ!

ચિત્રની થોડી વધારે રેખાઓઃ

લોબીમાં ચાલવાની જગ્યા હોતી નથી. અડધી સ્કૂલોના આચાર્યો - સંચાલકો ઓફિસમાં ધામા નાખીને પડ્યા રહે છે. કારકુનોનાં ટેબલ ફરતે ટોળાં હોય છે -

મેં કહ્યું, 'સાહેબ, આપ પંદર દિવસ પછી રિપોર્ટ મેળવજો, બધું બદલાઈ ગયું હશે.'

આને કોઈ આત્મશ્લાઘા કહેશે, હું સમજું છું, છતાં મેં પૂરી સભાનતા સાથે આ નોંધ્યું છે. સવાલ હતો અનુશાસનનો. વ્યક્તિનું નહીં પરંતુ હોદ્દાનું માન જાળવવાનો, તેના ગૌરવની પુનઃ સ્થાપના કરવાનો.

અમદાવાદની ઓફિસમાં હાજર થયો ત્યારે પ્રાથમિકતામાં કોઈ શૈક્ષણિક કે વહીવટી કામ નહીં, સુથારીકામ આવ્યું! ચેમ્બરના બારણાને ડોર-ક્લોઝર જ નહોતું. ભૂતકાળમાં કોઈ સમયે હશે (તેના પુરાવારૂપે થોડી ખીલીઓ અને સ્ક્રૂ-બોલ્ટ દયનીય સ્થિતિમાં પોતાની મૂળ જગ્યાએ ચોંટી રહ્યાં હતાં) પરંતુ આપણી સંસ્કૃતિમાં જે ગતિથી ફેરફારો થઈ રહ્યા હતા એમાં, કોઈ તબક્કે તૂટી ગયું હશે અથવા તોડી નાખવામાં આવ્યું હશે. આની પાછળ રહેલું જીવનદર્શન સરળ છેઃ સર્જનહારની આ સૃષ્ટિમાં સઘળે મુક્તિ જ છે. હવાનું ઉદાહરણ લો-

ડોર-ક્લોઝર બીજા દિવસે લાગી ગયું. અન્ય જરૂરી પગલાં પણ લીધાં. એજ્યુકેશન સેક્રેટરી પાસે પંદર દિવસની મુદત માગી હતી, પરંતુ કાર્ય એ પહેલાં સિદ્ધ થઈ ગયું.

અમદાવાદના સંચાલકો તો સમર્થ હતા, બળિયા હતા. એ હથિયાર હેઠાં મૂકી ન દે. એમની પહોંચ ઊંચે સુધી હતી. યોગાનુયોગ એ વખતના શિક્ષણમંત્રી પણ અમદાવાદના હતા. એમની સાથે કેટલાકને ઘરોબો. મંત્રીશ્રીને મળવા માટે એમને સામાન્ય અરજદારની જેમ સચિવાલયમાં જવાનું ન હોય, સવારસવારના મંત્રીશ્રીના બંગલે ચાપાણી માટે વગર આમંત્રણે પહોંચી શકે એવો અધિકાર.

એમને અનુકૂળ ન હોય એવા અધિકારીની ચપટીમાં બદલી કરાવી શકે. આવો માણસ અમદાવાદમાં ચાલે? ફાવે ત્યારે સ્કૂલ પર દરોડા પાડે, પોતે હિસાબના ચોપડા તપાસે-

*

હવે એક ટૂંકું ફારસ.

નિયમ છેઃ હજૂરિયાઓમાંથી એકાદ થોડો જુદો હોય, મશ્કરો હોય. હજૂરિયા તરીકેના પોતાના સ્વરૂપ વિશે એને ભ્રમ

ન હોય. એ અડધો મંડળની અંદર હોય, અડધો બહાર. અડૂકિયો-દડૂકિયો.

મંત્રીશ્રીના બંગલે એક સવારે જે બન્યું તેનો આંખે દેખ્યો અહેવાલ મને, આવા એક હજૂરિયા દ્વારા મળ્યો હતો.

એક સંચાલકે ચાની ચૂસકી લેતાં કહ્યું, 'એક દિવસ ન ચાલે.'

'શું ન ચાલે?'

'તમે નહીં માનો. સાહેબ પણ આ માણસ-'

'કયો માણસ?'

'તમે અમારા માથા ઉપર બેસાડ્યો છે એ.'

મંત્રીશ્રી આંખો ઝીણી કરી ફરિયાદીના માથાની ઉપરના ભાગને તપાસવા લાગ્યા.

'ક્યાંથી પકડી લાવ્યા છો? અમદાવાદમાં તો કેવા પ્રેક્ટિકલ ઓફિસર જોઈએ. આનામાં તો સાવ છોકરમત છે. આપ નહીં માનો, સાહેબ, પણ ચાલુ ઓફિસે-'

'દારૂ પીએ છે?'

'ના-'

અમદાવાદના શિક્ષણશાસ્ત્રીને દારૂ સામે ફરિયાદ ન હોય.

'તો શું કરે છે?'

'વાંચે છે!'

મંત્રીશ્રી ચમક્યા, 'શું કહ્યું?'

'વાંચે છે, ખુરશીમાં બેઠો બેઠો.'

'ભાઈ, આ વાત મારા મગજમાં ઊતરતી નથી.'

'મેં કહ્યું હતું ને કે આપ નહીં માનો?'

'મારી સાંભળવામાં ભૂલ થતી હોય કે તમારી બોલવામાં. ફરીથી, શબ્દો છૂટા પાડીને, આ બધા સાંભળે એ રીતે બોલશો?

'બુકો... વાંચે... છે!'

'ના હોય!'

'તો! ઇંગ્લિશ બુકો!'

'તમે તો મને ફરીથી પાછો કન્ફ્યુઝ કરી દીધો! ચોખ્ખેચોખ્ખું બોલો - ઇંગ્લિશ બુકો પીએ છે કે ઇંગ્લિશ વિસ્કી વાંચે છે?'

'બુકો.'

'ધોળે દહાડે?'

'એ જ તો!'

'આ તો ન જ ચલાવી લેવાય!'

ફરિયાદી રાજીના રેડ. મરકમરક.

મંત્રીશ્રીએ અન્ય દરબારીઓની સામે જોયું. 'તમારો શો અભિપ્રાય છે, મિત્રો? ફરિયાદ ખૂબ ગંભીર છે. ગુનેગારને સજા થવી જોઈએને?'

પંચના સભ્યો મૂર્ખ નહોતા. વાત શરૂ કયા બિંદુ પર થઈ અને હવે કઈ દિશામાં જઈ રહી હતી તે એ સમજતા હતા. હસતા હતા, ડોલતા હતા.

સજાનો પ્રકાર નક્કી કરવાનો અધિકાર પણ ફરિયાદીને જ હોવો જોઈએ. એ સિદ્ધાંતને અનુસરીને મંત્રીશ્રી બોલ્યા, 'તમે કહો તે સજા કરીએ. બોલો, ફાંસીએ લટકાવીશું?'

અહીં મંત્રીશ્રી અટક્યા. પોતાની

ભૂલ પોતે જ પકડી પાડી, 'ના, ના, ફાંસી નહીં અંધેરી નગરીમાં તો, મને યાદ છે ત્યાં સુધી, શૂળીએ ચડાવવાનો રિવાજ હતો.'

કંઈક અનપેક્ષિત વટાઈ રહ્યું છે તેવું પેલાને હવે લાગ્યું. એણે આજુબાજુ નજર કરી. ખરા સમયે સાથ છોડી દેનારા પોતાના નિર્લજ્જ સાથીદારોને હસતા જોયા.

'ના, ના-'

હવે મંત્રીશ્રીએ ડફણું માર્યું (ઘરોબામાં ડફણું ખાવાનો અધિકાર પણ હશે એમ આપણે માની લઈએ.)

'અલ્યા, તું ફરિયાદ કરવા આવ્યો છે કે પ્રશંસા?'

ત-ત-ફ-ફ પ્રશંસા? કોની પ્રશંસા?

'ઓફિસમાં તારી સ્કૂલનું કોઈ કામ અટકે છે? એમાં વિલંબ થાય છે?'

'ના-'

'ટેબલ ઉપર ફાઈલોના ઢગલા પડ્યા રહે છે?'

'ના-'

'તો પછી તમને લોકોને વાંધો શો છે?'

કોઈની પાસે ઉત્તર નહોતો.

'મારો શિક્ષણ અધિકારી ઓફિસનાં આટલાં કામોની વચ્ચે પણ વાચન માટે સમય કાઢે એ તો મારે માટે ગર્વની વાત છે. પુસ્તકો એ નહીં વાંચે તો બીજું કોણ વાંચશે?'

* * *

૨૯. સ્વામીજીનો આશ્રમ

અગાઉ લખ્યું તે પ્રમાણે, નર્મદભાઈ ત્રિવેદી અને હું ઘણીવાર ભ્રમણ માટે ઊપડતા. વાતો કરતાં, વચ્ચેવચ્ચે પોરો ખાતાં, સહેજે દોઢ-બે કલાક નીકળી જાય.

એક દિવસ એક ઝાડના છાંયડે, સાઈકલોને વિસામો આપવા ઊભા હતા ત્યારે, કપાળ પરનો પરસેવો લૂછતાં કહે, 'સ્વામીજીના આશ્રમે જઈશું?'

'ચાલો.'

એમની સાઈકલે દિશા બદલી, શહેર તરફ.

મેં પૂછ્યું, 'આપણે ક્યાં જવાનું છે? આશ્રમ-'

'આશ્રમ' શબ્દ સાથે શહેરથી દૂર, એકાંતમાં, વૃક્ષોની વચ્ચે, વિશાળ ખુલ્લી જગ્યા, મઢૂલી, ધજા - આવું કંઈક ચિત્ર મને દેખાયું હતું.

'જોજો તો ખરા, કોઈ સ્વામીનો આવો આશ્રમ તમે નહીં જોયો હોય.'

રસ્તામાં થોડી વાતો થઈ. સ્વામીજી કેરાલાના હતા, એમનો મૂળ આશ્રમ કેરાલામાં, પરંતુ ભાવનગર સાથે ચાલીસ-પચાસ વર્ષથી સંબંધ હતો. નાનું પણ સમર્પિત શિષ્યમંડળ હતું. વર્ષે-બે વર્ષે આવે, થોડા મહિના રોકાય અને પાછા મૂળ સ્થાને ચાલ્યા જાય. ભાવનગરમાં એમનો ઉતારો દરિયા કિનારે ખારાપાટમાં આવેલા એક

આશ્રમમાં રહેતો. થોડો સમય પહેલાં, આશ્રમની સાવ પાસે બોન-ફેક્ટરી બની હતી. પરિણામે, માખીઓનો ઉપદ્રવ એટલો બધો રહેતો કે દિવસે પણ મચ્છરદાનીનો આશ્રય લેવો પડે. મચ્છરદાનીમાં સ્વામીજી અને એમની સામે નર્મદભાઈ જેવો જિજ્ઞાસુઃ એમ સત્સંગ ચાલે. તેથી, શિષ્યો દ્વારા સ્વામીજીના ઉતારા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

શહેરની એક સોસાયટીના નાનકડા મકાન આગળ સાઈકલ ઊભી રાખતાં નર્મદભાઈએ કહ્યું, 'આ સ્વામીજીનો આશ્રમ.'

સ્વામીજી આરામખુરશીમાં બેઠા હતા. નર્મદભાઈને તો શરીર ઠીકઠીક ભારે, વધારામાં સાંધાની પીડા, છતાં એણે ઘૂંટણે પડી પ્રણામ કર્યા. હું હાથ જોડી, મસ્તક નમાવી, થોડે દૂર ખુરશી પર બેઠો. મારે માટે આ નવો અનુભવ હતો તેથી પહેલા દિવસે મૂક પ્રેક્ષક બની જોયા-સાંભળ્યા કર્યું. ઊંચી, ગૌર મૂર્તિ. જટા તથા દાઢી-મૂછમાં ત્રીજા-ચોથા ભાગના કેશ ધોળા. વધારે ધ્યાન ખેંચે એવું તત્ત્વ તે એમની સહજતા – સરળતા. 'આશ્રમ'નું થયું તેવું જ 'સ્વામીજીનું, અગાઉ તૈયાર થયેલા માનસિક ચિત્ર સાથે એમનું વ્યક્તિત્વ ગોઠવાતું નહોતું. ગુરુપણાનો ભાર નહોતો. ત્રણ-ચાર માણસો ભીંત પાસે નીચે બેઠા હતા, એમની સાથે કંઈક રમૂજ ચાલ્યા કરે. પોતાના મૂળ સ્વરૂપને યાદ કરી વચ્ચે વચ્ચે બોધવચનો તરતાં મૂકવાની જવાબદારી સ્વીકારી નહોતી.

પાછા વળતાં રસ્તામાં નર્મદભાઈએ મને પૂછ્યું, 'તમે શું માનો છો - સ્વામીજીની ઉંમર કેટલી હશે?'

સાધુ-બાબાઓની ઉંમર વિશે ઘણા ભ્રામક ખ્યાલો પ્રચલિત હોય છે. તેથી, તુક્કા લડાવી, અંદાજિત આંકડો (દોઢસો વર્ષ?) નક્કી કરવાની ક્વાયતમાં પડ્યા વગર હું કંઈક રમૂજ સાથે વડીલમિત્રની સામે જોઈ રહ્યો.

'પાંત્રીસ-ચાલીસ વર્ષથી હું સ્વામીજીના પરિચયમાં છું. નિયમિત રીતે ભાવનગર આવે છે. જ્યારથી જોઉં છું ત્યારથી આ જ સ્વરૂપ છે. કેશમાં થોડી સફેદી આવી છે, તે સિવાય ખાસ ફેર પડ્યો નથી. હી શૂડ બી એટ લીસ્ટ એઈટી.'

મારા મનમાં પંચાવન-સત્તાવનનો આંકડો બેસતો હતો, પરંતુ નર્મદભાઈના શબ્દો પર વિશ્વાસ ન રાખવા માટે કારણ નહોતું. પછી તો, અન્ય કેટલાયે માણસો પાસેથી આ વાતનું સમર્થન મળ્યું.

*

શેષ જીવન ગાળવા નર્મદભાઈ અમદાવાદ ગયા તે પછી મને પ્રતીતિ થઈ કે ભાવનગરમાં મિત્ર કહી શકાય એવા મારે માટે એ એક જ હતા. પરિચય ઘણાની સાથે, પરંતુ કારણ

વગર જેને ઘેર જઈ શકાય અને જે મારે ઘેર આવીને ઊભા રહે એવા માણસ એક જ.

રવિવારની સવાર પડી. નાહી-ધોઈ તૈયાર થયા. કાઢો સાઈકલ અને કરો સવારી. પછી પ્રશ્ન આવે - જવું ક્યાં?

સાઈકલ મને સ્વામીજી પાસે લઈ જતી.

ભક્તોની ભીડ હોય નહીં, ક્યારેક કોઈ રડ્યોખડ્યો આવે. આરામખુરશી તે સ્વામીજીનું કાયમી આસન. જે આવે તેને બે હાથ ફેલાવી ખુલ્લા હાસ્ય સાથે આવકારે. હું પાસે જઈ પ્રણામ કરું એટલે મસ્તક ઉપર હાથ મૂકે.

વેદો-ઉપનિષદો?

ના.

કુંડલિની, એસ્ટ્રલ બોડી (Astral body), ચંદ્રલોક, મૃત્યુ પછીનું જીવન?

ના ભઈ ના!

સ્વામીજી યાદ રહ્યા છે તે બે-ચાર નાના-નાના પ્રસંગોને કારણે.

એકવાર મારા મસ્તક પર મુકાયેલો હાથ ખસ્યો નહીં. આંગળાં સહેજ કાન પાસે કપાળ પાસે ફરતાં રહ્યાં.

'શું તપાસો છો, સ્વામીજી?'

'સન, યોર હેર ઈઝ ગ્રેઈંગ-'

મેં કહ્યું, 'સાઈન ઓફ એજિંગ. અવસ્થા થઈ. માથે ધોળાં આવ્યાં.'

હજુ પાંત્રીસ પૂરાં થયાં નહોતાં.

એ સંમત થયા નહીં, 'નો! સાઈન ઓફ વિઝડમ.'

મેં સામેની ખુરશીમાં બેસતાં કહ્યું, 'સ્થાનભ્રષ્ટા ન શોભન્તે!'

'કેમ?'

'ઇનકરેક્ટ એડ્રેસ. ડહાપણ આવ્યું, પણ સરનામામાં થોડી ભૂલ થઈ છે. કેશમાં આવ્યું એને બદલે એકાદ-બે ઈંચ નીચે આવ્યું હોત, તો-'

એ ખડખડાટ હસ્યા.

હસવું સહજ, તે માટે નિમિત્તની જરૂર નહીં.

હસવાની ક્રિયા માટે મોંનું ઊઘડવું, હોઠનું ફેલાવું સ્વાભાવિક છે. તેથી, શ્વેત અને સપ્રમાણ બત્રીસી દેખાયા વગર ન રહે.

એકવાર મેં કહ્યું, 'સ્વામીજી, આ ઉંમરે પણ આપના દાંત-'

વાક્ય પૂરું થવા દીધું નહીં, 'ઇલ્યુઝન!'

મને સમજાયું નહીં. સગી આંખે દેખાય છે, ભ્રમ કેવો?

'આઈ લોસ્ટ માય ટીથ પ્રિમેચ્યોરલી.'

અરે ભાઈ, દાંત તો સાવ નાની વયે ગયા હતા. (સ્વામીજીનાં ધોરણો પ્રમાણે નાની વય = ૬૦ વર્ષ).

'તને દેખાય છે એ તો ડેન્ચર છે. ચોકઠું. ફોલ્સ ટીથ!'

મારી ભૂલ પકડી પાડી. પોતાનો વિજય થયો હોય એમ ખુશ થતાં હવામાં હાથ ઉછાળી ઉદ્‌ગાર કરવા લાગ્યા, 'ફોલ્સ! ફોલ્સ!'

ડેન્ચરનો ઇતિહાસ કહ્યો, એના

ગુણ ગાયા. એમના કોઈ દંતચિકિત્સક શિષ્યનો એ ચમત્કાર હતો. આપણે માનવું રહ્યું કે ડેન્ચરના નિર્માણની પ્રક્રિયામાં, અન્ય જરૂરી તત્ત્વોની સાથે, શિષ્યની ભક્તિનો રંગ પણ ભળ્યો હશે ('પાઘડીનો રંગ' - એ વાર્તા અહીં યાદ આવે છે.) પચીસેક વર્ષથી સેવા આપી રહ્યા હતા. પરિણામે, હવે એ દાંત બનાવટી રહ્યા નહોતા, સ્વામીજીના કહેવા પ્રમાણે, કુદરતી બની ગયા હતા.

આ હતી સ્વામીજીની નિખાલસતા. એંશીની વયે યુવાન લાગતા હતા. બનાવટી દાંતનું રહસ્ય પ્રગટ થાય તો મૂર્તિ ખંડિત થઈ જશે - એવો વિચાર પણ એમને નહોતો આવ્યો.

*

'વોન્ટ ટુ વિઝિટ માય આશ્રમ?' એકવાર સ્વામીજીએ મને પૂછ્યું. મને થયું - કયો આશ્રમ, બોન ફેક્ટરીની પડોશમાં છે કે પછી કેરાલાવાળો?

'નો! આયમ ઈનફિનિટ! વ્હેરએવર આઈ ગો, ઇટ ઇઝ માય આશ્રમ.'

બાળસહજ ગમ્મત, સાંભળનારમાં સાવધાની ન હોય તો અહંકારમાં ખપી જાય એવા શબ્દો.

હવેનું ચિત્ર વાસ્તવિક ઓછું અને કાલ્પનિક વધારે લાગે છે. જંગલ, એમાં વૃક્ષો આડે ઢંકાયેલો નાનો આશ્રમ, અડીને નાનકડી, ચુપચાપ વહેતી નામ વગરની નદી.

આજે મને પ્રશ્ન થાય છે - એ સ્થળ કયું હતું?

એક રવિવારે મને લઈ ગયા હતા. કોઈ શિષ્યની જીપ, એમાં ડ્રાઈવર ઉપરાંત સ્વામીજી અને હું. ભાવનગરથી ચાવંડ, લાઠી અને અમરેલી થઈને સાવરકુંડલાઃ આટલો પ્રવાસ ભૂગોળના નકશામાં દોરેલી લીટીઓ પ્રમાણે, બાકીનું નક્શાની બહાર. સવારી કઈ દિશામાં ગઈ તે યાદ નથી - ડાબે, જમણે કે પછી ઊંચે?

નજીકમાં ક્યાંય વસ્તી નહોતી, ગામ નહોતું. જંગલ ન કહી શકાય પણ ગીચ ઝાડી. નદીમાં માંડ એકાદ ફૂટ પાણી હશે, એ ઓળંગી તો સામે આશ્રમ.

અમે પહોંચ્યા ત્યારે બપોરના બે-અઢી વાગ્યા હશે.

ગાડીના ધમકારા સાથે આશ્રમની ભીતરથી ચિત્રવિચિત્ર અવાજો ઊઠ્યા. ચાર-પાંચ જુવાન છોકરડાઃ સ્વામીજીના દક્ષિણ ભારતીય શિષ્યો. ગોધૂલિ ટાણે વગડામાંથી ગાય આવે અને એને જોઈને વાછરડાંની થાય એવી દશા શિષ્યોની થઈ. સ્વામીજીને વીંટળાઈને થોડા હાસ્ય થોડા રુદનના સ્વરે કિલકારીઓ કરવા લાગ્યા.

વાછરડાં તો છોડે નહીં, હસતાંહસતાં સ્વામીજીએ એમને પરાણે દૂર કર્યાં. મિલનના એ પ્રસંગને ઝટ સમેલી લીધો કારણ કે ત્યાં સ્વામીજીને સહેજ જુદો ધર્મ બજાવવાનો હતો. એ યજમાન હતા, ગાડીનો ડ્રાઈવર અને હું અતિથિ.

સૂચના અપાઈ ગઈ. શિષ્યો સ્ફૂર્તિથી કામે વળગ્યા. એક ઇંધણ લાવ્યો, બીજાએ કઢાઈ મૂકી, ત્રીજો બેઠો શાક સમારવા. ગમે તેટલી ઝડપ કરે, પણ રસોઈમાં અમુક સમય તો લાગે જ.

ક્ષુધાતુર પ્રાણીએ દયનીય સ્વરે કહ્યું, 'સ્વામીજી, પ્રાણ કંઠે આવી ગયા છે.'

સ્વામીજી પાસે તેનો સચોટ ઉપાય હતો.

ઝાડી તરફ ઇશારો કરતાં કહ્યું, નિર્મળ જળ છે. સ્નાન કરી લો, ત્યાં સુધીમાં ભોજન તૈયાર થઈ જશે.'

દિવાળીની આજુબાજુનો સમય હશે. ચોમાસાનું વરસાદી પાણી ડહોળાયેલું હોય, આ તો ટેકરીઓમાંથી ઝમીઝમીને આવતી સરવાણી. ઝાડીનું આવરણ હતું. એટલા પાણીમાં ડૂબકી મારી શકાય નહીં, તરી શકાય નહીં, સ્નાન કરવા માટે એક જ રીત હતીઃ પ્રવાહની વચ્ચે હાથપગ ફેલાવી લાંબા થઈ જાઓ અને આંખો બંધ કરી દો. આખું અસ્તિત્વ જળસ્વરૂપ.

નદી અનેરી હતી, હું બની ગયો લગીર.

સ્નાનવિધિ પતાવીને ગયો ત્યારે ભોજન તૈયાર હતું - શીરો, પૂરી અને બટાટાની ભાજી. બે અતિથિ જમવા બેઠા. યજમાન ખુશ થતાં પરસાળમાં આંટા મારે. વચ્ચેવચ્ચે શિષ્યોને સૂચનાઓ આપે. શીરો પીરસો. પૂરી મૂકો.

અમને પૂછે. રસોઈ બરાબર થઈ છે ને?

ભોજન અમારે માટે જ હતું, પોતે જમ્યા નહીં. સવાર સાંજ એક ગ્લાસ રાગીની ખીરઃ આ એમનો ખોરાક હતો.

વ્યુત્ક્રમ થયો હતો. હું સાધુને જમાડી શક્યો નહીં, સાધુએ મને જમાડ્યો.

છતાં, કશું અયોગ્ય થયું હોય એવું મને લાગ્યું નહીં.

[ક્રમશઃ]

સુધારો : 'નવનીત સમર્પણ' એપ્રિલ, ૨૧માં પ્રદીપભાઈ સંઘવીનો વનલતા પરનો લેખ અકલ્પનીય માહિતીસભર છે.

પૃષ્ઠ ૧૦૮ પર તબસ્સુમનો અર્થ કળીનું ફૂલમાં રૂપાન્તર થવાની પ્રક્રિયા આપ્યો છે પણ તેનો અર્થ સ્મિત થાય છે.

તબસ્સુમનો અર્થ (૧) ઉ.પ્ર. હિન્દી સંસ્થાન લખનઉ દ્વારા પ્રકાશિત ઉર્દૂ હિન્દી શબ્દકોશ (૨) શ્રી કે. કા. શાસ્ત્રી સંપાદિત બૃહદ ગુજરાતી કોશમાં પણ અર્થ સ્મિત જ આપ્યો છે.

સાહિલ, રાજકોટ

તમારી વાત સાચી છે. સરતચૂક બદલ ક્ષમસ્વ. - સં



તૂટેલી હોડી

☐ કિરણ વી. મહેતા

અનેક લોકોની આવનજાવનથી ઘસાઈને કંઈક લીસાં થયેલાં પથ્થરોવાળાં પગથિયાં પર એ બેઠો હતો. એના ખોળામાં એક જોડી કપડાં અને નાહવાનો ટુવાલ હતો. ગેસ્ટહાઉસથી અહીં આવતાં તો જબરો હાંફ ચડ્યો હતો, એટલે પગથિયા પર જ એ એકબાજુ બેસી પડ્યો હતો. એની આંખો ફિલ્મ ઉતારતા કેમેરાની જેમ આજુબાજુ ફરતી હતી.

સામે જ, હિમાલયથી દેશ જોવા નીકળેલા મસ્તરામ મુસાફર જેવી ગંગા વહેતી હતી. એનાં ગુલાબીવર્ણાં

જળ હવે સોનલવર્ણાં બની રહ્યાં હતાં. આજુબાજુના સારા-ખરાબ વ્યવહારો પ્રત્યે નિર્લેપ બનીને પોતાનામાં જ ખોવાઈ ગયેલાં તરુઓ... પ્રતિબિંબ સ્વરૂપે વિસ્તરીને ગંગાનાં જળને ડહોળી રહેલો કોઈ ધૂણીનો ધુમાડો... શાશ્વત સુખશૈયા પર પોઢી રહેલા દેવો જેવાં ઘાટ પરનાં નકશીદાર મંદિરો... સ્નાન, પૂજા અને આરતીનું જાણે એક ચકડોળ ફરી રહ્યું હતું, જેમાં ગોઠવાઈ ગયાનો જલસો અનુભવી રહેલા લોકો...ગંગા સન્મુખ આંખો મીંચીને જાણે મનોમન હૃદયના ભાવોની કથા વાંચી રહેલા લોકો... ગંગા પરના અવકાશમાં ઊડી રહેલા કાગડાઓ અને બગલાઓના શ્યામ-શ્વેત રંગો... પાંખો ફફડાવીને દૂર સુધી જઈ અદૃશ્ય બની રહેલાં શ્લોકોનાં રવપંખીઓ... કાંઠા સાથેનો સબંધ છોડીને ઘણે અંતરે સરી રહેલી એકલદોકલ હોડીઓ... ક્યાં જઈ રહી હશે આ હોડીઓ...?

એના ગળે એવો જોરનો ચટકો ભરાયો કે તરત જ એનો હાથ ગળાની પાછળ ગયો અને જંતુને પકડ્યું ને પગથિયા પર મૂક્યું. લાલ મકોડો હતો. ઉપર છત્રની માફક ઝળુંબી રહેલા ઝાડ પરથી ભાઈસાહેબ બધે જ ઝાડની શાખાઓ ફેલાયેલી છે એમ માનીને ધૂનમાં ને ધૂનમાં દોડતા હશે તે પડ્યા! ને પડ્યા તો ય એની ડોક પર! બીજા કોઈની ડોક ન મળી? એણે પાડ્યા હોય, એમ પાછા બરોબરના ખીજવાઈને ચટક્યા! તમતમતી તીખી બળતરા થઈ ગરદન પર.

એણે તરત જ પોતાનો ભારેખમ બૂટ લંબાવ્યો નાસી જતા મકોડા પર...

એને ભારેખમ બૂટ પહેરવાં જ ગમતાં. અવાજ પણ એનો ભારેખમ. એ સોળેક વર્ષનો હતો, ત્યારે ઘણાં વર્ષે આવેલાં ગોમતીમાસીએ માને કહેલું, ''આ તારા દીકરાનો અવાજ છે કંઈ! બાપ રે! જરાય સાંભળવો ન ગમે એવો અવાજ છે. આને માણસનું ગળું છે કે બિલાડાનો ઘોઘરો? કેવો ભારે અને ડરામણો છે આનો અવાજ! કોઈ નાના છોકરા આગળ જઈને જો આવો અવાજ એ કાઢે તો સાચ્ચે છોકરું બાપડું ફડકી જ ખઈ જાય!''

માસીના આ શબ્દો એના મગજની સ્લેટ પર લખાઈ ગયા હતા. પછી વાડાના એકાંતમાં એણે જાતજાતના શબ્દો ઉચ્ચારીને પોતાનો અવાજ પારખવા પ્રયત્ન કરેલો, પણ એને તો કંઈ ઘોઘરાપણું લાગ્યું નહોતું, છતાં એક દિવસ માસીના શબ્દોની સાચા-ખોટાની પરીક્ષા થઈ જ ગયેલી.

પડોશના ઘરે દીકરી પિયર આવી હતી. સાથે દોઢ-બે વર્ષનું બાળક. બપોરે ઓસરીમાં ગોદડી પાથરીને એને ઊંઘાડેલું. એ કંઈક કામમાં ઘરમાં ગઈ હતી. ચકલાં વળગણીએ બેઠાં ચીં-ચીં ને ઊડાઊડ કરતાં હતાં. બે-ચાર કાબરો

ઓસરીની ધારે લટકતી ઠીબ પર ભેગી થઈને ઝઘડી. બાળક જાગીને નાના-નાના હાથ-પગ ઉલાળતું, કિલકારીઓ કરતું રમવા માંડ્યું હતું અને એ ઓસરીએ જઈ ચડેલો. કઠપૂતળીની માફક ઝડપી હાથ-પગ વીંઝોળતા બાળકને જોઈને એ તો ખુશખુશાલ થઈ ગયેલો. એણે બાળકના બંને હાથમાં આંગળીઓ આપી, તો બાળકે મજબૂત રીતે પકડી લીધી. એને તો મજા- મજા પડી ગઈ. એ તો આનંદમાં આવી જોડકણું ગાવા લાગ્યો:

ભાઈ મારો ડાહ્યો
તે પાટલે બેસી નહાયો,
પાટલો ગયો ખસી
ને ભાઈ પડ્યો હસી!

અને જોડકણું પતતાં પતતાં તો બાળકે ભૂતનો અવાજ સાંભળી લીધો હોય એમ ગભરાયું અને શાંત વાતાવરણનાં ચીંથરાં ઉડાડતો મોટો ભેંકડો તાણ્યો! વળગણી પરથી ચકલીઓય ધબાક ધબકીને ઊડી ગઈ ને કાબરોય હડફ્ દઈને પાણીની ઠીબ છોડી અલોપ થઈ ગઈ! આવાં અણધાર્યાં પરિણામો જોઈને એ ખુદ જ ડરી ગયો અને ત્યાંથી તાબડતોબ ભાગ્યો! ત્યારથી જ, એ કોઈ નાનાં છોકરાં આગળ કદી જતો નહીં, અને જો જતો, તો પછી બોલતો નહીં.

ખુદ પોતે છોકરાનો બાપ બન્યો તોય ભાગ્યે જ છોકરાને હાથમાં લઈને રમાડતો. જેટલી વાર એણે છોકરાને હાથમાં લીધેલો અને વહાલભર્યા લોલીપોપ શબ્દો ઉચ્ચારેલા, એટલી વાર છોકરાએ રડારડ કરીને ગામ ગજવેલું. છોકરો બાપના હાથમાં જતાં જ એવો ગભરાતો કે, જાણે બકાસુરના હાથમાં ન બેઠો હોય! રસોડાનાં - ભાતભાતનાં કામોનાં બંધનો એક ઝાટકે તોડીને હાંફળીફાંફળી પત્ની દોડી આવતી, છોકરાને પોતાની પાસે લઈ લેતી,

''તમને તો... શી ખબર છોકરાને રમાડતાં જ આવડતું નથી! જેટલીવાર હાથમાં લો છો, એટલી વખત બાપડો બી જાય છે ને રડે છે! એના કરતાં મૂંગા રહેતા હોવ તો-''

''હું મૂંગો રહું?'' એની આંખો લાલ બની જતી, એ શબ્દો પુનરાવર્તિત કરતો, ''હું મૂંગો રહું?''

પત્ની મોં બગાડીને ચૂપચાપ દીકરાને લઈને બહાર ચાલી જતી.

વાતાવરણની વેલને એકાંતના લાંબા લાંબા કાંટા ફૂટી નીકળતા અને એને જાણે ઉઝડતા રહેતા.

એને ચીડ પણ તરત જ ચડતી, અને ભાન ભૂલી ગયો હોય એવી એની ચીડ. નાનો હતો ને ગામમાં એક શેરીમાં જતાં એને કૂતરાં અકરાંતિયાં થઈને ભસેલાં. એવો ચિડાયેલો તે, ગામ આખાનાં કૂતરાં સાથે એ રોટલાના ટુકડાને બદલે પથ્થરથી જ વાતો કરતો. વડીલોના અવરોધક શબ્દોને ઘોળીને પી જઈ એ ઘણા દિવસ સુધી આ કામ

કરતો રહેલો. પછી ક્યારેય એ ગમે ત્યાં ગામમાં જાય, એકે કૂતરાએ એને ભસવાની હિંમત ન કરેલી. એમનેય એ કોઠે પડી ગયો હતો.

બેંકમાં મેનેજરની નોકરી, પણ એની મેનેજરગીરી તો ઊંચા તોતિંગ અને પડવા માટે ઝળુંબી રહ્યા હોય એવા પહાડ જેવી ભયાનક. બેંકમાં કોઈ પાંચ મિનિટ મોડું આવે કે ઘરે પાંચ મિનિટ વહેલું જાય, કે પછી ચાલુ કામે વાતોના તડાકા મારે, તો તરત જ આવા નોકરિયાતનો એ ઊધડો લઈ નાખતો.

ઘરમાં પત્ની તો એને અનુકૂળ થઈને રહેતી. બહારથી એ સાંજે ઘરમાં આવે એટલે ચા-નાસ્તો તૈયાર જ જોઈએ. જો આ ક્રમ તૂટ્યો તો જાણે જ્વાળામુખી ફાટ્યો. બે-ત્રણ પ્રસંગોએ તો પત્નીના ગુલાબી ગાલ પર એનાં લાલ લાલ આંગળાં ઊપસી આવેલાં.

દીકરો પરણ્યો. પુત્રવધૂ ઘરમાં આવી, પણ ઘરના બોઝિલ વાતાવરણમાં એણે કોઈ નવીનતા અંકુરિત થવા દીધેલી જ નહીં. નવીનતા અંકુરિત થતી જુએ ને એ -

એકવાર દીકરાએ બાપના આ સ્વભાવ સામે રીતસરનો બળવો પોકાર્યોઃ ''મારે આ ઘરમાં નથી રહેવું.''

''તે જતો રહે બીજે!'' પથ્થર જેવા શબ્દો એણે ઉછાળેલા, ''જેને આ ઘરમાં મારી આજ્ઞા ન માનવી હોય, મારા શબ્દો ન ગણકારવા હોય, તેનું આ ઘરમાં કોઈ સ્થાન નથી.''

પત્ની ચોધાર આંસુએ રડેલી.

દીકરો અને એની વહુ અલગ, ભાડે રહેવા જતાં રહેલાં.

એક દિવસ, એનો રોષ ભભૂક્યો જ હતો ને પત્નીએ રડતાં રડતાં દાંત ભીંસીને કહી નાખ્યું હતું, ''ભગવાને એક જ દીકરો આપ્યો છે, એય તમારા ચીડિયા અને એકલપેટા સ્વભાવને કારણે એની વહુ સાથે જુદો રહેવા જતો રહ્યો! એકનો એક દીકરો ને તોય માબાપ ને દીકરાનું કુટુંબ અલગ અલગ રહે! મારા જીવ પર શી વીતે છે એની તમને શી ખબર પડે? મેં તો જીવનભર તમારાં છણકા, મહેણાં, ગુસ્સો સહન કર્યાં, તોય આ જીવતરમાં ઠરતર ન આવી, તે ન જ આવી! મને હતું, છોકરો મોટો થશે, એટલે તમે સુધરશો, પણ તમે તો ઠરવાનું નામ જ નથી લેતા. જ્યારે જુઓ, ત્યારે સળગતા ને સળગતા જ! નાની નાની વાતમાંય છણકા ને તરફોડા! હુંયે સહન કરી કરી ને ધરાઈ ગઈ. માણસરૂપે રાક્ષસ છો રાક્ષસ તમે!''

સટ્ટાક કરતો એક તમાચો પત્નીના ગાલ પર પ્રતિભાવ મૂકતો ગયેલોઃ ''તો તું પણ તારા દીકરા સાથે જઈને રહે. મારે તારી પણ જરૂર નથી. તારેય જો મારી અવગણના કરવાની હોય તો આ ઘરમાં તારી એ ઇચ્છાનું કે તારું કોઈ જ સ્થાન નથી!''

''રહેજો એકલા'' - એમ કહીને પત્ની

પણ દીકરાના પરિવાર સાથે રહેવા જતી રહેલી.

પૌત્રજન્મના સમાચાર સાંભળીને પણ એ દીકરાના ઘરે મળવા ગયેલો નહિ. દીકરાએ સમાચાર આપવા આવવાનું સાહસ ખેડેલું.

''બાપુજી, દીકરો આવ્યો! તમે દાદા''

પણ બાપના શબ્દોએ લાવારસની જેમ ભાવનાઓ જલાવી દીધી હતી: ''તેં તો કહ્યું હતું ને કે આ ઘરમાં નથી રહેવું. તો પછી આ ઘરમાં રહેનાર સાથે તારો શો સંબંધ? મેં તો ક્યારનુંયે તારા નામનું નાહી કાઢ્યું છે.'' દીકરો સમસમીને તે જ ક્ષણે પાછો ગયેલો.

આખરે એ નિવૃત્ત થયો. એકલતા ધીરે ધીરે ચટકા ભરવા લાગેલી.

એકવાર એને ગંગાએ જવાની ઇચ્છા થઈ આવી. નાનપણથી જ નદીમાં નહાવું એને પ્રિય. નદીમાં નહાવા પડતો તો પછી પાણીમાંથી બહાર નીકળવાનું નામ જ ન લેતો. નદીમાં ક્યાંક કાચબા ઝપટમાં આવી જાય તો ઉપાડીને સીધા ફેંકતો કિનારે! એને આનંદ આવતો. કાલે મોડી રાતે એ અહીં આવ્યો હતો. ગેસ્ટહાઉસમાં એ ઊતર્યો હતો. ઉંમરનો થાક રાતને એક જ બટકે ખાઈ ગયેલો.

સવારે ઊઠીને બ્રશ કરી સીધો એ ગંગાઘાટ પર આવ્યો અને હાંફ ચડવાના કારણે પગથિયે બેસી પડ્યો.

મકોડો કરડ્યો અને ખુલ્લી આંખો આગળ ઘણું બધું તરવરી ગયું.

એણે આંખો ઝબકાવી. જિંદગી પણ કેવી છે! એ હસ્યો. એ પળે એની નજર બાજુએ થઈને જઈ રહેલા પરિવાર પર પડી.

''પિતાજી, ચાલો સામેના મંદિરે દર્શન કરતાં જઈએ-'' સુંદર સાડીમાં સજ્જ યુવતીએ એ ઘરડા દેખાતા પુરુષને કહ્યું. યુવતીનો અવાજ હવામાં ઘીના દીવાની જ્યોતની જેમ ઝગમગી ગયો.

''ચાલોને, દીકરાની ને વહુની બંનેની ઇચ્છા છે તે એમની સાથે મંદિરે દર્શન કરતાં જઈએ.'' ઘરડી જણાતી સ્ત્રીએ કહ્યું.

''પણ મને થાક લાગ્યો છે.'' ઘરડો પુરુષ બોલ્યો.

''અરે, થાક તો દરરોજ લાગે. હવે મંદિર ક્યાં દૂર છે! આપણે બધાં સાથે બધે દર્શને જઈએ એવી તક વારંવાર ક્યાં મળે છે!'' ઘરડી સ્ત્રીએ આગ્રહ દોહરાવ્યો.

''હા પિતાજી, ચાલો.'' સાથેનો યુવાન બોલ્યો.

''ચાલો ત્યારે, તમારી ઇચ્છા છે તો બધાંય સાથે જ દર્શને જઈએ.'' સંતોષભર્યું સ્મિત મોતીની જેમ હવાના થાળમાં પડ્યું અને રણક્યું.

એણે કપડાં હાથમાં લીધાં. ઊભો થયો અને નીચે, ગંગા તરફ ઊતર્યો. કાંઠાની ધારે, રેતમાં કપડાં મૂક્યાં. બુશર્ટ ઊતાર્યું અને પછી ગંગાના જળમાં પગ મૂક્યા.

ગંગા તો પતિતપાવની છે! ગંગામાં

નહાનારનાં બધાંયે પાપ ધોવાઈ જાય છે! એ સનાતન સત્યના સ્મરણનો પડઘો એના અંતરના આકાશમાં ગુંજતો રહ્યો. એ ઘણીવાર સુધી નહાતો રહ્યો.

ધીમે ધીમે બહાર આવ્યો. હાશ, પાપ ધોવાઈ ગયાં સઘળાં! પણ બહાર આવતાં જોયું તો એનું શરીર તો હતું જ નહીં! આખું શરીર ધોવાઈ ગયું ગંગામાં! એ ધ્રૂજી ગયો.

ફરીથી ગંગામાં પડ્યો. જેમ જેમ નદીકાંઠાથી દૂર એ વધતો ગયો, તેમ એનું શરીર આખો આકાર ધારણ કરતું ગયું. આખરે એ હતો એવો ને એવો થઈ ગયો. એને હાશ થઈ. એ નહાતો રહ્યો. પાછો બહાર આવ્યો, તો શરીર અલોપ! ગંગા તો પાપ ધૂએ છે ને હું તો આખો ને આખો ધોવાઈ જાઉં છું! માત્ર મન કાંઠે આવવા બચે છે!

એ પાછો ગંગામાં પડ્યો. પાછું શરીર પ્રાપ્ત કર્યું.

બહાર નીકળીશ તો ધોવાઈ ગયો હોઈશ પૂરેપૂરો - એ બીકે એ ગંગાની બહાર નીકળ્યો જ નહીં.

કાંઠાથી ખાસે દૂર... એ શરીર સાથે પાણીમાં હતો.

દિવસ ઢળ્યો, રાત વીતી. એના થાકેલા તનને પાણીનો પ્રવાહ બળજબરીથી ઘસડવા માંડ્યો. બીજા દિવસે સવારે...

ગંગાના પ્રવાહમાં દૂર દૂર તૂટેલી હોડીની જેમ એનું ફોગાઈ ગયેલું શરીર તરતું આગળ ઘસડાતું જતું હતું!

❑❑❑

સુવિખ્યાત વિચારક ડૉ. એસ. રાધાકૃષ્ણને એક વાર કહેલું કે આધ્યાત્મિક એ નૈતિકનું વિસ્તરણ નથી, પરંતુ તેનું પરિમાણ સંપૂર્ણપણે ભિન્ન છે. નૈતિકતા અને આધ્યાત્મિકતા વચ્ચે પરિમાણવાચક ભેદ છે. પરંતુ મોટે ભાગે તે બન્નેને અભિન્ન માનવામાં આવે છે. નૈતિકતાનો સંબંધ બાહ્યાચાર સાથે છે. જો કોઈનું જીવન સમાજસ્વીકૃત બાહ્યાચાર અનુસારનું હોય તોય તો તે નીતિમાન આદરણીય મનુષ્ય મનાય છે. પરંતુ આધ્યાત્મિક્તાનું માપ માત્ર નૈતિક ધોરણ અનુસાર કદી નીકળી શકે નહીં, કારણ કે તેનો સંબંધ બાહ્યાચાર સાથે નહીં, પણ મનુષ્યના અસ્તિત્વ સાથે છે. બાહ્યાચાર એ અભિવ્યક્તિ છે, અને તમામ અભિવ્યક્તિઓ અપૂર્ણ જ હોય છે. અધ્યાત્મ જ સંપૂર્ણ છે, નીતિ માત્ર અંશ છે. વધુમાં, માત્ર આચારની રીતભાત ઉપરથી કોઈના બાહ્યાચાર વિશે યથાર્થ નિર્ણય લઈ શકાય નહીં'. બાહ્યાચારની પાછળ રહેલા પ્રયોજનની પણ નોંધ લેવી જ રહી.

નૈતિક બાહ્યાચારને સામાજિક શિષ્ટાચાર સાથે સરખાવી શકાય નહીં, પરંતુ તેમાં ગહન પ્રેરણા ભળેલી હોવી જોઈએ.

યથાર્થ નીતિમાન મનુષ્યને આધ્યાત્મિક અનુભૂતિઓમાંથી સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

- રોહિત મહેતા, 'જીવન પરિવર્તનનું રહસ્ય'માંથી સાભાર.



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૭

☐ ડો. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડો. શેફાલી થાણાવાલા

હિંસાના રંગો

તે દિવસે હાઇવે પર પૂરપાટ દોડતી ગાડીની પાછલી સીટ પર આવો જ એક ચહેરો શાંત સૂતો હતો.. આ માણસ સાથે લોહીનો કોઈ પણ સંબંધ ન ધરાવતા એના બે મિત્રો એક વાર મારા દવાખાને આવ્યા હતા. એમના ઘરની આસપાસ આ માણસ આમતેમ ભટકતો રહેતો. વધેલી દાઢી, વિખરાયેલા વાળ, ગંદાં કપડાં! આ બન્ને જણે એની સાથે

ઓળખાણ કરી લીધી. સારા ઘરના, ભણેલા ગણેલા, સારી નોકરી કરતા છોકરાની આવી હાલત કેમ થઈ હશે? એનાં કુટુંબીજનોએ એનાથી કંટાળીને એને આમ કેમ છોડી દીધો હશે? આ બંને મિત્રો એક વાર કોઈ કારણસર એને મારે દવાખાને લઈ પણ આવ્યા. મારા એકાંકી નાટકના પ્રયોગની ચર્ચા કરવા માટે. એનું નિદાન સ્પષ્ટ હતું. એને 'સ્કિઝોફ્રેનિયા' નામનો રોગ હતો. હૉસ્પિટલમાં ઍડ્મિટ કરીને એને સખત 'ઇન્ટેન્સિવ ટ્રીટમેન્ટ' આપવાની અત્યંત જરૂર હતી. પણ આ બધું કરવું કઈ રીતે? દોસ્તોએ જવાબદારી સંભાળી. એક દિવસ સવારે સાત વાગ્યે તેઓ મારે ત્યાં ગાડી લઈને આવ્યા. અમે એક મધ્યમ દરજ્જાની લૉજની નીચે પહોંચ્યા. ત્યાં કૉમન ડૉર્મેટ્રિ જેવો એક હૉલ હતો. એમાં અનેક મસ્ત ફકીર અને બેઘર લોકોની એક જમાત હતી. બધાના ચહેરા પર ભયજનક ઉત્સુકતા હતી. પણ અમારો દોસ્ત માત્ર ક્યાંય નહોતો દેખાઈ રહ્યો. આવા માનસિક રોગીઓમાં એમની કાયમી અસુરક્ષિતતાને લીધે એક 'સિક્સ્થ સેન્સ' તૈયાર થતી હોય છે. કંઈક થવાનું છે એની એમને પહેલેથી જ ખબર પડી જતી હોય છે. પંદર પંદર દિવસ સુધી ન નાહનારો આ ભાઈ તે દિવસે બાથરૂમમાં જઈને બેઠો હતો.

છેવટે એ મોટા હૉલમાં આવ્યો. એના મિત્રો, પાસે જ રહેતી એની માસીને લઈ આવ્યા હતા. એ અમારામાંથી કોઈની પણ હાજરીની નોંધ પણ લીધા વગર પોતાના પલંગ પર બેઠો અને વાળ ઓળવા માંડ્યો. એની આ દશા જોઈને એની માસીની આંખો ભરાઈ આવી. એ એની સાથે વાતો કરવાનો પ્રયત્ન કરતી હતી, પણ એ એમ જ બેસી રહ્યો. પછી શાંતિથી ઊઠ્યો અને મિત્રોને કહ્યું, "ચલો, ચા પીવા જઈએ." એનો મિત્ર એના ખભા પર હાથ મૂકીને બોલ્યો, "આજે હૉસ્પિટલમાં જવાનું છે આપણે."

જાણે તણખો ઊડ્યો. એ ભાન ભૂલી ગયો. પલંગ પાસેની ગિરદીમાં થોડી ઝટાપટી થઈ. છેવટે એને પલંગ પર 'પિન ડાઉન' કર્યો. મેં ઇન્જેક્શન આપવાનું કામ પતાવ્યું. પછી અમે કહ્યું, "હવે ચલ ચા પીવા." નીચે ઊતરીને ગાડીમાં બેસતાં સુધીમાં એ થોડો ઊંઘરેટો થઈ ગયો હતો. રસ્તામાં એની માસીને ઉતારી ત્યારે એણે એને કહ્યું, "મારી ફિકર નહીં કરતી." એની નજરમાંનો અવિશ્વાસનો અંગારો હવે ઠરી રહ્યો હતો. સ્કિઝોફ્રેનિયા ઇઝ અ સિન્ડ્રોમ ઑફ કૉન્સ્ટન્ટ ઇન્કન્સિસ્ટન્સી, એવું કહેવાય છે. એક ક્ષણમાં ગુસ્સામાં ભાન ભૂલનાર વ્યક્તિ બીજી ક્ષણે ગરીબ ગાય જેવી થઈ જઈ શકે.

આ જ બીમારીથી પીડિત, પણ

હવે સાજો થઈ ગયેલો અમારો એક દર્દી ગણેશ આવા નવા પેશન્ટ સાથે રહેવા માટે હંમેશાં તૈયાર રહેતો. ગણેશે આ નવા દોસ્તની કાળજી લેવાનું શરૂ કર્યું. ટ્રીટમેન્ટ શરૂ કર્યાને આઠમે દિવસે ગણેશે અમને ડોક્ટર્સને કહ્યું, "ઉપરના વૉર્ડમાં રાઉન્ડ માટે હમણાં આવતાં નહીં. જરા થોભો. તમને એક સરપ્રાઇઝ આપવાની છે."

ગણેશ નવા મિત્રને નીચે લઈ આવ્યો. મલમલનો કુરતો-પાયજામો, સાફસૂથરી દાઢી, વાળ કાપીને સરસ ઓળેલા. ખરેખર આ એ જ શખ્સ છે કે જેને આપણે ઊંચકીને હોસ્પિટલમાં લઈ આવ્યા હતા? એણે મારી સામે જોઈને ઓળખાણભર્યું સ્મિત ફરકાવ્યું. એમાં પહેલાં કરવામાં આવેલી બળજબરી માટેનો લેશમાત્ર દ્વેષ નહોતો.

આ જ તો મજા છે. હિંસાના રંગો એવા તો વિરમી જાય છે કે ક્યારેક એ રંગો ત્યાં હતા એ જણાતું સુધ્ધાં નથી. અર્થાત્, બધા જ માનસિક રોગોમાં દર્દીઓ આવી રીતે વાયોલન્ટ થતા નથી હોતા એ ધ્યાનમાં રાખવું જોઈએ. અસરકારક ઔષધોપચાર જલદી શરૂ કરવામાં આવે તો આવા વિશિષ્ટ રોગોમાં પણ દર્દી વાયોલન્ટ અવસ્થા સુધી પહોંચતા નથી અને વાયોલન્ટ દર્દીઓ પણ સારવારથી શાંત થઈ શકે છે. અપવાદરૂપ અલબત્ત, કોઈક અતિશય અઘરા (રિફ્રેક્ટરી) કેસિસ હોઈ શકે.

"વ્હાય ડોન્ટ યુ સ્ટૉપ ધેમ?...યુ કૉલ યોરસેલ્ફ અ ડોક્ટર. ઇઝન્ટ ઇટ?" મારી પાસે બેઠેલી નૂતનનો ચહેરો દરેક શબ્દ સાથે વધુ ને વધુ તંગ થઈ રહ્યો હતો. એના તીક્ષ્ણ સ્વરનું એને પોતાને જ ભાન નહોતું. મેં તેને કહ્યું, "કૂલ ડાઉન. શાંત થા નૂતન, અને મને કહે શું થયું તે."

"નથી થઈ શકતી હું શાંત, ના." બોલતાં બોલતાં એ ટેબલની કિનારી પકડીને ઊભી થઈ ગઈ અને એ ભારેખમ ટેબલ એણે જોરજોરથી હલાવ્યું. "એ બધા લોકો જાસૂસી સંસ્થાના છે ડોક્ટર... મારા માથામાં ઇલેક્ટ્રોનિક વેવ્ઝ છોડી રહ્યા છે... અને તમે મને કહો છો શાંત રહે!" એ એકદમ ચીમળાયેલા કાગળની જેમ ખુરશી પર ફસડાઈ પડી. "છેવટે તમે પણ જો કે શું કરી શકવાના હતા?... મારો વર જ એ લોકોમાં ભળેલો છે ત્યાં..." એ રડવા લાગી. એનો પતિ ઓરડામાં આવ્યો અને એની બાજુમાં બેઠો. પણ એ તો પોતાના જ વિચારોમાં ખોવાયેલી હતી. એને સાંત્વના આપવા માટે જેવો એણે એના ખભાને સ્પર્શ કર્યો, નૂતને અપશબ્દો વરસાવવાનું ચાલુ કર્યું.

નૂતન એમ.એસસી. હતી. લગ્નનાં થોડાંક વર્ષો પહેલાં એને વિચારોના આ રોગની તકલીફ થયેલી. ત્યારે યોગ્ય સારવાર પણ લીધેલી. પછી તેણે શિક્ષણ

પૂરું કર્યું. નોકરી કરવા લાગી. અને જ્યારે તેનાં લગ્ન નક્કી થયાં ત્યારે એના ઘરના લોકોએ શ્વસુરપક્ષના લોકોને એના પૂર્વજીવન વિશે કંઈ જ જણાવ્યું નહીં. એ લોકોને એવી જરૂર જ ન જણાઈ.

નૂતન શિક્ષિત હોવા છતાંય એક બાબતમાં એ અજ્ઞાની હતી. એને પતિ-પત્ની વચ્ચેના યૌન સંબંધો વિશે સાવ અધૂરી માહિતી હતી. એ વિશે એના મનમાં બીક તો હતી જ, સાથે ઘૃણા પણ હતી. એથી લગ્ન પછી સંઘર્ષની શરૂઆત થઈ. મનમાં તણખા ઝરવા માંડ્યા અને મનના દૂરના અંધારા ખૂણે સંકોચાઈને પડેલા સંશયગ્રસ્ત વિકૃત વિચારોનું ભૂત પાછું ધૂણવા માંડ્યું.

સ્કિઝોફ્રેનિયા જેવા આ વિચારોના રોગમાં ખરેખર એવું તો શું થાય છે કે માણસો હિંસક થઈ બેસે છે? આપણામાંના દરેક જણના મનમાં વિકૃત વિચારો હોય છે, પણ એ બહુ ઓછા પ્રમાણમાં હોય છે, મનના તાબામાં હોય છે અને એ વિકૃત છે એનું વિવેકભાન (ઇનસાઈટ) આપણને હોય છે. સ્કિઝોફ્રેનિયાના રોગમાં વિકૃત વિચારોના ભાર હેઠળ સારાસાર વિવેકબુદ્ધિ દબાઈ જાય છે, અને વિવેક દબાઈ જાય પછી આ વિચારો વાસ્તવિકતાનાં બંધનોથી નાથી શકાતાં નથી. એ પોતાની એક આત્મમગ્ન 'પ્રતિસૃષ્ટિ'નું નિર્માણ કરે છે. 'એ' વાસ્તવ અને આપણી વાસ્તવિકતા જ્યારે જ્યારે ટકરાય ત્યારે હિંસાનો જન્મ થાય છે.

મગજમાં વિચારકેન્દ્રનું નિયમન કરનારાં રસાયણોમાં ઊથલપાથલ થવાને કારણે આ બધું થતું હોય છે. ખરેખર તો, આ અસંતુલન દૂર કરવું એ જ ઔષધોપચાર અને અન્ય સારવારનો હેતુ હોય છે. પરંતુ, આ જીવશાસ્ત્રીય સ્પષ્ટીકરણ સિવાય, જ્યારે વ્યક્તિ અને વાતાવરણમાંનો વિસંવાદ ટોચ પર પહોંચે ત્યારે આગનો તણખો ઝરે છે એ પણ એટલું જ સાચું છે. અને આ વિસંવાદની હદ કઈ એ નક્કી કરે છે વ્યક્તિનું વ્યક્તિત્વ, એના પરના પ્રભાવો અને પૂર્વાનુભવો...! વિકૃત વિચારોનાં વમળમાં તણાતી વખતે નૂતનના વિચારોમાં બીજાં અનેક વહેણ આવી મળ્યાં. પતિ પ્રત્યેની ઘૃણા શત્રુતામાં બદલાઈ ગઈ. પછી પતિને લીધે બીજા અનેક શત્રુઓ તૈયાર થઈ ગયા છે એ પૂર્વગ્રહ એમાં ભળ્યો. આ બધાનો હેતુ એને ત્રાસ આપવાનો, મારી નાખવાનો છે એ તારણ કાઢવાને એને ઝાઝો સમય ન લાગ્યો.

ઉપચાર શરૂ કર્યા પછી લગભગ એકાદ વર્ષે અમે આ તારણ કાઢ્યું, અને આ તારણ નૂતને સંપૂર્ણપણે સ્વીકાર્યું પણ ખરું. "એ કંઈ 'હું' નહોતી ડોક્ટર... મારો રોગ હતો..." આ વખતે એની મોટી, સુંદર આંખોમાં રમતિયાળપણું હતું.

મને અનેક વાર લોકો પૂછે છે કે આવા ઉન્માદી દર્દીઓ પાસે જતાં તમને ડર નથી લાગતો? ડર નથી જ લાગતો એમ કહેવું આત્મવંચના કહેવાશે. પણ આવે વખતે તમે ધીમે ધીમે ડૉક્ટર અને વ્યક્તિ, એમ બે ભિન્ન સ્તરે પ્રસંગનો સામનો કરતા હો છો. વ્યક્તિ તરીકે તમારી પ્રતિક્રિયા ડરની હોવા છતાંય એક ડૉક્ટર તરીકે વિલક્ષણ રીતે તમે દર્દીનું નિરીક્ષણ કરતા હો છો. ઉપર ઉપરથી રૌદ્ર દેખાતા એના સ્વરૂપમાંથી એકાદો કોમળ તાંતણો શોધતા હો છો.

એક વખતે મારો એક ડૉક્ટર મિત્ર જ આવી ઉન્માદી અવસ્થાનો શિકાર થયો હતો. વૉર્ડના એક ખૂણે આવેલા એના સ્પેશિયલ રૂમમાં અમારામાંથી કોઈ ને કોઈ ડૉક્ટર સતત હાજર રહેતા. એમાં ને એમાં એ મારું જ કહ્યું માનતો. વચ્ચે જ મને કહેતો, "આનંદ, આ જોને, બધા મને કેવો ત્રાસ આપે છે...?" કહીને કરગરી ઊઠતો, તો બીજી જ ક્ષણે, "આપી આપીને શું મોટી દવાઓ તમે મને આપશો..." એમ કહીને પોતાના રોગ પરની બધી દવાઓનાં નામ સડસડાટ બોલી જતો. એની માંદગીની વિચારપ્રક્રિયામાં એ અચાનક સરી પડતો, પછી એ અમારામાંનો એક ન રહેતો. પણ એ વિચારપ્રક્રિયામાંથી જેવો એ બહાર આવી જતો કે અમારો જૂનો મિત્ર અમારી સામે હાજર થઈ જતો. વૉર્ડમાંના એક ઓરડામાં હું અને મારો બીજો એક મિત્ર રાત્રે સૂઈ રહેતા. એક રાતે તો તેણે ધમાચકડી મચાવવાની શરૂઆત કરી દીધી. ગોળીઓ આપી, હાથમાં, કમરમાં ઇન્જેક્શન આપ્યાં, પણ એની ઉત્તેજના કેમે કરતાં ઓછી નહોતી થતી. એને બદલે તે એ જ અવસ્થામાં વધુ ને વધુ ખૂંપતો જતો હતો. છેવટે અમે નસ વાટે ઇન્જેક્શન આપવાનું નક્કી કર્યું. એ માટે એને પહેલાં એક ગ્લુકોઝ સલાઈનની બાટલી ચડાવવી અને એ 'આઇવી સલાઇન' મારફત ધીરે રહીને ઇન્જેક્શન આપવું એવું નક્કી કર્યું.

સલાઇનની સોય ખોસવા માટે હું એના હાથ પર નસ શોધતો હતો તો એ મને કહે "અરે, આઉટ જશે હં, સલાઇન સરખું ચડાવજે..." હું હસીને બોલ્યો, "હા હં, એકદમ સરખી રીતે ચડાવીશ." ત્યાં સુધી તેના વિચારો ઇન્ટ્રાવીનસ (આઇવી) ફ્લુઇડ્સના વિષયમાં જ અટવાયેલા રહ્યા. એ સંદર્ભના બધા મુદ્દા એ ક્રમવાર બોલી રહ્યો હતો. ફક્ત વર્તમાન પરિસ્થિતિ સાથે એ બોલવાનો કંઈ જ સંબંધ નહોતો અને એ કદાચ પોતાની જ વિચારમાળાને નિયંત્રણમાં રાખવા માટે સક્ષમ નહોતો. મેં સલાઈન આપવાનું શરૂ કર્યું અને હાથમાં ઇન્જેક્શન લીધું.

હવે ફક્ત રબરની નળીમાં ઇન્જેક્શન ધીરેથી નાખવાનું જ બાકી હતું. હું શક્ય એટલી સહજ રીતે હલનચલન કરી રહ્યો હતો.

અચાનક એ હસતા ચહેરે બોલ્યો, "ડાયરેક્ટ આઇવી ઇન્જેક્શન આપવાનું સહેલું પડે એટલે જ આ બધી માથાકૂટ કરે છેને?"

'બાપ રે! આ તો એક મોટા સ્ફોટની શરૂઆત છે!' હું મનમાં બોલ્યો. સ્ફોટની અપેક્ષાથી હું એકદમ નિશ્ચલ થઈ ગયો. પણ કંઈ જ ન થયું. "આપી દે રે જલદી એ ઇન્જેક્શન... તને પણ કેટલો ત્રાસ આપવાનો...?" એ જ હસતા સ્વરમાં એ બોલ્યો. એ બીજું પણ કંઈક બોલી રહ્યો હતો, પણ શરીરમાં દાખલ થયેલા ઇન્જેક્શન સાથે જ એના શબ્દો ભારે થતા ગયા. એકદમ છેલ્લે અસ્પષ્ટ રીતે એ બોલ્યો, "આફ્ટર... ઓલ... યુ... આર... માય ફ્રેન્ડ..."

ધૂંધવાતી આગ પર પાણીનો મારો થતાં જ જેમ આગ તરત બુઝાઈ જાય તેમ એ એકદમ શાંત કેમ થઈ ગયો? જ્યારે ઉત્તેજિત થઈને ઊછળશે એમ લાગતું હતું ત્યારે જ એ સ્થિતપ્રજ્ઞ કેમ થઈ ગયો?

અને માનસિક ઈજાનાં વમળમાં ઘૂમરીઓ ખાતી વખતે પણ મૈત્રીનો વિશ્વાસ કેવી રીતે જાગ્યો એનામાં?

આ બધાય પ્રશ્નોનો એક જ ઉત્તર સંભવે છે. એ 'માણસ' હતો એટલે.

કોઈ પણ માનસિક રોગી સો ટકા માનસિક રોગી હોતો નથી. નિરોગી મનનો એક ખૂણો એનામાં સાબૂત હોય જ છે. આ ખૂણાનો વ્યાપ વધારવો એ જ બધા ઉપચારોનો ઉદ્દેશ હોય છે. મનનાં બધાં જ સમીકરણો માનસિક રોગના વાવાઝોડામાં મૂળ સોતાં હલી રહ્યાં હોય ત્યારે પણ અમુક નાજુક તણખલાં એમાંથી બચી જઈ શકે, એ માત્ર દર્દી અને એના કુટુંબ માટે જ નહીં, પરંતુ ડોક્ટર માટે પણ એક દિલાસો હોય છે.

આજની તારીખે :

હૉસ્પિટલમાં ઍડ્મિટ કરી દર્દીની સારસંભાળ કરવી, એ સેવા મેં મારા વ્યવસાયના શરૂઆતના બે દશક સુધી કરી. ત્યાર બાદ 'મનોવિકાસ'ના કામ માટે દેશભરમાં પ્રવાસ કરવાનું ખૂબ વધી ગયું. તેથી આ જવાબદારી લેવી એ દર્દી પર અન્યાય થશે એવું લાગ્યું. આમ જોઈએ તો Clinical Psychiatristની ભૂમિકાનો આ એક અત્યંત આહ્‌વવાનાત્મક ભાગ કહી શકાય. એકદમ 'પાગલ' માણસમાં રહેલી 'સારપ' શોધી કાઢીને એમાં વધારો કરવા માટે એનો ઉપચાર કરવો એ ફક્ત મનોચિકિત્સક તરીકે જ નહીં, પરંતુ એક માણસ તરીકે પણ ખૂબ પરિપક્વ બનાવનાર અનુભવ હોય છે.

- લેખક



કથા એક કલાકની

☐ કેટે ચોપીન (૧૮૯૪) ☐ અનુ.: આરાધના ભટ્ટ

શ્રીમતી માલાર્ડના હૃદયરોગ વિશે બધાને જાણ હતી, તેથી એના પતિના મૃત્યુના સમાચાર શક્ય એટલા હળવેથી આપવાની કાળજી લેવામાં આવી.

એની બહેન જોસફીને તૂટક-તૂટક વાક્યોમાં, કેટલાક સંકેતો કરીને, કેટલુંક અધ્યાહાર રાખીને વાત કરી. તે વખતે ત્યાં શ્રીમતી માલાર્ડના પતિનો મિત્ર રિચર્ડ પણ હાજર હતો. રેલ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓનાં નામની યાદીમાં બ્રેન્ટલી માલાર્ડનું નામ મોખરે હતું. એ સમાચાર આવ્યા ત્યારે અખબારની કચેરીમાં પણ એ જ ગયો હતો. પછી બીજો એક તાર આવ્યો એનાથી આ સમાચારની પુષ્ટિ થઈ. કોઈક ઓછી સંવેદનશીલ વ્યક્તિ કે ઓછી કાળજીવાળા કોઈ મિત્ર આ સમાચાર પહોંચાડે તે પહેલાં પોતે એ સમાચાર આપવા પહોંચી ગયો હતો.

ઘણીખરી સ્ત્રીઓ આવો આઘાત જીરવી ન શકે, એટલે એ સમાચારને નકારી કાઢે અને લગભગ થીજી જાય. એણે એવું ન કર્યું. એ એની બહેનને ભેટીને છાતીફાટ રડી પડી. પછી પીડાનો વંટોળ શમ્યો એટલે એ એકલી પડવા પોતાના ઓરડામાં ચાલી ગઈ. કોઈએ એની પાછળ જવાનું નહોતું.

ત્યાં, બારી સામે એક મોટી આરામ-ખુરશી હતી. શરીરમાં અસહ્ય થાકની પીડા હતી, એ સોંસરવી ઊતરતી હતી. એ થાકથી એ ખુરશીમાં ફસડાઈ પડી.

ઘરની સામેના ચોગાનમાં ખીલેલી વસંતના ઉલ્લાસમાં ડોલતાં વૃક્ષની

ઘટાઓ એ જોઈ શકતી હતી. હવામાં વરસાદની સોડમ હતી. નીચે શેરીમાં એક ફેરિયો એનો માલ વેચવા બૂમ પાડી રહ્યો હતો. દૂરથી ગવાતા કોઈક ગીતના સૂર કાને પડી રહ્યા હતા અને છાપરા પર અસંખ્ય ચકલીઓ કલબલાટ કરી રહી હતી.

એની બારીની સામે પશ્ચિમના આકાશમાં વાદળનો ઢગ થયો હતો અને એમાંથી વચ્ચે ક્યાંક ક્યાંક ભૂરું આકાશ ડોકાતું હતું.

ડૂસકે ચડેલું બાળક નિદ્રાધીન થતાં થતાં અડધી સ્વપ્નિલ અવસ્થામાં એકાદ ડૂસકું ભરે એમ ક્યારેક એનું શરીર સહેજ હાલતું. તે સિવાય ખુરશીમાં અઢેલીને લગભગ નિશ્ચેતન લાગે એમ એ સ્થિર બેઠી હતી.

એ યુવાન હતી, એનો ચહેરો શાંત અને વાન ગોરો હતો, ચહેરા પરની રેખાઓમાં એનો સંયમ અને એનું આત્મબળ સ્પષ્ટ દેખાતાં હતાં. ઉદાસ નજરે દૂર દેખાતા આકાશના ભૂરા ટુકડાઓ તરફ એ એકીટસ મીટ માંડી રહી હતી. એની આંખો વિચારમાં લીન નહોતી પણ એમાં તર્કસંગત વિચારની સ્થિરતા હતી.

કંઈક એના ભણી આવી રહ્યું હતું અને તે ભયભીત થઈને એની રાહ જોઈ રહી હતી. એ શું હતું? એને ખબર નહોતી. એને નામ ન આપી શકાય એટલું એ સૂક્ષ્મ હતું, એનું વર્ણન થઈ શકે એવું પણ નહોતું. પણ જે અવાજો, રંગ અને સુગંધથી બહારની હવા તરબતર હતી તેમાંથી ઝમતું એના તરફ કંઈક આવતું એ અનુભવી શકતી હતી.

હવે એની છાતીના શ્વાસ ધમણની જેમ ચાલવા માંડ્યા. એને સમજાવા માંડ્યું કે કંઈક એનો કબજો લેવા આવી રહ્યું હતું અને એને દૂર ધકેલવા એ પોતાની બધી શક્તિઓ કામે લગાડી રહી હતી. જ્યારે એણે પોતાની જાતને સહજ છોડી દીધી ત્યારે એક શબ્દ એના અધખુલ્લા હોઠમાંથી હળવેથી સરી પડ્યો. દબાયેલા અવાજે એ ફરીફરીને એ શબ્દ બોલતી રહી ‘મુક્તિ, મુક્તિ, મુક્તિ.’ એની ભાવશૂન્ય અને ગભરાયેલી આંખોમાં તેજ ચમકી ઊઠ્યું. એની નાડી ધબકવા લાગી અને રક્તવાહિનીઓમાં લોહી ફરતું થવાથી એનું અંગેઅંગ વિશ્રાંત થયું.

એના મનમાં ઊગી રહેલો આ ઉલ્લાસ કઢંગો કહેવાય કે નહીં એ વિચારવાની જરૂર એને ન જણાઈ. એની સ્પષ્ટ અને ઉન્નત પ્રતીતિએ આ શક્યતાને ક્ષુલ્લક ગણીને સહજપણે ફગાવી દીધી. એ જાણતી હતી કે મૃત્યુ સમક્ષ જોડાયેલા એ કોમળ, માયાળુ હાથને એ જ્યારે જોશે, જે ચહેરાએ એની તરફ માત્ર પ્રેમની દૃષ્ટિએ જોયું છે એ અચેતન, નિસ્તેજ ચહેરાને એ જ્યારે જોશે ત્યારે એની આંખમાંથી આંસુ સરી પડશે. પણ એની દૃષ્ટિ એ વિદારક ક્ષણોને પાર કરીને ભવિષ્યનાં

વર્ષોની લાંબી મજલ પર મંડાઈ હતી, આ મજલ પર હવે માત્ર એનાં પગલાં પડશે. આવી રહેલાં વર્ષોને આવકારતી હોય એમ એણે પોતાના હાથ લંબાવ્યા.

હવેનાં વર્ષોમાં બીજા કોઈ માટે જીવવાનું નહીં હોય, હવે એ માત્ર પોતાને માટે જીવશે. સહજીવી સ્ત્રી-પુરુષ પોતાની પ્રબળ ઇચ્છાઓને એકમેક પર લાદતાં હોય છે, હવે એની આકાંક્ષાઓને પોતાના આગ્રહોથી મરોડનાર કોઈ નહીં હોય. અધિકારની એ ભાવના પાછળ સદ્ભાવ હોય કે નિર્દયતા, પ્રબુદ્ધિની આ ક્ષણે એ ભાવના એને ગુના જેવી લાગી.

અને છતાં એણે એને પ્રેમ કર્યો હતો... કોઈક કોઈક વખત. ઘણી વખત નહોતો પણ કર્યો. એનાથી શું થઈ ગયું? જાતનો ફરી એક વખત કબજો મેળવવાની, સમગ્ર અસ્તિત્વને ગ્રસી લેતી આ અદમ્ય ઇચ્છાની આગળ પ્રેમ નામના એ વણઊકલ્યા કોયડાની શું વિસાત?

'મુક્તિ! શરીર અને આત્માની મુક્તિ!' એ દબાયેલા અવાજે બોલતી રહી.

જોસેફિન બંધ બારણાની બહાર ચાવીના કાણામાંથી એને અંદર પ્રવેશ આપવા આજીજી કરતી રહી. "લુઇઝ, બારણું ખોલ, હું તને વિનંતી કરું છું, બારણું ખોલ. આ રીતે તું તારી જાતને બીમાર કરી દઈશ. તું શું કરે છે, લુઇઝ? ભગવાનને ખાતર, બારણું ખોલ!"


"તું અહીંથી ચાલી જા. હું એવું કશું નથી કરી રહી." ના, એ તો બારી વાટે ઝરતા અમૃતનું પાન કરી રહી હતી.

હવે પછીની મજલની કલ્પનાઓના રંગોમાં એનું ચિત્ત હોળી રમી રહ્યું હતું. વસંતના દિવસો, ગ્રીષ્મના દિવસો અને બધા જ દિવસો હવે એના પોતાના હશે. પોતાને લાંબું જીવન મળે એને માટે એણે એકીશ્વાસે પ્રાર્થના કરી લીધી. હજુ ગઈકાલે લાંબું જીવન જીવવાના વિચારે એને ધ્રુજાવી દીધી હતી.

બહેનની વિનંતીઓને માનીને આખરે એણે હળવેથી ઊઠીને બારણું ઉઘાડ્યું. એની આંખોમાં વિજયનો સુરમો અંજાયો હતો, એ આંજણ આંજીને વિજયની અધિષ્ઠાત્રીની માફક બહાર નીકળી. એની બહેનની કમરે એણે હાથ વીંટાળ્યો અને બંને સાથે દાદર ઊતર્યાં. નીચે રિચર્ડ એમની રાહ જોઈ ઊભો હતો.

કોઈકે બહારથી બારણાનું તાળું ખોલ્યું. આગંતુક બ્રેન્ટ માલાર્ડ હતો. પ્રવાસના થાકથી સહેજ ઝંખવાયેલો છતાં સ્વસ્થ, હાથમાં થેલો અને છત્રી. અકસ્માતના સ્થળથી એ ઘણો દૂર હતો, અકસ્માત વિશે એને કશી જાણ નહોતી. જોસેફિનની દર્દનાક ચીસ સાંભળીને અને પત્નીની નજર પોતાના પર ન પડે એ માટે રિચર્ડે કરેલા પ્રયત્નથી ચકિત થઈને એ ત્યાં જ થંભી ગયો.

જ્યારે ડોક્ટર આવ્યા ત્યારે એમણે કહ્યું કે મૃત્યુ હૃદયને આંચકો લાગવાથી થયું છે... હર્ષનો આંચકો. ❑❑❑


ખલીલ ધનતેજવીસાહેબનાં મૂલ્યવાન પુસ્તકો
સમગ્ર
તમામ 952 ગઝલોનો દળદાર
અને દમદાર સંગ્રહ
તમામ 10 ગઝલ સંગ્રહનો સૅટ
સુંવાળો ડંખ
બે દાયકા પછી તેમની
તદ્દન નવી નવલકથા
ZEN OPUS
Living with Literature
Hinglaj Mata Compound,
Behind Manmohan Complex,
Navrangpura Police Station Lane,
Navrangpura, Ahmedabad–380009
ઘેરબેઠાં ફ્રી શિપિંગથી મેળવવા
www.zenopus.in
ઑનલાઇન શૉપિંગ માટે
amazon.in
નજીકના બુકસ્ટોરમાં



કવીશ્વર દલપતરામ

કવીશ્વર દલપતરામ અને રાસમાળા

☐ દીપક મહેતા

"**મા**રે સારે નસીબે મને કવીશ્વર દલપતરામનો પરિચય પ્રમાણમાં વહેલો થયો. અને ૧૮૪૮થી મેં તેમની સેવાનો લાભ લેવાનું શરૂ કર્યું ત્યારથી મારા આ સહકાર્યકર લગભગ સતત મારી સાથે રહ્યા છે. સ્થાનિક તવારીખો, રૂઢિઓ, હસ્તપ્રતો, અને લેખો મેળવવા માટે કે તેમની નકલ કરાવી લેવા માટે તેમણે ગુજરાતના ઘણા ભાગોનો પ્રવાસ કર્યો – અલબત્ત, તે માટેની સગવડો મેં તેમને કરી આપી હતી – તેને પરિણામે અમને ધીમે ધીમે સફળતા મળી." (અંગ્રેજી


રાસમાળાની ૧૮૫૬માં પ્રગટ થયેલી પહેલી આવૃત્તિની પ્રસ્તાવનાના અંશનો અનુવાદ)

''છેલ્લે દિવસે રાસમાળાનાં અસલ દલપત લખ્યાં ગુજરાતી પ્રકરણોના બે ચોપડા, જાણે જગત ઉંબરે ઊભી દલપત ભણાવ્યું દલપતરામને પાછું સોંપતો હોય તેમ દલપતરામને પાછા આપીને ફાર્બસે કહ્યું કે આ પ્રકરણો ગોઠવીને યથાસ્થિત છપાવાય તો મારાં બધાં કામ પૂરાં થયાં હું લેખીશ. એ ચોપડા તે દલપત રાસમાળા, જેના ઉપરથી ફાર્બસ રાસમાળા લખાઈ ને છપાઈ.'' (કવીશ્વર દલપતરામ, ભાગ-૨, ઉત્તરાર્ધ/ નાનાલાલ દલપતરામ કવિ, પા. ૧૧૨-૧૧૩) (અવતરણ ચિહ્નોમાં બધે ભાષા-જોડણી મૂળ પ્રમાણે)

જો આપણે શબ્દો ગળી જનારા નહિ, પણ ચાવીને વાંચનારા હોઈએ તો સવાલ થયા વગર ન રહે કે ફાર્બસ અને નાનાલાલ, બેમાં કોણ સાચું? કોણ નહિ? ફાર્બસની રાસમાળા તેમની મૌલિક કૃતિ, કે દલપતરામની ગુજરાતી કૃતિનો અનુવાદ માત્ર? રાસમાળા એક કે બે? રાસમાળાના ફાર્બસ લેખક કે અનુવાદક? દલપતરામની મહેનતનો જશ ખાટી જવાનો પ્રયત્ન ફાર્બસે કર્યો? કે ફાર્બસની કૃતિ દલપતરામના ખાતામાં જમા કરાવવાની મહેનત નાનાલાલે કરી છે?


ફાર્બસે દલપતરામની સહાય વિષે જે લખ્યું તેનું મૂળ જાત-માહિતીમાં રહેલું છે. નાનાલાલે જે લખ્યું તેનો આધાર? ફાર્બસના અવસાન પછી 'બુદ્ધિપ્રકાશ'ના ઓક્ટોબર ૧૮૬૫ના અંકથી દલપતરામે 'આનરએબલ ફારબસસાહેબનું મરણ' નામની પોતાની લેખમાળા છાપવાનું શરૂ કર્યું હતું. તેમાં ફાર્બસ સાથેની પોતાની છેલ્લી મુલાકાત વિષે લખતાં દલપતરામ કહે છે: ''એક કામ ઘણી જરૂરનું બાકી છે. તે એ કે રાસમાળામાં હિંદુ રાજાઓની વાતો જેમાંથી આપણે લીધી છે, તે અસલ પ્રકરણો હું તમને આપું તે ગોઠવીને છપાય તો હું જાણીશ કે મારાં બધાં કામ પૂરાં થયાં...એમ કહીને કેટલાંક પ્રકરણો મને સોંપ્યાં. વળી કહ્યું કે અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સાહેબને હું લખીશ, કે તેઓ આ પુસ્તક તમારી મારફતે રચાવીને છાપે.'' પણ પછી આગળ જતાં આ જ લેખમાળામાં દલપતરામ આખી વાતને જુદો જ વળાંક આપે છે: ''ફારબસસાહેબના ફરમાવ્યા પ્રમાણે રાસમાળાનાં કેટલાંક અશલ પ્રકરણો ગોઠવીને તેનું પુસ્તક કાવ્યદોહનના બીજા પુસ્તક જેવડું બે ભાગમાં તૈયાર કરીને મેં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના શેક્રેટરી સાહેબને આપ્યું, તથા તે છાપવા સારૂ આશરે રૂ. ૨૦૦) ના કાગળો ફારબસસાહેબે મોકલેલા

તે પણ સાહેબ મોસુફને મેં સોંપ્યા. અને એ પુસ્તક રચતાં જે ખરચ થયું તે સોસાયટીએ આપ્યું. તે પુસ્તક સોસાયટીએ મુંબઈની ફારબસ ગુજરાતી સભામાં મોકલ્યું છે.''



એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ

દલપતરામે ઉપરોક્ત લેખમાં જે લખ્યું કે 'હિંદુ રાજાઓની વાતો જેમાંથી આપણે લીધી છે, તે અસલ પ્રકરણો હું તમને આપું' તેનાથી નાનાલાલ કાં ગેરમાર્ગે દોરવાયા છે, અથવા તેમની પિતૃભક્તિ તેમને દલપતરામના શબ્દોનું જુદું (અને ખોટું) અર્થઘટન કરવા પ્રેરે છે, અથવા તો એક પિતૃશોકમાં ડૂબેલા કવિની આ અહોભાવપ્રેરિત કલ્પના છે. તેને હકીકતો સાથે ભાગ્યે જ કશી લેવાદેવા છે. 'અસલ પ્રકરણો' એટલે જે ગુજરાતી હસ્તપ્રતોમાંથી દલપતરામે ઉતારા કરેલા તે, 'રાસમાળા'નાં અસલ ગુજરાતી પ્રકરણો નહિ. આ બે ચોપડા ૧૮૬૮માં સોસાયટીએ મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાને મોકલ્યા, પણ તેમાંનો ફક્ત કેટલોક જ ભાગ એ સભાએ છેક ૧૯૩૩માં પ્રગટ કર્યો. પોતાના આ 'પુસ્તક'ની પ્રસ્તાવના પણ દલપતરામે લખી રાખી હતી અને તેમાં તેને 'ગુજરાતી રાસમાળા' તરીકે ઓળખાવ્યું હતું. પણ ફાર્બસ ગુજરાતી સભાએ એ નામે નહિ, પણ 'ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' એવા નામે એમાંનો કેટલોક ભાગ પ્રગટ કર્યો. એટલે કે, ૧૮૯૮માં દલપતરામનું અવસાન થયું ત્યાં સુધી આ ચોપડા છપાયા નહોતા. પણ એ છપાયા ત્યારે નાનાલાલ હયાત હતા. બીજી બાજુ ફાર્બસની અંગ્રેજી રાસમાળાનો ગુજરાતી અનુવાદ રણછોડભાઈ ઉદયરામ પાસે કરાવીને ૧૮૬૯માં ફાર્બસ ગુજરાતી સભાએ પ્રગટ કર્યો. આની પાછળનું કારણ એ હોવાનો સંભવ છે કે આ સામગ્રી 'ગુજરાતી રાસમાળા' તરીકે પ્રગટ કરી શકાય તેમ નથી એવું સંસ્થાના જાણકાર



કવીશ્વર દલપતરામના હસ્તાક્ષરમાં એક પાનું


સંચાલકોને લાગ્યું હોય, યોગ્ય રીતે. જે બે ચોપડાનો ઉલ્લેખ દલપતરામ, નાનાલાલ, અને અંબાલાલ કરે છે તે બે ચોપડા (ક્રમાંક ૪૮-૩-૬ અને ૪૮-૧૧) સારે નસીબે આજ સુધી ફાર્બસ ગુજરાતી સભામાં સચવાયા છે, પણ અત્યારે તે અત્યંત જીર્ણ અવસ્થામાં છે. એ જોતાં સ્પષ્ટ જણાય છે કે આ ચોપડામાં જે છે તે રાસમાળા માટે એકઠી કરેલી કાચી સામગ્રી છે. એને કોઈ રીતે ગુજરાતી કે અસલ રાસમાળા તરીકે ઓળખાવી શકાય તેમ નથી.

આ બંને ચોપડા ૧૮૫૬ અને ૧૮૬૫ની વચમાં ક્યારેક, એટલે કે અંગ્રેજી રાસમાળા પ્રગટ થઈ તે પછી, અને ૧૮૬૫માં ફાર્બસનું અવસાન થયું તે પહેલાં લખાયા છે. કારણ, તેમાં અંગ્રેજી રાસમાળા ૧૮૫૬માં પ્રગટ થઈ તેનો ઉલ્લેખ છે. તો બીજી બાજુ મૂળ લખાણ શરૂ કરતાં પહેલાં ''સાહેબને પૂછવાનું'' એવા મથાળા નીચે ૧૦ મુદ્દા નોંધ્યા છે. તેમાંનો પહેલો મુદ્દો આ છે: ''ગુજરાતી ગ્રંથ બને તેનું નામ સું પાડવું?'' એટલે કે, આ ચોપડો લખાયો ત્યાં સુધી 'ગુજરાતી રાસમાળા' નામ નક્કી થયું નહોતું. વળી, 'રાસમાળા'નો ઉલ્લેખ કરીને દલપતરામ કહે છે: ''તેમાં જે અસલ પુસ્તકો પરથી પ્રકર્ણાદિ દાખલ કરેલાં છે તેમાના કેટલાએક પ્રકર્ણો મને સોંપીને કહ્યું જો આટલા પ્રકરણોનું એક પુસ્તક ગુજરાતીમાં છપાવીને પ્રગટ કર્યું હોય તો ગુજરાતી વાચનારાઓને ઘણું ઉપયોગી થઈ પડે.'' એટલે કે, આ 'ગુજરાતી રાસમાળા' પ્રગટ કરવા અંગેની વાત એ મરણપથારીએ પડેલા ફાર્બસની 'છેલ્લી ઇચ્છા' નહોતી, એ અંગે અગાઉ પણ તેમણે દલપતરામ સાથે વાત કરી હતી. આ ઉપરાંત,

'ગુજરાતી રાસમાળા'ની બીજી એક હસ્તપ્રત (ક્રમાંક ૭૩૮) પણ ફાર્બસ ગુજરાતી સભામાં સચવાઈ છે. તે હસ્તપ્રત ૪૮-૧૧ની ૧૯૩૦માં કરાવેલી નકલ છે. ફાઉન્ટન પેનથી, ઝીણા, પણ અત્યંત સુવાચ્ય અક્ષરે આ નકલ લખાયેલી છે. તેનું લેખન ૧૯૩૦ના નવેમ્બરની ૩૦મી તારીખે વિલેપાર્લેમાં પૂરું થયું છે. મૂળ હસ્તપ્રત આજે અડતાં પણ બીક લાગે એવી દશામાં છે ત્યારે આ નકલ ઘણી મહત્ત્વની બની જાય છે. વળી એને સ્કેન કરીને પણ સાચવી લીધી છે.


પોતાના અનુવાદના પહેલા ભાગની પ્રસ્તાવનામાં રણછોડભાઈએ નોંધ્યું છે કે રાસમાળાનો ગુજરાતી અનુવાદ પ્રગટ થાય એવી ફાર્બસની પોતાની જ ઇચ્છા હતી અને તેમણે યોગ્ય અનુવાદકનું નામ સૂચવવા સર ટી.સી. હોપને વિનંતી કરી હતી. એ વખતે તેમણે રણછોડભાઈનું નામ સૂચવ્યું હતું, પણ તે માટે મુંબઈ જઈ ફાર્બસને મળવું જરૂરી હતું, જે એ વખતે રણછોડભાઈ માટે શક્ય નહોતું. એટલે અનુવાદ થઈ શક્યો નહિ. ફાર્બસના અવસાન પછી ફાર્બસ ગુજરાતી સભાએ અનુવાદનું કામ માથે લીધું અને તે માટે એ વખતની રીત પ્રમાણે અનુવાદના નમૂના મોકલવા જાહેર અપીલ કરી. આ રીતે આવેલા નમૂના ચકાસવા માટે એક સમિતિની નિમણૂક કરી. તેણે રણછોડભાઈનો નમૂનો પસંદ કર્યો અને તેથી અનુવાદનું કામ તેમને સોંપાયું.

'ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' પુસ્તક પ્રગટ થયું ત્યારે અંબાલાલ બુલાખીરામ જાની ફાર્બસ ગુજરાતી સભાના મંત્રી હતા. તેઓ એક વિદ્વાન સંશોધક પણ હતા. પુસ્તક પ્રગટ કરતી વખતે તેના કર્તૃત્વ અંગે તેમણે પૂરી સાવધાની રાખી છે. દલપતરામને પુસ્તકના કર્તા ક્યાંય ગણાવ્યા નથી. પુસ્તકના ટાઈટલ પેજ પર છાપ્યું છે: ''ગુજરાતના મધ્ય અને ઉત્તરકાળનાં રાજ્યો તથા રાજવંશો સંબંધી સંઘરેલી માહિતીઓ અને કથનીઓ. સંગ્રહી લખનાર સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ.'' એટલું


RÂS MÂLÂ;
रास माला
HINDOO ANNALS
PROVINCE OF GOOZERAT,
WESTERN INDIA.
ALEXANDER KINLOCH FORBES,
WITH ILLUSTRATIONS,
VOL. I.
LONDON:
RICHARDSON BROTHERS, 23, CORNHILL.
1856.

રાસમાળા ૧ પુસ્તક ૧૮૫૬

જ નહિ, પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે નિખાલસપણે લખ્યું છે: ''એકંદર જોતાં ગ્રંથ કેવળ અપરિપક્વ - ટાંચણવાળી દશામાં તૈયાર કરેલો છે, તેમ જ તે સંપૂર્ણ પણ નથી... શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ તે પ્રગટ કરવા ધારણા રાખી ન હતી. પરંતુ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી તે પ્રગટ કરવા માટે પોતાને સોંપવાની માગણી થતાં, તેમ જ આ ગ્રંથ કવીશ્વર પાસે લખાવાયો, ત્યારે તે પ્રગટ કરવાનો મૂળ ઉદ્દેશ હતો એ વિચાર લક્ષમાં લેતાં અમારી સભાએ એની ભાષાશૈલી તેમ જ વસ્તુને એમ ને એમ સાચવી, માત્ર પ્રકરણો પાડી, પ્રગટ કરવાનું કામ મને સોંપ્યું અને


શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રંથાવલિ-અંક ૧૭

ગુજરાતના કેટલાએક
ઐતિહાસિક પ્રસંગો
અને
વાર્તાઓ
(ગુજરાતનાં મધ્ય અને ઉત્તર કાળનાં રાજ્યો તથા રાજવંશો સંબંધી સંગ્રહેલી માહિતીઓ અને કથનીઓ)
સંગ્રહી લખનાર સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ

પ્રકાશક
શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ

વિ. સં. ૧૯૮૯ ઈ. સ. ૧૯૩૩


મૂલ્ય ૦-૧૨-૦

છાપેલાં ફાર્બસે દોરેલાં બહુરંગી ચિત્રોમાંનું એક

તેટલું જ કામ મેં કર્યું છે.''

પોતાની લેખમાળામાં દલપતરામ પુસ્તકને 'કાવ્યદોહનના બીજા પુસ્તક જેવડું બે ભાગમાં' તરીકે ઓળખાવે છે. જ્યારે ફાર્બસ ગુજરાતી સભાએ પ્રગટ કરેલું પુસ્તક ક્રાઉન ૧૬ પેજી સાઈઝનાં ૩૭૧ પાનાંનું જ છે (પ્રારંભિક પાનાં અલગ). એટલે અંબાલાલ જાનીએ ભલે લખ્યું નથી, પણ મૂળમાં સારી એવી કાપકૂપ પણ થઈ છે. એ પણ નોંધવું જોઈએ કે આ 'ગુજરાતી રાસમાળા'ની વાત ફાર્બસના અવસાન પછી જ વહેતી થઈ. ૧૮૫૬માં અંગ્રેજી રાસમાળા પ્રગટ થઈ ત્યારથી ૧૮૬૫ સુધી આવો દાવો કોઈએ કર્યો નથી. અગાઉ જે બે ચોપડાનો ઉલ્લેખ કર્યો છે તેમાં પણ ક્યાંય આવો દાવો દલપતરામે કર્યો નથી.

પણ દલપતરામની 'ગુજરાતી રાસમાળા'ના પ્રકાશન અંગેની સૌથી વધુ ચોંકાવનારી માહિતી તો 'બુદ્ધિપ્રકાશ'ની જૂની ફાઈલો ફંફોસતાં અણધારી રીતે મળી આવી છે. દલપતરામ, ફાર્બસ અને 'રાસમાળા' અંગે આજ સુધીમાં ઘણાએ લખ્યું છે, ઘણું લખ્યું છે, પણ નવાઈની વાત એ છે કે આજ સુધી કોઈનું એ તરફ ધ્યાન જ ગયું નથી. ફાર્બસની અંગ્રેજી રાસમાળા ૧૮૫૬માં લંડનથી પ્રગટ થઈ. આ પુસ્તક લખવા માટે ફાર્બસ લાંબી રજા લઈને સ્વદેશ ગયા હતા. પુસ્તક પ્રગટ થયું તે



४०

रासमाळानी वात.

[illegible] ग्रंथ १६ मेथी सांधण.

भाग त्रीजो.

वनराजनी उत्पत्ति विषे हाल जे गुजरातमां [illegible] चालेछे तथा जैन ग्रंथकार जे लखी गयाछे ते रत्नमाळानी वातने मळतुंछे; ने एवुं धारवामां आवेछे के पंचासरना राजना चावडावंशनी उत्पत्ति पहेले प्रथम सिंधुनदीथी पश्चिमना देशमां थई, ते वंश सूर्य अथवा चंद्रवंशमांथी निकळो एवुं मालम पडतुं नथी ते वंश पश्चिम हिंदुस्थानमां [illegible] पसरेलोछे. जयशीखरी चावडाना पूर्वजो सोरठ देशना देव अने पाटण सोमनाथ नामना बे शहेरोना राजा हुता, अने ते वल्लभीपुरना राजना खंडिया राजा हशे अने ज्यारे वल्लभीपुर

'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયેલી 'રાસમાળાની વાત'

પછી તેઓ હિન્દુસ્તાન પાછા આવ્યા અને ૧૮૫૭ના જાન્યુઆરીની ૧૦મી તારીખે સુરત પહોંચ્યા અને એક્ટિંગ જજ અને એજન્ટ ટુ ધ ગવર્નરની બેવડી જવાબદારી સંભાળી. અને 'બુદ્ધિપ્રકાશ'ના ૧૮૫૮ના માર્ચ અંક (પાનું ૪૦)થી દલપતરામ 'રાસમાળાની વાત' હપ્તાવાર પ્રગટ કરવાનું શરૂ કરે છે. એ વખતે બીજાં ઘણાં સામયિકોની જેમ 'બુદ્ધિપ્રકાશ'માં પણ આખા વરસના અંકોના સળંગ પાના નંબર અપાતા. ૧૮૫૮ના પાંચમા વર્ષમાં પાના નંબર ૪૦, ૬૩, ૮૦, ૯૮, ૧૧૩, ૧૨૯, ૧૫૨, ૧૬૭, અને ૨૦૯ ઉપર 'રાસમાળા' કે રાશમાળા' શીર્ષક સાથે દલપતરામનું લખાણ પ્રગટ થયું છે. ૧૮૫૯માં પણ પાના નંબર ૩૦ અને ૪૪ ઉપર તે ચાલુ રહે છે. છેલ્લા હપ્તાને અંતે 'અધૂરું' લખ્યું છે, પણ તે પછી કોઈ હપ્તો છપાયો નથી. કશી ચોખવટ કર્યા વગર પ્રકાશન આ રીતે અધવચ્ચે કેમ અટકાવી દેવું પડ્યું હશે એ એક કોયડો છે. દલપતરામ 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી હતા અને પોતાનું દરેક લખાણ પહેલાં 'બુદ્ધિપ્રકાશ'માં છાપતા. ફાર્બસ સાથેનો તેમનો સંબંધ જોતાં ફાર્બસે એ પ્રકાશન અટકાવવા કહ્યું હોય એમ માનવું મુશ્કેલ. એક અનુમાન સૂઝે છે: ૧૮૫૩થી ૧૫ વરસ સુધી ટી.બી. કર્ટિસ સોસાયટીના સેક્રેટરી હતા. ફાર્બસના અવસાન પછી તેમણે દલપતરામની 'ગુજરાતી રાસમાળા'નું પ્રકાશન એ છાપવા માટે ફાર્બસે ૨૦૦ રૂપિયાના કાગળ

મોકલ્યા હોવા છતાં સોસાયટી દ્વારા ન કરતાં દલપતરામના બે હસ્તલિખિત ચોપડા મુંબઈ ફાર્બસ ગુજરાતી સભાને મોકલી દીધા હતા. તો 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થતી લેખમાળા નબળી હોવાનું લાગતાં તેમણે તેનું પ્રકાશન અટકાવ્યું હોય? નહીંતર દલપતરામ પોતાની લેખમાળાનું પ્રકાશન અધવચ્ચે પડતું શા માટે મૂકે?

એવી જ રીતે આ લેખમાળાની શરૂઆત પણ ગૂંચવણ ભરેલી છે. પાંચમા પુસ્તકના ૪૦મા પાના પર પહેલી વાર 'રાસમાળાની વાત' મથાળાથી લખાણ છપાયું છે. પણ તેને મથાળે લખ્યું છે: 'ગયા ચોપાનિયાના પૃષ્ટ ૧૬મેથી સાંધણ. ભાગ ત્રીજો.' પણ ૧૮૫૮ના પહેલા અંકમાં પાના ૧૩-૧૬ ઉપર 'રાસમાળા' મથાળા નીચે નહિ, પણ સ્વતંત્ર રીતે 'જયશિખરી ચાવડાની વાત' લખાણ છપાયું છે. અને તેને મથાળે છાપ્યું છે 'ગયા પુસ્તકમાંના પૃષ્ટ ૧૬૪મેથી સાંધણ.' 'ગયું પુસ્તક' એટલે ૧૮૫૭નું (ચોથું) પુસ્તક. એ વરસના ૧૫૫થી ૧૬૪મા પાના સુધી 'જયશિખરી ચાવડાની વાત' છપાઈ છે. એ પહેલાંના કોઈ અંકમાં તેનું પુરોસંધાન જોવા મળતું નથી. એના પરથી અનુમાન કરવું રહ્યું કે 'જયશિખરી ચાવડાની વાત'ના બે હપ્તાને પછીથી દલપતરામે 'રાસમાળા'ના પહેલા બે હપ્તા ગણીને નામ બદલીને 'રાસમાળાની વાત' કર્યું હશે. એટલે કે, અંગ્રેજી 'રાસમાળા'ના પ્રકાશન પછી ફાર્બસ હિન્દુસ્તાન પાછા આવ્યા તે જ વરસે દલપતરામે તેની કાચી સામગ્રી ફાર્બસનો, કે તેની રાસમાળાનો ઉલ્લેખ સુધ્ધાં કર્યા વગર 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ કરવાનું શરૂ કરી દીધું હતું!

એટલે, 'ગુજરાતી રાસમાળા' પ્રગટ થાય એવી ખુદ ફાર્બસની જ 'છેલ્લી ઇચ્છા' હતી, એ ઇચ્છા પૂરી કરવા દલપતરામ આતુર હતા, પણ તેમની હયાતિમાં એ પૂરી થઈ નહિ, એવી વાત કોઈ રીતે ટકી શકે તેમ નથી. વળી એવો સવાલ પણ કરી શકાય કે જો આ બે ચોપડા ૧૮૫૭-૫૮-૫૯માં દલપતરામ/સોસાયટી પાસે હતા (એ વગર હપ્તાવાર પ્રકાશન શક્ય ન બન્યું હોય) તો તે પાછા ફાર્બસ પાસે ક્યારે અને શા માટે ગયા? કારણ દલપતરામ કહે છે કે ફાર્બસના અવસાનના થોડા દિવસ પહેલાં મુંબઈમાં થયેલી છેલ્લી મુલાકાત વખતે ફાર્બસે તે પોતાને આપ્યા હતા.

બીજું, એક એવો ખ્યાલ પ્રવર્તે છે કે દલપતરામે એકઠી કરેલી સામગ્રીને આધારે જ ફાર્બસે રાસમાળાનું પુસ્તક લખ્યું. પણ આ અર્ધસત્ય છે, અને અર્ધસત્ય હંમેશાં જોખમી હોય છે. દલપતરામે ભેગી કરી આપેલી સામગ્રી ઉપરાંત ડો. ભાઉ દાજી, વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી વગેરે પાસેથી પણ



અંગ્રેજી 'રાસમાળા'ની પહેલી આવૃત્તિમાં

ફાર્બસે પુસ્તકો/હસ્તપ્રતો મેળવેલાં. આ મેળવવા માટે તેઓ પોતે પણ ગુજરાતમાં અને ગુજરાત બહાર પણ, પ્રયત્નો કરતા. જેના પર ફાર્બસે ઘણો આધાર રાખ્યો છે તે 'પ્રબંધચિંતામણી'ની હસ્તપ્રત ભેટ આપવા માટે તેમણે 'રાસમાળા'ની પ્રસ્તાવનામાં મારવાડના જૈન પીરચંદજી ભૂધરજીનો આભાર માન્યો છે. એટલું જ નહિ, પ્રબંધચિંતામણીનો અંગ્રેજી અનુવાદ કરવામાં 'અનિવાર્ય એવી મદદ' કરવા માટે પણ તેમનો આભાર માન્યો છે. આ ઉપરાંત પ્રેમચંદ સલાટ અને ત્રિભુવનદાસ તથા ભૂધર દયારામ નામના બે સુતારોનો ખાસ ઉલ્લેખ કર્યો છે. એટલે કે, દલપતરામ જે કાંઈ શોધી લાવે તે જ માત્ર ફાર્બસનો આધાર નહોતો, બીજાઓની મદદ પણ તેમણે લીધેલી.

દલપતરામે પોતે ઉપરોક્ત લેખમાં નોંધ્યું છે કે ફાર્બસ સરકારી કામે પ્રવાસ કરતા ત્યારે પણ સમય કાઢીને જૈન ગ્રંથભંડારો, મંદિરો, સ્મારકો, ઐતિહાસિક ઇમારતોની મુલાકાત લેતા, નોંધો કરતા, ફોટા પાડી લેતા કે ચિત્રો દોરી લેતા. આ ઉપરાંત તેઓ સિક્કાઓ, શિલા કે તામ્રલેખોનો અભ્યાસ કરતા, જાણકાર લોકોને મળી તેમની પાસેથી માહિતી મેળવતા - આજની પરિભાષામાં કહીએ તો ફિલ્ડવર્ક કરતા. 'રાસમાળા' કશા વિક્ષેપ વગર લખી શકાય તે એક માત્ર હેતુથી સરકારી નોકરીમાંથી લાંબી રજા લઈ ફાર્બસ પોતાને વતન, બ્રિટન, ગયેલા અને ત્રણ વરસ ત્યાં રહેલા. સ્વદેશ જઈને પુસ્તક લખવાથી ફાર્બસને એક મોટો લાભ એ થયો કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના દફતર, ઇન્ડિયા ઓફિસ લાઈબ્રેરી,

બીજાં પુસ્તકાલયો અને સંસ્થાઓમાંથી પણ ઘણી સામગ્રી એકઠી કરીને તેનો ઉપયોગ પુસ્તકમાં કરી શક્યા. આમ, દલપતરામ ફાર્બસના સહાયક જરૂર હતા, મહત્ત્વના સહાયક હતા. પણ તેથી તેમણે ગુજરાતીમાં લખેલા પુસ્તકનો ફાર્બસે તો માત્ર અંગ્રેજીમાં અનુવાદ કર્યો એવું તો કોઈ રીતે માની કે કહી શકાય નહિ.

જેમ દલપતરામના ચોપડા ફાર્બસ ગુજરાતી સભામાં સચવાયા છે તેમ ફાર્બસના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલા ચાર મોટા, લેજર સાઈઝના ચોપડા પણ સચવાયા છે. તેમાંથી બે નંબરના ચોપડામાં 'પ્રબંધચિંતામણી'નો ફાર્બસે કરેલો અંગ્રેજી અનુવાદ છે, જે આજ સુધી અપ્રગટ રહ્યો છે. પાંચ નંબરના ચોપડામાં શત્રુંજયવર્ણન (સંસ્કૃત), દશેરા બનાવ (ગુજરાતી), જેવી કેટલીક પ્રકીર્ણ કૃતિઓ તથા મૌખિક પરંપરામાંથી ભેગી કરેલી કથાઓ છે. છ નંબરના ચોપડામાં પૃથુરાજરાસો (ગુજરાતી) અને દ્વયાશ્રય (સંસ્કૃત) જેવી કૃતિઓના વિગતવાર સારાંશ અંગ્રેજીમાં લખ્યા છે. આઠ નંબરના ચોપડામાંની સામગ્રી પ્રકીર્ણ પ્રકારની છે. તેમાં કેટલાંક કથા, કિસ્સા, વંશાવળી, શિલાલેખો અને તામ્રલેખોના અનુવાદ જોવા મળે છે. આ સામગ્રી જોતાં લાગે છે કે મોટે ભાગે આ છેલ્લો ચોપડો હશે. એક, ત્રણ, ચાર, અને સાત નંબરના ચોપડા ફાર્બસ ગુજરાતી સભાના સંગ્રહમાં જોવા મળતા નથી. દેશના કે વિદેશના બીજા કોઈ પુસ્તકાલય પાસે એ હોય એવી માહિતી હજી સુધી મળી નથી, પણ શોધ ચાલુ છે.

આ ઉપરાંત ફાર્બસે 'રત્નમાળ' નામની કૃતિનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો. ફાર્બસના અવસાન પછી તેમના મિત્ર અને ફાર્બસની સાથે બોમ્બે હાઈકોર્ટના જજ તરીકે કામ કરતા જસ્ટિસ ન્યૂટને આ અનુવાદ બોમ્બે બ્રાંચ ઓફ ધ રોયલ એશિયાટિક સોસાયટી (આજની એશિયાટિક સોસાયટી ઓફ મુંબઈ)ના સભ્યો સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. પછીથી આ સંસ્થાના જર્નલના ૧૮૬૭-૧૮૭૦ના નવમા અંકમાં મોટા કદનાં ૮૦ પાનાંમાં તે છપાયો હતો. રત્નમાળની અધૂરી હસ્તપ્રત દલપતરામે વઢવાણના દેશળજી ગઢવી પાસેથી મેળવી હતી અને ડિંગળ પદ્યમાંથી દલપતરામે ગુજરાતી ગદ્યમાં તેનો અનુવાદ કર્યો હતો. તેને આધારે ફાર્બસે અંગ્રેજી પદ્યમાં તેનો અનુવાદ કર્યો. આ રત્નમાળનો ફાર્બસનો અંગ્રેજી અનુવાદ પહેલાં પ્રગટ થયો, મૂળ કૃતિ પછીથી છેક ૧૯૦૩માં છપાઈ. રેવાશંકર અંબારામ ભટ્ટે તે છપાવી હતી. આ કૃતિના લેખક કૃષ્ણાજી હોવાનું મનાય છે, પણ મૂળ કૃતિ ૧૯૦૩માં છપાઈ ત્યારે તેના

ટાઈટલ પેજ પર દલપતરામનું નામ એવી રીતે છપાયું હતું કે કૃતિના કર્તા દલપતરામ હોય તેવો ભ્રમ ઊભો થાય. વઢવાણથી મળેલી આ હસ્તપ્રત પણ ફાર્બસ ગુજરાતી સભામાં સચવાઈ છે.

ગુજરાત બહાર ફાર્બસ ઓળખાય છે તે મુખ્યત્ત્વે 'રાસમાળા'ના લેખક તરીકે. ૧૮૫૬માં લંડનની રિચર્ડસન બ્રધર્સ નામની પુસ્તક પ્રકાશક કંપનીએ આ પુસ્તક બે ભાગમાં પ્રગટ કર્યું હતું, અલબત્ત, ફાર્બસના ખર્ચે. ફાર્બસે દોરેલાં ચિત્રો પણ તેમાં મૂકવામાં આવ્યાં હતાં. તેમાંનાં કેટલાંક બહુરંગી હતાં. હિન્દુસ્તાનનો, અને ખાસ કરીને ગુજરાત-મહારાષ્ટ્રનો ઇતિહાસ લખનારા બીજા લેખકો કરતાં ફાર્બસ એક મહત્ત્વની બાબતમાં જુદા પડે છે. બીજા ઇતિહાસ-લેખકોએ મોટે ભાગે મુસ્લિમ લખાણો, દસ્તાવેજો, વગેરેને આધારે ઇતિહાસ લખ્યો છે. જ્યારે ફાર્બસે મુખ્ય આધાર હિંદુ લેખકોનાં લખાણોનો તથા સ્થાનિક શિલાલેખો, દંતકથાઓ, વહીવંચાના ચોપડા, લોકકથાઓ, શિલ્પ-સ્થાપત્ય વગેરેનો લીધો છે. આ અંગે ઝવેરચંદ મેઘાણીએ યોગ્ય રીતે જ ફાર્બસની વિશિષ્ટતા બતાવતાં કહ્યું છે: ''ગુજરાતની ઇતિહાસદૃષ્ટિને નવું જીવન શ્રી એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસસાહેબે જ આપ્યું. 'રાસમાળા'ના એ ચિરસ્મરણીય અંગ્રેજ કર્તાએ ગુજરાતના ઇતિહાસનું સંશોધન કરવા બેસતાં ઇતિહાસના બે ઉપેક્ષિત રક્ષકોને લક્ષ્યમાં લીધા: એક તો વહીવંચાઓને કે ચારણોને, અને બીજા જૂના જૈન પ્રબંધ લેખકોને. સાંપ્રદાયિક દ્વેષ અને વિદ્વત્તાનો ઘમંડ, એ બે જાતના આંખે પાટા બાંધીને બેસનાર દેશીઓ જે ન કરી શક્યા તે એક વિદેશી અમલદારે કર્યું, કેમ કે આ બેઉ અવગુણોથી તે મુક્ત હતો... તામ્રલેખો, શિલાલેખો તેમાં જ રીતસરની તવારીખ-નોંધોનો જ્યાં અભાવ વર્તે છે, ત્યાં આવા લોકકવિઓના રાસો અને પ્રબંધો ઇતિહાસના અન્વેષણ સારુ ઘણા માર્ગદર્શક થઈ પડે છે. ફાર્બસસાહેબે આવી સામગ્રીને આધારે 'રાસમાળા' રચી ગુજરાતના ઇતિહાસનું સ્પેડ વર્ક – પ્રાથમિક ખોદાણકામ તો કર્યું જ છે.'' (પરિભ્રમણ, નવ સંસ્કરણ, ખંડ ૧, પા. ૫૩૨. લે. ઝવેરચંદ મેઘાણી; સંપાદકો જયંત મેઘાણી, અશોક મેઘાણી. ૨૦૦૯)

એટલે, 'રાસમાળા' ફાર્બસની જ કૃતિ. તેને માટેની કેટલીક કાચી સામગ્રી દલપતરામે ભેગી જરૂર કરી આપેલી. અને એ અર્થમાં તેઓ ફાર્બસના સહાયક પણ ખરા. પણ 'રાસમાળા' એ મૂળ દલપતરામની કૃતિ, અને ફાર્બસ તો તેના માત્ર અનુવાદક, કે મહેનત બધી દલપતરામની અને જશ મળ્યો ફાર્બસને તેવી વાત કોઈ રીતે ટકી શકે તેમ નથી.

❑❑❑



અશરફ ડબાવાલા સાથે અનિલ જોશી

કેમ સખી ચીંધવો પવનને-૪૯

☐ અનિલ રમાનાથ જોશી

મુંબઈમાં મારું ડિપ્રેશન વધતું જતું હતું. પણ હું મારી જાતને સક્રિય રાખવા માગતો હતો. ભવનના હોમી દસ્તુરજી અને અંધેરી કેમ્પસના મનીષ શ્રીકાંતે મને સતત સક્રિય રાખ્યો એટલે થોડી જીવનગતિ વધી ગઈ. એ પછી હું લંડન જતો રહ્યો. આખું પર્યાવરણ બદલાઈ ગયું. રોજ ડિકન્સ કાફેમાં જઈને બેસું અને વાંચ્યા કરું. સોફી અને રિચર્ડ જેવાં મિત્રો મળ્યાં. પુત્ર સંકેત અને મારી ગ્રાન્ડ ડોટર હ્રીદાએ મને જીવનબળ પૂરું પાડ્યું હતું. એવામાં વેમ્બલીમાં મોરારિબાપુની કથા યોજાઈ. મન હતું પરંતુ રોચેસ્ટરથી વેમ્બલી દૂર હતું એટલે દરરોજ ત્યાં હાજરી આપવી શક્ય નહોતી. એટલે એક દિવસ માટે હું વેમ્બલી ગયો. કથા પૂરી થયા પછી મોરારિબાપુને હું મળ્યો અને કહ્યું, ''બાપુ, હું પાછો રોચેસ્ટર જાઉં છું. દરરોજ કથામાં હાજર રહેવું મને નહીં ફાવે.'' આ સાંભળી બાપુ ચમક્યા. કહે: ''અહીં જ રહો. તમારી રહેવાની વ્યવસ્થા ફાઈવ સ્ટાર હોટલમાં કરી છે. તમારો અલગ રૂમ બૂક કરવી દીધો છે.'' મને થયું આ વ્યક્તિ કેટલી સહજતાથી પ્રેમ કરી શકે છે. મોરારિબાપુના પ્રેમ સામે હું

પરાજિત થઈ ગયો. જિંદગીમાં કેટલાક પરાજયો એવા હોય છે જે બહુ પ્રિય હોય છે. એક બીજી ખાનગી વાત જાહેર કરી દઉં. મોરારિબાપુને ગમશે નહિ પણ કેટલીક મોરારિબાપુને ન ગમતી હોય એવી વાત પણ જાહેરમાં કહેવી જોઈએ, મોરારિબાપુ સહનશીલ છે. મારો દીકરો સંકેત લંડનની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણતો હતો. હું મુંબઈમાં હતો. એવામાં એક દિવસ સંકેતનો ફોન આવ્યો : "પાપા, મારે બીજી ટર્મની ફી ભરવાની છે, શું કરું? પૈસા નથી." હું થોડોક મૂંઝાયો. કેટલાક મિત્રોને વાત કરી. મેં બધું મા ઉપર છોડી દીધું. હું થોડા દિવસ બેસી રહ્યો. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે વાત મોરારિબાપુ સુધી પહોંચી ગઈ અને દીકરાની ઓક્સફર્ડની ફી ભરાઈ ગઈ. આ મોટો ચમત્કાર લાગ્યો. મારા દિમાગમાં એક વાત બહુ સ્પષ્ટ થઈ ગઈ કે જિંદગીની કથામાં કવિતા તો ફૂટનોટ છે. જિંદગી અનેક હાથોથી ઘડાતી હોય છે. આટલો ફ્લેશબેક જોયા પછી વેમ્બલીની કથામાં નગીનદાસ સંઘવી, માયાભાઈ આહીર અને હરિશ્ચન્દ્ર જોશીની સંગતિમાં એક જ હોટલમાં અમે રજવાડી ઠાઠથી રહ્યા. છેલ્લે દિવસે સવારે હું નગીનદાસ સંઘવીની સાથે કથામાં બેઠો હતો. એવામાં એક સજ્જન હાથમાં બંધ કવર લઈને અમારી પાસે આવ્યા અને કહ્યું: "આ પ્રસાદી છે." એમ કહી મારા અને સંઘવીસાહેબના હાથમાં એક કવર મૂકી દીધું. મેં સંઘવીસાહેબને પૂછ્યું : "આ શું છે?" સંઘવીસાહેબે કંઈપણ બોલ્યા વિના સાનમાં કહી દીધું, "લઈ લો." અહીં પૈસા મહત્ત્વના નથી, પણ વ્યક્તિગત સંભાળ (કેર)નો મહિમા છે. એ પછી મને નરસિંહ મહેતા એવોર્ડ મળ્યો ત્યારે એ દોઢલાખ રૂપિયાની રકમ સ્વીકારી તો ખરી પણ એ રકમનું એક ટ્રસ્ટ કરી નાખ્યું. એ ટ્રસ્ટમાંથી થોડીક દીકરીયુંને ભણવામાં થોડીક મદદ કરી કે ફી ભરી બસ એટલું જ. આ બહુ મોટી વાત નથી. હું વેમ્બલીથી પાછો રોચેસ્ટર આવી ગયો.

પહેલા મને શરીરમાં થાક નહોતો લાગતો પણ ધીમે ધીમે કળતર થવા લાગી. ઘરમાં પડ્યો રહેતો હતો. મારી ગ્રાન્ડ ડોટર હ્રીદા સાથે ગાર્ડનમાં જતો અને હું બાળક બની જતો હતો. એમ કહોને હ્રીદા મારી લાઈફ લાઈન બની ગઈ હતી. એવામાં શિકાગોથી અશરફ ડબાવાલાનો ફોન આવ્યો, "તમે શિકાગો આવો." મને થયું કે જાઉં કે ના જાઉં... પણ સંકેતે મને કીધું પાપા, તમે અમેરિકા ફરી આવો. મારી સ્વિસ એરની ટિકિટ બુક થઈ ગઈ. અને એક દિવસ વહેલી સવારે હું હીથરો એરપોર્ટથી શિકાગો જવા નીકળી ગયો. વહેલી સવારની ફ્લાઈટ હતી. શિકાગો જતાં રસ્તામાં ઝુરીચ બે કલાકનો હોલ્ટ હતો. ઝુરીચ એરપોર્ટ પર ઊતરતાં મને પાસપોર્ટ

કંટ્રોલર મહિલા કર્મચારીએ રોક્યો અને પૂછ્યું : "તમારી પાસે ઇન્ડિયન પાસપોર્ટ છે છતાં તમે લંડનથી કેમ મુસાફરી કરો છો?" મેં બહુ સરળતાથી જવાબ આપ્યો કે, "લંડનમાં મારા દીકરાનું ઘર છે અને હું મુંબઈમાં રહું છું." મારા જવાબથી એ મહિલા કર્મચારીને સંતોષ થયો પછી હસીને મને ઝુરીચ એરપોર્ટમાં પ્રવેશ આપ્યો. જતાં જતાં મેં એ પાસપોર્ટ કર્મચારીને કહ્યું : "થેંક્યું મેડમ, મેક ફ્રિશ જેવા સર્જકના દેશમાં પગ મૂકતાં બહુ આનંદ થાય છે." મારા આશ્ચર્ય વચ્ચે મેક ફ્રિશનું નામ સાંભળીને મહિલા કર્મચારી એકદમ ઊછળી પડી. એની આંખોમાં ચમક આવી ગઈ, કહે: "મેક ફ્રિશ ઇસ માય વેરી ફેવરિટ રાઈટર." આટલું કહીને એ પાસપોર્ટ કર્મચારીએ મારા માટે કોફી મગાવી અને સ્વિટ્ઝર્લેન્ડના આ મોટા ગજાના સર્જક વિષે ખૂબ વાતો કરી. યુરોપની પ્રજાનું આ સાહિત્યિક કલ્ચર છે એનો રોમાંચક અનુભવ મને એ દિવસે થયો. ઝુરીચ એરપોર્ટ પરથી મેં મેક્સની નવલકથા "Man in the Holocene" ખરીદી લીધી. આ નવલકથાનું નામ મેં સહુથી પહેલાં સુરેશ જોષી પાસેથી સાંભળ્યું હતું.

શિકાગોમાં અશરફ અને મધુમતીના ઘરમાં તમે પ્રવેશો તો તમને કોઈ વિશિષ્ઠ અનુભૂતિ થયા વિના રહે નહિ. અશરફ ધર્મે મુસ્લિમ અને મધુમતી હિંદુ વૈષ્ણવ પરંતુ એમનો સહવાસ એટલો ક્રિયેટિવ કે રામ અને કૃષ્ણને પણ અશરફને ઘેર પરોણા બનવાનું મન થઈ જાય. અશરફ મોટો ગઝલકાર પણ એકદમ લો પ્રોફાઈલ. શિકાગો પહોંચ્યો કે તરત એક વહેલી સવારે અશરફનો આદેશ આવી ગયો કે તમારું મેડિકલ ચેકઅપ કાલથી શરૂ થઈ જશે. તમને જોઈને જ મને થાય છે, તમે ડિપ્રેશનમાં છો. "બીજા દિવસથી મારું મેડિકલ ચેકઅપ શરૂ થઈ ગયું. બે-ત્રણ દિવસ ચાલ્યું. રિપોર્ટ આવ્યા પછી અશરફે જરા ચિંતાપૂર્વક કહ્યું : "તમારે હૃદયની એન્જિયોગ્રાફી કરાવવી પડશે. એ એન્જિયોગ્રાફી શિકાગોમાં કરવી છે." હું થોડો ગભરાઈ ગયો પણ અશરફ મધુએ મને હિંમત આપી. એ પછી અશરફે શિકાગોની વિખ્યાત હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. પરાગ દોશીને ફોન કર્યો અને એન્જિયોગ્રાફી માટે વાત થઈ ગઈ. અમેરિકામાં અગાઉથી એપોઇન્ટ્મેન્ટ લેવામાં બહુ વાર લાગે. હા ઇમર્જન્સીમાં જલદી દાખલ થઈ જવાય. અશરફે મને કહ્યું : "તમને હાર્ટમાં તકલીફ છે. ડાબી બાજુ દુખાવો છે એવું નાટક કરો કે તરત તમને ઇમરજન્સીમાં હોસ્પિટલમાં લઈ જઈએ." ચોથા દિવસે હું તરત હોસ્પિટલમાં દાખલ થઈ ગયો. ડૉ. પરાગ દોશીએ મારી એન્જિયોગ્રાફી કરી એમાં ઘણા બધા ક્લોટ હતા તે કાઢી નાખ્યા. દવાઓ શરૂ થઈ ગઈ. હું

બચી ગયો. અશરફ કહે: ''રમેશભાઈને તો ગુમાવ્યા, તમને નથી ગુમાવવા.'' એટલે શિકાગો મારી લાઈફલાઈન બની ગયું છે. એ દિવસોમાં ડો.આશિષ પટેલ, ડો. પરાગ દોશી અને ડો. અશરફને મેં એટલું જ કહ્યું: "હમ દિલ દે ચૂકે સનમ." આજે હું ૮૩ વર્ષની ઉંમરે તંદુરસ્ત જીવન જીવું છું એની પાછળ ઈશ્વર અને અલ્લાહની દુવાઓ મને શિકાગોના શામબર્ગની હવાઓમાંથી મળી છે. અશરફ પાસે પોઝિટિવિટી ગજબની છે. અશરફની પોઝિટિવિટી જોઈને મેં એક કવિતા લખી હતી.

કાંડાં કાપી લીધાં પછી કરતાલ આપી
કાંઈ વાંધો નહિ
તાળીઓ નહિ પાડું.
બે પગ કાપી લીધા પછી રસ્તો આપ્યો
ઉઘાડપગો આવ્યો'તો ને ઉઘાડપગો જઈશ
ઈ વાંધો નહિ
બૂટ ચંપલ અને ચાખડીથી પગ મુક્ત થયા હું
જોયા કરીશ દોડતા સસલાને
ઊડતા કાકડિયા કુંભારને
મારી બે આંખો પગરખાં પહેર્યા વિના ભટકભવાની જેમ
ભટક્યા કરે છે.
પાંપણની કરતાલ વગાડ્યા કરીશ
હું સંત નથી
ચાખડી પહેરીને હું વૃક્ષ પાસે જવાના ગુનામાંથી બચી જઈશ.

[ક્રમશ:]

અંગ્રેજોના સમયગાળામાં તેમણે સીમા પાર આક્રમણો કર્યાં. ત્રણ વાર અફઘાનિસ્તાન ઉપર આક્રમણ કરીને રશિયાને નજીક આવતું રોક્યું. કાબુલ ઉપર પકડ જમાવી, ભારતનું રક્ષણ થયું. નેપાળ, ભૂતાન, સિક્કિમ અને છેવટે તિબેટ ઉપર આક્રમણો કરીને ઉત્તરી સીમાને સુરક્ષિત કરી દીધી. ચીનને નજીક આવવા ન દીધું. બર્મા ઉપર આક્રમણ કરીને રંગૂન ઉપર પકડ જમાવીને પૂર્વ ભારતને સુરક્ષિત કર્યું. આંદામાન નિકોબારના ટાપુઓ ઉપર પકડ જમાવીને છેક ઇન્ડોનેશિયા સુધી ભારતની સીમા પહોંચાડી, બંગાળની ખાડીને સુરક્ષિત કરી. લક્ષદ્વીપના ટાપુઓને ભારતમાં ભેળવીને અરબી સમુદ્રને સુરક્ષિત કર્યો. એડન, હોર્મઝ અને અંતે સુએઝની નહેરને હાથમાં લઈને સમુદ્રમાર્ગ સુરક્ષિત કરી દીધો. આ બધું આક્રમણો કરીને કર્યું. પૂર્વમાં સિંગાપોર, હોંગકોંગ વગેરે દૂર-દૂરના ટાપુઓ કબજે કર્યા જેથી તે તરફથી કોઈ શત્રુ ભારત ઉપર ચઢી ન આવે. આ બધું કરતાં તેને ૧૨૫ વર્ષ લાગ્યાં. પણ પછી લીલાલહેર. સુરક્ષાનો પ્રશ્ન ઉકેલાઈ ગયો. આ બધું આપણને આઝાદીના વારસ ામાં મળ્યું. પણ આપણે સાચવી ન શક્યા.

- સ્વામી સચ્ચિદાનંદ, 'વાસ્તવિકતા'માંથી સાભાર



દેવઘાટ

☐ નીતિ દવે

ઊંચાં ઊંચાં વૃક્ષો લહેરાઈને આકાશને હેલો કહી રહ્યાં હતાં. વેલીઓ તેને વીંટળાઈને છેક ટોચ પરથી ડોકું હલાવી સૂર્યનું અભિવાદન કરી રહી હતી. જમીન ઉપરનાં ઘાસની લાંબી દાંડીઓ વહેતા પવનના ઇશારે ઝૂમી રહી હતી. જંગલી ફૂલોનો પમરાટ અને પક્ષીઓનો કલરવ. વર્ષાઋતુ હમણાં જ વિદાય થઈ હતી એટલે ગીચ જંગલમાં હરિયાળીનું સામ્રાજ્ય. દેવોએ પ્રસન્ન થઈને અહીં મબલક સૌંદર્યનું વરદાન આપ્યું હોય તેવું લાગે. મને તો લાગ્યું કે એટલે જ કદાચ આ સ્થળનું નામ દેવઘાટ હશે. ગીચ જંગલમાંથી પસાર થતાં રસ્તા પર અમારું વાહન મલપતી ચાલે જઈ રહ્યું હતું કારણ કે જે સુંદર દૃશ્યોની હારમાળા પસાર થતી હતી તે મન ભરીને જોવાની લોલુપતા એટલી બધી હતી કે એ દૃશ્યોમાંથી કંઈ છૂટી ના જાય! હરિયાળા સ્વર્ગમાં પહોંચી ગયા

હોઈએ તેવું લાગી રહ્યું હતું. સુરતથી ૧૦૨ કિ.મી. અંતરે આવેલું દેવઘાટ વણસ્પર્શ્યું સ્વર્ગ જ છે! ઉમરપાડા નજીક આવેલા આ સ્વર્ગની જાણકારી ઓછી છે તેથી સહેલાણીઓની ભીડ નથી, જંગલની શાંતિ છવાયેલી છે. દિવતણ ગામ પાસેના પ્રવેશદ્વારમાંથી આરક્ષિત વનમાં પ્રવેશ્યા પછી બાકીની દુનિયા તમે ભૂલી જાવ. વાંકાચૂંકા રસ્તા પર બીજી કોઈ અવરજવર નહોતી જાણે આ સ્વર્ગ અમારી માલિકીનું હતું!

દેવઘાટને માણવા માટે અમે ઓક્ટોબર મહિનાની પસંદગી કરી હતી. ત્યાં અમારો મુકામ હતો વનવિભાગ દ્વારા નવી બનાવેલી ઈકો ટુરિઝમ કેમ્પસાઈટ. ખૂબ સુંદર અને સગવડભર્યું સ્થળ. ટ્રી હાઉસમાં રહેવાનો રોમાંચ હતો અને આસપાસ પક્ષીઓનો કલરવ. મને લાગ્યું અમે પક્ષીઓની સાથે એક ડાળ પર જ ઝૂલી રહ્યા છીએ! આખો પરિસર વનરાજીથી છવાયેલો.

પ્રકૃતિને તેના શુદ્ધ સ્વરૂપમાં માણવી હોય તો અહીં આવવું રહ્યું. સાપુતારાની પહાડીઓ અહીં સુધી વિસ્તરેલી છે. 'સુરત જિલ્લાનું ચેરાપુંજી' કહેવાતા આ સ્થળે મેઘરાજાની વિશિષ્ટ કૃપા છે. વર્ષા ઋતુની અનરાધાર હેલી અહીંથી વહેતી અંજણીયા નદીને વિપુલ જળરાશિથી સમૃદ્ધ બનાવે છે. અહીંની પહાડીઓમાંથી નીકળીને અંજણીયા નદી ઊછળતી કૂદતી અલ્લડ મસ્તીમાં વહે છે. રસ્તામાં આવતાં મહાકાય ખડકો પરથી રીતસરની છલાંગ લગાવે છે અને સર્જાય છે અનેક નાના મોટા જળપ્રપાત. આ સ્થળનું આકર્ષણ આવા જળપ્રપાત છે. મારી નજર સમક્ષ ભવ્ય જળપ્રપાત હતો. નદીના પટની પહોળાઈ જેટલી પહોળી કાળા ખડકોની અર્ધગોળાકાર ઊંચી ધાર પરથી શ્વેત જળરાશિ પહાડી ગર્જના



અલૌકિક દૃશ્ય

સાથે નીચે પછડાઈ રહ્યો હતો. તેનું પ્રચંડ વહેણ આસપાસ ફીણ જેવી જલબુંદો ઊડાડીને તન-મનને ભીંજવી રહ્યું હતું. આસપાસની ભીની ભીની હરિયાળી, લીલાંછમ વૃક્ષો, લહેરાતું ઘાસ, જંગલી ફૂલોનાં ઝૂમખાં તેનાં પર ભમતાં પતંગિયાં અને કીટકો, ઊડતાં પક્ષીઓ, આખું વાતાવરણ જાણે ચેતનવંતુ બની ગયું હતું. આ જળપ્રપાત નહીં પણ જાણે ચેતનાની છોળો ઊછળી રહી હતી. દૃશ્યની મોહિની આપણા પર એવી છવાઈ જાય કે પહાડીઓની ગોદમાં અહીં વસતા આદિવાસીઓની આપણને ઈર્ષ્યા આવે. દેવોને પણ આવી ઈર્ષ્યા આવી હશે એટલે જ પ્રકૃતિનાં સંતાન એવા આદિવાસીના દેવતા પણ આ સુંદર સ્થળે બિરાજમાન છે. અહીં આ જળપ્રપાતની નજીક આદિવાસીઓના દેવતાઓનું નાનકડું મંદિર છે. આદિવાસીઓના યાહા મોગી, રાજાપાંઠા અને દેવમોગરા જેવા દેવી-દેવતા પણ અહીં બિરાજ્યાં છે. એટલે આ સ્થળનું નામ દેવઘાટ પડ્યું છે. અનેક આદિવાસીઓ દર્શન માટે અને પોતાની માનતા પૂરી કરવા અહીં આવે છે. મંદિરની બાજુમાંથી જ સર્પાકાર વળાંક લેતી અંજણીયા નદી આવો જળપ્રપાત રચે છે એટલે તેને પણ દેવઘાટનો ધોધ કહેવાય છે. જળપ્રપાત જ્યાંથી પડે છે તેનાથી



આદિવાસી મંદિરમાં દેવી-દેવતા



સમૃદ્ધ જંગલમાંથી પસાર થતો રસ્તો

ઉપરની બાજુ પર સમથળ પટમાંથી નદી વહે છે. તે સ્નાન કરવા માટે સલામત સ્થળ છે એટલે અમે તે તરફ ગયા. આ સમથળ પટ કેમ્પિંગ માટે પણ આદર્શ સ્થાન છે. નદીના કિનારે ટેન્ટમાં રહીને પ્રકૃતિને માણવાનો આનંદ જ અનોખો છે. જોકે અત્યારે તો અમારું રહેઠાણ વનવિભાગની ઈકોટુરિઝમ કેમ્પસાઈટમાં હતું. આ પટમાં નદીનું પાણી છીછરું અને એકદમ સ્વચ્છ હતું. છબછબિયાં, એકબીજા પર જળની છોળ ઉડાડવાની ધમાલ-મસ્તી તો ખરી જ! થોડે દૂર કાગડાનું ટોળું અમારી જેમ જ ધમાલ મસ્તી કરી રહ્યું હતું. કાગસ્નાન શબ્દ સાંભળ્યો હતો, આજે નજરોનજર એનો અર્થ જોયો.

થોડે દૂર આવો જ એક બીજો જળપ્રપાત અંજણીયા નદી રચે છે, તેને કિંઘાટનો ધોધ કહે છે. આ ધોધ વહે છે તે વિસ્તારમાં કિન નામની માછલીઓ થાય છે તેથી તેને કિંઘાટનો ધોધ કહેવાય છે. દેવઘાટ કરતાં કિંઘાટનો મિજાજ જુદો છે. દેવઘાટની જલગર્જના અને ચેતનાની છોળો જ્યારે અહીં મનને પ્રસન્ન કરી દેતી શાંતિ! કિંઘાટ પ્રપાત પહેલાં નદી એક જળાશય રચે છે અને શાંત ગતિએ લહેરાતી જઈને પછી ખડક પરથી નીચે પ્રપાતરૂપે પડે છે. એ જળાશયમાં પાણી એટલું સ્વચ્છ અને નીતર્યું કાચ જેવું હતું કે તેમાં ઊઠતી મંદ મંદ લહેરોને કારણે તળિયાની રેતીમાં પડતી લહેરિયાની મોહક ભાત જોઈ શકાતી હતી. એ ભાત જાણે કોઈ ચિત્રકારની પીંછીએ રેતીના કેનવાસ પર રચેલું ચિત્ર! પાણીના તળિયે રચાયેલા આ ચિત્ર કરતાં પણ વધુ મોહક ચિત્ર તો પાણીની સપાટી પર હતું. આસપાસનાં વૃક્ષો પરથી ખરી પડેલાં પર્ણો મંદ લહેરોને કારણે પાણીની

સપાટી ઉપર હાલકડોલક થતાં હતાં. તેનાં પાનખર મિશ્રિત લીલા, કેસરી, તપકીરી, પીળા, જાંબલી જેવાં આકર્ષક રંગોની રંગોળી પુરાઈ હતી. પાણી પર તરતી રંગોળી! ફક્ત આંખોને જ આકર્ષે એટલું નહીં, કાનને પણ પ્રિય લાગે તેવા મધુર ધ્વનિ હતા. નાના નાના ખડકો વચ્ચેથી મંદ ગતિએ પસાર થતું જળ ખળખળનું કર્ણપ્રિય સંગીત રેલાવતું હતું તો જળપ્રપાતની ગર્જના બેકગ્રાઉન્ડમાં સૂર! વિવિધ પક્ષીઓના મિશ્ર કલરવનું ઓરકેસ્ટ્રા! સાચું કહું તો પાંચેય ઇન્દ્રિયો વાતાવરણમાં સરાબોર હતી. નાસિકા જંગલી ફળ-ફૂલોની મીઠી સુવાસ, ત્વચા ભીની ઠંડક અને જિહ્વા ઊડતી જલબુંદોનો સ્વાદ માણવામાં રત! અહીં અમારા સિવાય બીજું કોઈ નહોતું. કવિ રાજેન્દ્ર શાહ કહે છે તેમ 'કોઈ ના બીજું બોલે!' અહીંના સ્નાનનો આનંદ અનોખો! જાણે કુદરતે ભેટ આપેલો પર્સનલ સ્વિમિંગ પૂલ!

વર્ષારાણી અહીં અઢળક ઢળે છે તેથી જંગલ ઘેઘૂર અને લીલુંછમ. વહેલી સવારમાં સૂર્યોદયના સમયે અમે જંગલને માણવા નીકળ્યા. પક્ષીઓ, પતંગિયાં, કીટકોની ચહલપહલથી વાતાવરણ જીવંત થઈ ગયું હતું. ઊંચાં ગગનચુંબી વૃક્ષોએ સોનેરી પ્રકાશની ઓઢણી ઓઢી હતી. વૃક્ષોને વીંટળાયેલી વેલીઓ, જંગલી ઘાસની લાંબી દાંડીઓ પર ઝૂલતાં કીટકો, કરોળિયાનાં જાળાં પર ચમકતી ઝાકળબુંદો, ગીચ ઝાડીઓ. આ બધાંનો નશો મન પર છવાયેલો હતો તેમાં અમારી કેડીને રોકીને એક ઝરણાંએ દાણ માગ્યાં. તેના ઊછળતાં કૂદતાં વહેણની સાથે વહેતાં વહેતાં એક અદ્‌ભુત દશ્યએ જકડી લીધાં. અમે બધા અવાચક! રસ્તાની ધારે એક ઘેઘૂર વૃક્ષની ઘટામાંથી ચળાઈને આવતાં સ્વર્ણરંગી સૂર્યપ્રકાશના લાંબા લાંબા સેરડા! સૂર્યનારાયણના આશીર્વાદ વરસી રહ્યા હતા. અલૌકિક દશ્ય હતું. સ્થળ-કાળનું ભાન ભૂલીને અમે સ્થિર થઈ ગયા હતા. સ્વર્ણરંગી સેરડામાં અમારી ઉપર જાણે દિવ્ય ઊર્જા વરસી રહી હતી. તેનો ઊર્જાન્વિત કરતો સ્પર્શ રોમ રોમમાં વ્યાપી ગયો! અમારી હાલત એ હતી કે વરસતી ઊર્જાને ઝીલવા અમારું અસ્તિત્વ સાવ ટૂંકું પડતું હતું. ખબર નહીં કેટલોય સમય વહી ગયો, અમે એમને એમ મૌન ઊભા રહ્યા.

દેવઘાટની મુલાકાત લેવા માટે શ્રેષ્ઠ સમય સપ્ટેમ્બરથી નવેમ્બર મહિના દરમિયાનનો છે. ચોમાસામાં ખૂબ વરસાદને લીધે ત્યાંના રસ્તા મુશ્કેલ બની જાય છે અને નવેમ્બર મહિના પછી અંજણીયા નદીમાં પાણી ઓછું થઈ જાય છે એટલે જળપ્રપાતો સુકાઈને પાતળી ધારા બની જાય છે.

દેવઘાટ વિશેનો વિડિયો મારી યુટ્યુબ ચેનલ પર આ લિન્ક પર નિહાળી શકાશે.

https://www.youtube.com/watch?v=juvABUjsKZQ&t=13s

❑❑❑



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

એક વણલખી વીરગાથા

આમ તો ઇંતિઝાર હુસૈનની 'ચકરાવો', 'હિંદુસ્તાનસે એક ખત', 'મોરનામા', 'અંધીગલી', 'કશ્તી', 'પત્તે' ને બીજી ઘણી વાર્તાઓ મને બહુ ગમે. પણ આજે વાત કરવી છે એમની અતિશય લાંબી ને અતિશય ગમતી વાર્તા 'એક વણલખી વીરગાથા'ની. 'एक बिन लिखी रज़्मिया' મૂળે ૧૯૫૨માં લખાયેલી. અંગ્રેજીમાં 'An Unwritten Epic' શીર્ષકથી આલોક ભલ્લાએ અનુવાદ કર્યો ને મેં શીર્ષક રાખેલું 'એક વણલખી વીરગાથા.'

ઇંતિઝાર હુસૈન કદાચ મંટો અને ફૈઝ પછીના એવા પાકિસ્તાની સર્જક છે જે આખા ભારતીય ઉપખંડમાં લોકપ્રિય અને પ્રતિષ્ઠિત હોય. અખંડ હિન્દુસ્તાનના યુ.પી.માં જન્મેલા આ લેખકે હિંદુ-મુસ્લિમ સહજીવનને

સાવ નજીકથી જોયું ને અનુભવ્યું હતું. દિવાળીના દીવા ચોરેલા અને રામલીલા તથા નવટંકીનો ભરપૂર આનંદ માણેલો. પોતે જેમાં ઊછર્યા છે તે સહિયારી હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિ માટે એમને અતિશય આદર અને લગાવ હતો. ૧૯૪૭ પછી ભૌગોલિક દૃષ્ટિએ તેઓ પાકિસ્તાની બની ગયા મંટો ને ફૈઝની જેમ. ધર્મ કરતાં સંસ્કૃતિને વધારે મહત્ત્વ આપતા ઇંતિઝાર હુસૈનની વાર્તાઓ-નવલકથાઓ કહે છે કે ૧૯૪૭માં હુસૈને ભલે ભારત છોડ્યું હોય પણ ખરેખર ભારત કદી છૂટ્યું જ નથી. એટલે જ એમના કથાસાહિત્યમાં વારંવાર વિભાજનને કારણે પાછળ છૂટી ગયેલાં ઘર-વતન, વતનની ગલીઓની વાત આવે છે.

અહીં જે વાર્તાની વાત કરવી છે તે હિંદુસ્તાનના ભાગલા કેવી તો absurd ઘટના હતી તેની વાત કરે છે. આ absurd ઘટનાએ હિંદુસ્તાન-પાકિસ્તાન એટલે શું એ બાબતે બિલકુલ બેખબર પ્રજાને બે ટુકડામાં વહેંચી દીધી. સામાન્ય પ્રજાને તો પાકિસ્તાન ક્યાં બનશે એ પણ નો'તી ખબર. પણ નેતાઓ દ્વારા પવાયેલા વિષે એમને 'હિંદુસ્તાન મુર્દાબાદ, પાકિસ્તાન જિંદાબાદ'ના નારા લગાવતી કરી દીધેલી. આ નારા પોકારનારાઓને ખરેખર પાકિસ્તાન બનશે તો શું થશે તેની કલ્પના સુધ્ધાં નો'તી. અહીંથી મૂળિયાં ઊખડી ગયાં પણ પારકી ભૂમિએ એમને ન સ્વીકાર્યા. અહીંથી ત્યાં જનારા હડધૂત થયા, મુહાઝિર કહેવાયા ને પાછા ધકેલાયા.



વિશિષ્ટ કથનશૈલીમાં કહેવાયેલી વાર્તાના આરંભે કાદિરપુર નામના ગામમાં ચારે બાજુ ધાંધલધમાલ બતાવાઈ છે. માણસના જીવની ફૂટી કોડી જેટલી કિંમત પણ નો'તી રહી. કોઈ બે ડગલાં આગળ જઈને મર્યા તો કોઈ બે ડગલાં પાછળ જઈને મર્યા. કોઈને પીઠમાં ઘા પડ્યા તો કોઈએ છાતી પર ઘા ઝીલ્યા. પછુઆનું નામ ગામમાં અને આખા ઇલાકામાં જાણીતું હતું. ગામની સ્ત્રીઓને હવેલીની અંદર ભેગી કરી હતી. અંદર કૂવો પણ એમને બતાડી દેવાયેલો. પછુઆએ સૌથી બહાદુર પઠ્ઠાઓને હવેલીની રખેવાળી સોંપી હતી. પછુઆ અને એની લાઠી આમ પણ આખા ગામને ભારે પડે એમ હતાં. એટલે તો ગામમાં પછુઆની બહાદુરીની કથાઓ સાથે ચમત્કારોની કથાઓ પણ જોડાઈ ગયેલી.

તોફાનો શરૂ થયાં ત્યારે પછુઆના સાથીદારોએ બરાબરની તૈયારી કરી હતી. પણ આ વખતે વાત

બધી ઊંધી થઈ રહી હતી. એમાં એને પાકિસ્તાન બનવાના સમાચાર મળ્યા. 'અલ્યા આપણી મદદ વગર જ પાકિસ્તાન બની ગયું? ઠીક છે ચાલો, જે થવાનું હતું એ થઈ ગયું. હવે જરા ઇદગાહવાળા પીપળે પાકિસ્તાની ઝંડો ફરકાવી દઈએ...' આ વાત જ્યારે લોકોને ખબર પડી ત્યારે બધા ડરી ગયા. એમણે પછુઆને સમજાવ્યો, પાકિસ્તાનનો નકશો સમજાવ્યો. પછુઆ અકળાઈ ગયો. જે કાદિરપુરમાં પછુઆ રહે છે, એ કાદિરપુર પાકિસ્તાનની બહાર રહે જ શી રીતે? લોકોએ બહુ સમજાવ્યો એટલે પાકિસ્તાની ઝંડો ફરકાવવાનો વિચાર એણે પડતો મૂક્યો. એણે એના પહેલવાનોને કહી દીધું, 'જો પાકિસ્તાને એની બિરાદરીમાંથી આપણને બહાર કાઢી મૂક્યા તો પાકિસ્તાન જાય જહન્નમમાં. આપણે આપણું અલગ પાકિસ્તાન બનાવી લઈશું.' એટલે એણે પોતાની પાર્ટીનો ઇસ્લામિક ઝંડો ફરકાવવાનું નક્કી કર્યું. લોકો વધુ ગભરાયા. મુસ્લિમલીગના નેતા નઈમમિયાંએ પણ એને સમજાવ્યો પણ સાંભળે તો પછુઆ થોડો કહેવાય? નઈમમિયાં તો રાતોરાત પાકિસ્તાન જતા રહ્યા. પછુઆએ ધરાર પીપળા પર એના અખાડાનો ઝંડો ફરકાવ્યો એના કારણે ખાસો ઉશ્કેરાટ ફેલાયો. જાટોએ કાદિરપુર પર હુમલો કરી દીધો. પછુઆના પઠ્ઠાઓએ જાટોના દાંત ખાટા કરી દીધેલા એ સાચું પણ પછી તરત જ ગામના બીજા મિયાંઓએ પણ બિસ્તરાં પોટલાં બાંધી પાકિસ્તાનની વાટ પકડી.

ને હવે લેખક ડાયરીનાં પાનાં શરૂ કરે છે. જેમાં ૧૯૫૦થી ડાયરી આરંભાય છે. લેખક લખે છે કે પછુઆનું પાત્ર વાર્તામાં સમાઈ શકે એમ નથી. એના જેવા વીર પર તો મહાકાવ્ય લખાવું જોઈએ. પણ હું તો કવિ છું નહીં. તો? મેં વિચાર્યું કે ચાલ હું વીરગાથા લખવાની કોશિશ કરી જોઉં. પણ જે પછુઆએ તોફાનોની કયામતને સામી છાતીએ ઝીલી હતી એનાં મૂળિયાં હવે કેમનાં ઊખડી ગયાં? એ કેમ પાકિસ્તાન જતો રહ્યો? વીરગાથા લખવાનું મારું સપનું શું હવે અધૂરું જ રહેશે? કાદિરપુરમાં પછુઆ મને નવલકથાના પાત્ર જેવો જ લાગતો પણ અહીં આવીને તો એ કામકાજ નહીં મળવાના ગમમાં ડૂબેલો રહે છે. હજી આજે સવારે જ મને મળ્યો હતો. મળતાવેંત કહેવા લાગ્યોઃ 'મિયાં, કંઈક કામકાજ અપાવો. સાલી અહીં તો હવે પગ મૂકવા માટે પણ જગ્યા નથી રહી. બાપલા, બીજું કંઈ નહીં તો છેવટે ક્યાંક એકાદ ઘર એલોટ કરાવી દ્યો.' પછુઆના મોઢે આવી વાત સાંભળીને હું તો બઘવાઈ ગયો. કાદિરપુરમાં તો એને કદી ખાવા-પીવાની મુશ્કેલી

નો'તી ઊભી થઈ. અહીં પાકિસ્તાનમાં આવીને એ ખાવા રોટી માગે છે, માથું છુપાવવા છત માગે છે. પણ હું તો એને નવલકથાનો હીરો બનાવી શકું. મકાન ને રોજગારી ક્યાંથી અપાવું?

પછુઆ કાદિરપુરથી પાકિસ્તાન આવેલા મિયાંઓ પાસે ગયો. પણ એ બધા તો હવે હિન્દુસ્તાનથી આવી રહેલાઓ સાથે વાત કરવા પણ તૈયાર નહોતા. કાદિરપુરમાં કોઈની તાકાત નહોતી કે પછુઆને ગમે તેમ બોલી શકે પણ આ તો પાકિસ્તાન હતું. પાકિસ્તાનની જમીન ને ખેતરો જોઈને એની આંખો ફાટી ગયેલી. મને કહેવા લાગ્યો 'મિયાં, બસ એકાદ વીઘા જેટલી જમીન જો ક્યાંયથી પણ મળી જાય તો જુઓ હું કેવો ચમત્કાર કરી દેખાડું! જોતજોતામાં આંબાવાડિયું કરી દઈશ ને એક અખાડો... જેમાં પઠ્ઠાઓ કસરત કર્યે રાખશે...' મેં જવાબ દીધોઃ 'અરે શેખચલ્લી, એક વીઘા જમીન તને કયો બાપ આપશે? આ જમીન મારી કે તારી નથી, એ તો જમીનદારોની છે.' પણ માને તો પછુઆ થોડો કહેવાય? એ મને કહે, 'જમીનદારો પણ આપણા મુસલમાન ભાઈઓ જ છેને? મિયાં, હું ખુદાના નામે આજીજી કરીશ તો એ જમીનનો એકાદ ટુકડો તો ચોક્કસ જ કાઢી આપશે!' હવે આને એ કોણ સમજાવે કે જમીનદાર તે ભલા હિંદુ કે મુસલમાન થોડા હોય! એ તો જમીનદાર હોય બસ...!

મારી મુશ્કેલી એ છે કે હું કાદિરપુરનું મહાભારત લખું કેવી રીતે? આ મહાભારતનો અર્જુન તો નિષ્ફળતાની છબી બનીને પાકિસ્તાનની ગલીએ ગલીએ ભટકી રહ્યો છે. ને એકાદ મહિનામાં એ પાછો મને મળવા આવ્યો. બહુ જ ગુસ્સામાં હતો. 'મિયાં, આ કેવો હુકમ આવ્યો છે? જે મુહાઝિર (શરણાર્થી) આવ્યા છે એ બધા હિન્દુસ્તાન પાછા ચાલ્યા જાય!'

મેં એને સમજાવ્યો કે જો ભાઈ હવે પાકિસ્તાનમાં તો તલ મૂકવાનીયે જગ્યા નથી. એટલે નવા શરણાર્થીને ક્યાં સમાવે? ને દિલ્હીથી મોટામોટા લોકો આવ્યા હતા હમણાં. એમના કહેવા પ્રમાણે હિન્દુસ્તાનમાં બધા મુસલમાન ખુશહાલ છે! પણ પછુઆ એકદમ ભડકી ઊઠીને બોલ્યો, 'મિયાં, હું કાદિરપુરથી આવ્યો છું. મને વધુ ખબર કે એ દિલ્હીવાળાઓને?'

પછુઆ જ્યાં સુધી પાકિસ્તાન નો'તો આવ્યો ત્યાં સુધી એ મારા માટે માત્ર વાર્તાનું પાત્ર હતો પણ હવે એને કેમ મકાન નથી એલોટ થતું? નોકરી કેમ નથી મળતી? એને કેમ હિન્દુસ્તાન પાછો મોકલી રહ્યા છે? જેવા અનેક રાજકીય સવાલો મને ગૂંચવી નાખે છે. રાજકારણથી હું એવી

રીતે ધ્રૂજુ છું જે રીતે કસાઈથી ગાય કાંપે છે. સાચું પૂછો તો રાજકારણ સર્જકના એ જ હાલ કરે છે જે કસાઈ ગાયના કરે છે.

હું તો એવું સમજ્યો હતો કે પછુઆનો ગુસ્સો પળવારનો છે, પણ એ તો ખરેખર જ ચાલ્યો ગયો! એણે ગુસ્સે થઈને મને પૂછેલું, 'લીડર લોકો પણ અમારી સાથે હિન્દુસ્તાન પાછા આવશે?' મેં હસીને જવાબ આપ્યો, 'નેતા લોકો જતા રહે તો પાકિસ્તાનમાં નેતાગીરી કોણ કરશે?' મારા જવાબથી એનું મગજ ફાટી ગયેલું. મેં એને સમજાવેલો કે 'તારે જવું હોય તો થોડા દિવસ પછી જજે. સરકાર તારી મુસાફરીની વ્યવસ્થા કરશે.'એ તો મારી વાતે ભડકી ઊઠ્યો, 'વાહ મિયાં, કફનના પૈસા અહીંથી લઈએ અને કબર હિન્દુસ્તાન જઈને બનાવીએ. મારે ખેરાતમાં મળેલું કફન નથી જોઈતું.'

ને પછુઆ જતો રહ્યો. પછી એકાદ મહિને ત્યાંથી લેખક પર કાગળ આવે છે: 'કાદિરપુર હવે જાટનગર બની ગયું છે. અને હવે અહીં કોઈને ઉર્દૂ નથી આવડતી. તમારા વતનમાં પછુઆ માટે જગ્યા નો'તી. અહીં આવ્યો એ જ દિવસે એનું માથું પીપળાના ઝાડ પર લટકાવી દેવામાં આવેલું.

પછુઆ મરી ગયો પણ મારી નવલકથાનો હજી કશો મેળ નથી પડતો. મને વિચાર આવે છે કે આ નવલકથા હું શા માટે લખું છું? એને વાંચશે કોણ? હવે મેં નિર્ણય કરી લીધો છે કે હું આ નવલકથા નહીં જ લખું. ઘર ચલાવવા માટે હું કશુંક કામ કરીશ. લખવું આમ પણ નવરાઓનું કામ છે.

આ વાર્તા બે સ્તરે ચાલે છે. આલેખક, નિરૂપકનો પ્રશ્ન અને એના પાત્રનો પ્રશ્ન. ઇંતિઝાર હુસૈનની આ અતિપ્રસિદ્ધ વાર્તા, આપણી વાર્તાની સમજથી ખાસી ફંટાઈને લખાયેલી છે. અહીં પછુઆના પાત્રને આલેખવામાં લેખકે કરેલો પ્રસાર કોઈને ખટકે પણ ખરો. કેટલીક વિગતો બિનજરૂરી પણ લાગે, પણ હુસૈનની વાર્તાશૈલીનો આ મિજાજ છે. આવા-આવા લોકો પણ કેવા તણખલાની જેમ અહીંથી ત્યાં ને વળી ત્યાંથી અહીં ફેંકાયેલા એ એમને કહેવું છે. સહિયારી સંસ્કૃતિ, સહિયારું જીવન એક મહાકાવ્યને જન્મ આપી શકે એમ હતું પણ એવું થઈ ના શક્યું, સર્જકના સ્વપ્નભંગની આ કથા છે. જે સર્જક અખંડ મહાકાવ્ય રચવાનો હતો એ ખંડખંડમાં ડાયરીનાં પાનાં લખતો થઈ ગયો. વિભાજનનો આઘાત, એની હતાશા સર્જકની સર્જનાત્મકતાને વસૂકાવી દે છે. હુસૈન અહીં વિભાજન તથા કોમી હિંસાને વિશાળ સમાજિક-રાજકીય પાર્શ્વભૂના વિરોધમાં આલેખે છે. વાર્તાના મર્યાદિત ફલક પર અર્થનાં અનેક પરિમાણોની ભાત આલેખતા સર્જકે અહીં સામાન્ય માણસની પીડા, દ્વિધા, દહેશતનાં

એટલાં બધાં પાસાં ગૂંથી લીધાં છે કે વાર્તા એક આખા યુગને આવરી લે છે. 'બનકે રહેગા પાકિસ્તાન'ના નારા લગાવનારા સામાન્ય માણસોને ખરેખર પાકિસ્તાન ક્યાં બનશે એની ખબર જ નો'તી ઇતિહાસ માટે, મુસ્લિમલીગી માટે, બૌદ્ધિકો અને ઉલેમાઓ માટે પાકિસ્તાનનો અર્થ ગમે તે હોય પણ સામાન્ય માણસ માટે તો પાકિસ્તાન એક સપનું હતું. એમની જિંદગી સુખમય બની જશે, બધી મુશ્કેલીઓનો અંત આવી જશે એવી સ્વર્ગીય ભોંય હતી. સામાન્ય માણસ માટે એક ખયાલી પુલાવ હતું પાકિસ્તાન. પાકિસ્તાન માટે ઘર-બાર, જમીન, વતન, ઢોર-ઢાંખર બધું છોડીને રાન રાન ને પાન પાન થઈ ભટકવું પડશે એવી તો કોઈએ કલ્પના જ નો'તી કરી. પ્રજાને જરાક પણ અંદાજ હોત તો પાકિસ્તાનનો કટ્ટર વિરોધ થયો હોત અને તો કદાચ પાકિસ્તાન કાયમી ધોરણે ખયાલ જ રહ્યું હોત. કાદિરપુર કદી પાકિસ્તાનમાં ભળી શકે એમ નથી એવું બધાને કેટલું મોડું સમજાયું? જે લોકોએ કદી પાકિસ્તાન માગ્યું જ નો'તું એ બધા રાતોરાત પાકિસ્તાની બની ગયા! સિંધ, પંજાબ વગેરે... અને જેમણે અદમ્ય ઉત્સાહ સાથે નારાબાજી કરેલી એ તો કાયમી ધોરણે હિંદુસ્તાનમાં જ રહ્યા! ને ધારો કે ગયા તો ત્યાં મુહાઝિર કહેવાયા. સ્વીકાર ન થયો એમનો એમના સપનાંની જમીન પર. પછુઆ અહીં આવા લાખો માણસોની હતાશાનું પ્રતીક બની જાય છે. જે વિભાજન એને સલામતી અને નિજી ઓળખ આપશે એવી એની ધારણા હતી. એ જ વિભાજને એની સલામતી અને નિજી ઓળખ છીનવી લીધી. કદાવર અને બહાદુર પછુઆ હવે આત્મદયામાં રાચતો બેવકૂફ બની ગયો. બદથી બદતર હાલતમાં પહોંચેલ પછુઆ પ્રતિકૂળ સંજોગો હોવા છતાં કાદિરપુર પાછો ફરે છે. એ જુએ છે કે ઉપખંડના નવા નકશામાંથી એનું ગામ તો સાવ જ ભૂંસાઈ ગયું છે. હવે એનું નામ જાટનગર હતું.

વાર્તાના અંતે વાર્તાકથક = લેખકને પણ લાગે છે કે સાહિત્યનો કોઈ અર્થ નથી. અહીં એક બીજી વાત પણ વ્યંજનાસ્તરે કહેવાઈ છે મુસ્લિમોની નિયતિ વિશે. ન એમને અખંડ હિંદુસ્તાનમાં કોઈ યોગ્ય નેતા મળ્યા, ન ભાગલા પછી. પોતાની આવી હાલત માટે એમના નેતાઓ જવાબદાર હતા એ મુસ્લિમ પ્રજા ન તો ત્યારે સમજી શકેલી ન આજે સમજે છે. ઘેટાનાં ટોળાંની જેમ મુસ્લિમ પ્રજા કાં રાજનેતા કાં ધાર્મિક નેતા પાછળ દોરવાતી રહી ત્યારે. ને આજેય એમાં ઝાઝો ફરક પડ્યો છે ખરો?

❑❑❑

[પૃ. ૪૦થી ચાલુ]
એને કારણે એવી ભાવાનુભૂતિ થયા કરે કે સ્વયં સ્વરૂપ સક્રિય રીતે સમસમયના રંગ ઝીલી રહ્યા છે.

શ્રીનાથજીની ચિત્રકલામાં આકર્ષક અને આગવું વૈશિષ્ટ્ય ધરાવે છે એનું સંયોજન, રૈખિક જીવંતતા અને રંગોની તેજસ્વિતા. પ્રેમભાવ જેટલા જ શુદ્ધ અને પ્રબળ રંગોની આભા જોનારની આંખ અને હૈયાને ભાવશબલિત કરી દે.

ચિત્રના કેટકેટલા સ્તરો! સમયસમયના પ્રવાહો, ઋતુની રમણા, પર્વો અને ઉત્સવો તો ખરાં જ, શ્રીનાથજીના સ્વરૂપજીની પણ અનેક આવલિઓ છે. મંગલા શૃંગારના શ્રીનાથજી, સેહરાથી જાજરમાન લાગતા શ્રીનાથજી, રાજવી ઠાઠમાં શોભતા સ્વરૂપજી કે ગાયો ચરાવવા જવા તત્પર હોય એવા ગોપાલકૃષ્ણજી!!

દર્શનચિત્રોની આવલિ સૌથી વધારે જીવંત અને બહુપરિમાણીય છે. એમાં દર્શન, ઉજવણી, શ્રીકૃષ્ણલીલાની અનેકસ્તરીય ચિત્રાવલીઓ છે. અનિલ રેલિયાના સંગ્રહમાં ભક્તોની સામેલગીરી છે, સેવાની સક્રિયતા છે, કૃષ્ણની રંગરાગભરી લીલાઓ છે. નાનકડા ચિત્રમાં જાણે કે કથાઓની ભાવમય અભિવ્યક્તિ છે. એ સર્વમાં ભાવ અને ભક્તિનો એક મધુરતમ સંસાર ધબકે છે. આ પ્રકારનું બહુઆયામી ચિત્રણ આનંદ,


ગ્વાલદર્શન, ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ

રસ, ભક્તિનાં એકસામટાં અનેક દ્વાર ખોલી આપે. ચારે બાજુથી પ્રવેશે મનભર ચિત્તહર સૃષ્ટિ!! શ્રીનાથજીનો શણગાર, ગ્વાલદર્શન, અનવસર, ગોપાષ્ટમી, ગોકુલનું પ્રભાત જેવાં ચિત્રોનો સંસાર હૃદયસ્પર્શી છે, ભાવશબલિત છે, પ્રેમઘન છે, અનુભૂતિજન્ય છે.



શ્રીકૃષ્ણનું ગાયદોહન, વીસમી સદીનો આરંભ

નાથદ્વારા શૈલીનાં કૃષ્ણલીલાનાં ચિત્રો હૃદયભર છે. ગાયદોહન કરતા કૃષ્ણ, ગોપાલન કરતા કૃષ્ણ, દાણલીલા કરતા કૃષ્ણ કે ગલાબહિયાન જેવાં ચિત્રો ભાવની ચરમાવસ્થા પ્રગટ કરે છે. કૃષ્ણલીલાને સમય, કલાકારની શક્તિ પ્રમાણે અનેક સ્તરમાં વિભિન્ન ભાવ સાથે પામી શકાય છે.

રાજસ્થાનમાં પુષ્ટિમાર્ગીય સ્વરૂપજીનો ભાવપૂર્ણ વિસ્તાર છે. એને કારણે નાથદ્વારાની આસપાસના પ્રદેશમાં પણ ચિત્રજીની વિશિષ્ટ રંગાવલીઓ સતત પુષ્ટ થતી રહી. મેવાડ, કોટા જેવા વિસ્તારનાં ચિત્રો જાણે કે નાથદ્વારા શૈલીનું રમ્ય વિસ્તરણ છે. નાથદ્વારા શૈલીનું ભિન્ન રૂપે થયેલું પ્રગટીકરણ કે વિસ્તરણ પણ આ કલાકૃતિઓ દ્વારા માણી શકાય છે.

ઘાસીરામ જાંગિડ નાથદ્વારા શૈલીના નોંધપાત્ર કલાકાર છે. એમની રેખાઓમાં જાદુઈ આકર્ષણ છે. ઘાસીરામ શર્માએ નાથદ્વારા શૈલીનાં ઉત્તુંગ શિખરો સર કર્યાં હતાં. કલાના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા આ કલાકારનું અલભ્ય કહી શકાય એવું સાત ફૂટ લાંબું, દામોદરલાલજીનાં લગ્નના વરઘોડાને રજૂ કરતું રેખાંકનોનું ચિત્ર કલાની દૃષ્ટિએ અને અનિલ રેલિયાના સંગ્રહની દૃષ્ટિએ ખાસ મહત્ત્વનું છે. એ રેખાંકનોમાં નજાકત, માધુર્ય, ગતિ, સંયોજનની દક્ષતા, જીવંતતાનો અનુભવ થાય છે. એક સિદ્ધહસ્ત કલાકારની મનોરમ

સૃષ્ટિનો માતબર વૈભવ છે એમાં.

રંગીન ચિત્રોની જેમ માત્ર રેખાંકનો હોય એવાં કેટલાંક ખૂબ જ કલાકીય મહત્ત્વ ધરાવતાં ચિત્રો અનિલ રેલિયાના સંગ્રહમાં છે. ગોપાષ્ટમી મનોરથ, બગીચા ઉત્સવ મનોરથ, વાઘ પર આરૂઢ દુર્ગાનાં ચિત્રોમાં કલાકારોનું રેખાંકન પરનું પ્રભુત્વ, જીવંતતા, ગતિશીલતાનો પરિચય મળી રહે છે. માત્ર રેખાઓમાં પણ કેવો તો ચાક્ષુષ ભાવ ભર્યો હોય છે તે આ ચિત્રોને જોવાથી અનુભવી શકાય છે.

નાથદ્વારાની કલામાં કલાકારોએ પરંપરિત શૈલી અને સાંપ્રદાયિક શિસ્ત જાળવી રાખ્યાં છે. આકૃતિ, રંગ, સંયોજના, શણગાર, પરિવેશ, સહાયક સામગ્રી ઇત્યાદિમાં પરંપરાગત ચિત્રગત સિદ્ધિઓને ચુસ્તપણે આકારિત કરવામાં આવે છે. આમ છતાં કલાકાર તો કલાકાર હોય છે, સ્વકીય પ્રતિભાને આકારિત કરનાર. દરેક કલાકારોની પોતીકી સૂઝ અને સંવેદના હોય છે. એ સમયસમયની છટાથી વાકેફ હોય. એવો પ્રભાવ પણ ચિત્રકૃતિઓમાં ઝિલાતો હોય છે. આધુનિક સમયગાળામાં પ્રસિદ્ધ થયેલી પ્રિન્ટ્સ કે કેલેન્ડર આર્ટની અસર નાથદ્વારાના કલાકારોએ ઝીલી છે. આવાં ચિત્રો પણ અનિલ રેલિયાના સંગ્રહમાં છે. એ રીતે નાથદ્વારા કલાની સદીઓમાં પથરાયેલી ચિત્રસૃષ્ટિનો એક સ્વયંસંપૂર્ણ, સમૃદ્ધ દસ્તાવેજ પણ પ્રાપ્ત થાય છે.



બગીચા ઉત્સવનું રેખાંકન, ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ

આ કલાગ્રંથ નિમિત્તે કલામર્મજ્ઞ અનિલ રેલિયા સાથે ચર્ચા થઈ ત્યારે એમણે કહેલી કેટલીક વાતો નાથદ્વારા ચિત્રસમૃદ્ધિને સમજવામાં વિશેષ મદદગાર થશે : "નાથદ્વારા શૈલીનાં ચિત્રોનો પ્રથમ પરિચય

કરાવ્યો કલાકાર અને નાથદ્વારા કલાના મર્મજ્ઞ અમિત અંબાલાલે. એમની પાસેથી સાંપ્રદાયિક અને અન્ય બારીકીની જાણકારી મળી. પ્રથમ ચિત્ર એમના કહેવાથી જ ખરીદ્યું. પછીથી તો ખૂબ રસ પડવા લાગ્યો મને. વારંવાર નાથદ્વારા જાઉં. અનેક કલાકારોને મળું, એમનાં ચિત્રો જોઉં. આ સંગ્રહ સ્વયં એક યાત્રા છે. અનેક ડીલરો અને સંગ્રાહકો સાથેની મુલાકાતો પછીથી, કલાકારો અને ભક્તોના પરિચય પછીથી આટલો માતબર સંગ્રહ થઈ શક્યો એ શ્રીનાથજીબાવાની કૃપા જ છે. ચિત્રો જ બધું બોલવા લાગ્યાં અને એક ભવ્ય ઇતિહાસ સામે આવ્યો. મેં પૉર્ટ્રેઈટનાં જે પ્રદર્શન કર્યાં એમાં બીજું પ્રદર્શન નાથદ્વારા પરનું હતું. હું નાથદ્વારાના અનેક કલાકારોને મળ્યો છું અને એમની સાથે વાતો કરી છે, એમની ચિત્રપદ્ધતિ જાણી છે. એ કલાકારો માટે ચિત્ર એક સાધના છે કે ભક્તિ છે. ચીતરવા બેસે તે પહેલાં નાહીધોઈ પવિત્ર થાય અને ભક્તિ કરતા હોય એ જ ભાવથી ચિત્ર સર્જે. નાથદ્વારા શૈલીનાં ચિત્રોમાં જે ઊર્જા કે જીવંતતા છે એનું કારણ આવી ભક્તિ કે 'સેવા'ની ભાવનાથી થયેલાં ચિત્રકર્મને કારણે છે. ચિત્રો એકસરખાં હોય તો પણ 'કૉપી' કે નકલ જેવું નહિ લાગે, કેમકે દરેક ચિત્ર એક સાધનાગત પવિત્રતાનું પરિણામ હોય છે.''



વાઘ પર સવાર દુર્ગા, ઓગણીસમી સદીનો ઉત્તરાર્ધ

નિયોગી બુક્સ દ્વારા વર્ષ ૨૦૨૧માં પ્રકાશિત થયેલ 'નાથદ્વારા પૅઈન્ટિંગ્સ ફ્રોમ ધ અનિલ રેલિયા કલેક્શન : ધ પૉર્ટલ ઑવ્ શ્રીનાથજી નાથદ્વારા ચિત્રકલાવિષયક અત્યંત સમૃદ્ધ પ્રકાશન છે. એમાં છે ત્રણસોથી વધુ વર્ષની નાથદ્વારા શૈલીનો ક્રમિક ઇતિહાસ. ભારતીય ચિત્રકલાનું એક અત્યંત સમૃદ્ધ પાસું છે એ. વિશિષ્ટ કલાકીય ઉપલબ્ધિ તરીકેનું એનું સ્થાન અમિટ છે. કલાકૃતિઓનો પરિચય અને આસ્વાદ કરાવવામાં લેખકોએ ખૂબ શ્રમ લીધો છે. જાતજાતના સંદર્ભો, પૂરક માહિતીથી ચિત્રના ઐતિહાસિક, કલાકીય, રચનાગત ઘણા આયામ એકસાથે જ



યમુનાતટે રાધાકૃષ્ણ, વીસમી સદીનો આરંભ

પ્રાપ્ત થાય છે.

એક અર્થમાં આ કલાગ્રંથ અનેક પરિમાણોનો સમૃદ્ધ રસથાળ છે. ભક્તિભાવની અવસ્થાઓ, શ્રીનાથજીના સમયસમયના ઉત્સવો, નાથદ્વારા શૈલીના અનેક તબક્કાઓ, અનેક કલાકારોની સ્વકીય શૈલીના વિશષો એ બધું સુપેરે સામે ધરતો આ ઐતિહાસિક મૂલ્ય ધરાવતો ગ્રંથ છે. એમાં શ્રીનાથજીની પ્રતિમાજીનો ઇતિહાસ, સ્વરૂપજીનો પરિચય, ગોસ્વામીજીની વંશાવલીઓ, નાથદ્વારાના કલાકારોની ઓળખ, નાથદ્વારા શૈલીની વિશેષતાઓ અને ચિત્રપદ્ધતિ ઇત્યાદિ સાથેનો અદ્ભુત રસિકભંડાર છે. દરેક ચિત્ર નિમિત્તે લેખકોએ કરાવેલો સૂક્ષ્મ પરિચય, આસ્વાદ, ચિત્રગત ટૅક્નિકનો પરિચય ઇત્યાદિને કારણે એક સંપૂર્ણ ગ્રંથ હોવાનો અહેસાસ થાય છે. કલારસિક ભાવક માટે અને ભક્તિપ્રવણ દર્શક માટે આ કલાગ્રંથ સીમાચિહ્નરૂપ બની રહે છે, ભારતીય કલાનો મનોરમ પડાવ બની રહે છે. ❑❑❑

તમારી દૃષ્ટિએ

અનુવાંશિક દ્રવ્ય ડી.એન.એ.ના બંધારણના શોધકોમાંથી એક રોઝાલિન્ડ ફ્રેન્કલિન વિષે શ્રી દીપકભાઈ જોશીના લેખો (ન.સ. માર્ચ અને એપ્રિલ ૨૧) રસપ્રદ રહ્યા. તેની જીવનકથાનાં ત્રણેય પુસ્તકો અને બીજું પ્રાપ્ય સાહિત્ય લેખક જોઈ ગયા છે અને તે એમની મહેનત બતાવે છે. એક વૈજ્ઞાનિક તરીકે રોઝાલિન્ડનું નામ એમના જીવનકાળ દરમ્યાન જ સ્વીકૃત હતું (ભલે તમાકુના વાઈરસને કારણે). અને DNA બાબતનું તેમનું શોધપત્ર વોટ્સન અને ક્રીકના પેપરવાળા અંકમાં જ છપાયું હતું એટલે તેની સાથે એ સંલગ્ન તો હતાં જ. પરંતુ વિજ્ઞાનના ઇતિહાસમાં એમનું નામ નાટ્યાત્મક રીતે બહાર આવ્યું તે વોટ્સનના પુસ્તકમાં એમના વિષે અછડતું લખાવાને કારણે. વોટ્સને એવું ઠસાવવા પ્રયત્ન કર્યો છે કે રોઝાલિન્ડને હેલિક્ષની નિસરણીને બે દાંડા છે એ વાત કબૂલ ન હતી, તે કદાચ પોતાના અપરાધભાવને છુપાવવા માટે હશે. પ્રો. ચગ્રાફે કહ્યું જ હતું કે વોટ્સનનું પુસ્તક ('ડબલ હેલિક્ષ') માનસશાસ્ત્રીઓએ વાંચવું જોઈએ!

નોબેલ ઇનામ મરણોત્તર અપાતું નથી એટલે રોઝાલિન્ડને ૧૯૬૨માં એ મળ્યું હોત કે કેમ એ પ્રશ્ન અસ્થાને છે. (તે ૧૯૫૮માં અવસાન પામ્યાં). દીપકભાઈએ લખ્યું જ છે કે વોટ્સનના મિત્ર ક્રીક જોડે એમને સારા સંબંધ હતા. એટલું જ નહિ, કેન્સરના ઉપચાર પછી હવાફેર માટે એ ક્રીક દંપતી જોડે રહેવા પણ ગયાં હતાં. લેખમાં કિંગ્સ કોલેજમાં એક બિલ્ડિંગને એમનું નામ અપાયાની વાત કરી છે; એ ગયા વર્ષે જન્મશતાબ્દી અર્થે નથી થયું. છેક ૨૦૧૧માં એનો સંદર્ભ મેં જોયો છે.

નવી મુંબઈ - ડો. પરેશ વૈદ્ય

* * *

'નવનીત સમર્પણ'નો મે' ૨૦૨૧ અંકનો મારો પ્રતિસાદ પાઠવું છું.

પ્રથમ લેખ 'વાણીની યાત્રા'- વાચન યાત્રા બની. રુચિકર વિધાન- 'મુખ એ વાણીની અંતર્મુખી યાત્રાનું દ્વાર છે.' કાવ્યયાત્રામાં ગૌરાંગ ઠાકર રચિત ગઝલમાં અમુક શેર મમળાવવા જેવા- 'મારા દીવા વિષે અંધારને પૂછ; પણ હવા પાસે સમીક્ષા ન માગ.' વળી 'બિંબની પરવા હો એને તું શોધ; તું બધા પાસે અરીસા ન માગ.' આગળ વધતાં સંજુ વાળાના સંતસપ્તકના દ્વિતીયમાં હકીકત જણાવી દીધી-

'પાકે નહિ એ સડે રે સંતો । પાકે નહિ જે સડે । તપે નહિ તે તન/ઘટને કોઈ અસલ રંગ ના અડે.' - સુભાષિત કહે છેઃ

'યથા ચતુર્ભિ કનકં પરીક્ષ્યતે નિઘર્ ષણચ્છેદન તાપતાડનૈઃ ।

તથા ચતુર્ભિઃ પુરુષં પરીક્ષ્યતે શ્રુતેન શીલેન ગુણેન કર્મણા ॥'

નામવંત સાહિત્યકારોના ઇન્ટરવ્યુથી ઘણું જાણવા, શીખવા મળે છે. સાધકનો

સંદર્ભ પૂછતાં કવિ રાજેશભાઈએ દીપો દીપાંતરે યથા - એમ કહી એક પ્રગટવા ઇચ્છતો દીવો પ્રગટેલા દીવાની નિકટતમ જાય તો જ અપ્રગટ દીવો પ્રગટી શકે- કેટલી ઉદાત્ત ભાવના! પરમ ચૈતન્યએ તેમને ઉપાસકની ભૂમિકા ભજવવાનું કહ્યું છે- નિમિત્તમાત્રં ભવ - એવો વિચાર એક ઉન્નત જીવને જ આવે! રાજેશભાઈનાં કેટલાંક વિધાનો અવતરણક્ષમ છે. - 'શ્રદ્ધા કોઈપણ પરિસ્થિતિમાં આપણને જીવતા કરે છે. શ્રદ્ધા જ આપણી નિષ્ફળતાઓને સફળતામાં પરિવર્તિત કરી આપે છે.- 'પ્રસિદ્ધિ પરપોટા જેવી છે.' -'મળેલા જ એકબીજાને મળે છે' -આ ઋણાનુબંધ.

સંવાદના આયોજક આરાધના ભટ્ટને ખૂબ ખૂબ ધન્યવાદ!

ડૉ. નીલેશ રાણાનો આરોગ્યવિષયક માહિતીસભર લેખ! 'મન હોય તો માળવે જવાય' - એ કહેવત સિદ્ધ કરતું શબ્દચિત્ર એટલે દામોદર ધર્માનંદ કોસાંબી વિષયક લેખ! આનંદિતા રૈયાણીનો હળવી શૈલીમાં લખાયેલો સરસ સ્મરણલેખ! સિનિયર સિટીઝનની સમસ્યાને વાચા આપતી રાજેશ અંતાણીની 'જાકારો' વાર્તા પણ રસપ્રદ! 'એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી' વાંચતાં એક મનોચિકિત્સકની તિતિક્ષા અને દર્દી પ્રત્યેની નિસ્બત જાણી તેઓ પ્રતિ અહોભાવ જગાડી શકી! અરવિંદ બારોટ દ્વારા લેખિત 'સામા કાંઠે' કથામાં પ્રયોજિત તળપદી ભાષા અને વિધાનોએ કથાતત્ત્વમાં રસ વૃદ્ધિ કરી. - મેરૂને વિદાય આપતાં રાણુને મોઢે મુકાયેલ વાક્ય- 'જાવ કે'તાં જીવ નીકળે, રિયો કે'તાં રીત જાય ---' 'પ્રીતની પોટલીને સાત સાત ગાંઠ્યું વાળીને રાણુએ હૈયાને તળિયે ધરબી દીધી'.

સિડની - નિરંજના જોશી

* * *

સુધારો અને વધારો

'નવનીત સમર્પણ' અંકઃ મે, ૨૦૨૧માં પ્રકાશિત લેખ 'મુંબઈના પરાંની રાણી...' મુજબ ૧. પૃષ્ઠ નં. ૧૧૦ પરના ફોટો નીચે હિંદી ફિલ્મ 'રેણુકા'નું પ્રદશિત વર્ષ ૧૯૪૪ દર્શાવેલ છે. ૨. રામ પ્રકાશ - દિગ્દર્શિત 'જનતા' ફિલ્મ વિશે બહુ જાણકારી મળતી નથી (પૃષ્ઠ ૧૧૦) અને ૩. 'રેણુકા'માં વિજયા દાસે એક ગીત પણ ગાયું હતું (પૃષ્ઠ ૧૧૧). આ સંદર્ભે જણાવવાનું કે ૧. દરઅસલ દિગ્દર્શક તેમ જ કથા-પટકથા-સંવાદ લેખક રમેશ સેહગલ. ગીતકાર કમર જલાલાબાદી અને સંગીતકાર સરદાર માલિકની 'રેણુકા' ફિલ્મ ૧૯૪૭માં પ્રદર્શિત થઈ હતી. નહીં કે ૧૯૪૪માં. ૨. 'જનતા' (૧૯૪૭) ફિલ્મની જાણકારી આપતા કહી શકાય કે, જનક પિક્ચર્સ-બોમ્બેના બેનર નીચે પ્રદર્શિત આ ફિલ્મનાં કથા-પટકથા-સંવાદ લેખક રાજેન્દ્ર ક્રિષ્ન હતા. કલાકારોમાં લલિતા પવાર, ડેવિડ, નયમપલ્લી, સત્યપાલ, એન. શર્મા. એસ. ઈર્શાદ, સતી દેવી, મોહનલાલ, હબીબ, નઝીર અને બેબી કમલિકાએ અભિનય આપ્યો હતો. ગીતકારો તરીકે રાજેન્દ્ર

ક્રિષ્ન (૦૨ ગીત). પ્રશાંત પાંડે (૦૩ ગીત) અને મીરાંબાઈ (૦૧ ફાગુન ગીત 'ફાગુન કે દિન ચાર...') તેમ જ સંગીતકાર તરીકે હરિશ્ચંદ્ર બાલી હતા. જોકે તેનાં કુલ ૦૬ ગીતોનાં ગાયક/ગાયકોનાં નામો અંગે કોઈ સગડ મળતા નથી. ૩. ફિલ્મ 'રેણુકા'માં વિજયા દાસે જે ગીત ગાયું હતું તે ગીતના શબ્દો 'ઓ નીંદિયા કી દેવી આ જા' હતું. / અંગ્રેજી-ગુજરાતી વ્યાકરણને ઝીણી નજરે કાંતીએ તો 'કવિ કાન્તની ખુરશી' (પૃષ્ઠ ૯૧) પર ઉલ્લેખાયેલ જોન ફાઉલ્સનો વાર્તાસંગ્રહ 'ધ એબની ટાવર' (The Eboney Tower) અંગે જણાવવાનું કે અંગ્રેજી શબ્દ Theનો, વ્યંજન ઉચ્ચાર પૂર્વે ધ અને સ્વર ઉચ્ચાર પૂર્વે ધી એમ બે ઉચ્ચાર થાય છે. અહીં The પછીના 'Eboney' શબ્દનો પ્રથમાક્ષર 'એ' સ્વર હોવાથી, ગુજરાતીમાં 'ધી એબની' જ લખી શકાય. વધુમાં નવલકથા 'ધ ફ્રેન્ચ લેફ્ટેનન્ટ્સ વૂમન' (The French Lientenant's woman)માં ખરી અંગ્રેજી જોડણી Lieutenant છે અને Woman શબ્દની જોડણી ગુજરાતી-હિંદીમાં 'વુમન' થાય છે. અને છેલ્લે. લેખકના જણાવ્યા મુજબ 'આ નવલકથા પરથી ફિલ્મ બની હતી'ના સંદર્ભે જણાવવાનું કે ૧૯૬૯માં પ્રકાશિત આ નવલકથા પરથી એ જ શીર્ષક નીચે ૧૯૮૧માં બનેલી ફિલ્મના નિર્માતા લીઓન ક્લોર, દિગ્દર્શક કારેલ રેઈસ્ઝ, પટકથા લેખક હેરોલ્ડ પિન્ટર, સંગીતકાર કાર્લ ડેવિસ અને મુખ્ય કલાકારો મેરીલ સ્ટ્રીપ અને જેરેમી આઈરોન્સ હતા. તા. ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૧ના રોજ આ ફિલ્મ જોઈને તેનાં વિશે અભિપ્રાય આપતા અમેરિકાના તત્કાલીન પ્રમુખ રોનાલ્ડ વિલ્સન રેગને તેની ડાયરીમાં લખ્યું હતું: A beautiful & unusual one ''The French Lt.'s Woman.''

સુરત - પ્રા. જે. આર. વઘાશિયા

* * *

'નવનીત સમર્પણ' મે અંકમાં 'નિસંકોચ 'અદ્ભુત' કહી શકાય તેવી લાગી 'મિસ્કીન' સાહેબની મુલાકાત, તેમની ગઝલો અને 'ગઝલ' પરનાં તેમનાં સંપાદનો તો મોંઘેરી મિરાત છે જ પણ તેમને થયેલી દિવ્ય ચેતનાના સ્પર્શની વાતોથી આપણો ડગુમગુ થતો અલૌકિક અનુભૂતિ પ્રત્યેનો વિશ્વાસ દૃઢ થઈ જાય છે.

'બધા મળેલા જ મળે છે' તેમના આ વિધાનથી પુનઃજન્મ વિશેની સમજને પણ સમર્થન મળે છે. આનંદિતા રૈયાણી લિખિત 'અણમાનીતો વિષય' એવી રમતિયાળ શૈલીમાં પ્રસ્તુત થયું છે કે વાંચતી વખતે વારંવાર મરક મરક હાસ્ય અનાયાસે અનુભવાય છે. રાજેશ અંતાણીની વાર્તા 'જાકારો'મા સાંપ્રત સમાજના કેટલાક કમનસીબ વયસ્કોની વરવી વાસ્તવિકતા રજૂ થઈ છે. નવનીતમાં પ્રગટ થતા 'ક્રમશઃ ધારાવાહિક'માં 'હવે આગળ શું આવશે?' એવી ઉત્સુકતા પણ રહ્યા કરે છે.

સુરત - ઝીણારામ દાણીધારિયા



ભવન્સ - વૃત્ત

નવી મુંબઈ કેન્દ્રઃ BVBKMMIASનું ઉદ્‌ઘાટન





ભારતીય વિદ્યા ભવન ક. મા. મુનશી ઇન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડીઝનું ભારતીય વિદ્યા ભવનના ડાયરેક્ટર જનરલ અને એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રી એચ. એન. દસ્તુરે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૧ના વિધિપૂર્વક ઉદ્‌ઘાટન કર્યું હતું. નવી મુંબઈ કેન્દ્રના શ્રી એમ. એન. રામચંદ્રે શ્રી દસ્તુર, ભવનના ટ્રસ્ટી અને માનદ્ ખજાનચી શ્રી ખાંડવાલા અને ટ્રસ્ટી શ્રી દિનેશ કે. દફ્તરીનું સ્વાગત કર્યું હતું. આ વર્ષે થનારા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોની પુસ્તિકાનું વિમોચન થયું હતું. પ્રો. દિનેશ ઈસરાનીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે સત્રનું આયોજન કર્યું હતું અને ઇલેક્ટ્રિક વાહનના પુરજા, ઇલેક્ટ્રિક વાહનમાં તબદિલ કરેલાં વાહનો અને એ અંગેની કારકિર્દીના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મુંબઈ કેન્દ્રઃ બ્રહ્મર્ષિ દૈવરતના જીવનચરિત્રનું વિમોચન

મૂળ કન્નડ ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદિત થયેલું 'ઇન્સાઈટ ઓફ છંદો-દર્શન-બાયોગ્રાફી ઓફ બ્રહ્મર્ષિ દૈવરત' પુસ્તકનું વિમોચન ગૌડિય કૃષ્ણ મંદિર, વાંદરા ખાતે ૧૨ જાન્યુઆરી ૨૦૨૧ના થયું હતું. બ્રહ્મર્ષિ દૈવરતને ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ તેમના વેદિક સંસ્કૃતિમાં સમૃદ્ધ પ્રદાનના ઉપલક્ષમાં 'વેદ-વાચસ્પતિ'નું બિરુદ આપી ભારતીય વિદ્યા ભવને સન્માન્યા હતા. ૧૯૬૮માં ભવને તેમનું ૪૨૮ નવા વેદમંત્રો સાથેનું પુસ્તક છંદો-દર્શન પ્રગટ કર્યું હતું. ત્યારે તેઓ શ્રી ગણેશ વી. ભટ તરીકે



ઓળખાતા હતા. ૧૯૧૭માં તેમને તંદ્રાવસ્થામાં આ નવા મંત્રો પ્રગટ થયા બાદ તેઓ બ્રહ્મર્ષિ દૈવરત નામે પ્રતિષ્ઠિત થયા.

બ્રહ્મર્ષિ દૈવરતનું મૂળ જીવનચરિત્ર તેમના પૌત્ર શ્રી વેદશ્રવા શર્માએ કન્નડ ભાષામાં લખ્યું હતું અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઈનાં નિવૃત્ત કર્મચારી શીલા પ્રશાંત નાઈકે એનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો.

ભવન્સ મુંબાદેવી આદર્શ મહાવિદ્યાલયના આચાર્ય અને અદ્વૈત-વેદાંતના સહાયક પ્રાધ્યાપક ડો. ગણપતિ વી. હેગડે કાર્યક્રમમાં માનદ્ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બ્રહ્મર્ષિ દૈવરત અને તેમની સાથે સંકળાયેલા ઘણા સંતોનાં ઉત્કૃષ્ટ જીવન અને કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો. મુંબઈનાં ભૂતપૂર્વ મેયર અને વકીલ નેતા શ્રીમતી નિર્મળા સામંત પ્રભાવલકર વિશેષ અતિથિરૂપે ઉપસ્થિત રહ્યાં હતાં.

મુંબઈ કેન્દ્રઃ કેપ્ટન માલિની શર્માને એવોર્ડ

અંધેરીની ભવન્સ કોલેજના NCC વિભાગના કેપ્ટન માલિની શર્માને NCCમાં તેમનાં સમર્પણ, નિષ્ઠા અને કાર્યસિદ્ધિની કદર રૂપે પ્રજાસત્તાક દિને રક્ષા રાજ્યમંત્રી પ્રશંસાપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં. મહારાષ્ટ્રમાંથી તેઓ એક માત્ર કેડેટ હતાં.





મહારાષ્ટ્રનાં શિક્ષણમંત્રી શ્રીમતી વર્ષા ગાયકવાડ કેપ્ટન શર્માને એવોર્ડ આપે છે

ગુંટુર કેન્દ્રઃ પુસ્તકનું વિમોચન

ગુંટુરના બાલાનંદ કેન્દ્રમાં ૧૦ જાન્યુઆરી ૨૦૨૧ના ભવનના સ્થાપક પ્રમુખ શ્રી ક. મા. મુનશીજીના તેલુગુ ભાષામાં લખાયેલા જીવનચરિત્રનું વિમોચન થયું હતું. વિદ્વાન તેલુગુ લેખક શ્રી રવિનુતલા શ્રીરામે આ પુસ્તક લખ્યું છે અને 'ગુંટુર કેસરી સેવા સમિતિ'એ પ્રકાશિત કર્યું છે.



આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ નાયબ સ્પીકર શ્રી મંડલી બુદ્ધ પ્રસાદના હસ્તે વિમોચન થયું હતું. કાર્યક્રમના અધ્યક્ષીય વક્તવ્યમાં તેમણે જણાવ્યું કે આપણા રાષ્ટ્રના આવા મશાલચી વિશે જાણવું તે આપણું કર્તવ્ય છે. હવે આપણી પાસે તેલુગુ ભાષામાં મુનશીજીનું જીવનચરિત્ર હોઈ આપણે સહુ તેમના વિશે જાણી શકીશું. ''INTACH, ગુંટુર ચેપ્ટરના અધ્યક્ષ શ્રી એસ. વી. એસ. લક્ષ્મીનારાયણે સભાજનોની સામે પુસ્તકની સમીક્ષા રજૂ કરી હતી.

પઠનમથિટ્ટા કેન્દ્રઃ ગૃહમંત્રીનું આગમન



માનનીય ગૃહમંત્રી અમિત શાહે રામકૃષ્ણ આશ્રમ તિરુવનંતપુરમની મુલાકાત લીધી હતી. તેમનું સ્વાગત આશ્રમના સ્વામી મોક્ષવ્રતાનંદ અને ભવનના માનનીય સંચાલક શ્રી શેરીફ મોહમ્મદ અને અન્યોએ કર્યું હતું.

ચેન્નઈ કેન્દ્રઃ એવોર્ડ સમારંભ

ભવન્સ ચેન્નઈ કેન્દ્રના નિદેશક શ્રી કે. એન. રામસ્વામીને કળા અને સંસ્કૃતિના પ્રસાર માટે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૧ના તામિલનાડુ સરકારે પ્રતિષ્ઠિત 'કલાઈમામણિ'ના બિરુદ સાથે નવાજ્યા. કાર્યક્રમના આયોજન સેન્ટ જ્યોર્જ ફોર્ટ (તામિલનાડુ ગવર્નમેન્ટ સેક્રેટરિયેટ) ખાતે આ પ્રસંગે તામિલનાડુના માનનીય મુખ્ય પ્રધાન ઈડાપડ્ડી કે. પલનીસામી અને ઉપમુખ્ય પ્રધાન ઓ. પનીરસેલ્વમ્‌ની ઉપસ્થિતિ હતી. ઉપરાંત અન્ય પ્રધાનો અને વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. એવોર્ડમાં પ્રશસ્તિપત્ર, શાલ અને સુવર્ણચંદ્રક (૪૦ ગ્રામ) સામેલ હતાં.



તામિલનાડુનો આ કિંમતી પુરસ્કાર મેળવવા બદલ ભવનના પ્રમુખ શ્રી સુરેન્દ્રલાલ ગિ. મહેતા, ભવનના ઉપપ્રમુખ અને તામિલનાડુના રાજ્યપાલ શ્રી બનવારીલાલ પુરોહિત, શ્રી કે. પરાસરણ, શ્રી એમ. કે. નારાયણન્ (IAS) શ્રી એન. મુરલી અને 'ધ હિન્દુ'ના શ્રી એન. રવિ અને અન્યો સમેત શ્રી રામસ્વામીને અનેક ક્ષેત્રોના લોકોએ ધન્યવાદ આપ્યા હતા. આ એવોર્ડ સમારંભને ટી.વી. ચેનલ પર દર્શાવવામાં આવ્યો હતો અને સમાચાર પત્રોએ તેની નોંધ લીધી હતી.

શ્રી રામસ્વામીએ આ એવોર્ડ ભવનને સમર્પિત કર્યો હતો.



નારી શક્તિઃ મુંબઈ કેન્દ્રમાં ૮ માર્ચ, ૨૦૨૧ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રસંગે મહિલા કર્મચારીઓ માટે સાદાઈથી ઉજવણી થઈ હતી.

'સંસ્કૃતમાં વક્તૃત્વકળા' પર ગિરિશ જાનીનો વાર્તાલાપ



ભવન્સ મુંબાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયે તેની ચાલુ શૈક્ષણિક વર્ષની પ્રથમ વાગ્વર્ધિની સભાનું આયોજન ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ના કર્યું હતું. વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર સંસ્કૃતમાં શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા માટે પ્રોત્સાહિત કરતી આ સભાનું નિયમિત આયોજન કરવામાં આવે છે.

કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થી શ્રી નવદીપ શર્મા અને કુ. સુલોચના કરહલેએ પ્રાર્થના કરી હતી. ભવન્સ અનુસ્નાતક અને સંશોધન વિભાગના અતિરિક્ત નિદેશક શ્રી ગિરિશ જાનીએ માનદ્ અતિથિરૂપે સભાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેઓએ પોતાના સંસ્કૃત વક્તવ્યમાં 'સંસ્કૃતમાં વક્તવ્યકળા'માં સંભાષણનાં વિવિધ પાસાંઓની ચર્ચા કરી હતી. ત્યારબાદ દસ વિદ્યાર્થીઓએ સંસ્કૃત, સાહિત્ય, વ્યાકરણ, વેદાંત અને હિન્દી વગેરે મુદ્દા પર ટૂંકું વક્તવ્ય રજૂ કર્યું હતું.

લંડન કેન્દ્રઃ શ્રદ્ધાંજલિ

ઊંડા શોકની લાગણી સાથે જણાવવાનું કે યુ. કે. કેન્દ્રના શ્રી નટુભાઈ પટેલનું નિધન થયું છે. તેઓ અહીંની નાટ્યસમિતિના સૌ પ્રથમ અધ્યક્ષ અને વિશેષ આયોજન સમિતિના પણ અધ્યક્ષ હતા. નામાંકિત નાટ્ય-દિગ્દર્શકો અને નૃત્યનાટિકાઓના સંયોજકોને ભારતથી લંડન લાવવામાં તેઓ નિમિત્ત હતા. ભારતીય કળા અને સંસ્કૃતિ ક્ષેત્રે તેઓ અગ્રણી હતા. લંડનમાં નાટક, નૃત્યનાટિકા અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિકાસમાં તેઓ છેલ્લા ચાર દાયકાથી વ્યસ્ત હતા. એમણે ઘણાં નાટકો, નૃત્યનાટિકાઓનું નિર્માણ કર્યું અને લંડન તેમ જ યુરોપમાં પોતાની મંડળી સાથે પ્રવાસ કરી ભવનનો ભારતીય કળા અને સંસ્કૃતિ માટેનો સંદેશ પહોંચાડતા હતા.



નટુભાઈ ખૂબ જ સૌહાર્દપૂર્ણ વ્યક્તિ હતા. તેમણે હાથ ધરેલા પ્રત્યેક કાર્યક્રમ માટે સંપૂર્ણ સમર્પિત અને પ્રતિબદ્ધ હતા. તેઓએ ભવનને ગુજરાતી નાટકો અને નૃત્યનાટિકાના ક્ષેત્રે અજોડ પ્રદાન કર્યું છે. નરેશ પટેલ, પ્રીતમ પંડ્યા, સુરેન્દ્રભાઈ પટેલ, મીનુ પટેલ, જયશ્રી રાજકોટિયા જેવા પોતાના અત્યંત સમર્પિત જૂથ સાથે ભવનમાં અભિનેય કળા ક્ષેત્રે તેઓએ સાચા અર્થમાં પરિવર્તન આણ્યું છે.

કોચી કેન્દ્રઃ ભવન્સ અખિલ ભારતીય શૈક્ષણિક કાર્યશિબિર

કોચી કેન્દ્રના ભવન્સ સંશોધન અને વિકાસ કેન્દ્રે ૧૦ ફેબ્રુઆરીએ ઓનલાઈન મંચ પર ભવન્સ અખિલ ભારતીય શૈક્ષણિક કાર્યશિબિર-૨૦નું આયોજન કર્યું હતું. પદ્મવિભૂષણ અને રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ ૨૦૨૦નો મુસદ્દો તૈયાર કરનાર તેમ જ ISROના પૂર્વાધ્યક્ષ ડો. કે. કસ્તૂરીરંગને કાર્યશિબિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેઓએ પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં કહ્યું કે ભવન એક એવી મહાન સંસ્થા છે જે સમયની સાથે વિકાસ પામતાં ભારતના સર્વ બૌદ્ધિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક આંદોલનની સમાવેશક બનતી જાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે NEP ૨૦૨૦ દ્વારા શિક્ષણને લવચીક અને સમન્વિત કર્યું છે.



ભવનની બધી શાળાઓના આચાર્યો અને ઉપાચાર્યોએ NEP ૨૦૨૦ના વિવિધ પાસાંની જૂથ-ચર્ચામાં ભાગ લીધો હતો. જાહેર સત્રમાં વિવિધ જૂથોના આગેવાનોએ તેઓનાં તારણો નોંધ્યાં હતાં. સત્રનું સંચાલન શૈક્ષણિક CBSEના નિદેશક બાલાસુબ્રમણ્યને કર્યું હતું.

મુંબઈ-શિક્ષણ ભારતીના નિદેશક શ્રી રાકેશ સક્સેનાએ NEP ૨૦૨૦ પરના વક્તવ્યમાં કહ્યું કે આપણા દેશમાં શિક્ષણ ક્ષેત્રે વ્યાપ્ત અનેક પડકારોનું નિરાકરણ NEP ૨૦૨૦માં છે અને જો યોગ્ય આયોજન થાય તો ભારત વિશ્વ કક્ષાએ શિક્ષણનું કેન્દ્ર બની શકે. કોચી કેન્દ્રના અધ્યક્ષ સી એ વેણુગોપાલ સી ગોવિંદે વિદાય ભાષણમાં શિક્ષકોને આધુનિક તક્નિકીના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાનનો લાભ થાય એવી વિનંતિ કરી. ભાગ લેનારાઓને ઈ-પ્રમાણપત્રોનું વિતરણ થયું.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટઃ 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવેઃ રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

રિષભ મહેતાઃ 35-બી, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરાઃ 389 001. ફોનઃ 098250 32201

ચન્દ્રકાન્ત ટોપીવાળાઃ ડી/6, પૂર્ણેશ્વર ફ્લેટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-380015

મણિલાલ હ. પટેલઃ 'સહજ', શાસ્ત્રી માર્ગ, શાન્તાબા બગીચા પાસે, વલ્લભ વિદ્યાનગર (જિ. આણંદ), 388 120. મો. 94268 61757.

ડો. ભરત ગોહેલઃ 'ભરત', સહજાનંદ નગર, રેલવે સ્ટેશન પાછળ, ગોંડળ, જિ. રાજકોટ. પિન-360311.

રાધિકા પટેલઃ 402, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પ્રીતમ નગર, એલિસ બ્રિજ, પાલડી ક્રોસ રોડ, અમદાવાદ-380 007.

નીતિન વડગામાઃ nitin.vadgama@yahoo.com

સુરેન્દ્ર કડિયાઃ સી - ૬, આદિશ્વર એપાર્ટમેન્ટ, શાસ્ત્રીનગર બી આર ટી, અમદાવાદ - 380 013.

પ્રતિષ્ઠા પંડ્યાઃ પાર્વતી, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-380 015.

રાજેશ પંડ્યાઃ એ/5, ઋતુરાજ સોસાયટી, નૂતન વિદ્યાલય પાસે, કસ્તુરબા નગરની બાજુમાં સમા, વડોદરા-390024

વીનેશ અંતાણીઃ વિલા નં. 2-25, રિચમોંડ વિલાસ, સેકન્ડ ફેસ, સન સિટી, બાંદલાગુદા જાગર, હૈદરાબાદ. 500 086. (મો.) 98255 20660

નિસર્ગ આહીરઃ 401, ગોપીનાથ રેસિડન્સી-2, સેન્ટ કબીર સ્કૂલ રોડ, મેમ નગર, અમદાવાદ-52

હેમંત સોલંકીઃ જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42

પ્રા. જે. આર. વઘાશિયાઃ એ-901, પ્રથમ ગણેશા, પ્રથમ સર્કલ, ગ્રીન સિટી રોડ, પાલ, સુરત-395 009. મો. 9426268800

હરીશ ખત્રીઃ 303, પદ્માવતી ડુપ્લેક્સ, સુંદરવન સોસાયટી, વાસણા, અમદાવાદ-380 007.

નીલેશ રાણાઃ ncrana@hotmail.com

પ્રવીણસિંહ ચાવડાઃ 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.

કિરણ વી. મહેતાઃ સરસ્વતી કૃપા, ભાગ્યોદય સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર-385001.

અમી ભાયાણીઃ 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026.

આરાધના ભટ્ટઃ aradhanabhatt@yahoo.com.au

દીપક મહેતાઃ ફ્લેટ નં. 2, ફૂલરાણી, સાહિત્ય સહવાસ, મધુસૂદન કેળકર માર્ગ, કલાનગર, બાંદરા (પૂર્વ), મુંબઈ-400 051. મો. 9821832270

અનિલ જોશીઃ joshi.r.anil@gmail.com

નીતિ દવેઃ ટ્વિન બંગલો નં. 11, કાલિન્દી સોસાયટી, પશાભાઈ પાર્ક, રેસકોર્સ સર્કલ, વડોદરા-390 007.

શરીફા વીજળીવાળાઃ બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

કોરોનાકાળે લોકોના ધંધા, રોજગાર ભાંગી નાખ્યા છે, દિવસ આખો ઘરમાં ને ઘરમાં. હાથ ભીંસમાં, લોકો જીવ પર આવી ગયા છે ત્યારે મહેરબાની કરીને કોઈ સાથે દલીલો ન કરવી. જો તમારા પડોશી એવું કહે કે 'કાલે મેં હાથીને ઊડતો જોયો હતો.' તો તરત જ જવાબ આપવો કે 'સાવ સાચું, કાલે અમારા ઘરના તાર પર ઘડીકવાર બેઠો હતો.' કોને ખબર છે ભાઈ ક્વોરન્ટાઈન થાવું પડે તો આ જ પડોશી કામ લાગવાના...

☺ ☺ ☺

ગ્રાહક : ભાઈ જરાક આંબામોર ચોખા દેખાડજોને!

દુકાનદાર : મુઠ્ઠીમાં ચોખા લાવીને સામે ધરે છે.

ગ્રાહક : અલ્યા, આમાં તો જરાય સુગંધ જ નથી. આંબામોરની તો કેવી અદ્‌ભુત સુગંધ હોય!

દુકાનદાર : ભાઈ, તમે જરા RT-PCR ટેસ્ટ કરાવી લ્યો.

ગ્રાહક : ના રે ના... જરાક સુગંધ તો આવે છે હોં! આપો તમતમારે બે કિલો.

☺ ☺ ☺

પરિસ્થિતિ એટલી ભયાનક છે, લોકોના મનની પીન એવી એક જગ્યાએ ચોંટી ગઈ છે કે કાલે એક મિત્રનો ફોટો મૂકીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી તો અર્ધા કલાકમાં પચાસ જણાએ 'ઓમ શાંતિ' લખી કાઢ્યું બોલો!

☺ ☺ ☺

આજે કોરોનાને પૂછ્યુંઃ તું બધાના ઘરે અને બધા પ્રસંગોમાં જાય છે. પણ તું ચૂંટણીમાં કેમ નથી જતો?

તો મારો રોયો મને કહે કે : 'લો મને હજી અઢાર વર્ષ ક્યાં થયા છે?'

હાસ્યેન સમાપયેત

ટીચરે પૂછ્યું, ''તમારા મતે સ્કૂલ એટલે શું?''

અળવીતરો વિદ્યાર્થી : ''જ્યાં પિતાને લૂંટવામાં આવે અને અમને પીટવામાં આવે.''

☺ ☺ ☺

દુકાનદાર : ''મેડમ તમને દુકાનમાં હતી તે ચંપલની બધી જોડ બતાવી દીધી.''

મેડમ : ''આ સામે પડ્યો છે એ ડબ્બામાં શું છે?''

દુકાનદાર : ''મેડમ જરા દયા કરો, એ મારો ખાવાનો ડબ્બો છે.''

☺ ☺ ☺

''પપ્પા, મારે લગ્ન નથી કરવાં.''

પપ્પા : ''કેમ બેટા?''

''મને સ્ત્રીઓનો ડર લાગે છે.''

''બેટા ડર કાઢી નાખ અને લગ્ન કરી લે. બીજી સ્ત્રીઓનો ડર હંમેશ માટે નીકળી જશે.''

☺ ☺ ☺

ચેસ એકમાત્ર એવી રમત છે જેમાં લગ્નજીવનનું સાચું પ્રતિબિંબ પડે છે.

બિચારો રાજા એક જ ચાલ ચાલી શકે છે, જ્યારે રાણીને તમામ ચાલ ચાલવાની છૂટ છે.

☺ ☺ ☺

અત્યારે ફ્રી હોય, ઘરમાં પડ્યા કંટાળ્યા હોય અને પાર્ટટાઈમ નોકરી કરવાની ઇચ્છા હોય તો...

ગીરમાં સિંહના કોરોનાનાં સેમ્પલ લેવાનું કામ ચાલે છે. ખાસ કરવાનું કાંઈ નથી. સિંહના નાકમાં સળી કરીને ભાગવાનું છે.

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.